૨૨૨૦૬

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



66 ना
26(ना)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

aj Foundation C

n. Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

स्तक संख्या 66जा 26(जा)

ञ्जिका-संख्या . . 22205

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[illegible] प्रमाणीकरण १९८४-१९८५

CHECKED 1973
Initial ....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સ્વતંત્ર ભારતના પહેલા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

કેળવણી ખાતાના ૧૯૫૦ના [illegible] અનુસાર તૈયાર કરેલ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય કલ્લોલ

[પુસ્તક ત્રીજું]

[ધોરણ સાતમા માટે]

: સંપાદકો :

આત્મારામ નાનાભાઈ ખાનસાહેબ,
બી. એ., એસ. ટી. સી. ડી.
નિવૃત્ત આચાર્ય,
પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ.

અને

વિ. જે. કુટમુટિયા,
એમ. એ., એલએલ. બી., એસ. ટી. સી.

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 66 π
आगत सं० 26(57)
तिथि० २५ २ ६

વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ, લિમિટેડ.
૩, રાઉન્ડ બિલ્ડીંગ, મુંબઈ નં. ૨.

અભિનવ આવૃત્તિ, પહેલી] ૧૯૫૦ [કિંમત રૂ. ૧-૧૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[સર્વ હક્ક સંપાદકોને સ્વાધીન]

જૂની આવૃત્તિ : ૧૪ મી
અભિનવ આવૃત્તિ : ૫ હેલી

મુદ્રક : જયરામ દીપાજી દેસાઈ, રાષ્ટ્રવૈભવ પ્રેસ, ગીરગામ, મુંબઈ ૪.
પ્રકાશક : એસ. કે. વોરા, વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ, લિમિટેડ, ૩, રાઉન્ડ બિલ્ડીંગ, કાલબાદેવી રોડ, મુંબઈ, ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

આ પુસ્તકની અભિનવ આવૃત્તિ પ્રકટ કરતાં અમને આનંદ થાય છે.

ચૌદ વર્ષ પહેલાં આ પુસ્તક પ્રગટ થયું ત્યારથી આજ સુધી કેળવણીકારોએ તેને ઘણો સારો આવકાર આપ્યો અને એટલા ગાળામાં તેની ચૌદ આવૃત્તિ થઇ.

ચૌદ વર્ષ સુધી એણે વિદ્યાર્થીજગતમાં કલ્લોલ પ્રસરાવ્યો. પણ આ ચૌદ વર્ષના સમયમાં તો આખા વિશ્વમાં અને ખાસ કરીને આપણા દેશમાં યુગપલટો થયો. જગતે બીજો મહાન વિશ્વવિગ્રહ જોયો અને એનાં ફળોની મીઠાશ વિજેતાઓનાં મોંને પણ ખાટાં કરી રહી. ગાંધીજીએ 'કરેંગે યા મરેંગે' નો આદેશ આપી સત્યાગ્રહની ચળવળ શરૂ કરી અને પરિણામે હિંદમાં સ્વરાજનો સૂર્ય ઊગ્યો. પ્રેમ અને અહિંસાના મંત્રોનો આમ વિજય થયો અને સાથે સાથે પ્રાંતીય સરકારોએ 'દારૂબંધી' 'અંત્યજોદ્ધાર' વગેરે ગાંધીજીએ ચીંધેલી પ્રવૃત્તિઓ ઉપાડી લીધી. આમ આપણાં જીવનમૂલ્યો સમગ્ર રીતે આ અરસામાં બદલાયાં. એ પલટાયેલાં બળોને આ નવી આવૃત્તિમાં વણી લેવાનો અમે પ્રયાસ કર્યો છે, કે જેથી આઝાદ પ્રજાનાં બાળકોના શિક્ષણમાં જે વિશિષ્ટ તત્ત્વો હોવાં જોઇએ, એનો પરિચય તેમને થાય. આ દૃષ્ટિએ અમે પંડિત જવાહરલાલ, સરદાર વલ્લભભાઇ પટેલ, સ્વાધીનોતું ગીત, ગામડાની સેવા, વૃક્ષારોપણ, આદિ સંબંધી પાઠો આ આવૃત્તિમાં ખાસ મૂકયા છે. મુંબઇ સરકારના કેળવણી ખાતાની સૂચના પ્રમાણે 'મદ્યનિષેધ' સંબંધીના એક પાઠનો પણ આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે.

આ બધું મુંબઇ સરકારના કેળવણી ખાતાએ નક્કી કરેલ ધોરણની મર્યાદામાં રહીને જ કર્યું છે. એ ધોરણ પ્રમાણે ગદ્યપાઠોનાં પૃષ્ઠની સંખ્યા ૨૦૦ ની જોઇએ, જ્યારે કાવ્યની પંક્તિઓ ૫૦૦ જોઇએ. શિક્ષકોની પસંદગીને પૂરો અવકાશ રહે એ હેતુથી અમે ગદ્યપાઠોનાં પૃષ્ઠની સંખ્યા તથા કાવ્યોની પંક્તિઓ વધારે આપી છે. પાઠોની જોડણી વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણે રાખી છે.

આ આવૃત્તિમાં લગભગ પોણા ભાગના પાઠ નવા છે. બધા પાઠોને પૂર્વજ્ઞાનના સંબંધે સાંકળવામાં આવ્યા છે. વળી પાઠોનો અનુક્રમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નક્કી કરતાં સહેલા પાઠોને શરૂઆતમાં રાખ્યા છે અને અઘરા પાઠોને પાછળ રાખ્યા છે.

ગદ્યપાઠો કે કાવ્યોની પસંદગીમાં અમે વૈવિધ્ય જાળવવા પ્રયત્ન કર્યો છે. વાર્તા, નાટક, નિબંધ અને કાવ્ય એ ચારેય પ્રકારોનો આ પુસ્તકમાં સમાવેશ થયો છે. ગદ્યપાઠોમાં વિષયોનું વૈવિધ્ય પણ જાળવ્યું છે. પ્રકૃતિ, જીવનકથા, પુરાણકથા, ઐતિહાસિક વાર્તા, સૃષ્ટિજ્ઞાન, વગેરે વિષયોના પાઠો અમે પસંદ કર્યા છે. રસની દૃષ્ટિએ હાસ્યરસના પાઠોને અમે ખાસ મહત્ત્વ આપ્યું છે.

આ પુસ્તકનાં કાવ્યોની પસંદગી વિદ્યાર્થીઓના માનસને લક્ષમાં રાખીને થઈ છે. આમાંનાં કાવ્યો કથાત્મક, વર્ણનાત્મક તથા ચિંતનાત્મક રાખ્યાં છે. સમયની દૃષ્ટિએ આ સંગ્રહમાં પ્રાચીન તથા અર્વાચીન કવિઓનાં કાવ્યો લીધાં છે.

આ પુસ્તકને છેડે પુસ્તકમાં આવતા અઘરા શબ્દોનો 'શબ્દકોશ' આપ્યો છે—જે વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડશે.

જે જે લેખકોએ તથા માસિકોના તંત્રીઓએ આ પુસ્તક માટે તેમના લેખો કે કાવ્યો છાપવાની પરવાનગી આપી છે એ સર્વનો અમે આભાર માનીએ છીએ.

આ પુસ્તક તૈયાર કરવામાં શ્રી. પ્રહ્લાદ પી. ઠક્કર તથા શ્રીમતી અમૃતબહેન વિ. કુટમુટિયાએ જે સહાય કરી છે, તે માટે અમે તેમના અત્યંત ઋણી છીએ.

આ પુસ્તકની ચૌદ વર્ષની કારકિર્દી દરમ્યાન અનેક કેળવણીકારોએ, શાળાઓના મુખ્ય અધ્યાપકોએ તથા અન્ય શિક્ષકોએ તેને જે મમત્વભર્યો આવકાર આપ્યો છે તે બદલ એ સર્વનો અમે આ પ્રસંગે આભાર માનીએ છીએ.

આ પુસ્તક પાઠ્યપુસ્તક હોવા છતાં, તેનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ નાચે, કૂદે, કલ્લોલ કરે, અને તેના અભ્યાસથી આવું આવું વધારે વાંચવા પ્રેરાય તો આ પ્રયત્ન સફળ થયો ગણીશું.

૧૦, શારદા સદન,
ફ્રેંચ બ્રિજ, મુંબઈ.

આ. ના. ખાનસાહેબ
વિ. જે. કુટમુટિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

પાઠ			પૃષ્ઠ
૧.	પ્રભુમય જીવન (કાવ્ય) ...	રમણભાઈ નીલકંઠ ...	૬
૨.	કેરીનું પાર્સલ ...	જનાર્દન પ્રભાસ્કર ...	૮
૩.	સ્મિત	મઞ્જુલ	૧૩
૪.	વૈષ્ણવજન (કાવ્ય) ...	નરસિંહ મહેતા ...	૧૮
૫.	ગદાયુદ્ધ	નાનાભાઇ ભટ્ટ ...	૧૯
૬.	સંતકવિ કબીર ...	સુંદરજી બેટાઇ ...	૨૫
૭.	મટુકી (કાવ્ય)	લલિતજી ...	૩૦
૮.	ઊંટ વૈદ્ય	ઓલિયા જોશી ...	૩૧
૯.	પશુધર્મ	કાકા કાલેલકર ...	૩૫
૧૦.	મર્દ તેહનું નામ (કાવ્ય) ...	નર્મદ	૪૦
૧૧.	અગ્નિસ્નાન	રમણલાલ દેસાઈ ...	૪૧
૧૨.	ઢેઢકન્યાની દુવા ...	ઝવેરચંદ મેઘાણી ...	૪૮
૧૩.	મીઠી માથે ભાત (કાવ્ય) ...	વિઠ્ઠલરાય આવસત્થી ...	૫૩
૧૪.	મુસાફરીનો અનુભવ ...	વિજયરાય વૈદ્ય ...	૫૭
૧૫	સંયુક્તાહરણ ...	રમણલાલ દેસાઈ ...	૬૨
૧૬.	કાગળ	નગીનદાસ પારેખ ...	૬૭
૧૭.	રામ અને નાવિક (કાવ્ય)...	ભાલણ	૭૩
૧૮.	તાડ	સ્વ. ગિજુભાઈ ...	૭૪
૧૯.	જહાંગીરી ન્યાય ...	ઉમિયાશંકર ઠાકર ...	૭૭
૨૦.	મુલકના ઘાટ (કાવ્ય) ...	ત્રિભુવન વ્યાસ ...	૮૨
૨૧.	માનું હૃદય	કનૈયાલાલ મુનશી ...	૮૪
૨૨.	ગોવિંદો પ્રાણ અમારો રે (કાવ્ય)	મીરાંબાઇ ...	૯૧
૨૩.	કોલસો	નવલકાંત ભાવસાર ...	૯૩
૨૪.	ચાર પંડિત મૂર્ખ ...	ભોગીલાલ સાંડેસરા ...	૯૮
૨૫.	અમર રહો ગાંધી (કાવ્ય)...	ચંદ્રવદન મહેતા ...	૧૦૧
૨૬.	નીંદરનો ઉપકાર ...	જિતુભાઇ મહેતા ...	૧૦૩
૨૭.	સ્વર્ગીય શાળા ...	વિનોબા ભાવે ...	૧૦૬
૨૮.	અમૂલ્ય ઓળખાણ ...	રમણભાઈ નીલકંઠ ...	૧૦૯
૨૯.	લડાઇનાં સાધનો ...	મગનભાઇ નાયક ...	૧૧૫
૩૦.	અખો	ચંદ્રવદન મહેતા ...	૧૨૦
૩૧.	મશાલને અજવાળે (કાવ્ય)	ઇન્દુલાલ ગાંધી ...	૧૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨.	ચંદ્રલોકની મુસાફરીએ ...	નાગરદાસ પટેલ ...	૧૩૨
૩૩.	ખરાબ કરવાની કળા ...	રામનારાયણ પાઠક ...	૧૩૮
૩૪.	પેકીનનો ઘંટ	નગીનદાસ પારેખ ...	૧૪૨
૩૫.	કુંભકર્ણને જગાડયો (કાવ્ય)	પ્રેમાનંદ	૧૪૮
૩૬.	પવિત્ર પાણી	ચંદ્રશંકર શુક્લ ...	૧૫૨
૩૭.	અશોકનો જીવનપલટો ...	અરવિંદલાલ મજમુદાર ...	૧૫૮
૩૮.	પૅરિસના ત્રણ છોકરા ...	બળવંતરાય ઠાકોર ...	૧૬૪
૩૯.	શિવાજીનું હાલરડું (કાવ્ય)...	ઝવેરચંદ મેઘાણી ...	૧૭૦
૪૦.	ગામડાની સેવા ...	બબલભાઇ મહેતા ...	૧૭૩
૪૧.	પંડિત જવાહરલાલ નેહરુ...	...	૧૭૭
૪૨.	વાત કરવાનો હુન્નર ...	જયેન્દ્રરાય દૂરકાળ ...	૧૮૩
૪૩.	તકલી ને મોરલી (કાવ્ય)...	સુન્દરમ્	૧૮૯
૪૪.	સરસ્વતીચંદ્ર અને અર્થદાસ...	ગોવર્ધનરામ ત્રિપાઠી ...	૧૯૨
૪૫.	સુભાષિતો (કાવ્ય) ...	...	૧૯૯
૪૬.	દાનશાળાનો ચમત્કાર ...	શ્રી. ચુનીલાલ શાહ ...	૨૦૧
૪૭.	સ્વાધીનોનું ગીત (કાવ્ય)....	ઝીણાભાઇ દેસાઇ ...	૨૦૬
૪૮.	અબ્રાહમ લિંકન ...	સુદર્શન	૨૦૯
૪૯.	દળણાના દાણા (કાવ્ય) ...	ઉમાશંકર જોષી ...	૨૧૩
૫૦.	રામશંકર ભટ્ટ ...	શંકરપ્રસાદ રાવળ ...	૨૧૬
૫૧.	વૃક્ષારોપણ ...	ધનવંત દેસાઇ ...	૨૨૧
૫૨.	મને જોઇને ઊડી જતાં ... પક્ષીઓને (કાવ્ય)	કલાપી ...	૨૨૫
૫૩.	માદામ ક્યુરી ...	છોટુભાઇ સુથાર ...	૨૨૬
૫૪.	ઉપરીકોટની ચડાઇ ...	કાકા કાલેલકર ...	૨૩૨
૫૫.	ચંદા (કાવ્ય) ...	નરસિંહરાવ દીવેટિયા ...	૨૩૬
૫૬.	સરદાર વલ્લભભાઇ પટેલ...	પુરાતન બુચ ...	૨૩૯
૫૭.	હોલાહોલીની પ્રાર્થના (કાવ્ય)	ધીરો ...	૨૪૪
૫૮.	મદ્યનિષેધ ...	ઉમેદભાઇ મણિયાર ...	૨૪૬
૫૯.	ત્રીજા વિશ્વયુદ્ધ પછી ...	મહેન્દ્ર મેઘાણી ...	૨૫૧
૬૦.	મફત	જ્યોતીન્દ્ર દવે ...	૨૫૭
૬૧.	જય જય ગરવી ગુજરાત (કાવ્ય)	નર્મદ ...	૨૬૨

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧ લો

¤

પ્રભુમય જીવન

¤

સ્વ. રમણભાઈ નીલકંઠ

[આપણા હૃદયને પવિત્રતાથી ભર્યુંભર્યું રાખવા માટે પ્રાર્થના ઉત્તમ સાધન છે. અહીં કવિ પોતાના આખા જીવનને પ્રભુમય બનાવી દેવાની પ્રાર્થના કરે છે. નાડીમાં, દૃષ્ટિમાં, વાણીમાં, કર્મમાં, સુખમાં અને હૃદયમાં પ્રભુ વસે; આખો દેહ, બધા વિચારો અને તમામ કર્તવ્યો પ્રભુમય બની જાય એ માટે કવિ પ્રાર્થના કરે છે.

તમે પણ હંમેશ પ્રાર્થના કરતા હશો. પ્રાર્થના વખતે આવા ઉચ્ચ વિચારોથી હૃદય ભરી દેવાથી આપણે ધીમે ધીમે ઉન્નત બનતા જઈએ છીએ.]



મુજ જીવન આ પ્રભુ! તુંથી ભરું,
બલ દે અભિલાષ હું એહ પૂરું;
મુજ દેહ વિશે, વળી આત્મ વિશે,
જડ ચેતનમાં પ્રભુ વાસ વસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુજ રક્ત વિશે, મુજ નાડી વિશે,
મુજ દૃષ્ટિ વિશે, મુજ વાણી વિશે;
મુજ તર્ક વિશે, મુજ કર્મ વિશે,
પ્રભુ! વાસ વસો મુજ મર્મ વિશે.

શિરમાં, ઉરમાં, મુખમાં, કરમાં,
પ્રભુ! વ્યાપી રહો મુજ અંતરમાં;
મુજ જીવન કેરું રહસ્ય ઊંડું,
બન પ્રેરક ચાલક શાસક તું.

પ્રભુ! મુદ્રિત અંકિત તું હૃદમાં,
કૃતિઓ બધી ત્વન્મય હો જગમાં;
મુજ વર્તનથી છબી જે બની રહે,
તુજ ઉજ્જવલ રૂપની ઝાંખી દીએ.

પ્રશ્નો

૧. કવિ પ્રભુને શી પ્રાર્થના કરે છે?

૨. આખું જીવન પ્રભુમય કેવી રીતે બનાવી શકાય?

૩. જીવનનું ઊંડું રહસ્ય શું છે?

૪. પ્રભુના ઉજ્જવલ રૂપની ઝાંખી માણસના વર્તનમાં થાય છે તે કેવી રીતે?

૫. છેલ્લી કડીનો વિચાર વિસ્તારથી સમજાવો.

૬. તમે હંમેશ પ્રાર્થના કરો છો? પ્રાર્થનામાં પ્રભુ પાસે શું માગો છો? શું માગવું જોઇએ?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨ જો

☼

કેરીનું પાર્સલ

☼

શ્રી. જનાર્દન પ્રભાસ્કર

[શ્રી. પ્રભાસ્કર રાસલેખક તરીકે જાણીતા છે; થોડીક વાર્તાઓ ઉપર પણ તેમણે હાથ અજમાવ્યો છે. પારકો માલ ખાવાને ટેવાયેલો ગાર્ડ અજાણતાં કેવી રીતે પોતાનો માલ પણ ઉડાવી જાય છે તેનું રમૂજી વૃત્તાંત આ પાઠમાં છે.]

'ગુડ મોર્નિંગ, મિ. ડિસોઝા ! કંઇ પાર્સલ છે ?'

'નન્—કુછ નહિ.' સાહેબ કેરી ખાતા બોલ્યા.

'વાહ ! કેવી સરસ સોરમ છે ! કેરી જણાય છે ! ! પાર્સલ માંહેની જ ને, સાહેબ ?' માસ્તર સાહેબના મોંમાં પાણી છૂટયું.

'હાં ! તુમકુ થોડી લેના હો તો લે જાઓ !'

એટલે તે જ પાર્સલમાંથી સ્ટેશન માસ્તરે બબ્બે કેરી પોતાના ખિસ્સામાં સેરવી અને થોડીક હાથમાં રાખી ડબ્બામાંથી બહાર આવ્યા.

'માસ્તર, પાન હય ?' સાહેબે પૂછયું.

'અરે હા' એમ કહી માસ્તરે પોતાની ચમચી બહાર કાઢીને સાહેબને એક સુંદર બીડું બનાવી આપ્યું; અને વખત થવાથી ગાડી ચાલવા માંડી.

આણીગમ પાન ખાઇને સાહેબ હાથ ધુએ છે ત્યાં તેમના ધ્યાનમાં આવ્યું કે પોતાની ભૂખ બરાબર શાંત થઇ નથી. હજી બે ત્રણ કેરીને તો સહેજે ઇન્સાફ આપી શકાશે, એમ ધારીને સાહેબે બીજી કેટલીક કેરીઓ કાઢી. ધીમે ધીમે ગાડી જંકશન આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને ઊભી રહી. આ સ્ટેશન સાધારણ મોટું હોવાથી ગાડી ત્યાં ઘણીવાર ઊભી રહેવાની હતી. ગાર્ડ સાહેબ નીચે ઊતરે છે ત્યાં આસિસ્ટન્ટ સ્ટેશન માસ્તર પોતાનાં જસતનાં ચશ્માં નાક પર ચડાવતા બ્રેકવાન પાસે આવ્યા અને બોલ્યા: 'કેમ સાહેબ, શી ખબર છે? કેવી મીઠી સુગંધ!' માસ્તર સાહેબ ફક્ત સુવાસથી જ ખુશ થઈ ગયા. પાસે જ કેરીનાં છોતરાં પડ્યાં હતાં તે તરફ જોવા લાગ્યા. તે જોઈને ડિસોઝા હસીને બોલ્યા, 'માસ્તર સાહેબ, લઈ જાઓ તમારે બે ચાર જોઈએ તો.' માસ્તરે આજ્ઞા થતાં તુરત જ પોતાના ખિસ્સામાં થોડીક કેરી ભરી લીધી, અને પછી સ્ટેશન–ઑફિસ તરફ જવા લાગ્યા.

સ્ટેશન માસ્તર આ વખતે પોતાને ઘેર હતા. તેમની બે નાની છોકરીઓ—કમળ અને વિમળ—ત્યાં રમતી હતી. માસ્તર સાહેબના હાથમાં પાકેલી કેરીઓ જોઈને છોકરીઓ 'કેરી—કેરી, માસ્તર, અમને કેરી,' એમ કહીને નાચવા લાગી. માસ્તરે સાહેબ તરફ આંગળી બતાવી કે તુરત તેમણે સાહેબનો હાથ પકડ્યો. 'સાહેબ, અમને કેરી આપો!' એમ કહીને ગાર્ડને ખેંચવા લાગી. 'અમને પાન લાવી આપો એટલે તમને કેરી આપું' એમ ગાર્ડે હસીને કહ્યું અને તે છોકરીઓને કેરીના ડબ્બા આગળ લઈ ગયા. તેમણે બબ્બે કેરી દરેકના હાથમાં આપી. પણ તેટલેથી સમાધાન નહિ થવાથી છોકરીઓએ 'સાહેબ, હજી આપો, બીજાં પાન આપીશું,' એવો તગાદો લગાવ્યો. આખરે તેમને રૂમાલમાં માય એટલી કેરી ભરી આપી, અને ગાડી પણ ચાલવા લાગી.

આવી રીતે દરેક સ્ટેશન પર કેરી વહેંચતા અને મરજી મુજબ પોતાના પેટમાં પણ નાખતા સાહેબે લગભગ કરંડિયો ખલાસ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દસપંદર કેરીવાળો કરંડિયો એક મોટા જંકશન પર નામને ખાતર ઉતાર્યો, અને તે હકીકત પોતાના દોસ્ત સ્ટેશન માસ્તરને કહી. તે માસ્તર સાહેબે પણ તેમાંની કેટલીક પોતાને ઘેર મોકલી આપી અને પૂછ્યું : "પણ સાહેબ, તમે આ એક જ પાર્સલમાંથી કેરી શાથી પસંદ કીધી? શું બીજાં પાર્સલો ન હતાં?"

'અરે, પણ આ કેરીની વાસ જ એવી કંઈ સરસ હતી! વળી બીજાં પાર્સલોમાં આવી સુંદર કેરી હશે જ એની ખાતરી શી?'

'તે પણ ખરું! જુદા જુદા પાર્સલોવાળા માણસો તરફથી ગાળો ખાવા કરતાં એક જ માણસની ખાવી સારી! હેં હેં હેં!' માસ્તર સાહેબ હસવા લાગ્યા.

પછી વજનને ખાતર સ્ટેશન માસ્તરે કરંડિયામાં કેટલાક પથરા ભરી મૂક્યા, અને કોઇને ખબર ન પડે તેટલા ખાતર તે પાર્સલ હતું તેમ સીવી દીધું.

યોગ્ય વખતે ગાડી * * * સ્ટેશન પર આવી પહોંચી. ગાર્ડ સાહેબની ડ્યૂટી એ સ્ટેશને પૂરી થતી હોવાથી ચાર્જ આપીને સ્ટેશનના રેસ્ટોરાંમાં ચા નાસ્તો વગેરે લઈ સાતેક વાગે ઘેર જવા નીકળ્યા. પણ રસ્તામાં જ તેમને કેટલાક મિત્રો મળ્યા. આ દોસ્તો સાથે ફરીને સાડાઆઠ વાગે સાહેબ ઘેર પધાર્યા. ઘેર માત્ર તેમની મા હતી–સાહેબ હજી પરણ્યા નહોતા. ઘેર આવીને જુએ છે તો ડોસીમા ગુસ્સામાં બેઠેલાં હતાં: પાસે જ કેરીનું એક ખાલી પાર્સલ, બે ત્રણ કેરીઓ, અને પથરાનો ઢગ પડેલો હતો! થોડાંક આંબાનાં ડાંખળાં ને પાન પડેલાં હતાં!

છોકરાને જોઈ ડોસી બોલી, 'આ જોયું કે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું એ પરિચિત પાર્સલ જોઈ ડિસોઝા સાહેબ ગૂંચવણમાં પડ્યા અને આશ્ચર્યથી બોલ્યા : ' મા, આ પાર્સલ અહીં ક્યાંથી આવ્યું ?'

' શું કહું ભાઈ! આ તારી રેલવેના ચોરોનું જ પરાક્રમ ! તારા ભાવી સસરા તરફથી આજે કાગળ આવ્યો હતો કે સો આફૂસની કેરીનું એક પાર્સલ રવાના કર્યું છે. ફિફ્ટીન અપમાં એ આવ્યું. પણ જોઉં છું તો તેમાં પથરા ! મૂઆઓએ મારી સોના સરખી કેરી તફડાવી લઈ પાર્સલમાં પથરા મૂક્યા ! બદમાસ ક્યાંના ! રેલવેના ચોર ! તપાસ તો કર કે ફિફ્ટીન અપનો ગાર્ડ કોણ હતો ?'

હવે જ સાહેબના ધ્યાનમાં આવ્યું કે બીજાનું સમજીને જે પાર્સલમાંથી પોતે કેરી ખાધી અને ઉદારતાથી બીજાઓને વહેંચી હતી તે પોતાનું પાર્સલ હતું! અટકતે સ્વરે સાહેબ બોલ્યા : ' હું....જ હતો ફિફ્ટીન અપનો ગાર્ડ !'

' તું જ હતો, તો આટલી વાર ક્યાં હતો ? અને આ કેરી કોણે ચોરી ?'

' ન....નહિ....મેં જ એ કેરી ખાધી.'

' તેં ખાધી ? એટલી બધી કેરી તેં ખાધી !' ક્રોધના આવેશમાં ડોસી બોલી : ' અરે ભાઈ, તું તે શુદ્ધિમાં છે કે નહિ ? આટલી બધી કેરી તેં શી રીતે ખાધી ? જા, કાલે સવારે તપાસ કરીને રિપોર્ટ કર. એ મૂઆઓને આમ છોડી દેવા નહિ જોઈએ ! બેશરમ રેલવેના ચોર !'

આ વખતે ગાર્ડ સાહેબની મુખમુદ્રા છબી પાડવા જેવી લાગતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. ડિસોઝા સાહેબે કેરીનું પાર્સલ ખલાસ કરવા શી ઉદારતા બતાવી ?
૨. કેરીનું પાર્સલ કોનું હતું ? કેરીઓ ચોરાઈ તે માટે ડિસોઝાએ શાં પગલાં ભર્યાં હશે ?
૩. લેખકે આ પાઠમાં વાત રજૂ કરી છે તેવો અનુભવ તમને થયો છે ?
૪. આવી રીતે આપણો માલ ચોરાય તો આપણે ફરિયાદ કરી શકીએ કે નહિ ? કોને ફરિયાદ કરી શકીએ ?
૫. આ વાર્તા લખવામાં લેખકનો શો હેતુ હોઈ શકે ?
૬. નીચેનામાં યોગ્ય વિરામચિહ્નો મૂકોઃ—

અરે પણ આ કેરીની વાસ જ એવી કંઈ સરસ હતી વળી બીજા પાર્સલમાં આવી સુંદર કેરી હશે જ એની ખાતરી શી તે પણ ખરું જુદા જુદા પાર્સલોવાળા માણસો તરફથી ગાળો ખાવા કરતાં એક જ માણસની ખાવી સારી હેં હેં હેં

★

પાઠ ૩ જો

સ્મિત

શ્રી. મન્જુલ

[સ્મિત એટલે મુખનો સહેજ મલકાટ. એ મલકાટનાં અનેક કારણો હોય અને એનાથી અનેક ભાવો દર્શાવી શકાય. સ્મિતનું કોઈ શાસ્ત્ર નથી, છતાં જુદાં જુદાં સ્મિતોનો અભ્યાસ કરી તેનાં પ્રકારો અને લક્ષણો લેખકે આ પાઠમાં વર્ણવ્યાં છે. આ પાઠ વાંચ્યા પછી તમને જો સ્મિત આવે તો તેનો પ્રકાર કયો તે તમારે જ શોધી કાઢવો જોઈશે.]

ખડખડાટ હસવા કરતાં જરાક મોં મલકાવીને—નાનકડું સ્મિત કરીને અટકી જવું, એ ઘણે પ્રસંગે વધુ અસરકારક નીવડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. સ્મિતનો અભ્યાસ કરતા રહેવાથી માલૂમ પડે છે કે એમાં પણ ઘણા પ્રકારો હોય છે.

આપણે ઘેર કોઈ મહેમાન આવે તેનું સ્વાગત કરતાં આપણે સ્મિત કરીએ છીએ. એને 'સ્વાગતસ્મિત' જેવું નામ આપો. એ સ્વાગતસ્મિત બે પ્રકારનાં હોય છે. 'વિવેકી' અને 'વ્યવસાયી.' વિવેકી સ્વાગતસ્મિતના બે વિભાગ કરી શકાય. કોઈ પણ વ્યક્તિ આવે ત્યારે સભ્યતાને ખાતર કરવું પડેલું સ્મિત અને કોઈ પ્રિય વ્યક્તિનું આગમન થતાં કુદરતી રીતે થયેલું ઉમળકા સાથેનું સ્મિત. વ્યવસાયી–ધંધાદારી–સ્મિત એટલે ગ્રાહકને આવકાર આપતા દુકાનદારનું સ્મિત, મેનેજરને આવકાર આપતા પટાવાળાનું સ્મિત. આ બધા પ્રસંગોએ જેને માટે સ્મિત થયું હોય એ વ્યક્તિના પ્રત્યુત્તર સ્મિતને 'સ્વાગત–સ્વીકાર–સ્મિત' કહી શકાય.

'નૈપુણ્યભાન'નું પણ એક સ્મિત હોય છે. સંગીતના એકાદ મેળાવડામાં જાઓ. કોઈ સંગીતનિપુણના મોં પર એવું સ્મિત ફરકતું હશે. કોઈ ઊગતા ચિત્રકારની પીંછી જોઇને કોઈ અનુભવી ને પ્રવીણ ચિત્રકારના મોં પર પણ એવું જ સ્મિત હશે. હિસાબમાં ભૂલ કરતા છોકરાને જોઈ કોઈ વડીલના ચહેરા પર પણ એવું જ સ્મિત ફરકતું હશે. જે ક્ષેત્રમાં પોતાને જવાનું છે એ ક્ષેત્રમાં સંપૂર્ણ સફળતા પોતાને વરવાની જ છે એવી ખાતરી જેના જેના દિલમાં હોય એ બધાનાં મોં આવી જ જાતના સ્મિતથી મલકાતાં હોય છે. અને એ રીતે સફળતા મેળવ્યા પછી —વિજય પ્રાપ્ત કર્યા પછી પણ એ જ જાતનું—પણ વધુ દૃઢ—સ્મિત એમના મોં પર ફરકતું રહે છે. આ બંનેને 'આત્માભિમાન-સ્મિત'ના પ્રકાર કહી શકાય. મદદ માગવા આવેલ કોઈ વ્યક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર દયા બતાવી શક્યા પછી જે સ્મિત થાય છે એને પણ આ જ વર્ગમાં મૂકી શકાય. કોઈ વસ્તુનો સ્વેચ્છાપૂર્વક ત્યાગ કર્યા પછી —કોઇને કંઈ અર્પણ કર્યા પછી કે કોઇની કંઈ સેવા બજાવી શક્યા પછી આત્મસંતોષનો અનુભવ કરતાં જે સ્મિત થાય તે, ઘણે અંશે આ વિભાગનું જ કહેવાય.

મનોરથની પરિપૂર્ણતા થતાં થયેલા આનંદનું સ્મિત બધાં સ્મિતોમાં અનોખું સ્થાન ભોગવે છે. જેમાં આપણી અનુમતિ હોય એવા કોઇએ કરેલ કામની ખબર, જાણતાં અજાણતાં જ, મળતાં આપણે જે સ્મિત કરીએ તે આ પ્રકારનું જ હોય છે. પ્રેમ, અનન્ય ભક્તિ, વિશ્વાસ કે એકનિષ્ઠાનું 'તાજું' સ્મિત મીઠું, મનમોહક, નમ્ર અને સુખપ્રદ હોય છે. આ બધાં સ્મિતોને 'મનઃસંતોષસ્મિત'ના પ્રકારો કહી શકાય.

પસંદગીના–મનઃસંતોષના આ સ્મિતથી ઊલટું સ્મિત 'નાપસંદગીનું' છે. નાપસંદગીનાં સ્મિત ત્રણ જાતનાં હોય છે. અણગમો અથવા લજ્જાનું, ઉપેક્ષા અથવા પ્રેમનું અને તિરસ્કાર અથવા દ્વેષનું.

'નમ્રતાનું સ્મિત' જુદી જ જાતનું હોય છે. અને બીજાં સ્મિત કરતાં પ્રમાણમાં, એ ઓછું ટકે છે. કોઈ સભામાં પ્રવચન કરવા ઊભા થતા કોઈ વક્તાના ચહેરા પર, પ્રવચનની શરૂઆતમાં વંદન કરતી વખતે જે સ્મિત હોય છે તે આ જાતનું હોય છે.

'સ્નેહનાં સ્મિત' બે પ્રકારનાં હોય છેઃ મૈત્રીનું અને મુરબ્બી-વટનું. આ બંને જાતનાં સ્નેહસ્મિતમાં પણ આત્માભિમાન–સ્મિતની થોડીક છાયા દેખાય છે; પણ ફેર એટલો છે કે, આગળ કહ્યા તેવા આત્માભિમાન સ્મિતમાં કંઈક ઠપકાની નજર હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, ત્યારે આમાં પ્રેમ નીતરતો હોય છે. મુરબ્બીવટના સ્મિતમાં જવાબદારીના ભાનની–અહમ્‌ની આછી છાંટ જણાય છે.

ક્લાન્તિ ઉદ્‌ભવે ત્યારે મોં પર જે સ્મિત હોય છે તેના ત્રણ વિભાગ કરી શકાય. લાંબા પ્રવાસ પછી ગાંધીજીના મુખારવિંદ પર જે જાતનું સ્મિત દેખાતું એને શ્રમની અસરવાળું 'ક્લાન્તિ–સ્મિત' કહી શકાય. બીજા વિભાગમાં 'કંટાળાનું સ્મિત' આવે છે. કંટાળાનાં સ્મિત બે જાતનાં હોય છે. અમુક કાર્યમાં ઉપરા-ઉપર મળેલી નિષ્ફળતાથી આવેલા કંટાળાનું સ્મિત અને લાંબી માંદગી પછી–તેના પરિણામે ચીઢિયાપણાની અસરવાળા સ્મિત જેવું સ્મિત. સહન કરવાની હદ આવી રહે ત્યારે માણસના મોં પર અસહિષ્ણુતાની અસરવાળું જે સ્મિત હોય છે તે કંટાળાના ત્રીજા વિભાગમાં મૂકી શકાય. એક કામ કરતા હોઈએ ત્યારે, વધારે પ્રબળતાવાળી કોઈ બીજી વસ્તુની અસરથી પહેલા કામમાં કંટાળો આવવા લાગે (દાખલા તરીકે, કોઇ પુસ્તક વાંચતા હોઈએ ત્યારે ઊંઘના હુમલાથી વાચનમાં કંટાળો આવવા માંડે) ત્યારે કંટાળાનું જે સ્મિત આપણે કરીએ તે કંઈક આવું જ હોય છે. ખેદ ને નિરાશાનું સ્મિત પણ કંઈક અંશે આવું જ હોય છે.

કંઈ લુચ્ચાઈ, કાવતરું કે કપટ કરતી વખતે માણસના મોં પર જે સ્મિત હોય છે તે કંઈક અંશે 'નૈપુણ્યભાન-સ્મિત' જેવું હોય છે. પણ એમાં મલિનતાની છાપ સ્પષ્ટ હોય છે. શોધક બુદ્ધિનું સ્મિત પણ કંઈક આવું જ હોય છે, માત્ર એમાં મલિનતા હોતી નથી.

'ગુસ્સાનું સ્મિત' કંઈક અંશે તિરસ્કારયુક્ત નાપસંદગીના સ્મિત જેવું હોય છે. નાસ્તિકતાનું સ્મિત વિચક્ષણ હોય છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડે અંશે નાપસંદગીના સ્મિતને મળતું આવે છે. મૂર્ખાઈનું સ્મિત પણ હોય છે; પણ એ સ્મિત કરનારની મૂર્ખાઈ પર હસવું આવે એ સિવાય એની કંઈ અસર હોતી નથી.

જુદાં જુદાં સ્મિતનો અભ્યાસ કરતા રહેશો તો હજીયે કદાચ નવા પ્રકારો મળી આવશે.

પ્રશ્નો

૧. સ્મિત એટલે શું? 'સ્મિત' અને 'હાસ્ય'માં શો તફાવત છે?

૨. સ્મિતના મુખ્ય પ્રકારો કયા કયા છે?

૩. 'સ્વાગતસ્મિત'ના પેટા પ્રકારો ગણાવો.

૪. 'મનઃસંતોષ સ્મિત' અને 'નાપસંદગીના સ્મિત'માં શો ફેર હોય છે?

૫. 'આત્માભિમાનસ્મિત' અને 'નમ્રતાનું સ્મિત' એ બેમાં રહેલો ભેદ સમજાવો.

૬. નીચેના પ્રસંગોમાં થતાં સ્મિતનો પ્રકાર કહોઃ—

क. તમારી ઇચ્છા પૂરી થતાં થતું સ્મિત.

ख. સુંદર સંધ્યાને નિહાળીને થતું સ્મિત.

ग. તમારી સાથે હરીફાઇ કરતો વિદ્યાર્થી તમને હંફાવી ન શકે ત્યારે થતું સ્મિત.

घ. રસ્તામાં ચાલ્યા જતા માનવીના શરીર પર કોઇ પાનની પિચકારી મારે ત્યારે થતું સ્મિત.

ङ. ઇનામ લેતી વખતનું સ્મિત.

च. શિક્ષકને વર્ગમાં પ્રવેશતા જોઈ તમે કરેલું સ્મિત.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪ થો

¤

વૈષ્ણવજન

¤

નરસિંહ મહેતા

[આ કવિનાં બે કાવ્યો 'નાગદમન' અને 'સુખદુઃખ મનમાં ન આણીએ' તમે પહેલા તથા બીજા પુસ્તકમાં શીખ્યા હશો. તેમની ભાષા એટલી સરળ અને ઘરગથ્થુ છે કે તેમનાં કાવ્યો અભણ લોકો પણ રસથી ગાય છે. તેમનાં પ્રભાતિયાં તો બહુ જ પ્રિય થઈ પડ્યાં છે. આ કાવ્યમાં મહેતા સાચા વૈષ્ણવ જનનાં લક્ષણો ગણાવે છે. પૂ. મહાત્મા ગાંધીજીને આ કાવ્ય અત્યંત પ્રિય હતું. તેમની પ્રાર્થના વખતે એ નિત્ય ગવાતું.]

વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તો યે, મન અભિમાન ન આણે રે. ૧
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે. ૨
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. ૩
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે. ૪
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યાં રે;
ભણે નરસૈયો તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે. ૫

પ્રશ્નો

૧. વૈષ્ણવ જનનાં લક્ષણો ગણાવો.
૨. 'સકળ તીરથ તેના તનમાં રે'—એટલે શું ?
૩. વૈષ્ણવ જનના દર્શનથી એકોતેર કુળ કેમ તરતાં હશે ?
૪. આપણા યુગના મહાન વૈષ્ણવ જન કોણ ?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫ મો

¤

ગદાયુદ્ધ

¤

શ્રી૰ નાનાભાઈ ભટ્ટ

[પાંડવો અને કૌરવો વચ્ચેના યુદ્ધમાં પાંડવોએ કૌરવસેનાનો કચ્ચરઘાણ વાળ્યો. દ્રોણ, ભીષ્મ, કર્ણ, જયદ્રથ, દુઃશાસન આદિ કૌરવોના સેનાપતિઓ પણ મરણ પામ્યા. બાકી રહ્યો એક દુર્યોધન. પોતાના ભાઇઓને, સેનાપતિઓને અને યોદ્ધાઓને મરણ પામેલા જોઇને ભય પામી એ તળાવમાં સંતાઇ ગયો. એને યુદ્ધનું આવાહન આપી તળાવમાંથી બહાર બોલાવી ભીમે એની સાથે ગદાયુદ્ધ કર્યું, એ પ્રસંગનું વર્ણન આ પાઠમાં છે.]

" દુર્યોધન, પાપી દુર્યોધન ! તળાવમાં ભરાઇને શું બેઠો છે ?" યુધિષ્ઠિરે હાકલ મારી. " આવડી મોટી સેનાનો સંહાર કરાવીને હવે આ ખાબોચિયામાં ભરાઈ રહેવું તને શોભતું નથી. આવ, બહાર આવ, કૌરવનાથ ! બહાર આવ. અમને હરાવીને પૃથ્વીનું રાજ્ય કર. કુરુવંશમાં કોઈ આમ ભરાઈ બેઠો સાંભળ્યો નથી. "

" યુધિષ્ઠિર !" પાણીની અંદરથી ધીર ગંભીર સ્વર આવ્યો, " યુધિષ્ઠિર ! તારી સહજ ધીરજ આજે શા માટે ગુમાવે છે ? દરેક માણસને એક દિવસ ભસવાનો વારો આવે છે. એક દિવસ હું ભસી શકતો હતો તેમ આજે તારો ભસવાનો દિવસ છે. તો તું ફાવે તેટલું ભસી લે."

" એ આંધળાના છોકરા ! ભસે છે તો તું કે યુધિષ્ઠિર ?" ભીમે ત્રાડ મારી. " બકવાદ છોડીને લડાઈમાં આવી જા ને. "

" ભીમસેન ! હું રાજપુત્ર જંગલનાં જનાવરો સાથે વાત કરતાં અચકાઉં છું." દુર્યોધને મહેણું માર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જંગલી જનાવર તો આંધળો કૌરવરાજ. ખરા બાપનો બેટો હોય તો બહાર આવી જાને!" ભીમે કહ્યું.

"દુર્યોધન! ભીમ બરાબર કહે છે. આ યુદ્ધ આખું ઊભું કરનાર તું છે. કર્ણ, શકુનિ ને દુઃશાસન એ બધાય પૃથ્વીપર લેટી ગયા છે એટલે હવે તારાથી સંતાઈ રહેવાય નહિ. તું બહાર આવ, અને રણમેદાનમાં અમને હરાવીને આખી પૃથ્વી સુખેથી ભોગવ." યુધિષ્ઠિરે જવાબ દીધો.

"યુધિષ્ઠિર! યુધિષ્ઠિર! પાંડવોમાં તું એકલો ધર્મી છે, એમ હું માનું છું."

"આજે યુધિષ્ઠિર ધર્મી થઈ ગયા, કેમ? જુગાર રમતી વખતે યુધિષ્ઠિર ધર્મી ન હતા?" ભીમ બોલ્યો.

"તું એને બોલવા તો દે." યુધિષ્ઠિરે ભીમસેનને અટકાવ્યો. "દુર્યોધન! બોલ, હું સાંભળું છું."

"યુધિષ્ઠિર! હું અત્યંત થાકી ગયો છું, હતાશ છું, રથઘોડા વિનાનો છું; શસ્ત્રાસ્ત્રરહિત છું; કવચબખતર કશું ય નથી. આવો હું તમારી સાથે શી રીતે લડું? માટે જ અહીં ભરાયો છું; અને મારો લાગ શોધું છું." દુર્યોધન બોલ્યો.

"દુર્યોધન! તારી વાત યથાર્થ છે. પણ તું બહાર આવ. અમે તને રથ આપશું, કવચબખતર આપશું; તને શસ્ત્રાસ્ત્ર પણ આપશું અને પછી તારી સાથે યુદ્ધ કરશું. અમે પણ બધા યુદ્ધશાસ્ત્રના નિયમોથી પરિચિત છીએ. તને અધર્મથી અમે મારવાના નથી." યુધિષ્ઠિર બોલ્યા.

"તો તો હું આ બહાર નીકળ્યો." એમ કહેતો દુર્યોધન—પહાડ સરખો દુર્યોધન—પાણીની બહાર આવ્યો, અને હાથમાં ગદા લઈને જમીન પર ઊભો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"લે, આ કવચબખતર," યુધિષ્ઠિર બોલ્યા, અને તેને કવચબખતર આપ્યાં.

"યુધિષ્ઠિર! તમે લોકો ઘણા છો, જ્યારે હું એકલો છું. મારા સાથીઓ બધા મરણ પામ્યા છે. તમારી સૌની સાથે હું એકલો શી રીતે લડું?" દુર્યોધન બોલ્યો.

"દુર્યોધન! તારી વાત ઠીક છે. જો તું રણમેદાનમાં ઊતરતો હો તો અમે પાંચ પાંડવોમાંથી બધા એક એક તારી સાથે લડશું અને અમારા એકનો પણ પરાજય એ સૌનો પરાજય ગણાશે." યુધિષ્ઠિર બોલ્યા.

"એ જ સાચું ધર્મયુદ્ધ ગણાય! મને એ કબૂલ છે." દુર્યોધન બોલ્યો.

"તને શા માટે કબૂલ ન હોય!" શ્રીકૃષ્ણથી ન રહેવાયું. "તેં આવાં જ ધર્મયુદ્ધો કર્યાં છે એટલે આ શા માટે કબૂલ ન હોય? એકલા અભિમન્યુને છ મહારથીઓએ એકઠા મળીને માર્યો તે દિવસે આ ધર્મયુદ્ધ ક્યાં ગયું હતું? યુધિષ્ઠિર તો ભોળા છે એટલે તને બધી હા પાડે છે, પણ એનું જોખમ કાંઈ એમને જોવું છે?"

"મારે મન તો યુધિષ્ઠિર એ પાંડવોના અગ્રણી. હું તમારી સાથે ગદાયુદ્ધ માગું છું: માટે તમારામાંથી જે મારી સાથે ગદાયુદ્ધ કરવા ઈચ્છતો હોય તે આવે." દુર્યોધન બોલ્યો.

"બીજો કોણ તારી સાથે ગદાયુદ્ધ કરે?" ભીમ આગળ આવ્યો. "આપણે બન્ને જન્મના મિત્રો; આપણે રોજ એક-બીજાને સંભારીએ પછી જ ઊંઘ આવે. એમાં વળી દ્રૌપદીએ આપણી મૈત્રીમાં વધારો કર્યો એટલે તો પૂછવું જ શું? એક જ

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળરામના આપણે બન્ને શિષ્યો ! દુર્યોધન ! આવ, તારી સાથે આ ગદાયુદ્ધ હું સ્વીકારું છું." ભીમે હાક મારી.

ભીમદુર્યોધનનું ગદાયુદ્ધ ચાલ્યું. ભીમસેનનું બળ અને દુર્યોધનની ચપળતા; કોઇ કોઇથી જાય તેવાં નહિ. અને છતાં ય દુર્યોધન ચડે. પાંડવો બધા આ ગદાયુદ્ધના પ્રેક્ષકો હતા. ગુરુ બળરામ પણ નસીબયોગે આવી ચડ્યા. એટલે તે પણ પોતાના શિષ્યોનું આ ગદાયુદ્ધ જોવા રોકાયા. ઘડીમાં ભીમ પડે ને ઘડીમાં દુર્યોધન પડે. કોઈ એકબીજાથી ગાંજ્યા જાય તેમ ન હતું, એટલે શ્રીકૃષ્ણ મૂંઝાયા.

"અર્જુન!" અર્જુનને એક ખૂણે લઈ જઇને શ્રીકૃષ્ણે કહ્યું. "આ યુદ્ધમાં ભીમ દુર્યોધનને જીતે એ અશક્ય જેવું છે. કોઈ પણ એકનો પરાજય એ સર્વનો પરાજય છે એમ કહીને યુધિષ્ઠિરે ભારે ભૂલ કરી છે!"

"હા, એ તો હું પણ સમજું છું. જુઓને, દુર્યોધન ભીમના ઘાને છટકાવી જાય છે અને લાગમાં જ આવતો નથી." અર્જુન બોલ્યો.

"અર્જુન! મને એક વાત સૂઝે છે."

"શી?"

"ભીમ દુર્યોધનને જો સાથળમાં ગદાનો ઘા કરે તો દુર્યોધન પડે." શ્રીકૃષ્ણે કહ્યું.

"એ ભીમ જાણે છે."

"જાણે છે, પણ ભૂલી ગયો લાગે છે."

"તો તેને યાદ આપું! પણ એ અધર્મ યુદ્ધ નહિ થાય?" અર્જુને શંકા કાઢી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ કેવું યુદ્ધ ગણાશે તે પાછળથી જોયું જશે. એક વાર દુર્યોધનને પડવા તો દે. અર્જુન! તું સાથળ ઠોક એટલે ભીમને યાદ આવે."



ભીમે દુર્યોધનના સાથળમાં ગદા મારી

અર્જુને જમણા સાથળ પર હાથનો ફટકો લગાવ્યો કે તુરત જ ભીમ ચેતી ગયો અને એવા જોસથી ગદા દુર્યોધનના સાથળમાં મારી કે દુર્યોધન એક ક્ષણમાં ધરતી પર ઢળી પડ્યો. દુર્યોધનના પગ જ ભાંગી ગયા!

આ બાજુ પાંડવો હર્ષમાં આવી ગયા અને મોટો હર્ષનાદ કરી મૂક્યો.

પણ બળરામથી આ સહન ન થયું. "અલ્યા કૃષ્ણ! આ ભીમે દુર્યોધનને સાથળમાં ગદા મારી એ અધર્મ કર્યો છે. હું ગદાયુદ્ધનો આચાર્ય. મારા દેખતાં આવો અધર્મ થાય એ મારાથી શી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવાય?" એટલું કહેતાં જ બળરામે પોતાનું હળ ભીમને મારવા માટે ઉપાડ્યું.

પણ શ્રીકૃષ્ણ તરત જ વચ્ચે આવ્યા. "મોટાભાઇ! ભીમે અધર્મ કર્યો તેમાં શંકા નથી; પણ દુર્યોધનના અધર્મની સીમા ન હતી. વળી ભીમે દુર્યોધનનો સાથળ ભાંગવાની પ્રતિજ્ઞા કરી હતી તે તરફ પણ આપે ધ્યાન આપવું જોઇએ. ભીમનો અધર્મ તો છે જ, પરંતુ તે ક્ષંતવ્ય છે. વળી પાંડવો તો આપણા સગા છે!"

શ્રીકૃષ્ણનું કહેવું બળરામને રુચ્યું નહિ, એટલે પોતે રીસમાં ને રીસમાં ત્યાંથી ચાલતા થયા.

પાંડવો દુર્યોધનને તળાવના કાંઠા પર તરફડિયાં મારતો મૂકીને રવાના થયા.

પ્રશ્નો

૧. દુર્યોધન એકલો હતો; તેની સાથેનું યુદ્ધ ધર્મયુદ્ધ ગણાય એટલા માટે યુધિષ્ઠિરે એને શી સગવડો આપી?

૨. 'અમારા એકનો પરાજય એ સૌનો પરાજય ગણાશે.'—યુધિષ્ઠિરે આપેલું આ વચન વ્યાજબી હતું?

૩. યુધિષ્ઠિરની ધર્મપ્રિયતાનો દુર્યોધને કેવો લાભ લીધો?

૪. ભીમને વિજય અપાવવા શ્રીકૃષ્ણે શી યુક્તિ કરી? એથી આ યુદ્ધ ધર્મયુદ્ધ કહેવાય કે નહિ?

૫. ભીમે દુર્યોધનનો સાથળ ભાંગવાની પ્રતિજ્ઞા ક્યારે અને કેવા સંજોગોમાં લીધી હતી? મહાભારતનો એ કથાભાગ તમે જાણી લો.

૬. આ પાઠ વાંચ્યા પછી યુધિષ્ઠિર, ભીમ, દુર્યોધન, કૃષ્ણ, બળરામ અને અર્જુન એ દરેકનાં ચારિત્ર્ય વિશે પાંચ પાંચ લીટી લખો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૬ ઠ્ઠો

સંતકવિ કબીર

શ્રી. સુંદરજી બેટાઈ

[કબીરનું એકાદ ભજન તો તમને આવડતું હશે. એ લગભગ ચૌદમી સદીમાં થઈ ગયા. કબીર કવિ ઉપરાંત સંત હતા. સાદું, પવિત્ર અને રાગદ્વેષ રહિત જીવન એ ગાળતા અને એ પ્રમાણે જીવવાનો ઉપદેશ આપતા. એમના જીવનની અને એમણે ઉપદેશેલા જીવનસિદ્ધાંતોની આછી રૂપરેખા આ પાઠમાં છે.]

પ્રાચીન કાળમાં અનેક ઋષિમુનિઓએ આપણા દેશની ધરતીને ધન્ય કરી હતી. આપણા મધ્યકાળનો ઇતિહાસ પણ અનેક જ્ઞાનીઓ, ભક્તો અને સંતોથી ઉજ્જવળ બન્યો છે. આ બધાએ અનેક જીવોને જ્ઞાનનો પ્રકાશ આપ્યો છે; ભક્તિનાં અમૃત પાયાં છે ને 'હરિનો મારગ' દેખાડ્યો છે. આપણું એ કાળનું જીવન સંતોની સરળ મનોહર અને મનભર વાણીથી ગાજતું ને ગુંજતું જણાય છે.

રામાનંદ નામે એક મહાન સાધુ એ કાળમાં થઈ ગયા. એ ઘણા ઉદાર વિચારના પુરુષ હતા. એમનું શિષ્યમંડળ ઘણું જ મોટું હતું. એમાં ઘણા સંતો ને કવિઓ પણ હતા. એ સર્વેએ હિંદુસ્તાનના ચારે ખૂણામાં જ્ઞાનભક્તિના તરંગો જગાડ્યા ને ફેલાવ્યા. એ બધામાં સૌથી આગળ પડતો પુરુષ તે સંતકવિ કબીર. 'કહત કબીર, સુનો મેરે સાધુ' એમ કેટલાંય ભજનોને અંતે આવતું તમે સાંભળ્યું હશે. એ બધાં ભજનો આ કબીરના ઉદાર હૃદયની પ્રસાદી છે. કબીરનાં ભજનોમાં અજબ ચમત્કાર ભર્યો છે. એના સાદા સૌંદર્યની મોહની કવિવર રવીન્દ્રનાથ ટાગોરને પણ લાગી હતી. એમણે કબીરનાં એકસો જેટલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભજનોનું અંગ્રેજી રૂપાંતર કર્યું છે. આ વાત કબીરની વાણીની મહત્તા દર્શાવે છે; કવિવર ટાગોરની નમ્રતા પણ બતાવે છે.

આ સંત કબીરના જન્મ વિશે કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. એમની જન્મતારીખ કોઇએ ક્યાંય નોંધી નથી. પણ ઈ. સ. ૧૩૯૮ માં એ જન્મ્યા હશે એવી અટકળ કરવામાં આવી છે. એમના પિતા કોઈ મુસલમાન વણકર હતા એમ મનાય છે. સાધુ પુરુષોનું કુળ ન જોવાની આપણા દેશની રૂઢિ છે. આપણે પણ કબીર સાહેબની કુળકથા નહીં કરીએ. આપપ્રકાશે ઊજળી એમની સાધુતા જ આપણે જોઈ શકીએ તો બસ છે. અસંખ્ય હિંદુઓએ અને મુસલમાનોએ એમને એકસરખા ભાવથી ચાહ્યા છે, પોતાના ગણ્યા છે–તે એમની સાધુતાને લીધે જ. એમના ચાહકોની સંખ્યા આજે પણ નાનીસૂની નથી. એમની ભજનવાણીના રસમાં અનેક હૃદયો આજે યે તરબોળ બનીને ધન્ય બને છે. આ વણકર સંત આપણા દેશના ઇતિહાસમાં પોતાની અનોખી ભાતથી વણાઈ ગયા છે. એમની ભાત સહેજે ફાટે કે ફીટે એવી નથી.

ગુરુ રામાનંદને ચરણે બેસી એમણે ઘણું ઘણું મેળવ્યું હશે. પણ એમણે તે અનેકગણું કરીને પોતાની ભજનવાણી દ્વારા સૈકાઓ સુધી પ્રજાને આપ્યા કર્યું છે. કોઈ પણ પ્રકારના કોમભેદ વગર એમણે સર્વેને એકસરખો ઉપદેશ આપ્યો છે. મૂર્તિપૂજા, યાત્રા, વ્રત, ઉપવાસ, કર્મકાંડ વગેરે ધર્મની બહારની જંજાળોને એ માનતા નહિ. અલ્લાહ અને ઈશ્વર એક છે; કોઈ ઊંચ નથી ને કોઈ નીચ નથી; બધા એક જ પરમાત્માના બાળકો છે એમ એ ભારપૂર્વક કહેતા.

સાદુંસીધું જીવન જ કબીર સાહેબને પસંદ હતું. એ જાતે વણકરનો ધંધો કરતા અને પોતે તૈયાર કરેલું કાપડ બજારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેચી ગુજરાન ચલાવતા. ' મફતકા ખાના ઔર મસ્જિદમેં સોના ' એવું જીવન એમને ગમતું નહિ. એ પોતે સંસારી હતા. પણ સંસારના મેલથી મુક્ત હતા. સહુએ જાતમહેનત કરી કમાવું, એક બીજાને મદદ કરવી, ધનના સંગ્રહની ખટપટમાં ન પડવું એમ એ કહેતા.



સંતકવિ કબીર

જ્ઞાન અને ભક્તિના ગંભીર વિચારો અને ઊંડા ભાવોને એ સહુ સમજે એવી વાણીમાં રજૂ કરતા. લોકબોલીની વહેતી ગંગામાં એમણે પોતાના હૃદયને છૂટથી વહેતું કરેલું છે. સત્યનું એ ભારે ગૌરવ કરતા. 'સત નામ સાહેબકા' એ વિશે એમને શંકા ન હતી. બહારની ધાંધલ કરવાથી, કાશી કે મક્કા જવાથી, ઉપવાસ કે રોજા રાખવાથી સત્યનું દર્શન થતું નથી. સત્યની શોધ તો સૌએ પોતાના અંતરમાં જ કરવાની હોય છે. પ્રેમ અને દયા એ સત્યનું જ સ્વરૂપ છે. સહુને ચાહો ને તિરસ્કાર કદી કોઈનો ન કરો કારણ કે બધામાં પ્રભુનો વાસ છે. આ અને આવાં સાદાં દેખાતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યો એમણે પોતાની સરળ અને સચોટ બાનીમાં સંભળાવ્યાં છે. ખોટું ધર્માભિમાન એમને ન હતું. સંપ્રદાયોની સંકડાશ એમને પસંદ ન હતી. કોમ કોમના ને ધર્મ ધર્મના ઝઘડાને એ નિરર્થક ગણતા. ખરો ઝઘડો તો આપણા મનમાં રહેલી ખરાબ વૃત્તિઓ સામે કરવાનો હોય છે એમ એ સમજતા ને બીજાને સમજાવતા. તપ કરી દેહને દંડવાની વાત એમને ઠીક ન લાગતી. સાદું પવિત્ર અને પરોપકારી જીવન જીવવું તેને જ એ સાચું તપ સમજતા. આખું બ્રહ્માંડ આપણા અંતરમાં સમાયેલું છે ને તેનો સરજનહાર પણ ત્યાં જ છે એવી એમની અચલ શ્રદ્ધા હતી.

આ સંતકવિએ જ્ઞાનભક્તિનો અજર અને અમર વારસો પોતાનાં ભજનો દ્વારા આપણને આપ્યો છે. એમનાં ભજનોમાં સાદું અને સાચું કવિત્વ ચમકારા મારી રહ્યું છે. અંતરના ઊંડા અનુભવનો એમાં સ્પષ્ટ રણકાર છે. એમના અનેક ભજનસંગ્રહો પ્રસિદ્ધ થયા છે. મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી તૈયાર કરવામાં આવેલી 'આશ્રમ ભજનાવલી'માં પણ એમનાં કેટલાંક ઉત્તમ ભજનો સંઘરેલાં છે.

કબીર સાહેબનું શરીર ક્યારે પડ્યું તે એમના જન્મ જેટલું જ અચોક્કસ છે. એમના અવસાન પછી એમના પુત્ર કમાલને જ્યારે કબીરપંથની સ્થાપના કરવાનું કહેવામાં આવ્યું ત્યારે એણે કહેલું, "જીવનભર મારા પિતા બધા પંથભેદોથી દૂર રહ્યા હતા. હવે હું એનો પુત્ર જ ઊઠીને એમના નામે પંથ સ્થાપું ? એમ કરવાથી તો એમના ઉદાર આદર્શનો જ ઘાત થાય." પણ જે કરવાની પુત્રે ના પાડી તે કરનારા શિષ્યો નીકળ્યા વગર ન રહ્યા. એમના શિષ્યોએ કબીરપંથ ચલાવ્યો. આ પંથનો ધર્મગ્રંથ 'બીજક' નામે ઓળખાય છે.

આ મહાન સંતકવિના અંગત જીવન વિશે ઝાઝી માહિતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળતી નથી. જે કંઈ મળે છે તે ઘણીખરી બીજા સંતપુરુષોની પેઠે દંતકથાઓમાં ગૂંચવાયેલી છે. પણ તેનો ખેદ કરવાનું કશું કારણ નથી. એમનું વિશાળ હૃદય એમનાં ભજનોમાં એકસરખું ધબકયા કરે છે તે શું ઓછું છે ? નાશવંત હતું તે નાશ પામ્યું છે, પણ જે અજરામર હતું તે અજરામર જ રહ્યું છે.

પ્રશ્નો

૧. કબીરના જીવન સંબંધી દસ લીટી લખો.

૨. કબીરના ધાર્મિક વિચારો ટૂંકમાં વર્ણવો.

૩. એમના મરણ પછી એમના પુત્રે પંથ સ્થાપવાની કેમ ના પાડી ?

૪. એમના શિષ્યોએ જે પંથ સ્થાપ્યો તેનું નામ શું ? એ યોગ્ય કર્યું કહેવાય ? એ પંથનું ધર્મપુસ્તક કયું ?

૫. તમે ' આશ્રમભજનાવલી ' વાંચી છે ? તેમાંથી કબીરનાં પદો શોધી કાઢો અને એકાદ મોઢે કરો.

૬. નીચેનાં વાકયો સમજાવોઃ—

ક. મફતકા ખાના ઔર મસ્જિદમેં સોના.

ખ. સત્યની શોધ તો સૌએ પોતાના અંતરમાં જ કરવાની હોય છે.

ગ. નાશવંત હતું તે નાશ પામ્યું છે, પણ જે અજરામર હતું તે અજરામર રહ્યું છે.

૭. ' સત નામ સાહેબકા ' એ વિષય ઉપર આશરે પંદર લીટીનો નિબંધ લખો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૭ મો

¤

મઢૂલી

¤

સ્વ. લલિતજી

[સ્વ. લલિતજી ગુજરાતના કવિ૰ કોકિલ ગણાતા. મંજીરા સાથે તેમને ગાતા સાંભળવા એ એક જીવનનો લહાવો હતો. તેમણે ત્રણ કાવ્યસંગ્રહો બહાર પાડ્યા છે: વડોદરાને વડલે, લલિતનાં કાવ્યો ભા. ૧–૨.

અહીં જીવનને નદી કલ્પી છે. તેને એક તીર સંસારી રહે છે. બીજે તીર કવિની મઢૂલી છે. એની મઢૂલી પાસે વૃક્ષ, વેલડી, ફળ, ફૂલ, વગેરે છે. ત્યાં નિર્દોષ આનંદ છે. એ રસરંગ ચાખવા, સાથે રહી ઊડવા, કવિ બધાંને આમંત્રે છે.

પણ બધા લોકોએ સહેવું અને સહાવું (મદદ કરવી) જોઇએ એમ માનનારા માણસોને જ તેમજ પ્રભુનાં ગીત ગાવાની લગની લાગી હોય તેવાઓને જ, કવિ આમંત્રે છે.]

(' કાનુડો ન જાણે મારી પીડ '—મીરાંના એ ભજનની ધૂનમાં)

મઢૂલી મજાની પેલે તીર; સંતો વ્હાલા!
અનેરી અમારી એ લગીર! ધ્રુવ.

વૃક્ષો વેલડિયોવાળાં, કુમળાં ફળફૂલ રસાળાં;
લઈ જાઓ લ્હાણાં એ લગીર! સંતો૰

મનની કંઈ મોજમજાઓ, રસિયાં ઉરનો કંઈ લ્હાવો,
લેવાને આવજો લગીર! સંતો૰

સામે સંસારી વિલસે, વચ્ચે જીવનસરિતા વહે,
રેલવીએ ત્યાં રસરંગ લગીર! સંતો૰

ઊડવાય સફર સહિયારી, સુખદુઃખની કંથા ધારી,
આનંદ ઓર એ લગીર! સંતો૰

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગની સ્હેવા સ્હાવાની, ગીતડાં પ્રભુનાં ગાવાની,
લાગે તે આવજો લગીર ! સંતો૦

પ્રશ્નો

૧. કવિએ કલ્પેલી મઢૂલીનું વર્ણન ટૂંકામાં કરો.
૨. કવિ કોને મઢૂલીમાં આવવા નોતરે છે? શા માટે નોતરે છે?
૩. આ કવિતાનો મુખ્ય હેતુ શો છે? જે પંક્તિઓમાં એ હેતુ સમાયે હોય તે જણાવો.
૪. અર્થ સમજાવો:—
क. 'લગની સ્હેવાં સ્હાવાની.'
ख. 'સામે સંસારી વિલસે, વચ્ચે જીવનસરિતા વહે.'

★

પાઠ ૮ મો

ઊંટવૈદ્ય

શ્રી. ઓલિયા જોશી

[શ્રી. ઓલિયા જોશીનું ખરુ નામ જગજીવનદાસ ત્રિકમજી કોઠારી છે. સ્વ. રમણભાઈ, શ્રી. જ્યોતીન્દ્ર દવે, શ્રી. મસ્તફકીર, અને સ્વ. જાગીરદારની માફક તેઓ પણ આપણા હાસ્યરસના લેખક છે. આ વાર્તામાં ઊંટવૈદ્યની ઉત્પત્તિનો રમૂજી ઇતિહાસ તેઓ રજૂ કરે છે.]

કેટલાક લેભાગુ વૈદ્ય કે હકીમને 'હાથીવૈદ્ય,' 'ઘોડાવૈદ્ય,' 'ગધેડાવૈદ્ય,' 'ખૂંટિયાવૈદ્ય,' 'પાડાવૈદ્ય' નહિ કહેતાં 'ઊંટવૈદ્ય'ની ઉપમા શા આધારે આપવામાં આવે છે?

એક ગામમાં એક વૈદ્ય રહેતો હતો. તેણે જો કે કાશી જઈ શાસ્ત્રોક્ત રીતે વૈદ્યવિદ્યા સંપાદન નહોતી કરી, તો પણ અહોળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવથી તે દરદની ચિકિત્સા તુરત કરી શકતો; અને ઘણા કેસો આબાદ સુધારતો; તેથી તેની પ્રતિષ્ઠા વધી અને પૈસેટકે પણ પૂરતો જામી ગયો. તેને ત્યાં જાતજાતના દર્દીઓની ઘણી ભીડ રહેતી. પોતે એકલો બધાં કામને પહોંચી વળતો ન હોવાથી તેણે પોતાના મદદનીશ તરીકે નોકર રાખ્યો.

તે ગામના ગરાસિયાને ત્યાં કીમતી ઊંટ હતું, જે એક રાતમાં એંશી નેવું માઈલની મજલ કાપે તેવું પાણીદાર હતું. તે ઊંટ ગરાસિયાના પ્રાણ સમાન હતું. એક રોજ ઊંટ વાડામાં ચરતું હશે. વાડામાં ઘિસોડીનો વેલો ઊભો હતો; તે વેલામાં ઊંટે મોઢું નાખતાં, તેના ગળામાં ઘિસોડું અટકી જવાથી, પછાડા મારવા લાગ્યું. તેની આંખો ચઢી ગઈ, અને ડોક મરડાઈ ગઈ. ઊંટના બૂમબરાડા ઉપરથી ગરાસિયો અને તેના માણસો વાડામાં દોડી ગયા તો, ઊંટ શિથિલ પડ્યું હતું. જેમ તેમ કરીને સાંઢિયાને તબેલામાં લાવવામાં આવ્યો; ત્યાં કેટલાક ઉપચારો કરવા છતાંયે સાંઢિયે મારવાડ ભણીથી ડોક ન ફેરવી. દર્દનું કારણ કોઈ કળી શક્યું નહિ. ઊંટને શ્વાસોચ્છ્વાસ થયા. પછી હેડકી પણ ઉપડી.

ગરાસિયાના જીવ સમાન આ પ્રાણી હોઇ તેને કોઈ પણ પ્રકારે બચાવવાની તેની પ્રબળ ઇચ્છા હતી. ગામવાળા પેલા જાણીતા વૈદ્યને બોલાવવામાં આવ્યા. વૈદ્યરાજ પોતાના મદદનીશ સાથે આવી પહોંચ્યા. ઊંટને બરાબર આમતેમ તપાસ્યા બાદ વૈદ્યરાજે પ્રથમ પ્રશ્ન પૂછ્યો, કે “ આ ઊંટ ક્યાંય ચરવા ગયું હતું ? ” “ વાડામાં ચરતું હતું, ” એવો ઉત્તર મળ્યો. તે ઉપરથી વૈદ્યે દરદનું કારણ તત્કાળ પારખી કાઢયું; અને તેનું દુઃખ નાબૂદ કરવા માટે રૂપિયા વીસની ફી માગી. પોતાના પ્રાણથી પણ અધિક વહાલા જાનવરને જિવાડવા અર્થે તેથી દશ ગણા દામ માગ્યા હોત તો પણ ગરાસિયો આપવા તૈયાર હતો. તેણે રૂપિયા વીસ ગણી આપતાં વૈદ્યરાજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના ખીસામાં મૂકયા. પછી અર્ધોશેર ઘી ઊનું કરાવી મંગાવ્યું. તે ઊંટના ગળામાં રેડયા બાદ, વૈદ્યરાજે પોતાના પગમાંથી ખાસડું કાઢીને ઊંટના ગળા ઉપર એવા જોરથી માર્યું કે ઊંટના ગળામાં આડું પડેલું ઘિસોડું સવળું થઇ જતાં સડસડાટ તેની હોજરીમાં ચાલ્યું ગયું; જેથી ઊંટ વ્યાધિમુક્ત થતાં 'બ–બ' નું સંગીત લલકારતે લલકારતે, ટટાર બની ચાર પગે ઊભું થઇ ગયું. ગરાસિયાએ હર્ષભેર પોતાના વહાલા ઊંટને આલિંગન કર્યું; અને સર્વ વાહ વાહ કરતા 'વૈદ્યરાજની જે' બોલી ઊઠયા.

એ 'વૈદ્યરાજની જે' તેના નોકરને ખૂંચવા માંડી. બુદ્ધિ શું વૈદ્યના બાપની છે? અક્કલનો શું તેણે ઇજારો રાખ્યો છે? આવા વગરદોકડાના ઉપચારમાં વૈદ્યરાજ આટલા બધા પૈસા ફૂટી મારે, તો પછી પોતે પણ શા માટે સ્વતંત્ર ધંધો કરી ધનાઢ્ય ન બને? એમ તે નોકરના મનમાં સ્વમાનના અંકુર ફૂટ્યા. વિજયની ચાવી તો પોતાના હાથમાં આવી ગઇ હતી, એટલે વિચારમાંથી પ્રયાસ અને પ્રયાસમાંથી લાગલો પ્રયાણનો ફાલ તેના મગજમાં પરિપકવ થતાં તેણે વૈદ્ય પાસે રજા માગી. 'ઉતાવળે આંબા ન પાકે,' 'હજી અનુભવની અવશ્યકતા છે,' એવાં એવાં અનેક બોધવચનો વૈદ્યરાજે સંભળાવ્યાં; એવી સલાહ નોકરને ન રુચી. પથ્થર પર પાણી ઢોળવું વ્યર્થ જણાતાં વૈદ્યરાજે પણ નાઇલાજ તેને ફારગ કર્યો.

પોતાના ગામમાં વૈદ્યરાજનું પરિબળ વિશેષ હોવાથી અન્ય ક્ષેત્રમાં પોતાનો ઉદ્યમ ચલાવવાનું ઉચિત લાગતાં આપણા નવા વૈદ્યરાજ દૂર દેશાવર જવા માટે નીકળી પડ્યા. રસ્તે એક ગામડું આવ્યું. ત્યાં ચોરે રાતવાસો રહ્યા. ત્યાં સાંભળ્યું કે પટેલની ડોશીનો અંતકાળ છે, શ્વાસ થયો છે, અને સાથે હેડકી પણ ઊપડી છે. હેડકીનો રામબાણ ઇલાજ પોતાની પાસે છે એમ વૈદ્યરાજે કહેવરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતાં, ડોશીના દીકરાઓ કાલાવાલા કરી વૈદ્યરાજને પોતાને ઘેર તેડી લાવ્યા. વૈદ્યે ડોશીને નિહાળીને પછી દર્દ મટાડવાની વીસ રૂપિયા ફી માગી. તે આપવા માટે કબૂલ થયા, એટલે પછી ઉક્ત વૈદ્યરાજે પ્રશ્ન કર્યો, "આ ડોશી કયાંય ચરવા ગઈ હતી?" પટેલિયા ચોરણો ખંજોળવા લાગ્યા, અને વૈદ્ય પ્રતિ ટગર ટગર તાકી રહ્યા. પટેલ બોલ્યા, "માળા!—આ કાંઈ પાડી નથી, આ તો અમારી માડી છે." વૈદ્યરાજને આ ભાષણ બિલકુલ પસંદ ન પડયું. તેણે સાફ સાફ કહ્યું, કે "જો દરદ મટાડવું હોય તો હું કહું તેમ બોલો." ભોળા ગામડિયાઓએ માન્યું કે વખતે એમાં કાંઈ જાદુમંતર કે જંતરતંતર હશે, એટલે જેમ ફરમાવે તેમ અમલ કરવા કબૂલ થતાં, વૈદ્યે સૂચવ્યું કે "ડોશી વાડામાં ચરવા ગઈ હતી એમ કહો." પટેલ બાળમંદિરના નિશાળિયાની માફક તે પ્રમાણે કડકડાટ બોલ્યા; એટલે વૈદ્યરાજે અધોશેર ઘી મંગાવ્યું, ને ઊનું કરીને ડોશીના ગળામાં રેડયું. ત્યારબાદ પોતાના પગમાંથી નાળવાળો જોડો કાઢીને એવા જોરથી ડોશીના ગળા ઉપર માર્યો કે ડોશીની દોઢ વેંત જેટલી જીભ તે જ વખતે બહાર નીકળી પડી, અને ડોશીમા તત્ક્ષણ રામશરણ પામી ગયાં. પટેલિયાઓની આંખ ફાટી, અને દાંત કચકચાવતા એટલા બધા ખિજાણા, કે આખી વાંદરસેના વૈદ્યની કોટે કાંધે જળોની પેઠે વળગી પડી, તેને પુષ્કળ ગૂંદીપાક ચખાડી, ધૂળ ચાટતો કરી, તેનાં બધાંય સાલમાંકડાં ઢીલાંપોચાં કરી નાખ્યાં. દીકરાઓએ ડોશીને કાંધે લીધી, અને આગનું ઠામ વૈદ્યરાજને ગળે બંધાવ્યું. અશોકવાડીના દૈત્યો વચ્ચે સીતાજીની જેવી કફોડી સ્થિતિ હતી, તેવી કઢંગી હાલત અત્યારે વૈદ્યની હોવાથી તે મૂંગે મોઢે તાબે થયો. સ્મશાન પહોંચતાં લગીમાં તો વૈદ્યરાજની છાતી સારી રીતે શેકાઇ ગઈ; તોપણ તે ચૂં કે ચાં કરી શકયો નહિ. સ્મશાનેથી વૈદ્યરાજને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણા તરીકે બરાબર મુષ્ટિપ્રહારની વિશેષ પહેરામણી આપ્યા પછી જ વિદાય કર્યા.

પ્રશ્નો

૧. 'ઊંટવૈદ્ય' શબ્દ અત્યારે આપણે કયા અર્થમાં વાપરીએ છીએ?

૨. ખરો 'ઊંટવૈદ્ય' કોણ? જેણે ઊંટના ગળામાંથી ચિભડું કાઢ્યું તે, કે જેણે ડોશીને મારી નાખી તે?

૩. શેઠનું અનુકરણ કરવા જતાં નોકરના શા હાલ થયા?

૪. આ વાતમાં કયી વસ્તુ તમને રમૂજ આપે છે?

૫. નીચેનાં વાક્યોમાંથી વિશેષણો શોધી કાઢો અને તેના પ્રકાર કહોઃ—

अ. હેડકીનો રામબાણ ઇલાજ પોતાની પાસે છે.

ब. એક ગામમાં એક વૈદ્ય રહેતો હતો.

क. તેનાં બધાંય સાલમાંકડાં ઢીલાંપોચાં કરી નાખ્યાં.

ड. અનેક બોધવચનો વૈદ્યરાજે સંભળાવ્યાં.

★

પાઠ ૯ મો

પશુધર્મ

શ્રી. કાકા કાલેલકર

[આ મોંઘવારીના જમાનામાં શેઠ પોતાના નોકરને અમુક પગાર આપે છે. એ પગાર એને પૂરતો છે કે નહિ તે જોવાની શેઠ ભાગ્યે જ દરકાર કરે છે. પરિણામે બાળબચ્ચાંવાળો નોકર અડધો ભૂખ્યો રહે છે.

આ શું ન્યાય છે? શેઠ શ્રીમંતાઈમાં આળોટે અને એની સેવા કરનાર ભૂખે સૂએ: એ પરિસ્થિતિમાં રહેલો અન્યાય કાકા સાહેબે એક ઘોડાના દૃષ્ટાંતથી અજબ રીતે બતાવ્યો છે. વાર્તા વાંચ્યા પછી આપણને લાગે છે કે, 'પશુથીએ પામર શું આપણ માનવી!']

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલિકે ઘોડાને સારો રાખ્યો હતો. સૌથી મોટી વાત એ કે ઘોડાની સેવા કરવા માટે માલિકને સરસમાં સરસ મોતદ્દાર મળ્યો હતોઃ સરસ ખરેરો થાય, ઘોડાની પાગા હંમેશાં સ્વચ્છ રહે, ખાવાનું પૂરતું અને વખતસર મળે. એમાં ય ચણા સરસ, તાજા અને પુષ્ટ. ઘોડાને પીવાને પાણી મળતું તે પણ તાજું, ઠંડું અને સ્વચ્છ વાસણમાં આણેલું. ઘોડો ખુશ ખુશ રહેતો અને "ફુરર્ ફુરર્" નો અવાજ કરી પોતાનો સંતોષ વ્યકત કરતો. મોતદ્દાર ઘોડા આગળ પાણી મૂકી, મોઢેથી સીટી વગાડતો જાય અને ઘોડો પૂછડી હલાવી પગવતી જમીન ખોદી વચમાં વચમાં ડોક ઊંચી કરી માથું એક બાજુ ફેંકી દેતો હોય એવો નખરો કરી મોતદ્દાર આગળ પોતાનો સંતોષ જાહેર કરતો જાય.

મોતદ્દારને બધા પાગ્યા કહેતા હતા. પાગ્યાને ત્યાં કુટુંબવિસ્તાર મોટો હતો, એટલે આખો દિવસ કામ કરતાં છતાં એ પેટ ભરીને ખાઈ શકતો ન હતો. માલિકના ધ્યાનમાં એ વાત ક્યાંથી જ આવે ? એને તો પોતાના ઘોડાની જ પડી હતી. નોકરને પૂરતો પગાર આપું છું, અને વખતસર આપું છું, એથી વધારે એના તરફ શું જોવાનું હોય, એમ જ એ માનતો હશે.

માલિક રોજ પોતે બશેર ચણા તોબરામાં રેડી પોતાને હાથે ઘોડાના મોઢામાં તોબરો ચઢાવતો. ઘોડો સાધારણ દોઢેક શેર ચણા ખાઈ બાકીના ચણા રહેવા દેતો. માલિક પાગ્યાને કહે, 'હવે આ ઘોડો ખાતો નથી. લઈ જા બાકીના ચણા તું જ.' પાગ્યા બચેલા ચણા ઘેર લઇ જઇ, ધોઇ ખાતો અને પોતાનાં બાળબચ્ચાંને પણ આપતો. ગરીબો માટે ચણા એ જ સૌથી પૌષ્ટિક ખોરાક છે. ઘોડો રોજ ચણા રાખવા લાગ્યો. માલિકને થયું કે જ્યારે ઘોડો બશેર ખાતો જ નથી ત્યારે એટલા ચણા શા માટે રાખીએ. એણે દોઢ શેર ચણા આપવા માંડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘોડાએ એક જ શેર ખાવાનું દુરસ્ત ધાર્યું. કેમે કરીને વધારે ચણા એ ખાય જ નહિ. થોડા દિવસ પછી માલિકે ચણાનો રતીબ એક શેરનો કર્યો. ઘોડાએ એમાંથી પણ બચાવવાનું શરૂ કર્યું. દહાડે દહાડે ઘોડો નબળો પડતો ગયો. જાનવરોના વૈદ્યને બોલાવવામાં આવ્યો. 'જુઓ તો ખરા, આ મારા ઘોડાને શું થયું છે, એનો ખોરાક ઘટતો જ જાય છે અને એ નબળો પડતો જાય છે.' વૈદ્યે તપાસ કરી. ઘોડાની લાદ જોઈ, એની લાળ તપાસી, આંખો જોઇ. પૂછડી નીચે થરમૉમિટર દબાવી, તાવ છે કે શું એ શોધ્યું. કયાં ય રોગની નિશાની નથી. પણ ઘોડો તો પૂરતા ચણા ખાતો જ નથી.



ઘોડો એમની આગળ આવી મનુષ્યવાણીથી બોલવા લાગ્યો.

માલિકને રાત્રે સ્વપ્નું આવ્યું. ઘોડો એમની આગળ આવી મનુષ્યવાણીથી બોલવા લાગ્યો, 'મારી આંખો શું તપાસો છો, જરા પોતાની જ આંખો તપાસાવો ને.'

'એટલે ? મારી આંખોને શું થયું છે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આંખોને કશું ન થયું હોય, પણ એમને આસપાસ જોવાની ટેવ નથી. જેમ હું તમારો આશ્રિત છું તેમ પાગ્યા પણ તમારો આશ્રિત છે. એ પેટ ભરીને ખાય છે કે નહિ એ તમે જુઓ છો?'

'કેમ? હું એને પૂરતો પગાર આપું છું અને તે પણ વખતસર આપું છું. એથી વધારે શું જોવાપણું હોય?'

'ત્યારે હું પણ પેટ ભરીને ખાઉં છું. તમે શા માટે હું નબળો પડ્યો એની ચિંતા કરો છો? તમે માલિક છો, તમે એને પગાર આપો છો. વસ્તારવાળા પાગ્યાને એ પૂરતો નથી પડતો એટલે હું પણ, મારી વતી, એને પગાર આપું છું.'

'પણ ચણા તો તારે માટે રાખેલા હોય છે. એ તું પેટ ભરીને ન ખાય તો કેમ ચાલે?'

'ચાલે કે ન ચાલે, એ હું નથી જાણતો; પણ મારા ખોરાકમાંથી અમુક ભાગ એને ન આપું ત્યાં સુધી મારાથી ખવાય જ કેમ? પાગ્યા ભૂખ્યો રહે અને હું પેટ ભરીને ખાઉં એ બને જ કેમ?'

'ત્યારે મારી લાગણી કરતાં તને પાગ્યાની લાગણી વધારે છે એમ?'

"એમાં અજુગતું શું છે? તમે માલિક છો, એ નોકર છે અને હું તમારો આશ્રિત છું એ બધો ભેદ તમ માણસોની દૃષ્ટિએ બરાબર છે. પણ એ તો કૃત્રિમ દૃષ્ટિ થઈ. અમે જાનવરો શુદ્ધ દૃષ્ટિથી જોનારાં છીએ. તમે મને જરાક પંપાળી, મારી પીઠ ઉપર બેસો છો અને પછી મારો દમ નીકળી જાય ત્યાં સુધી મને દોડાવો છો. જ્યારે પાગ્યા–પાગોબા–દિવસ–રાત મારી સેવા કરે છે, ટાઢ વધારે હોય તો મધરાતે ઊઠીને મારી પાગાની બહાર ઘાસ બાળીને મને ગરમી પહોંચાડે છે. આટલી ટાઢમાં ક્યાં બહાર જાઓ છો કરીને એની સ્ત્રી એને વઢે છે ત્યારે એ કહે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મૂંગું જાનવર કાંઈ તકરાર કરવા આવે છે? આપણે જ એનું સુખદુઃખ સમજવું જોઇએ. હું એની કાળજી ન કરું તો કોણ કરે? ભગવાન તો છે ને? મારે મૂંગા જાનવરનો શાપ નથી લેવો.' એમ કહી કકડતી ટાઢમાં, મધરાતે બહાર નીકળી, પાગ્યા મારી પડખે ઊભો રહે છે. અમે જાનવરો છીએ. અમે થોડાં જ માણસની પેઠે નગુણા થઈ શકીએ છીએ?'

આ છેલ્લો ચાબખો માલિકને એટલો તો સરસ વાગ્યો કે એની ઊંઘ તૂટી ગઈ, સ્વપ્નું ઓગળી ગયું અને એ વિચાર કરવા લાગ્યો.

બીજે દિવસથી માલિકે પાગ્યાને એના પગાર ઉપરાંત રોજ એક શેર ચણા આપવાનું નકકી કર્યું અને તે દિવસથી ઘોડો તોબરામાંના બશેર ચણા સાફ કરવા લાગ્યો.

પ્રશ્નો

૧. શેઠ ઘોડાને માટે કેવી કાળજી રાખતા?

૨. શેઠ પોતાના ચાકર પાગ્યા માટે કેવી કાળજી રાખતા?

૩. બન્ને વચ્ચે શા માટે તફાવત રહેતો?

૪. ઘોડાએ ઓછો ખોરાક ખાવાનું શા માટે શરૂ કર્યું? એથી એના શરીર ઉપર શી અસર થઈ?

૫. ઘોડાની તબિયત સુધારવા માટે શેઠે શા ઉપાય કર્યા?

૬. ઘોડાના ઓછા થતા ખોરાકનું રહસ્ય શું હતું? શેઠને એ કેવી રીતે સમજાયું?

૭. શેઠે પોતાની ભૂલ કેવી રીતે સુધારી?

૮. 'પશુધર્મ' એવું આ પાઠનું મથાળું યોગ્ય છે? તે દ્વારા લેખક શું સૂચવવા માગે છે?

૯. નીચેના વાકયમાં આવતાં ક્રિયાપદોના પ્રકાર અને કાળ કહોઃ—
'જુઓ તો ખરા, આ મારા ઘોડાને શું થયું છે? એનો ખોરાક ઘટતો જ જાય છે.'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૦ મો

¤

મર્દ તેહનું નામ

¤

કવિ નર્મદ

[કવિ નર્મદનું 'સાહસ કરવા વિષે' નામનું કાવ્ય તમે પહેલા પુસ્તકમાં વાંચ્યું હશે. નર્મદ મુખ્યત્વે શૌર્યકવિ હતો. એ કેવું શૂર ચડાવે છે, કેવો જુસ્સો પેદા કરી શકે છે તે તમે આ કાવ્યમાં જોઈ શકશો. કવિ કહે છે, મર્દ સામી છાતીએ લડે છે, સાથી ન હોય તો પણ ગભરાતો નથી, શ્રમથી મેળવેલું જ ખાય છે, અને દેશને માટે લડી મરે છે.]

મર્દ તેહનું નામ, સમો આવ્યો કે ચાલે;
કનક કામિની તજી, સજી રણમાં જઈ મ્હાલે.

મર્દ તેહનું નામ, ડરે નહિ રણે જવાથી;
હોંસે ચઢે તોખાર, ડગે નહિ રિપુ મળ્યાથી.

મર્દ તેહનું નામ, મરે પણ પણ નવ મૂકે;
ધીર ધરી શૂરભેર, તાકયું નિશાન ન ચૂકે.

મર્દ તેહનું નામ, સિંહથી શૂર વધારે;
તોપ ભડાકા કરે, તેમ તે ધસે પુકારે.

મર્દ તેહનું નામ, ચળકતાં શસ્ત્રો જોઈ;
ઊછળી કરતો હાથ, કીર્તિ ઊજળી પર મ્હોઈ.

મર્દ તેહનું નામ, લોહીની નદીઓ દેખી;
ધડ, માથાં ને હાડ, કાંપતો નહિ જે ટેકી.

મર્દ તેહનું નામ, સાથી સામું નવ જોવે;
જુક્તિ સાથ બળથકી, લડંતો રૂડો સ્હોએ.

મર્દ તેહનું નામ, રડે નહિ ઘાવ લીધાથી;
પડ્યો પડ્યો પણ કહે, કાઢ શત્રુને અહીંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મર્દ તેહનું નામ, ભોગવે શ્રમે રળેલું;
સિંહ સરીખો તેહ, ખાય નહિ ઘાસ પડેલું.
મર્દ તેહનું નામ, દેશી સારુ લડી મરતો;
જુગ જુગ જાગે જાગ, નામ પોતાનું કરતો.

પ્રશ્નો

૧. યુદ્ધમાં મર્દ શું કરે છે?
૨. ઘા લાગે ત્યારે મર્દ શું કરે છે?
૩. સમજાવો:—
મર્દ તેહનું નામ, ભોગવે શ્રમે રળેલું;
સિંહ સરીખો તેહ, ખાય નહિ ઘાસ પડેલું.
૪. 'પણ'ના બે અર્થ લખો.
૫. 'ઘોડા'નો અર્થ સૂચવતા બે શબ્દ લખો.
૬. આ કાવ્ય માટે બીજું શીર્ષક લખો.

★

પાઠ ૧૧ મો

¤

અગ્નિસ્નાન

¤

શ્રી. રમણલાલ દેસાઈ

[શ્રી. રમણલાલ દેસાઈ આપણી ભાષાના પ્રથમ પંક્તિના નવલકથાકાર છે. એમણે જુદા જુદા પ્રશ્નો ચર્ચતી અનેક નવલકથાઓ લખી છે. તેમની 'દિવ્યચક્ષુ' નામની નવલમાંથી આ પ્રસંગ લીધો છે.

અરુણ, કંદર્પ, જનાર્દન વગેરે સત્યાગ્રહીઓએ અંગ્રેજી અમલ સામે વિરોધ ઉઠાવેલો એટલે તેમને જેલમાં પૂરેલા હતા. એ જેલસુપ્રિન્ટેન્ડન્ટના મકાનમાં જ આગ લાગે છે. એક તો જેલનો ઉપરી અને પાછો અંગ્રેજ એટલે એ તો સત્યાગ્રહીઓનો પકો દુશ્મન. છતાં માનવતાની ખાતર આ યુવાન સત્યાગ્રહીઓ (અરુણ અને કંદર્પ) જેલને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોડી જાતના જોખમે એ બળતા ઘરમાં પ્રવેશે છે. પહેલાં તેઓ અંગ્રેજ અમલદારના પુત્રને બચાવે છે અને પછી તેની પત્ની તથા પુત્રીને બચાવે છે.]

અરુણની સામે એક યુરોપીય સ્ત્રી ઊભી હતી. તેણે રાત્રિને અનુકૂળ આછો પોશાક પહેર્યો હતો. તેની આંખો ફાટેલી હતી—તેના વાળ આછા વીખરાયલા હતા. તેના ગૌર રૂપાળા મુખ ઉપર માતાની ઘેલછા છવાઈ ગઈ હતી. કંદર્પ અંદર પડયો તે સાથે જ તેની પાસે દોડી જઈ ગૌરાંગિનીએ તેનો હાથ પકડ્યો.

'મારો દીકરો ક્યાં?' તેણે અંગ્રેજીમાં પૂછ્યું.

'એ તદ્દન સલામત છે, બાનુ!' કંદર્પે કહ્યું. નાના મોટા કોઈ પણ અંગ્રેજને જોતાં કંદર્પના હાથ સળવળી રહેતા, અને તેના દાંત કચકચી જતા, તે કંદર્પ અત્યારે બહુ જ વહાલ અને સંભાળથી એક અંગ્રેજ બાળકને અગ્નિમર્યાદાની બહાર મૂકી આવ્યો, અને એક અંગ્રેજ માતાનું દર્દ નિહાળી વ્યાકુળ બની ગયો. તેને એમ થયું કે આ માતાનું દર્દ મટાડવા મરવું પડે તો ય સાર્થક છે.

કુદરત સમીપ–ઈશ્વરસાન્નિધ્યે–માનવી એ માનવી જ છે. તે હિંદુ બને છે, મુસલમાન બને છે, ખ્રિસ્તી બને છે, એ તેની કૃત્રિમતા છે–જો તે પરસ્પરમાં રહેલી માનવતાને ઓળખતો અટકી જાય તો.

'પણ હવે આપણે સલામતી શોધવી જોઈએ. ચારે પાસ અગ્નિ ફેલાઈ ગયો છે. ઝડપ કરો, અને મારી પાછળ ચાલો,' અરુણે કહ્યું.

'મારી દીકરી ક્યાં?' પેલી માતાને મન દીકરો દીકરી સરખાં જ હતાં.

'એને પણ શોધી કાઢીએ.' કહી અરુણ આગળ વધ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખો ઓરડો અગ્નિ અને ધુમાડાથી ભરાઈ ગયો હતો. તેને ભાગ્યે જ સાતેક મિનિટ થઇ હશે. પણ એટલામાં તો ઓરડો અને તેની આસપાસના ઝરૂખા બધા જ સળગી ઊઠયા હતા. જેમ તેમ કરી એ ઓરડાની બહાર ત્રણે જણ નીકળી આવ્યાં. પણ જ્યાં જુએ ત્યાં અગ્નિ સહુને ડરાવતો સામો દેખાતો. એક બે ઓરડા ખોળી વળ્યા છતાં બાળકી હાથ લાગી નહિ.

હવે કોઈ પણ સ્થળે ઊભાં રહેવાય એવી સ્થિતિ નહોતી. અગ્નિએ પ્રચંડ રૂપ ધારણ કર્યું હતું. તે વીજળીવેગે આખા મકાન ઉપર ફરી વળતો હતો. પાટડીઓ, બારી, બારણાં અને ભીંતોના ભાગ આછા આછા તૂટવા લાગ્યા હતા. બહાર પણ જબરજસ્ત કોલાહલ મચી રહ્યો હતો. નીચે ઊતરવાના રસ્તા પણ બંધ થઈ ગયા હતા. એક ક્ષણ અરુણ અને કંદર્પે પરસ્પરની સામે જોયું. બંનેની આંખમાં મૃત્યુના પડછાયા પડયા. અરુણે કહ્યું :

‘ કંદર્પ, તું કસરતી છે. નાસી છૂટ. ’

‘ જાઓ, જાઓ, તમને એકલા મૂકીને ? એ બને ? ’ કંદર્પે નિર્ભયપણે જવાબ આપ્યો.

‘ ત્યારે આ બાઇને કેમ બહાર કાઢીશું ? ’ અરુણે પૂછ્યું.

‘ પેલી બારી હવે બાકી છે. જોઉં એનો ઉપયોગ થાય તો. ’ કહી કંદર્પ અગ્નિ રહિત એકલ એ બારી ઉપર ચડ્યો. તેને દેખી બહાર ભેગી થયેલી હજારો માનવીની મેદનીએ પોકાર કર્યો. બંબાવાળા તે બાજુ ઝડપથી બંબા લઈ આવ્યા.

એક ટોળું મોટી જાળી લઈ દોડતું આવ્યું અને બારી નીચે જાળી ફેલાવી કંદર્પને કૂદી પડવા નિશાનીઓ કરવા લાગ્યું.

કંદર્પે અંદર જઈ કહ્યું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આપણે બધાં ય બચી જઈશું. બારીમાંથી કૂદી પડીએ.'

'પહેલાં તમે કૂદી પડો.' અરુણે યુરોપીય બાઈને કહ્યું.

'મારી દીકરી વગર ? ના, ના. હું તો એની જોડે જ બળીશ.' માતાએ કહ્યું.

'જુઓ. હવે વાત કરવાને પણ વખત નથી. ઇશ્વરની મરજી હશે તો તમારી દીકરી બચશે. પરંતુ તમે અહીં રહેશો તેથી તમે તેને બચાવી શકવાનાં નથી. ઊલટ....'

'ના, ના, ના. હું અહીંથી નહિ ખસું.' માતાએ ઘેલછાના આવેશમાં કહ્યું. પરંતુ એટલામાં જ તેની આંખમાં જરા સ્થિરતા આવી. તેણે ઘણા જ આર્જવથી કહ્યું :

'પણ ભાઈ તમે કોણ છો ? તમે કેમ જતા નથી ? તમે બચો. જાઓ.'

'તમને મૂકીને અમારાથી ખસાય નહિ. જો તમે અહીં રહેશો તો આપણે ત્રણે બળી જઈશું.' અરુણે કહ્યું.

'ના, ના. મારે લીધે ત્રણ હત્યા શું કરવા થવા દઉં ? ચાલો, હું કૂદી પડું છું.' કહી તે ઝડપથી બારી પાસે આવી. બારી ઉપરથી તેણે નીચે જોયું. અને પાછી તેને પોતાની દીકરી યાદ આવી.

'ઓ, ઓ ! હું તને મૂકીને નહિ જાઉં !' એમ કહીને બારી ઉપર તે બેસી ગઇ.

અગ્નિ એ બારીને પણ વળગવા ઝઝૂમતો હતો. સમય રહ્યો નહોતો. કંદર્પે મન કઠણ કર્યું અને પેલી યુરોપીય સ્ત્રીની પાસે આવી તેને બળપૂર્વક હડસેલી. તે પડી. પરંતુ પડતાં પડતાં ભયગ્રસ્ત બાઇના હાથની ઝપટ કંદર્પના પગને વાગી. કંદર્પે સમતોલપણું ખોયું. તે પણ બાઇની પાછળ પડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડતાં પડતાં તેણે બૂમ મારી :

'અરુણભાઈ, જલદી !'

અને બંને જણ નીચેની જાળીમાં ઝિલાયાં અને અથડાયાં.

જેવો અરુણ બારીએ પગ મૂકવા જાય છે તેવી જ તેણે પાછળ એક ચીસ સાંભળી. હવે ? ધુમાડામાં કાંઈ સૂઝતું નહોતું. ચીસ પાસે જ સંભળાઈ. એમ ને એમ કેમ જવાય ? તે પાછો ફર્યો. તેનો શ્વાસ ગૂંગળાયો. તેની આંખ મીંચાઈ ગઈ. તેણે ગૂંગળાટને ગણકાર્યો નહિ. મીંચાયલી આંખ બળપૂર્વક ઉઘાડી તે આગળ ધસ્યો. તે કેટલે ધસ્યો તેનો તેને ખ્યાલ પણ રહ્યો નહિ.

એકાએક તેના દેહને કશું અથડાયું.

'ઓ મા, એ તો હું છું.' કોઈ નાનકડા બાળકનો કાલો અવાજ આવ્યો.

અરુણે ધુમાડામાં હાથ ફેલાવી તે બાળકને ઊચકી લીધું. એ જ પેલી બાળકી ? કોણ જાણે ક્યાંથી આ ઓરડામાં આવી ગઈ. અગ્નિએ ભડકો કરી આખા ઓરડાને ઝળાં ઝળાં બનાવી દીધો. બાળકીએ બીકમાં પોતાનું માથું અરુણની છાતી ઉપર નાખી દીધું. તેને લાગ્યું કે તે કોઈ પરાયા માણસના હાથમાં છે.

અરુણ બાળકીને લઈ બારી તરફ દોડ્યો. તેની પાછળ અગ્નિએ પોતાની વિશાળ ફણા ફેંકી. તે સહજમાં ઝડપાતો રહી ગયો. અગ્નિએ વધારે બળ વાપરી શકાય એ અર્થે પોતાની ઝાળ જરા પાછી ખેંચી અને અરુણ બારી પાસે પહોંચી ગયો.

પરંતુ અગ્નિનું તાંડવ સર્વવ્યાપી બની ગયું હતું. એ બારી ઉપર પણ અગ્નિ નાચતો હતો. બીજો માર્ગ હતો જ નહિ. એક ક્ષણમાં એ અગ્નિ ઉપરથી અને અંદરથી ધસી આવશે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરુણની ખાતરી હતી. અને એટલી સંભાળથી તે બારી ઉપર ચડ્યો, બાળકીને તેણે છાતી સરસી દબાવી. તે કૂદી પડે એટલામાં તો ધૂમ્રનો એક ભયંકર ગુબ્બારો તેની પાછળ ધસી આવ્યો, અને બારસાખ ઉપર નાચતા અગ્નિએ પોતાની ઝાળ લંબાવી.

અરુણે મસ્તક ફેરવી લીધું. તેનાથી ઝાળ સહન ન થઈ. તેણે આંખ મીંચી દીધી અને બાળકીને દબાવી. તત્કાળ તે ભાન ભૂલ્યો, તેના પગ લથડયા, અને તે નીચે ઢળી પડયો.



અરુણ અંગ્રેજ બાળકીને બચાવવા મથી રહ્યો છે.

આખી બારીમાંથી અગ્નિનો અંબાર લટકી રહ્યો. સ્તબ્ધ બનેલો સમુદાય ક્ષણ બે ક્ષણ બેભાન રહ્યો.

અભાન અવસ્થામાંથી પહેલી એક સ્ત્રી જાગી. તેને કંદર્પે અને એક ગોરાએ ટેકો આપ્યો હતો. એ યુરોપિયન બાઇનો પતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિપ્રાગટ્યની બૂમ સાંભળી પોતાના રહેઠાણ તરફ ધસી આવ્યો હતો. તેણે પોતાની પત્નીને પડતી નિહાળી, અને જાળી બહાર કાઢી તેને ટેકો આપી તે ઊભો હતો.

તે બાઈ જાળી તરફ દોડી. તેની દીકરી જીવતી હતી. પરંતુ તે એકાએક બૂમ પાડી ઊઠી :

'અરે, અરે ! ઝડપ કરો. આ તો બહુ દાઝયા છે. એમને દવાખાને લ્યો.'

બેભાન અરુણને ઊંચકી સહુએ મળી મોટરમાં સુવાડ્યો.

અંગ્રેજ પોલીસ અમલદાર પણ તેને ઊંચકવામાં સામેલ થયો. તેની પત્ની છોકરીને હાથમાં ઉપાડી મોટર પાસે ઊભી ઊભી અરુણને નિહાળી રહી હતી. મોટર ચાલી અને તેની આંખમાંથી આસુંધારા વહી રહી. તેણે પોતાના પતિને કહ્યું :

'આ બે હિંદીઓએ અમને બચાવ્યાં !' પાસે જ એક પોલીસનો સિપાઈ ઊભો હતો. તેણે કહ્યું :

'પણ સાહેબ, આ તો આપણા કેદીઓ ! એ ભાગી જાય છે.'

નાનકડી અંગ્રેજ છોકરી ઘૂરકી ઊઠી :

'ચૂપ, હરામખોર ! કોને કેદી કહે છે ?'

પ્રશ્નો

૧. આગમાં કોણ કોણ સપડાયાં હતાં ?
૨. તેમને બચાવવા કોણ ગયું ? કેવી રીતે ગયું ?
૩. જેલ સુપ્રિન્ટેન્ડન્ટની પત્ની શી રીતે બચી ?
૪. છોકરીને બચાવવા જતાં અરુણનું શું થયું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. અંગ્રેજોને પોતાના દુશ્મન ગણતા છતાં એક અંગ્રેજનાં પત્ની-બાળકોને બચાવવા માટે જાનને જોખમમાં મૂકનાર સત્યાગ્રહીઓનું કામ યોગ્ય કહેવાય ? શા માટે ?

૬. સળગતા ઘરનું વર્ણન કરો.

★

પાઠ ૧૨ મો

¤

ઢેઢકન્યાની દુવા

¤

સ્વ. ઝવેરચંદ મેઘાણી

[મધ્યયુગના સૌરાષ્ટ્રની વીરતા-ભરી વાતો સ્વ. મેઘાણીએ 'સૌરાષ્ટ્રની રસધાર'માં એકત્રિત કરી છે. એ પુસ્તકમાંથી આ વાર્તા લીધી છે. એમાં એક સોળ વર્ષની ઉંમરના રજપૂત કુમારની વીરતા વર્ણવી છે.

અસ્પૃશ્યતા તો એ કાળમાં પણ હતી. ઢેઢને અડકવામાં ધર્મનો લોપ ગણાતો. છતાં રાજાને તો ઢેઢ અને અન્ય વર્ણો વચ્ચે ભેદ ન હતો. પ્રજાના તમામ વર્ગોનું સરખી રીતે રક્ષણ કરવું એ એનો ધર્મ મનાતો. ઢેઢકન્યાની દુવા બ્રાહ્મણકન્યાની આશિષ કરતાં સહેજ પણ ઊતરતી કેમ હોઈ શકે ?]

શિહોર ગામના દરબારગઢની ડેલીએ તે દિવસે બાપદીકરા વચ્ચે રકઝક થઈ રહી છે. સોળ વરસનો રાજબાળ આતોભાઇ ભાલે ને તરવારે તૈયાર થઇ ઘોડીના પાગડામાં પગ નાખી ચડવા જાય છે. અને બુઢ્ઢા બાપુ અખેરાજજી એનું બાવડું ઝાલી મનાવી રહ્યા છે કે : 'ભાઈ એમ ન ચડાય. તારાથી ન ચડાય. તું મારે એકનો એક છો. તું ગોહિલ ગાદીનો રખેવાળ છો.'

'બાપુ, બાવડું મેલી દ્યો. હું પગે પડું છું, મેલી દ્યો.'

સોળ વરસની એની અવસ્થા હતી. જુવાની આતાભાઈના અંગમાં ધીરે ધીરે પ્રવેશ કરી રહી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દિવસે બપોરે દરબારગઢની ડેલી ઉપરની મેડીમાં આતાભાઈની આંખ મળી ગઈ હતી. અચાનક ઊંઘમાંથી ઝબકી ઊઠ્યા, અને કઠોડામાં આવીને જોયું ત્યાં તો ડેલીએ એક બુઢ્ઢો અને એનાં બાળબચ્ચાં ધ્રુસકે ધ્રુસકે રોતાં હતાં. કુંવરે પૂછ્યું, કે 'એલા કોણ છો ?'

'અન્નદાતા, ઢેઢ છીએ.'

'કેમ રુઓ છો ?'

'બાપુ, અમે આ નેસડા ગામમાં રહીએ છીએ. મારી દીકરીને ઘેલાશાના બરવાળે પરણાવી છે. બાઈ નાની છે ને જમાઈ બહુ કપાતર મળ્યો છે; બાઇને મારી મારીને અધમૂઈ કરે છે. દુઃખની મારી દીકરી આંહી ભાગી આવેલી. વાંસેથી એને તેડવા આવ્યાં તે અમે ન મોકલી, એટલે ઘેલાશાના કાઠી ઘોડે ચડીને આવ્યા, તે હમણાં જ દીકરીને ઘોડે નાખીને બરવાળે ઉપાડી ગયા. બાપુ ! મારી પારેવડી જેવી દીકરીનું શું થાશે ? અમારો ઢેઢુંનો કોઈ ધણી ન મળે !'

'અમારો ઢેઢુંનો કોઈ ધણી ન મળે !' એ વેણ જુવાન આતાભાઈના કલેજા સોંસરું પેસી ગયું.

'તારા ધણી બાપુ છે. રો મા.' એમ કહીને એણે નોકરોને હુકમ કર્યો, કે 'મારી ઘોડી હાજર કરો.'

પોતે હથિયાર ધરીને નીચે ઊતર્યા. ઘોડીને પલાણ નાખવાની વાટ ન જોઈ.

ઉપર ચડે ત્યાં ગઢમાંથી બાપુ અખેરાજજીએ સાદ કર્યો, કે 'ભાઈ, ઊભો રહે.' આવીને બાપુએ ઘોડીની લગામ ઝાલી લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરાનું બાવડું ઝાલ્યું. અખેરાજજીને એ એકનો એક દીકરો હતો. દરબારનો બુઢાપો હતો.

કુંવર બોલ્યા: 'બાપુ, અત્યારે મને રોકો મા, આ ઢેઢની છોકરીને અને મારે છેટું પડે છે. એ કહે છે કે અમારો કોઈ ધણી નથી.'

'બાપ, તુંથી જવાય નહિ, હું ફોજ મોકલું.'

'ના બાપુ, મારે એકલાને જ જવું છે.'

'બેટા, એકલા ન જવાય. દુશ્મનો ક્યાંક મારી પાડે.'

'બાપુ, છોડી દ્યો. આપણે રાજા: વસતીનું રક્ષણ કરવા આપણે જાતે જ ચડવું પડે.'

'ના મારા બાપ, આખું કટક જાય, પણ તું નહિ. તું હજી બાળક છો.'

આતાભાઇને બાપની મરજાદની હદ આવતી હોય એમ થયું. એના હોઠ ફફડવા લાગ્યા. એના મોઢા ઉપર લાલ લાલ લોહી ધસી આવ્યું. તો ય બાપુ સમજ્યા નહિ ત્યારે એણે બાપનો હાથ ઝોંટી, ઘોડીને એડી મારી.

બાપ જોતા રહ્યા, ડાયરો 'હાં, હાં' કરતો રહ્યો. આતાભાઈની ઘોડીને જાણે પાંખો આવી.

જોતજોતામાં તો પંથ કાપી નાખ્યો. દૂર દુશ્મનોને દીઠા. બે અસવારો છે. એકની બેલાડયે બાઈ માણસ બેઠેલું છે. બાઇની ચૂંદડી પવનમાં ઊડતી જાય છે. વગડામાં અબળા ધા ઉપર ધા નાખી રહી છે. બીજો અસવાર એની પાછળ ઘોડી દોડાવતો પોતાની ઝગઝગતી બરછી બતાવીને બાઈને ડરાવતો જાય છે. 'ઢેઢનું કોઈ ધણી નહિ!' એવી ધા સંભળાય છે. વગડામાં કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં લોકો ઊભાં થઈ રહે છે અને વીલે મોંએ વાતો કરે છે કે: 'બાઈ ભાગેડુ લાગે છે.'

સોળ વરસનો એકલવાયો આતોભાઇ આ ત્રાસ જોતો, ઘોડીને દબાવતો, વંટોળિયા જેવો વેગ કરતો, લાલ ચટક મોઢે લગોલગ આવી પહોંચ્યો. ખળખળિયા વોંકળાને વળોટી બરબર સામા કાંઠા ઉપર ચડ્યો. હાક પાડી, કે: 'હાં કાઠીડાઓ! હવે માટી થાજો! અબળાને ઉપાડી જનાર શૂરવીરો! સૂરજના પોતરાઓ! હવે માટી થાજો. હું આતોભાઇ!'

ત્યાં તો ઘોડાની ભેટાભેટી થઈ. કાઠીડાઓ બરછીનો ઘા કરે તે પહેલાં તો આતાભાઈનો ભાલો એકની ઘોડીના તોરીંગનાં પાટિયાં વીંધીને પાર થઈ ગયો અને બીજાનું બાવડું તરવારને એક ઝાટકે ઉડાવી નાખ્યું.

કાઠીઓને જીવ બચાવવાની બીજી બારી નહોતી રહી. પોતાની છાતી સાથે બાંધેલા બંધ છોડી નાખીને અસવારે ઢેઢ કન્યાને પડતી મૂકી દીધી. બેય જણા 'ભાગો! ભાગો!' બોલતા નીકળી ગયા.

કન્યા થરથર ધ્રૂજે છે.

'બીશ મા હવે. હું આતોભાઈ, તારી ભેરે ઊભો છું. આવી જા મારી બેલાડચે!' એમ બોલીને આતાભાઇએ બાઈનું કાંડું ઝાલ્યું. પોતાના પગનો પોંચો ટટાર કરીને કહ્યું, કે: 'આના ઉપર પગ માંડીને આવી જા મારી વાંસે.'

કન્યા ઊભી થઈ રહી: 'બાપા, હું ઢેઢ છું, તમને આભડછેટ–'

'આભડછેટ કેવાની વળી? તું તો અમારી બેન દીકરી છો. આવી જા ઝટ ઘોડી માથે. નીકર બેય આંહીં ઠામ રહેશું. હમણાં કાઠીડાનું કટક આંબી લેશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આતાભાઇએ કન્યાને બેલાડ્ય લીધી. 'હા, હવે મારા ડિલને બરાબર ઝાલી રાખજે. નીકર પડીશ નીચે, ને મનેય પાડીશ. ઝાલ્ય, બરાબર ઝાલ્ય !' એવી બથ્થડ વાણી બોલતો આતોભાઈ ઉઘાડી સમશેરે વગડો ગજવતો પાછો વળ્યો. ઘોડાના સફેદ દૂધિયા પૂછનો ઝંડો, કન્યાની ઓઢણી અને જુવાન આતાભાઈની પાઘડીનું છોગું હવામાં ફરકતાં ગયાં.

માર્ગે એને પોતાના પિતાનું મોકલેલ કટક મળ્યું. કટકને મોખરે ઢેઢકન્યાને બેલાડ્ય લઇને ઉઘાડી સમશેરે જ્યારે આતો-ભાઈ શિહોરની બજારે નીકળ્યો, ત્યારે હજારો આંખોનાં તોરણ થઈ રહ્યાં હતાં. આતાભાઇના આ પહેલા પરાક્રમ ઉપર એ હજારો નેત્રોની અંજલિઓ છંટાતી હતી. બાઇઓ આ વીરનાં વારણાં લેતી હતી. ઢેઢકન્યા તો એ નાટારંભ કરતી ઘોડી ઉપર બાપુને જોરથી ઝાલીને જ બેઠી રહી.

ડેલીએ ઊતરીને એણે કન્યાનાં રોતાં માવતરને દીકરી સુપ્રત કરી. બાપુ અખેરાજજીને બાળો રાજા પગે લાગ્યો. ગદગદ કંઠે ઢેઢકન્યાએ કહ્યું કે: 'બાપુ ! હું નીચ વરણની નાર ઠરી. હું તુને તો શું આપું ? આંતરડીની આશિષ આપું છું કે તું જ્યાં ચઢીશ ત્યાં તારી આવી જ ફતેહ થાશે.'

પ્રશ્નો

૧. ઢેઢને શો અન્યાય થયો હતો
૨. ઢેઢની ધા સાંભળીને આતાભાઈએ શો જવાબ આપ્યો ?
૩. આતાભાઇને રોકવા અખેરાજજીએ શા પ્રયત્નો કર્યા ? તેમાં તેમને સફળતા મળી ?
૪. ઢેઢની કન્યાનું હરણ કરીને ભાગી જતા કાઠીઓનું વર્ણન કરો.
૫. એમનો મુકાબલો આતાભાઇએ કેવી રીતે કર્યો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. આતાભાઇની વીરતાનું શબ્દચિત્ર દોરો.
૭. ઢેઢકન્યાએ આતાભાઇને શી આશિષ આપી ?
૮. આ પાઠમાંના કાઠિયાવાડી પ્રયોગો અલગ તારવી, તેના અર્થ કહો.

★

પાઠ ૧૩ મો

મીઠી માથે ભાત

શ્રી. વિઠ્ઠલરાય આવસત્થી

[આ એક કરુણ કથાકાવ્ય છે. પોતાના પિતાને ભાત આપવા જતી મીઠી નામની એક ખેડૂતકન્યાને રસ્તામાં વાઘે ફાડી ખાધી. આ પ્રસંગનું કરુણ ચિત્ર આ કાવ્યમાં કવિએ દોર્યું છે. આખું કાવ્ય સરળ છે. મીઠીનો નિર્દોષ સ્વભાવ, તેની હિંમત, તેની કાર્યતત્પરતા કેવાં સરસ રીતે રજૂ થયાં છે! તેના મૃત્યુ પછીનો કુદરતનો કકળાટ આપણા દિલને હલાવી નાખે છે.]

ડુંગર કેરી ખીણમાં ગાંભૂ નામે ગામ,
ખેતી કરતો ખંતથી પટેલ પાંચો નામ.

સીમથકી છેટી હતી વાડી એક વિશાળ,
ભોંય બધી ભગરી અને રૂડી અધિક રસાળ.

નવાણ છે નવ કોસનું ફરતાં જંગી ઝાડ,
રોપી તેમાં શેલડી વાઢ્યો રૂડો વાડ.

પટલાણીએ પુત્રનું સુખ દીઠું છે માંડ;
મીઠી ઉંમર આઠની બેન લડાવે લાડ.

શિયાળો પૂરો થતાં પાક્યો પૂરો વાડ;
વાઘ શિયાળ વરુતણી રહેતી વગડે રાડ.

કેળ સમી સૌ શેલડી ઝૂકી રહી છે ઝૂંડ,
રસ મીઠાની લાલચે ભાંગે વાડો ભૂંડ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિચોડો બેસાડવા પાંચે કરી વિચાર,
બાવળનાં નથ બૂતડી તુર્ત કર્યાં તૈયાર.

સોંપ્યું સાથી સર્વને બાકી બીજું કામ,
સાધન ભેળું સૌ થવા તવા તાવડા ઠામ.

પટલાણી પેખી રહી પટેલ કેરી વાટ;
રોંઢા વેળા ગઈ વહી પડતું ટાઢું ભાત.

કહે મા, "મીઠી, લે હવે ભાત આપું,
કીકો લાવ મારી કને, જા તું બાપુ;
હજી ઘેર 'આતા' નથી તુજ આવ્યા,
ભૂખ્યા એ હશે વાડ કામે થકાયા."

મીઠી–"ભલે લાવ બા જાઉં હું ભાત દેવા,
દીઠા છે કદી તેં ઊગ્યા મોલ કેવા ?
મીઠી કેળશી શેલડી તો ખવાશે,
દીઠી છે ટૂંકી વાટ જલદી જવાશે."

કહી એમ માથે લઈ ભાત ચાલી,
મૂકી માર્ગ ધોરી ટૂંકી વાટ ઝાલી.

વહી જાય છે વેગમાં ફાવી ભરતી ફાળ;
ગણે ન કાંટા કાંકરા દોડે જ્યમ મૃગ બાળ!

ડુંગર ગાળી ગીચમાં કેડે કૂદતી જાય;
સામો વાડ ઝઝૂમતો જોતાં તે હરખાય.

હમણાં વાડી આવશે, હમણાં આપું ભાત;
એમ અધિક ઉતાવળી દોડી મળવા તાત.

બખોલમાંથી બ્હાર ત્યાં વાઘ ધસ્યો વિકરાળ;
થપાટ પાછળથી પડી બાળા થઇ બેહાલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીઠી બાળા મોતના પંજામાં સપડાઈ.

ભાત ઓઢણી તો રહ્યું, ઝરડામાં જકડાઈ;
મીઠી બાળા મોતના પંજામાં સપડાઇ.

વાઘ ઉપાડી ક્યાં ગયો? કુદરતમાં કકળાટ!
વૃક્ષ ઊભાં વીલાં બધાં! સૂની બની સૌ વાટ!

સાંજ વહી સૂનકારમાં ઓઢીને અંધાર;
રાત રડે છે રાનમાં, આંસુડે ચોધાર.

પ્હોંચી ઘર પાંચો કરે, "મીઠી!" "મીઠી!" સાદ;
"મારે તો મોડું થયું રોંઢો ન રહ્યો યાદ."

પટલાણી આવી કહે, "મેલી છે મેં ભાત,
મળી નથી તમને હજી? રોકાણી ક્યાં રાત?"

"મળી નથી મીઠી મને મારગ ધોરી વાટ;
કહાં ગોત કરવી હવે? ગઇ હશે પગવાટ."

બની ગયાં એ બાવરાં બન્ને મા ને બાપ;
ગયાં તુર્ત તે ગોતવા કરતાં કંઈ સંતાપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નભથી ચાંદો નીરખી વિલાય ફિક્કે મુખ;
ઝાંખાં સર્વે ઝાડવાં, દારુણ જાણે દુઃખ.

"મીઠી! મીઠી!" પાડતાં બૂમ ઘણી માબાપ;
જવાબ પાછો ના મળે તેથી કરે વિલાપ.

પળતાં આગળ પગ મહીં અટવાયું કંઈ ઠામ;
તે તો ઘરની તાંસળી, ભાતતણું નહિ નામ.

ખાલી આ કોણે કરી? હશે સીમનાં શ્વાન?
'મીઠી ક્યાં મેલી ગઈ? બોલે નહિ કંઈ રાન.

વળી પગે અટવાય છે ઝરડું, નીચે જોય,
મીઠી કેરી ઓઢણી- પોકે પોકે રોય.

'હા! મીઠી, તું ક્યાં ગઈ? આ શું-ઝમે રુધિર!
ઉત્તર એનો ના મળે; બધુંય વિશ્વ બધિર.

નિરાશ પાછાં એ વળ્યાં કરતાં અતિ કકળાટ;
"મીઠી મીઠી" નામથી રડતાં આખી વાટ.

× × × ×

વાડ ગયો વેચાઈ ને વીતી ગઈ છે વાત;
તો પણ દેખા દે કદી મીઠી માથે ભાત.

પ્રશ્નો

૧. પોચા પટેલના ખેતરનું વર્ણન કરો.
૨. ભાત લઈને પોતે ન જતાં પટલાણીએ મીઠીને શા માટે મોકલી?
૩. મીઠી કયે માર્ગે ગઈ? રસ્તામાં શું બન્યું?
૪. આ કરુણ પ્રસંગની કુદરત ઉપર શી અસર થઈ?
૫. મીઠીની શોધ કરતાં ખેડૂત માબાપની વ્યથાનું વર્ણન કરો.
૬. 'તો પણ દેખા દે કદી, મીઠી માથે ભાત'—એ પંક્તિ દ્વારા કવિ શું સૂચવે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૪ મો

મુસાફરીનો અનુભવ

શ્રી. વિજયરાય વૈદ્ય

[શ્રી. વિજયરાય વૈદ્ય ગુજરાતના અગ્રગણ્ય વિવેચક છે. તેમનો અભ્યાસ ઊંડો છે અને ભાષા પર તેમનું ખૂબ પ્રભુત્વ છે. તેઓ 'કૌમુદી' નામના માસિકના તંત્રી હતા તે વખતે તેના ફંડ માટે કરાંચી ગયેલા. તે પ્રવાસનું વર્ણન ડાયરીરૂપે તેમણે કર્યું છે. અમદાવાદ સ્ટેશને સેકંડ કલાસની ટિકિટ હોવા છતાં જગા મેળવતાં પડેલી મુસીબતનું વર્ણન શબ્દોનો ભાર છતાં હળવું અને હાસ્યપ્રેરક છે. તેમના 'ખુશ્કી અને તરી' નામના પુસ્તકમાંથી આ પાઠ લીધો છે.]

ટેન્ટેલસને દેવનો શાપ હતો કે મીઠાં જળે ભરેલી નદી અહર્નિશ તેના પગ કનેથી વહી જતી હોય, છતાં એ જ્યારે તૃષાતુર બની પીવા માટે નદીમાંથી ખોબો ભરે ત્યારે ખોબામાંનું પાણી કાંકરા બની જાય. આજે કરાંચી જવાની સેકંડ કલાસની ટિકિટ લઇને હું ઉત્સાહભર્યો ગામડિયાની જેમ એક કલાક વહેલો સ્ટેશને પહોંચ્યો ત્યારે પણ એવું થયું. સેકંડ કલાસનું એકેએક ખાનું ખાલી હતું, ને એકેએક આખું રીઝર્વ્ડ હતું........હવે? ત્યાં તો સાથે આવેલ કારકુને ધ્યાન ખેંચ્યું કે, "તમારી ભૂલ થાય છે; પેલો સોલ્જર બેઠો છે તે સેકંડ રીઝર્વ્ડ નથી, કેમકે તેની પર લેબલ નથી." કારકુનનું કહેવું સાચું છે કે કેમ એ જાણવા ડબાના સળિયા પર નજર કરી. ત્યાં લેબલ ન દેખાયું એટલે હું એ ખાનામાં ચડ્યો, સામાન અંદર લેવરાવ્યો, ને વાંચવાની સગવડ માટે ડાબી પાસથી અજવાળું આવે એવી બેઠક પર બિસ્ત્રો છોડી ત્યાં નિરાંતે બેઠો. નિરાંત હતી, પણ ઉપરછલી. હજી હું ડબા બહાર હતો ત્યારથી જ સોલ્જરની નજર, જાણે મારા મોં પર એને અખૂટ

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહાલ હોય તેમ, મોંને નીરખ્યા જ કરતી હતી. હવે હું અંદર બેઠા બાદ તો તે વધારે એકાગ્ર થઈ. આ કારણે મનમાં તો જરાય સ્વસ્થતા નહોતી. શા માટે તે એવી રીતે જોતો હતો? મેં જરા મુશ્કેલીથી સોલ્જરની આંખ સાથે આંખ મેળવી. સમભાવ એ આંખોમાં સ્પષ્ટ તરવરતો હતો. જરા ભરાવદાર રતૂમડી મૂછો હેઠળથી સહેજ સ્મિત કરી, આસ્તેથી ને સ્થિર અવાજે હવે તે બોલ્યો: "હું માનું છું, આ ડબો રીઝર્વ્ડ છે." વિ: "માફ કરજો. તેમ નથી. બહાર લેબલ નથી." સો: "અરે, લેબલ તો ત્યાં હતું જ." કરતો એ ઊભો થયો ને ડબા બહાર ગયો. બારીમાંથી મેં ડોકું બહાર કાઢી, એને જેવો નીચો વળતો ને જમીન પર પડી ગયેલું લેબલ ઉપાડતો જોયો કે તુર્ત જ, એના "આ રહ્યું" ને પૂરું સાંભળ્યા પણ વગર"....હું દિલગીર છું" કરતો'કને હું ઊભો થઈ ગયો, બિસ્ત્રાને પાછો મેં બાંધ્યો કર્યો નહિ પણ વીંટાળ્યો, અને સામાન લેવરાવી આવવાનું કારકુનને કહી, મારી હાથથેલી કાંડે ભરાવી, ઉતાવળે ખાનામાંથી ઊતરી પડ્યો.

ઊતર્યા પછી પહેલું કામ એ કર્યું કે બાકીનાં બધાં લેબલને ધારીધારીને ફરી એકવાર વાંચી આવ્યો—એવી આશાએ કે એકાદ બર્થ પણ ક્યાંય ખાલી હોય તો તેમાં ઠસી જવાય. પણ આ ઈસ્ટર સમયના સહેલાણીઓ એવા કાચા નહોતા કે એક પણ બર્થ, અગાઉથી રીઝર્વ્ડ નહિ કરાવનાર મારા સરખા પશ્ચિમબુદ્ધિ માટે ખાલી રહેવા દે.

આ બધું છતાં, બુદ્ધિ કરતાંયે અત્યારે તો વધુ સબળ હથિયાર મારા હાથમાં મોજૂદ હતું; અને તે, મેં દા....બીને ડાબા હાથમાં પકડી રાખેલી સેકંડ ક્લાસની ટિકિટ. રેલવે કંપનીએ એક વાર પૈસા લઈને મને એ વેચી જ છે, તો મારે માટે—એક સેકંડ ક્લાસ પેસેન્જર માટે—ગમે તેમ કરી જગ્યા કરવા—મેળવવા એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધાયેલી છે. આ વિચારે અત્યાર અગાઉના ગભરાટને હળવો કર્યો. થર્ડની ટિકિટ હોત તો મારા પગમાં હવે પ્રકટવા માંડેલ નવું જોર હું અનુભવત કે કેમ, તેની તો શંકા જ સમજવી. ઘણું-ખરાં થર્ડક્લાસિયાંની મનોદશા પણ થર્ડ ક્લાસ જ હોય છે ને! રેલવે નોકરોની સામું ગૌરવપૂર્વક જોઇને તેને કશી પૂછપરછ કરવાના રામ પણ એમનામાંથી કેટલા થોડામાં હોય છે! એવી માયકાંગલાઈ જોઇને રેલવેવાળા પણ એમને વધારે તુચ્છકારે એમાં કંઈ નવાઈ? બીજી તરફ આ લીલા કાર્ડના કટકામાં એવું જાદુ ભર્યું છે કે તમે ખાદી પહેરી હોય ને બધી વાતે—ચહેરે, મોંએ ને તંદુરસ્તીએ સુદ્ધાં—મુફ્‌લિસ દેખાતા હો છતાં, ઘણી-ખરીવાર પેલા કલેકટરો ને ઇન્સ્પેકટરો બધા (ભલે, વખત પર ચેરીમેરીની આશાએ પણ) તમારા તાબેદાર સેવકો બની જવા હોંસીલા દેખાય છે.

ખાલી બર્થ નથી જ એમ લાગ્યું ત્યારે સામાન કારકુનને ભળાવી, હું પ્લૅટફૉર્મને સામે છેડે, પોતાની ઊભી મિજલસમાં મળેલા ને ગપાટા હાંકતા મારા ઉદ્ધારકો—રેલવે નોકરો—પાસે પહોંચ્યો, ને મારી દુર્દશા એમને નિવેદન કરી. એમના જવાબનો સાર એ હતો કે તેઓ પોતે તો મારું સંકટ ટાળવા અસમર્થ છે, પણ જે એક બીજો અમલદાર થોડી જ વારમાં સેકંડના ડબાઓ પાસેની પુણ્યભૂમિમાં અવતાર ધરવાનો છે, તેનું શરણ મારે શોધવું.

પાછો હું હતો ત્યાં આવ્યો. આવીને, જે વાતોડિયા કારકુન સાથે હું બીજે વખતે અભ્યાસપૂર્વકની અતડાઇથી વર્તું છું તેને લગભગ દયામણે મોંએ ને સ્વરે જાહેર કર્યું કે મુસીબત ટાળવાની આશા જ છે; ખાતરી-બાતરી કોઈ આપતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી દશબાર મિનિટ વીતી ગઈ.

અંતે એક નીચો, અમલદારી તોરથી છેક બેનસીબ, ઊલટો મારા જેવો નરમ ને નિષ્પ્રભાવ (અને છતાં પોતાના ગણવેષ વડે જ જરા ગૌરવશીલ બની જતો) માણસ ત્યાં આવ્યો. ચાલતો ચાલતો એ પૂરો મારા સુધી પહોંચે તે પહેલાં જ મેં આગળ વધીને તેને આંતર્યો: "બીજા વર્ગમાં જગ્યા નથી?" "છે. અહીં આવો" કહીને તે ડબ્બામાં ચડ્યો, ને મને પણ તેમ કરવાની નિશાની કરી. "પણ," મેં તેને ભૂલ કરતો જોઈ કંઈક તેની પણ દયા ખાઈ કહ્યું, "એ તો રીઝર્વ્ડ જગ્યા છે. "હા, પણ તે રાતના સૂવા માટે રીઝર્વ્ડ છે."

પ્રવાસના શાસ્ત્રનું એ ઉપયોગી સૂત્ર હું તો આજે પહેલવહેલું શીખ્યો. શીખ્યો અને એ શિક્ષણનો લાભ પણ પૂરેપૂરો ઉઠાવ્યો. જે બેઠક પર પેલા ટ્રાવેલિંગ કંડકટરે (કે એ જે હોય તેણે) મને ગોઠવ્યો હતો, તેનો કાયદેસરનો પણ આળસુ હકદાર હજી આવ્યો નહોતો. એટલે મેં બેઠકના અર્ધાપોણા ભાગ પર બિસ્ત્રો બિછાવી દીધો, અને, જાણે કે વધારાના થોડા પૈસા આપીને દિવસો અગાઉથી મારે માટે બેઠક મેં રોકાવી હોય તેમ આસાનીથી, નચિંત જીવે, પગ લંબાવી તેના પર પડ્યો.

થોડી વાર થઈ ત્યાં એક બેઠા ઘાટના, સ્લેટરંગી દેશી પોશાકવાળા આધેડ ગૃહસ્થે આવીને બહારના સળિયા પરના લેબલને તપાસવા માંડ્યું. બરાબર તપાસીને તેઓ અંદર ચડ્યા, બેઠકોના નંબર વાંચ્યા, મારી બેઠકવાળો નંબર ધારીને બેવાર જોયો, અને મારા ચરણરજ સેવક હોય તેમ મૂંગામૂંગા મારા પગ પડખેની ખાલી જગ્યામાં બેઠા. આ બધો વખત હું તો બારી બહારની પ્લૅટફૉર્મલીલામાં મશગૂલ હોઉં તેમ ત્યાં જ જોયા કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહસ્થે ધાર્યું હોત તો મારા ઢોંગનું આવરણ ઉતરડી શકત, લંબાવેલા પગને ટૂંકા કરાવી શકત, ને મને ત્યાંથી ઉઠાડવાનાં પગલાં પણ કદાચ ભરત. પણ, કાં તો (પાછળથી જણાયું તેમ) પોતે ફક્ત પાલનપુર સુધી જવાના હતા તેથી, કાં તો મારા દર્દી જેવા દેખાવથી દયાભાવે પ્રેરાઇને, ગમે તે કારણે, પણ એમણે એ પોતાની હકસરની બેઠકને સુવાંગ કરી લેવા, કે તેની પર વધુ જગ્યા મેળવવા, કશી હિલચાલ કરી નહિ. આવા સદ્‌ગૃહસ્થો મને પ્રવાસ દરમ્યાન ઘણા મળે એવી પ્રાર્થના મેં પ્રભુને કરી.

પ્રશ્નો

૧. સેકંડ ક્લાસની ટિકિટ હોવા છતાં લેખકને જગા મેળવતાં શી શી મુશ્કેલીઓ ઊભી થઈ?

૨ પોતાની મુશ્કેલીઓ જણાવતાં લેખક થર્ડ ક્લાસના મુસાફરો વિષે શો અભિપ્રાય દર્શાવે છે?

૩. રેલવે અમલદારોની વર્તણૂક માટે લેખક શો કટાક્ષ કરે છે?

૪. તમે કરેલી એકાદ રેલવે મુસાફરીનું વર્ણન કરો. અગર ત્રીજા વર્ગના મુસાફરોની હાડમારી ચર્ચતો એકાદ પત્ર રેલવે સત્તાવાળાઓ ઉપર લખો.

૫. નીચેનાના અર્થ કહો:—

પચ્છમબુદ્ધિ, થર્ડક્લાસિયાં, ચેરીમેરી, અવતાર ધરવાનો છે, કાયદેસરના પણ આળસુ હકદાર, પ્લૅટફૉર્મલીલા.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૫ મો

☼

સંયુક્તાહરણ

☼

શ્રી. રમણલાલ દેસાઈ

[પૃથુરાજની વાત તો તમે ઇતિહાસમાં વાંચી હશે. જયચંદ્ર તેનો મસિયાઇ ભાઈ થાય. જયચંદ્રને પૃથુરાજની બહુ અદેખાઈ આવતી. એટલે એ બન્નેનો સંબંધ ખરાબ હતો. જયચંદ્રે સંયુક્તા માટે સ્વયંવર યોજ્યો. તેમાં પૃથુરાજને બોલાવેલો પણ તે આવ્યો નહિ; એટલે તેના પૂતળાને દ્વારપાળ તરીકે ઊભું રાખ્યું. જયચંદ્રની પુત્રીએ તો એ બહાદુર કુમારના પૂતળાને જ માળા આરોપી.

આ નાટકના લેખક ગુજરાતના એક સમર્થ અને લોકપ્રિય નવલકથાકાર છે. તેમનો લખેલો એક પાઠ ‘ અગ્નિસ્નાન ’ તમે આ પુસ્તકમાં જ વાંચ્યો હશે. ‘ કોકિલા ’ ‘દિવ્યચક્ષુ’ વગેરે તેમની શ્રેષ્ઠ નવલકથાઓ છે. તેમણે નાટકો પણ લખ્યાં છે. ‘ સંયુક્તા ’ નામના તેમના નાટકમાંથી આ પ્રસંગ લીધો છે.

[નવમો પ્રવેશ]

સ્થળઃ સંયુક્તાનો સ્વયંવરમંડપ. સમયઃ બપોર.

પાત્રોઃ જયચંદ્ર, પ્રધાન, સંયુક્તા, સખી, રાજાઓ, સામંતો, પૃથુરાજ, વગેરે.

જયચંદ્ર : યજ્ઞ તો નિર્વિઘ્ને થઇ ગયો. પ્રધાનજી, દુનિયામાં કેટલા રાજાએ રાજસૂય યજ્ઞ કરેલા ?

પ્રધાન : ઘણા જ થોડાએ. સતયુગમાં માંધાતાએ, ત્રેતામાં રામચંદ્રે, દ્વાપરમાં યુધિષ્ઠિરે. આ વિના બીજા કોઇ જાણીતા નથી. કલિયુગમાં તો આપ સૂર્ય સરખા પ્રકાશવાન છો. રાજસૂય યજ્ઞ કરવો એ કાંઈ સહેલ છે ?

જયચંદ્ર : સહેલ હોય તો સઘળા ચક્રવર્તી ન થાય ? અલૌકિક બલ, અતિ કૌશલ, અને અભેદ્ય દૃઢતા એટલું હોય તો જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા પદનો સંભવ. મારી બાલ્યાવસ્થાથી જ ચક્રવર્તીપદ તરફ નજર ચોંટી રહી હતી. તેની યોજનાઓ હું ઘડ્યા કરતો હતો. છેવટે મારું સામર્થ્ય સ્વીકારાયું, ઇચ્છા ફળીભૂત થઈ, અને પૂર્વે થઈ ગયેલા સાર્વભૌમ રાજાઓની સરખામણીમાં આજે હું બેઠો. કલિયુગના પુરાણમાં મારો અધ્યાય સર્વથી વિશેષ વિસ્તૃત અને રસમય નહિ નીવડે શું?

એક રાજા : યથાર્થ કહો છો, રાજાધિરાજ! ચક્રવર્તીની છાયામાં રહેલા અમે પોતાને પણ ધન્ય માનીએ છીએ.

બીજો રાજા : અને આપના ઈતિહાસમાં અમારું નામ પણ આવી જશે.

ત્રીજો રાજા : વીર પુરુષોની મહત્તા જ અલૌકિક છે. આર્યાવર્ત તો શું પણ સમગ્ર પૃથ્વી અને સ્વર્ગ સુધી આપનાં કીર્તિગાન હવે ગવાશે.

ચોથો રાજા : ભાગ્યમાં શ્રેષ્ઠ સ્થાન લખેલું તે કાંઈ મિથ્યા થાય છે?

જયચંદ્ર : ભાગ્યની વાત જ ન કરશો. ભાગ્યને ભરોસે જો હું રહ્યો હોત તો આજ સામાન્ય રાજા પણ ન હોત. સઘળી વાતમાં હું મારા ભુજબળ અને બુદ્ધિબળ ઉપર જ આધાર રાખું છું. મારા સરખા શૂરવીરો ભાગ્યને કદી માનતા નથી. ભાગ્યથી અમે દોરાતા નથી, પણ ભાગ્યને અમે દોરીએ છીએ. હજી પૃથુરાજ સરખા કેટલાક રાજાઓ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી અહીં આવ્યા નથી. એમનાં અભિમાન મારી એક હાક વાગ્યે ગળી જશે. પૃથુરાજનું તો પૂતળું આપણે દ્વાર પર ઠીક રાખ્યું છે. મારો સંબંધી થાય છે, માટે જ હું તેનો એવો ગર્વ સહન કરી રહ્યો છું. પણ હવે જ એ જાણશે કે દિલ્હીના દરવાજા આગળ જઈ હું એક ગર્જના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીશ તો એનાં રોમેરોમ ભયથી ઊભાં થઈ જશે. આજના દરબારમાં તો એના પૂતળાને દ્વારપાળની સંજ્ઞા આપી છે. હવે એની જાતને જ હું મારા બળથી મારા મહેલમાં ઘસડી લાવી મારાં પગરખાં સાચવનાર બનાવીશ.

જોશી : મહારાજ, સ્વયંવરના મુહૂર્તની તૈયારી છે. કુંવરીને પધરાવવાની હવે જલદી ગોઠવણ થવી જોઇએ. નહિ તો મુહૂર્ત વીતી જશે, મહારાજ.

પ્રધાન : કુંવરી તો તૈયાર જ છે.

જયચંદ્ર : મંડપમાં બોલાવો એને.

[હાથમાં વરમાળા લઈ સંયુક્તા સખી સાથે આવે છે.]

સંયુકતા, મારા રાજ્યમાં મારા વિરુદ્ધ વર્તન કરવાની સહેજ પણ ઇચ્છા થતાં મનુષ્ય કંપી ઊઠે છે. ઝૂંપડીમાં બેઠેલા ગરીબથી તે સુખાસન ઉપર પોઢતા રાજાઓ સુધી સર્વ મારી આંખ તરફ દૃષ્ટિ રાખી રહે છે. મારી આંખનો સહેજ ઈશારો તેમને માટે બસ છે. કેટલાક રાજા મહારાજાઓ પ્રજા ઉપર રાજ્ય કરે છે, પણ કુટુંબ ઉપર તેમની જરાકે સત્તા હોતી નથી. પણ તું નક્કી જાણજે કે મારી સત્તા જેમ બહાર ફેલાયેલી છે તેમ કુટુંબ ઉપર પણ ફેલાયેલી છે. હું શું કહું છું અને મેં શું કહ્યું છે તે બરાબર ધ્યાનમાં રાખજે. આ સર્વ બિરાજેલા અનેક ગુણોથી ભરેલા છે. તેમની યોગ્યતા જગપ્રસિદ્ધ છે. તારી નજરમાં આવે તેને વરમાળ અર્પણ કર.

[સંયુક્તા અને સખી ફરતાં ફરતાં બધા રાજાઓને ઓળખી લઈ પૃથુરાજના પૂતળા પાસે આવે છે.]

સંયુક્તા : [સ્વગત] શી શી યોગ્યતાઓ ધરાવે છે? કોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં હાથી ઘણા છે અને કોઈના પૂર્વજો પરાક્રમી થઈ ગયા છે! જે થશે તે ખરું. હું પ્રભુનું નામ લઇ આ વરમાળા અહીં પહેરાવું છું.

[પૂતળાને વરમાળા પહેરાવતાં જ પૃથુરાજ અચાનક પ્રકટ થઇ સંયુક્તાને બાથમાં લઇ જયચંદ્રને ચમકાવતું આવાહન આપે છે.]



પૃથુરાજ સંયુક્તાનું હરણ કરી જાય છે.

પૃથુરાજ : ઓ મદાંધ જયચંદ્ર ! જો ! જરાક આંખ ખોલ. તારા મદને, ગર્વને અને અહંકારને હું ઘોળી પી જાઉં છું. વીર તો તે જ કે જે સામે મોઢે આવી વીરતા દાખવે. તારા સરખી પીઠ પાછળ અપમાન આપવાની યુક્તિ મને નથી આવડતી. જયચંદ્ર, સ્વપ્ન ન સમજીશ. હું દિલ્હીનો પૃથુરાજ, તારા સૈનિકોની, તારા દરબારીઓની અને તારી આંખમાં ધૂળ નાખી, રચેલી યુક્તિઓને ઠોકર મારી સંયુકતાને હરી જાઉં છું. હજી સમજ અને અભિમાન છોડી દે. ઓ જયચંદ્ર અને ઓ જયચંદ્રના નામર્દ દરબારીઓ, તમારાં મુકુટ અને શિરપેચ ઊંધાં મૂકો, તમારી તલવારને જમીનમાં ખોસી રાખો, અને તમારા અશ્વોને કોઇ ભિખારીને ભેટમાં આપી દો ! હાથના કાંડામાં જોર હોય, ઘા સહન કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ હોય, શસ્ત્રઅસ્ત્રના ખડખડાટમાં ધૈર્ય હોય, તો આવો છોડાવો મારા હાથમાંથી સંયુક્તાને !

[લઈ જાય છે. આશ્ચર્યચકિત થઈ ગયેલા સર્વ ઊભા થઈ હવે હથિયાર પર હાથ મૂકે છે.]

જયચંદ્ર : દગાખોર થોભ. પકડો એ બન્નેને ? એ ધાડપાડુ લૂટારો હાથમાંથી નથી બચવાનો !

[પાછળ દોડે છે.]

પ્રશ્નો

૧. રાજસૂય યજ્ઞ એટલે શું ? અસલના વખતમા જે રાજાઓએ આ યજ્ઞ કર્યો હોય તેમાંના થોડાનાં નામ ગણાવો.

૨. જયચંદ્ર અને પૃથુરાજ કયા વંશના રાજાઓ હતા ? એ બે વચ્ચે દુશ્મનાવટ શા માટે હતી ?

૩. જયચંદ્રે પૃથુરાજનું શું અપમાન કર્યું ?

૪. સંયુક્તાએ પૃથુરાજના પૂતળાને વરમાળા કેમ આરોપી ?

૫. પૃથુરાજે અપમાનનો બદલો કેવી રીતે વાળ્યો ?

૬. સમજાવો:—

क. ભાગ્યથી અમે દોરાતા નથી, પણ ભાગ્યને અમે દોરીએ છીએ.

ख. વીર તો તે જ, કે જે સામે મોઢે આવી વીરતા દાખવે.

જુદા જુદા યુગનાં નામ ગણાવો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૬ મો

¤

કાગળ

¤

શ્રી. નગીનદાસ પારેખ

[આ લેખકની 'કંજૂસનું દાન' નામની વાર્તા તમે પહેલા પુસ્તકમાં વાંચી હશે.

કાગળ તો તમારા હંમેશના વપરાશની ચીજ છે. તેમાંથી તમે વાંચો છો, તેના પર તમે લખો છો અને તેમાં તમારું લખાણ જાળવી રાખો છો. દુનિયામાં જ્ઞાનનો ફેલાવો કરવા માટે કાગળ ઘણું જ અગત્યનું સાધન છે. આવા ઉપયોગી પદાર્થની શોધ ક્યારે અને કેવી રીતે થઇ, હાલ તે કેવી રીતે બનાવવામાં આવે છે, વગેરેનો રસિક અહેવાલ આ પાઠમાં તમે વાંચશો.]

બસો પાંચસો વરસ નહિ, પણ આ તો હજાર વરસ પહેલાંની વાત છે. હજી માણસ ઘરબાર બાંધતાં શીખ્યો નહોતો. જંગલી પશુઓની સાથે હરીફાઈ કરતો ગુફાઓમાં તે દિવસ કાઢતો હતો; પથ્થરને ઘસીને ઘાટવાળા બનાવી તે વડે જ મોટાં મોટાં શિકારી પ્રાણીઓનો સામનો કરતો હતો; કપડાં પહેરતાં પણ તે શીખ્યો નહિ હોય, અથવા ઝાડની છાલ, પાંદડાં કે ચામડાં વડે શરીરને ઢાંકતો હશે.

એ જમાનામાં માણસે એક દહાડો એક અદ્‌ભુત કાર્ય કર્યું. ગુફાની ભીંત પર અણીદાર પથ્થર વડે અથવા લાલ માટી વડે તેણે ચિત્ર ચીતરવાનું શરૂ કર્યું. 'ચિત્ર' એટલે તમે સુંદર રંગોથી ચીતરેલું ઑઈલ પેઇન્ટિંગ કે એવું કશું ન માની લેતા. તદ્દન નાનાં બાળકો કક્કો પણ લખતાં શીખે તે પહેલાં જેવાં ચિત્રો ચીતરે છે તેવાં ચિત્રો. જો કોઈ કહે નહિ તો પરખાય પણ નહિ કે આ ચિત્ર તે હાથીનું છે, ઘોડાનું છે, કબૂતરનું છે, કે પછી માણસનું છે. આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં એ છબીએ જ માણસને જંગલી પશુઓથી જુદો પાડ્યો અને આજનો સભ્ય માણસ બનાવ્યો.

તે વખતે માણસો નજરે જોતા તે જ છબીમાં ચીતરવાનો પ્રયત્ન કરતા. એમ કરતાં કરતાં ધીમે ધીમે તેઓ એકબીજાના મનની વાત પણ છબીમાં પ્રગટ કરતાં શીખ્યા. પણ મુશ્કેલી એ ઊભી થઈ કે છબી ચીતરતાં વખત પણ પુષ્કળ લાગતો અને જગ્યા પણ ઘણી જોઈતી. તે ઉપરાંત ધીરજ પણ અખૂટ જોઈતી. પણ આ બધાં કરતાં મોટી અગવડ તો એ હતી કે બધા માણસોની ચીતરવાની શક્તિ સરખી નહોતી. આને લીધે કોઈ કોઈવાર એવું પણ બનતું કે જે વાત કહેવા માટે છબી ચીતરતા તેના કરતાં ઊલટો જ અર્થ વાંચનાર કરતો.

નોતરાની ચિઠ્ઠીને લડાઈનું કહેણ માની લેતાં જરાય મુશ્કેલી નહોતી આવતી.

એટલે પછી છબીને બદલે તેઓ ટૂંકું અને સહેલું એક એક ચિહ્ન વાપરવા લાગ્યા; અને ચિહ્નમાંથી ધીમે ધીમે કરતાં આખરે આપણા આજના અક્ષરો આવ્યા.

પણ અક્ષર થયા એટલે કંઈ પતી ગયું ? એને લખવા શાના ઉપર ? એ શોધતાં ભારે મહેનત પડી. શરૂઆતમાં પથ્થર ઉપર કોતરી કોતરીને બધું લખતા. અશોક રાજાના વખતમાં આપણા દેશમાં પણ એવા શિલાલેખોનો ખૂબ પ્રચાર હતો. તમારામાંના જેમણે ગિરનાર પાસેનો અશોકનો શિલાલેખ જોયો હશે તેમને આનો ખ્યાલ તરત જ આવશે. આજે પણ હજી શિલાલેખો તદ્દન નાબૂદ થયા નથી. મકાનો ઉપર કે કૂવા ઉપર નામની તખતીઓ આજે પણ પથ્થરમાં કોતરીને મૂકવામાં આવે છે. એવા લેખો—જૂના કે નવા—તો દરેકે જોયા જ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પથ્થર કાંઈ હંમેશાં મળી રહેતો નથી. એટલે લખવા માટે પથ્થર સિવાય પણ બીજી ઘણી વસ્તુઓનો ઉપયોગ કરવા માંડ્યો. નરમ કાદવની ચકતી કે ઇંટ બનાવી, તેના પર લખી પછી તેને પકવી લેતા એટલે સરસ ચોપડી બની જતી. મોટા લોકો તાંબાનાં કે પિત્તળનાં પતરાં ઉપર કોતરીને લખતા. આવાં તામ્રપત્રો પણ તમે મુંબઈમાં મ્યૂઝિયમમાં કે બીજે ક્યાંક જોયાં હશે.

પણ તાંબાપિત્તળનાં પતરાં પણ મોંઘાં કહેવાય. એટલે પછી ઝાડની છાલ, પાંદડાં વગેરે વાપરવાં શરૂ કર્યાં. જૂનાં સંસ્કૃત પુસ્તકોમાં ભૂર્જપત્રનું નામ ઘણીવાર જોવામાં આવે છે. કેળનાં પાંદડાં પણ લખવામાં વપરાતાં. અને તાડપત્રોનું તો પૂછવું જ શું ? બંગાળમાં તો આજે પણ કોઈ કોઈ ઠેકાણે તાડપત્ર વપરાય છે.

જૂના વખતમાં મિસરના લોકો પેપાયરસ નામના ઝાડની છાલને કૂટીને તેના ઉપર લખતા. એ પેપાયરસ ઉપરથી જ અંગ્રેજીમાં 'પેપર' શબ્દ થયો છે. એ ઉપરાંત જીવજંતુનાં પાતળાં ચામડાંમાંથી 'પાર્ચમેન્ટ' નામની કાગળ જેવી એક વસ્તુ બનાવી તેના ઉપર પણ ખૂબ લખતા.

પહેલવહેલો કાગળ બનાવનાર આપણો પાડોશી ચીનો હતો. તેનું નામ 'ત્સાઈલુન' હતું. આ કાંઈ આજકાલની વાત નથી. લગભગ બે હજાર વર્ષ પહેલાં ચીન દેશમાં બેઠાં બેઠાં તેણે કાગળ બનાવવા માંડ્યા હતા. ત્યાંથી શીખીને પછી ધીમે ધીમે બીજા દેશો પણ કાગળ વાપરવા લાગ્યા. વિલાયતના લોકો હજી હમણાં જ કાગળ બનાવતાં શીખ્યા. પૂરાં હજાર વરસે થયાં નથી.

આ તો જાણે કાગળની શોધ શી રીતે થઇ તેની વાત થઈ. પણ એ કાગળ શી રીતે બનાવે છે એ તમે જાણો છો ? સાંભળો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગળમાં જે મુખ્ય વસ્તુ હોય છે તેને વૈજ્ઞાનિકો 'સેલુલોઝ' કહે છે. ઝાડમાં એ સેલુલોઝ પુષ્કળ પ્રમાણમાં હોય છે. એટલે કાગળ બનાવવા માટે લાકડાનો કૂચો, ખડ, જાતજાતનું ઘાસ એ બધાંની જરૂર પડે છે. શણ, ફાટેલાં ચીંથરાં ને ફાટેલા કાગળ પણ ઘણા વાપરે છે.

કાગળના કારખાનામાં પહેલું કામ આ બધા કાચા માલમાંથી સેલુલોઝ કાઢી લેવાનું થાય છે. આ બધી વસ્તુઓમાં બધું જ કંઈ સેલુલોઝ નથી હોતું. સેલુલોઝ ઉપરાંત પણ બીજી કેટલીક વસ્તુઓ એમાં હોય છે. એટલે પહેલાં એને જુદી કર્યા વિના શી રીતે ચાલે? કાચા માલને લઇને પહેલાં તો મોટાં યંત્રો વડે કચી કચી કરીને ખૂબ ઝીણા કટકા કરી નાખે છે. ત્યારપછી સેલુલોઝ જુદું પાડવાનો વખત આવે છે. મોટાં મોટાં બંધ મોંવાળાં વાસણોમાં એ ભૂકો ભરીને તેમાં ચૂનો, ખાર, અથવા એવો જ બીજો મસાલો નાખે છે. ત્યારપછી અંદર ગરમ વરાળ છોડે છે, અને તેને ખૂબ બાફી કાઢે છે. સેલુલોઝની સાથે જે બીજી નકામી વસ્તુઓ હોય છે તે આથી પીગળી જાય છે; પરંતુ સેલુલોઝને કશું થતું નથી, એટલે તેને જુદું કાઢી લેતાં મુશ્કેલી પડતી નથી.

ત્યારપછી ધોવાનું કામ શરૂ થાય છે. ધોવાનું કામ હાથ વડે નથી થઇ શકતું. ધોવા માટે પણ જંગી યંત્રો વાપરવાં પડે છે. ધોયા પછી સેલુલોઝનો દેખાવ રૂ જેવો થાય છે. પણ તે વખતે પણ તેમાં ઘણો મેલ રહી ગયેલો હોય છે. ધોળા બરફ જેવા કાગળો બનાવવામાં એ ન ચાલે; એટલે એને સફેદ બનાવવા માટે ફરીથી નવો મસાલો નાખવામાં આવે છે. બ્લીચિંગ પાઉડરનું નામ તો તમારામાંથી કેટલાકે સાંભળ્યું હશે. ઘણે ઠેકાણે તો મોટે ભાગે એ જ વપરાય છે. ચૂના અને ક્લૉરિનમાંથી એ બને છે. ક્લૉરિન મીઠામાંથી બને છે. એટલે કાગળના કારખાનામાં સેંકડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણ મીઠું અને ચૂનો ભરી મૂકવાં પડે છે, અને આને લગતાં યંત્રો વળી ખરાં જ.

સેલુલોઝ બરાબર સફેદ થઈ જાય એટલે વધારાનો બ્લીચિંગ પાઉડર કાઢી લેવા માટે બીજો મસાલો વાપરે છે. ત્યારપછી ફરીથી સારી રીતે ધોઈ નાખીને સેલુલોઝમાંથી રેસા કાઢી નાખવા માટે તેને બીજા યંત્રમાં નાખે છે. આ રેસા ઉપર જ કાગળ સારોનરસો થવાનો ઘણોખરો આધાર હોય છે.

કાગળ માત્ર સફેદ થાય એટલું બસ નથી. તેના ઉપર શાહી પડતાં તે પ્રસરી ન જાય એવો પણ બનાવવો જોઈએ. કાગળ દેખાવે સુંદર થાય, લીસો થાય, એ પણ જોવું જોઇએ. એ બધાંને માટે પણ જુદાજુદા મસાલા મેળવવા પડે છે—જેમકે રાજન, ફટકડી, સ્ટાર્ચ, વગેરે. દૂધની અંદરનો સફેદ ભાગ—જેને વૈજ્ઞાનિકો 'કેસિન' કહે છે તે—સારા સારા કાગળોમાં ભેળવવામાં આવે છે. રંગીન કાગળો માટે જુદાજુદા રંગો, અને સસ્તા નકામા કાગળો માટે જાતજાતના ભેગો પણ કરવા પડે છે.

ત્યારપછી એ મસાલાવાળા સેલુલોઝમાં જોઈતા પ્રમાણમાં પાણી નાખે છે, એટલે એ દૂધ જેવું દેખાય છે. પણ વજનમાં તે દૂધ કરતાં ભારે હોય છે. પછી તેને ચાળણીમાં થઇને ખૂબ સાવચેતીપૂર્વક આણીને કાગળ બનાવવાના ખાસ સંચામાં પહોંચાડે છે. અહીં ખૂબ કુશળતાથી કામ લેવું પડે છે.

કાગળનો સંચો ખૂબ જંગી હોય છે. મોટાં મોટાં જાળીઓનાં ચોકઠાં ઉપર થઈને અતિશય વેગથી આ કાગળનો મસાલો ચાલ્યા જ કરે છે; અને ભેગાભેગું પાણી શોષી લઈ, દબાવી, ગરમ કરી તેને કાગળનું રૂપ આપે છે. સંચામાં જુદે જુદે ઠેકાણે જુદાં જુદાં કામ થાય છે. કોઈ ઠેકાણે પાણી શોષી લેવાય છે; કોઈ ઠેકાણે ભીના મસાલાને દબાવી, ટીપી પાતળી છાલ જેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવામાં આવે છે; કોઈ ઠેકાણે તેના ઉપર અદૃશ્ય અક્ષરો પાડવામાં આવે છે; કોઈ જગ્યાએ કાગળને ગરમ કરીને સૂકવવામાં આવે છે; કોઈ જગ્યાએ વળી તેને રોલરથી ઘસીઘસીને સુંવાળો બનાવવામાં આવે છે. સંચાને એક છેડે જોઈએ તો દૂધ જેવો પાતળો કાગળનો મસાલો નદીની પેઠે પ્રબળ વેગથી સંચામાં દાખલ થાય છે; અને સંચાને બીજે છેડે જોઈએ તો જાદુની પેઠે મોટા મોટા, સુંવાળા, ઝગમગતા કાગળ તેટલા જ વેગથી બહાર નીકળે છે.

માણસ જેમ જેમ સુધરતો જાય છે, તેમ તેમ પુસ્તકોની ખપત પણ વધતી જાય છે. એને માટે આજકાલ રોજના હજારો, લાખો મણ કાગળની જરૂર પડે છે. એ કાગળ તૈયાર કરવા માટે કેટલાં બધાં ઝાડો ભેગાં કરવાં પડતાં હશે તે તમે કલ્પી શકશો. દુનિયાના જુદા જુદા ભાગોમાં, ખાસ કરીને અમેરિકામાં સેંકડો માઈલ સુધી ફેલાયેલાં મોટાં મોટાં જંગલો માત્ર આ જ કામ માટે જુદાં રાખી મૂકેલાં છે. પણ સરસ્વતીદેવી સાથે વનદેવી હરીફાઈમાં ફાવી શકે એમ લાગતું નથી. જોતજોતામાં એ બધાં જંગલોનાં જંગલો કોણ જાણે ક્યાંય ઊડી જાય છે!

પ્રશ્નો

૧. હજારો વર્ષ પહેલાં માણસ આ દુનિયામાં કયી સ્થિતિમાં રહેતો હતો? તે પોતાનું જીવન કેમ ગાળતો હતો?

૨. લખવાની કળા ધીમે ધીમે કેવી રીતે ઉત્પન્ન થઇ?

૩. જ્યારે કાગળ ન હતો ત્યારે લખવા માટે માણસ કયી વસ્તુનો ઉપયોગ કરતો? અત્યારે એનો પુરાવો આપણા જોવામાં આવે ખરો?

૪. કાગળ બનાવવાની કળા પહેલાં કોણે શોધી?

૫. કાગળ બનાવવામાં મુખ્ય કયી વસ્તુઓની જરૂર પડે છે તે ગણાવો. આપણે ઘેર આપણે કાગળ બનાવી શકીએ કે નહિ?

૬. નીચેના વાક્યમાંથી નામ શોધી કાઢો, અને તેમનો પદચ્છેદ કરો:— એ જમાનામાં માણસે એક દહાડો અદ્ભુત કાર્ય કર્યું.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૭ મો

☆

રામ અને નાવિક

☆

ભાલણ

[ભાલણ આપણા જૂના કવિઓ-માંનો એક છે. અહીં રામના જીવનનો એક પ્રસંગ રજૂ થયો છે. વિશ્વામિત્ર સાથે રામ ગંગાપાર જવા હોડીમાં બેસવા જતા હતા. પણ નાવિકને તેમના ચરણસ્પર્શ કરવા હતા. સીધી રીતે રામ તેમ કરવાની હા ન પાડે માટે તેણે બહાનું કાઢયું કે રામના ચરણની રજ અડયાથી શલ્યાની અહલ્યા થઈ. તેવી રીતે તેમના ચરણની રજ અડયાથી હોડીમાંથી સ્ત્રી બની જાય તો એક તો આજીવિકાનું સાધન જાય અને વળી એકને બદલે બે સ્ત્રીને નિભાવવી પડે. આમ બહાનું કાઢી નાવિકે રામને હોડીમાં ચડાવવાની ના પાડી. વિશ્વામિત્ર નાવિકનો હેતુ સમજી ગયા. એટલે તેમણે કહ્યું, 'તને રામના ચરણની રેણુની બીક છે ના ? તો ધોઈ લે તેમના પગ, એટલે પછી વાંધો નહિ.' આમ નાવિકે યુક્તિથી પોતાની મનકામના પૂરી કરી.]

નાવિક વળતો બોલિયો, સાંભળો મારા સ્વામ;
સાથ સહુ કો નાવે બેસો, નહિ બેસારું રામ.
વાર્તા મેં છે સાંભળી ચરણરેણુની અપાર;
અહલ્યા ત્યાં થઈ સ્ત્રી સહી, પાષાણ ફીટી નાર.
આજીવિકા મારી એહ છે, જુઓ મન વિવેક;
સ્ત્રી થાતાં વાર ન લાગે, કાષ્ઠ પાષાણ એક.
આજીવિકા ભાગે મારી, આગે એક સ્ત્રી છે ઘેર;
બે મળીને શું જમે? શી કરું ત્યાં પેર ?
હસી વિશ્વામિત્ર બોલિયા, ચરણરેણે સ્ત્રી થાય;
તે માટે ગંગાજળ લેઇને પખાળો હરિપાય.
હસીને હરિ હેઠા બેઠા, રામ અશરણશર્ણ;
નાવિકે ગંગાજળ લેઈને, પખાળ્યા ત્યાં ચર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. નાવિકે રામની ચરણરજ સંબંધી શી વાત સાંભળી હતી ?
૨. રામને નાવમાં બેસાડતાં નાવિક કેમ ડરતો હતો ? તેથી શી મુશ્કેલી ઊભી થાય તેમ હતી ?
૩. 'નહિ બેસારું રામ' એમ કહેવામાં નાવિકનો ખરો હેતુ શો હતો ?
૪. વિશ્વામિત્રે નાવિકને કયો માર્ગ સૂચવ્યો ?
૫. વિશ્વામિત્ર અને રામ નાવિકનો હેતુ સમજી ગયા, એ તમે કયા શબ્દ ઉપરથી કહી શકશો.
૬. સમજાવો :—

આજીવિકા મારી એહ છે, જુઓ મન વિવેક;
સ્ત્રી થાતાં વાર ન લાગે, કાષ્ઠ પાષાણ એક.

★

પાઠ ૧૮ મો

તાડ

સ્વ. ગિજુભાઈ

[વૃક્ષો તો તમે ઘણાંય જોયાં હશે. વડલો, આમલી, પીપળો, રાયણ, આંબો, વગેરે ગામડામાં તો ઠેરઠેર જણાય. પણ તાડ તો દરિયાકિનારે જ થાય. વળી તેની કેટલીક વિચિત્રતાઓ પણ છે. એનો પરિચય આ પાઠમાં સ્વ. ગિજુભાઈ તમને કરાવે છે.

ગિજુભાઇને તમે ઓળખતા જ હશો. પહેલા તથા બીજા પુસ્તકમાં તમે તેમના લખેલા પાઠો શીખ્યા હશો. તમારે માટે તેમણે વાર્તાઓ લખી છે, નિબંધો લખ્યા છે, પત્રો લખ્યા છે. છોડવા અને વૃક્ષોની રસભર માહિતીઓ પણ તેમણે તમને આપી છે. 'વનવૃક્ષો' નામના તેમના પુસ્તકમાંથી આ પાઠ ઉતાર્યો છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાડ એ નાળિયેરી, ખજૂરી ને સોપારીની જાતનું ઝાડ છે, એમ કહી શકાય. સોપારી ને નાળિયેરીની પેઠે તેનું થડ ઊંચું વધે છે ને માથે પાંદડાંનું છત્ર ઓઢે છે.

ડુંગરોની તળેટીમાં અને દરિયાને કિનારે તાડની શોભા દૂરથી સુંદર લાગે છે.

વેગથી જતી રેલવેમાં બેસીને જતાં દૂરથી નજીક આવતી તાડોની હાર આંખને જોવી ખરેખર ગમે છે.

તાડ જમીનથી જેટલો ઊંચો છે તેટલો જ જમીનમાં ઊંડો છે. તેનાં મૂળિયાં જમીનમાં ખૂબ ખૂબ ઊંડાં જાય છે, અને પવનના સપાટાઓ સામે તાડને ટટાર ઊભો રાખે છે.

તાડનું બી બહુ કઠણ હોય છે. તે વાવ્યા પછી એક વર્ષે ઊગીને તે પાંદડાં કાઢે છે; એટલો બધો વખત તે જમીનમાં મૂળ નાખે છે.

તાડને તાડિયાં નામનાં ફળ આવે છે. તેની અંદરથી નીકળતા ગોળાને લોકો ખાય છે. આ ગોળાને તાડગોળા કહે છે. ખજૂરીમાંથી કાઢવામાં આવે છે તેમ આમાંથી પણ તાડી કાઢવામાં આવે છે.

તાડ જેટલો ઊંચો છે, એટલાં ઊંચાં બીજાં ઝાડો છે ખરાં; પણ તાડની ઊંચાઈ બહાર પડી જાય છે કારણ કે તેને ડાળો નથી, માત્ર થડ જ છે. ઊંચા ને પાતળા એવા માણસને તાડનો ત્રીજો ભાગ કહેવાય છે. સાચોસાચ માણસ જો ત્રીજો ભાગ હોય તો તે ૧૦ થી ૧૩ ફૂટ ઊંચો થાય, કારણ કે તાડનું ઝાડ ૩૦ થી ૪૦ ફૂટ ઊંચું થાય છે.

તાડની એકથી વધારે જાતો થાય છે. તેમાંની એક જાતનાં પાંદડાંનો બહુ સારો ઉપયોગ થયેલો છે. એ પાંદડાંને કાપીને તેનાં પુસ્તકનાં પાનાં આગળના લોકો બનાવતા. તાડનાં પાંદડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર લોઢાથી લખવામાં આવતું. આવાં તાડપત્રો ઉપર લોઢાથી લખાયેલા ગ્રંથો એકબે નહિ પણ હજારો હજી પણ છે. કેટલાક એવા ગ્રંથો તો બ્રિટિશ મ્યૂઝિયમમાં છે; સાહેબ લોકોએ અહીંથી તેને લંડન ભેગા કર્યા છે. પાટણના જૂના જૈન ગ્રંથભંડારોમાં આવાં પુસ્તકો સહેલાઈથી જોવા મળશે.



તાડ

આ પાંદડાં ઉપર લોકો એટલા માટે લખતા કે ઊધઈ તેને ખાઈ શકે નહિ. પાંદડાં ઉપર બહુ સુંદર ચિત્રો ચીતરતા. સારી ને જાતજાતની શાહીથી રંગેલાં ચિત્રો ને શણગારેલા ને મોતી જેવા અક્ષરો હવે ભાગ્યે જ લખાશે.

આ તાડપત્રનાં પુસ્તકોને ગ્રંથો કહેવામાં આવે છે. તાડનાં પાંદડાંને કાપીને વચ્ચે કાણું પાડી, એ કાણામાં લખાયેલાં પાંદડાંને દોરીથી પરોવી ઉપરથી ગાંઠ વાળવામાં આવતી, કે જેથી પાછાં પાનાં છૂટાં છૂટાં ન થઈ જાય. એ ઉપરથી એનું નામ ગ્રંથ પડયું. ગ્રંથિ એટલે ગાંઠ, ને ગ્રંથ એટલે ગાંઠથી જેનાં પાનાં બાંધ્યાં છે એવી ચોપડી.

ડાહ્યા ને સારા લોકોએ તાડનાં પાંદડાંનો એવો સરસ ઉપયોગ કર્યો ને તેમાં સુંદર જ્ઞાનને લખ્યું; જ્યારે મૂરખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોએ તાડના થડમાં ખાડા પાડી તેમાંથી તાડી શોધી ને તે પીને તેઓ ગાંડા બન્યા!

કહે છે કે સ્વર્ગમાં જે સાત ઝાડો છે તેમાં એક ઝાડ તાડનું પણ છે. આપણે એમ કલ્પી શકીએ કે દેવો તાડપત્રો ઉપર દેવતાઈ ગ્રંથો લખતા હશે, ને દાનવો તાડી બનાવીને પીતા હશે!

આ સ્વર્ગનરકની વાત તો માનવા જેવી નથી. પણ તાડ વિષેની આ કલ્પના સુંદર તો છે જ.

પ્રશ્નો

૧. તાડનું ઝાડ ક્યાં ઊગે છે? એની ઊંચાઈ આશરે કેટલી હોય છે?
૨. ઊંચા ને પાતળા માણસને તાડની ઉપમા કેમ આપવામાં આવે છે? શું તાડ ખરેખર સૌથી ઊંચું ઝાડ છે?
૩. અસલના લોકો તાડનાં પાંદડાંનો શો ઉપયોગ કરતા? 'ગ્રંથ' શબ્દની ઉત્પત્તિ કહો.
૪. અત્યારે તાડનું ઝાડ મનુષ્યને શા શા ખપમાં આવે છે?
૫. નીચેના શબ્દોમાંથી નામ બનાવોઃ—
સુંદર, ઊંચું, ડાહ્યા, મૂરખ, ગાંડા.

પાઠ ૧૯ મો

જહાંગીરી ન્યાય

શ્રી. ઉમિયાશંકર ઠાકર

[આજથી અઢીસો ત્રણસો વર્ષ પહેલાં હિંદુસ્તાન મોગલ સમ્રાટોના તાબા નીચે હતું. તેમાંનો સૌથી પહેલો બાબર હતો. તે પુત્રપ્રેમ માટે જાણીતો છે. અકબર તેના સુધારા માટે જાણીતો છે. તેનો પુત્ર જહાંગીર લહેરી હતો, પણ તે તેના નિષ્પક્ષ ન્યાય માટે પ્રખ્યાત છે. તેનો પુત્ર શાહજહાં તેની જાહોજલાલી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાંધકામ માટે અમર થયો છે. તેના તાજમહાલ સંબંધી તો તમે પહેલા પુસ્તકમાં વાંચ્યું હશે.

નૂરજહાંએ શિકારના શોખને લીધે એક ધોબીને ભૂલમાં મારી નાખ્યો. ખુબ શોધ કર્યા પછી ધોબીની લાશ ધોબણને મળી. આખરે ધોબણે જહાંગીર પાસે ફરિયાદ કરી. હવે આગળ વાંચો.]

(૧)

કહે છે કે ન્યાય જહાંગીરનો.

વાત ખરી છે. બાદશાહ અકબરના મરણ પછી એ ગાદીએ આવ્યો ને બાદશાહ થયો. શરૂઆતથી જ તેણે બાદશાહને શોભાવે એવાં કામો કરવા માંડ્યાં. સરદારો ઉપર તેણે ખરેખરો ધાક બેસાડયો. ગુનેગારોને સખત શિક્ષાઓ ફરમાવવા માંડી. ગુનેગારો માટે કોઈ પણ જાતનો ભેદભાવ ન રાખ્યો.

જહાંગીરની ઈચ્છા ખરેખરો ન્યાયી રાજા બનવાની હતી. પોતાનો ન્યાય સર્વત્ર વખણાય એમ તે ઈચ્છતો હતો. આથી પ્રજાનાં માણસોને ગમે તે વખતે ન્યાય મળે એવી જાતની ગોઠવણ તેણે કરી હતી. પોતાના મહેલના ખાસ ખંડમાં તેણે ઘંટ લટકાવ્યા હતા. એ ઘંટને વગાડવાને એક સોનાની સાંકળથી બાંધ્યા હતા. એ સાંકળને બારીએથી બહાર લટકાવી હતી. જે કોઈને ન્યાય જોઈતો હોય તે ત્યાં જઈને સાંકળ ખેંચે, એટલે ઘંટનો અવાજ થતાં જહાંગીરને ખબર પડતી. પછી જહાંગીર તેને પોતાની પાસે બોલાવીને બરાબર ન્યાય આપતો. આથી ગરીબ અને તવંગર, સગા કે પરાયા, સર્વને સરખો અદલ ઈન્સાફ મળતો.

પેલી ધોબણને બીજા ધોબીઓએ સમજાવી: “તું બાદશાહ પાસે ફરિયાદ લઈને જા તો ખરી. એનો કંઈક નિવેડો આવશે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે બિચારી ધોબણ વીલે મોઢે જહાંગીર આગળ ફરિયાદ કરવા ચાલી. એ તો બાદશાહના મહેલ આગળ પહોંચી.

સોનાની સાંકળ પાસે ગઈ, અને તેણે જોરથી સાંકળ ખેંચી. ઘંટ વાગ્યા ને જહાંગીરને પણ જાણ થઈ કે કોઈ ન્યાય માગવા આવ્યું લાગે છે.

જહાંગીરે ધોબણને પોતાના ખંડમાં બોલાવી. ધોબણ તેનાં બે બાળકો સાથે ત્યાં ગઈ. નાનાં બાળકોને જહાંગીરની આગળ મૂકીને, ખોળો પાથરીને બોર બોર જેવડાં આંસુએ બિચારી ધોબણ એક બાજુ નીચે મુખે ઊભી રહી.

"શું છે? શાની ફરિયાદ છે, બાઈ," જહાંગીરે પૂછ્યું.

"જહાંપનાહ, બાપુ, હદ થઈ ગઈ છે! સારા ધણીને બેગમ-સાહેબાએ વિનાવાંકે બંદૂકની ગોળીથી ગઈ કાલે મારી નાખ્યો છે. માબાપ રૂઠે ત્યાં મારું શું ગજું? હું તો હવે પ્રભુ જે રસ્તો સુઝાડશે તે લઈશ. પણ આ બાળકો હવે આપ નામદારને સોંપું છું." ધોબણે થરથરતાં થરથરતાં કહ્યું.

"એમ? નૂરજહાંએ ગોળીથી ખૂન કર્યું? ઠીક છે. કાલે તું દરબારમાં આવજે. ત્યાં તને ખરેખરો ન્યાય મળશે. આજે તો આ લે, તમારા પોષણને માટે આપું છું." કહીને જહાંગીરે તેને સો સોનામહોરોની એક થેલી આપી.

(૨)

બેગમ ને ધોબણનો ન્યાય થવાની વાતો આખા રાજનગરમાં ફેલાઈ ગઈ.

બીજે દિવસે સવારમાં તો ભારે ઠઠ જામી છે. નગરજન તો માતું નથી! સામંતો, દરબારીઓ ને જનાનો સૌ કોઈ આવ્યું છે. બેગમ નૂરજહાંનેય બાદશાહે પડદા પાછળ બેસાડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગરજનોમાં ગુસપુસ ગુસપુસ વાતો ચાલે છે: "એ તો સમજ્યાને, ભાઈ! એનું નામ કંઈ નહિ. ગમે એટલું તોપણ એ રાજા. રાજા, વાજાં ને વાંદરાં કોઈનાંય નહિ." બીજો કહે: "જોયું જોયું હવે, આ તો બધું બતાવવાનું. મરેલા ધોબીને કાંઈ બાદશાહ સાજો કરવાનો હતો?" તો કોઈ કહે: "ઠીક છે હવે, જહાંગીરથી તે કાંઈ બેગમને શિક્ષા થવાની હતી? બેગમ તો બાદશાહનું નાક છે. અરે! બેગમ આગળ બાદશાહનું કંઈ ચાલે જ નહિ ને!" તો કોઈ ભલા માણસ કહે: "ભાઈ, હવે જુઓ તો ખરા. જહાંગીર ન્યાયી તો છે; ન્યાયને માટે એ બધુંયે કરવા તૈયાર થાય એમ છે."

ધોબણ ફરિયાદ કરવા ઊભી થઇ, ત્યાં તો બધું શાંત થઈ ગયું. ન કોઈ બોલે કે ન કોઈ ચાલે. ધોબણે બેગમ નૂરજહાં સામે પોતાના પતિના ખૂનની ફરિયાદ કરી.

જહાંગીરે બંદૂકની ગોળી માર્યા સંબંધે નૂરજહાંને પૂછયું. નૂરજહાંએ તો તરત જ પોતાનો ગુનો કબૂલ કર્યો.

બસ થઈ રહ્યું! જહાંગીર ભરેલી બંદૂક લઇને ઊઠ્યો.

નગરજનો તો ફાટે ડોળે જોઈ રહ્યા છે—હવે શું થાય છે? કોઈ ચૂં કે ચાં નથી કરતા.

જહાંગીરે આરોપી નૂરજહાંને કહેવા માંડ્યું: "કોઈ પણ જગ્યાએ વસ્તીમાં શિકાર નહિ કરવાનું મારું ફરમાન છે. છતાં તેનો ભંગ કરીને તેં ગુનો કર્યો છે; અને બીજો ગુનો તેં ધોબણના પતિને બંદૂકથી માર્યો છે તે છે. આથી તારા ગુના જોતાં હું ન્યાય આપું છું કે ધોબણે તારા પતિ જહાંગીરનો આ બંદૂકથી જાન લેવો."

ધોબણની પાસે જઇને જહાંગીરે તેને બંદૂક આપી. બધા લોકો આશ્ચર્ય પામ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોબણ તો આભી જ બની ગઈ. એ રડવા લાગી. એ બિચારી નમ્રતાપૂર્વક કહેવા લાગી: "નામવર, મારી ઇચ્છા ખૂનનો બદલો ખૂનથી લેવાની નહોતી. મારો વિચાર તો ફક્ત આપને જાણ થાય એટલો જ હતો. હવે થયું ન થયું થવાનું નથી. આપ ક્ષમા કરો, એટલું જ માગું છું."

પણ બાદશાહ એમ કાંઈ માને? તેણે ફરીથી ધોબણને બંદૂક આપવા માંડી. ધોબણે બિચારીએ બે હાથ જોડીને તેમ ન કરવા વિનંતિ કરી.

છેવટે ધોબણના કહેવાથી બેગમ નૂરજહાંનો ગુનો માફ કરવામાં આવ્યો. પણ નૂરજહાંએ બાદશાહની પરવાનગી વિના હવેથી હથિયાર ધારણ ન કરવાં, અને કોઈએ વસ્તીના વિસ્તારમાં શિકાર સરખો પણ ન કરવો, એવી આખા રાજનગરમાં દાંડી પિટાવી.

આનું નામ તે જહાંગીરી ન્યાય!

પ્રશ્નો

૧. જહાંગીર કયા વંશનો હતો? તે કોનો પુત્ર હતો?
૨. પ્રજાને ખરો ન્યાય મળે તે માટે જહાંગીરે શો બંદોબસ્ત કર્યો હતો?
૩. ધોબીને મારવા બદલ જહાંગીરે ધોબણને શો ન્યાય આપ્યો? એ ન્યાય સાચો કહેવાય કે નહિ?
૪. જહાંગીર ન્યાયી હતો? તેનામાં કોઇ દુર્ગુણ હતો?
૫. 'ધોબી'ની નારી જાતિ 'ધોબણ' થાય; હવે નીચેના શબ્દોની નારી જાતિ બનાવો:
સિંહ, વાઘ, વાણિયો, બ્રાહ્મણ, ક્ષત્રિય, મોર.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૦ મો

¤

મુલકના ઘાટ

¤

શ્રી. ત્રિભુવન વ્યાસ

[લોખંડના ભંગારમાંથી ઘાટ ઘડવો હોય તો ટુકડાઓને એકઠા કરી ભઠ્ઠીમાં પ્રથમ ગાળવા જોઇએ. ત્યાર પછી એનો રસ બનાવી, હથોડા મારી, ટીપીએ ત્યારે જ જોઇએ તેવો ઘાટ ઘડી શકાય. આપણા દેશની શકિત પણ આજે ભંગાર અવસ્થામાં વેરણછેરણ પડી છે. ઘણી જગાએ કાટ ચડી ગયો છે. શ્રીમંતોમાં પ્રમાદ છે; શ્રમજીવીઓમાં અજ્ઞાન છે. કાર્યરતતા, ધગશ અને ઉત્સાહ કયાંય જણાતાં નથી. આવી દશામાં પડેલો દેશ પ્રગતિ ન જ કરી શકે. દેશની માનવશકિતને નવો ઘાટ આપવાની જરૂર છે અને એટલા માટે જ કવિ એરણ અને ઘણ લઇને કામે લાગી જવાનું આપણને આવાહન કરે છે.]

તમે આવો એરણ ઘણ લાવો,
ને ઇંધિણાં લાવો, મુલકનો ઘાટ ઘડવા;
સાથે ધમતી ધમણો લાવો,
અગન ચેતાવો, મુલકનો ઘાટ ઘડવા.

કંઈક લોઢાં કઘાટાં અહીં પડ્યાં,
એને તાપમાં નાખી તાવો,
ને ખૂબ ટિપાવો, મુલકનો ઘાટ ઘડવા.

બહુ છૂટાછવાયા છે ટુકડા,
એને એક રસમાં ઉકળાવો;
ને ઢાળા ઢળાવો, મુલકનો ઘાટ ઘડવા.

કંઇક પડયા નકામા કાટ ખાતા,
એના કાટ હવે ઉખડાવો;
ને તેજી લાવો, મુલકનો ઘાટ ઘડવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈક સોના રૂપામાં સલવાણા,
એના મોહ બધા મુકાવો,
ને શ્રમ પરખાવો, મુલકનો ઘાટ ઘડવા.



એને કૃષિને કામે લગાવો, ઓજારો બનાવો.

અરે, લાટ બનીને લાખો પડ્યા,
એને કૃષિને કામે લગાવો,
ઓજારો બનાવો, મુલકનો ઘાટ ઘડવા.

એને ઘર ધંધાનાં રાચ કરો,
એને ત્રાક તકલીમાં લાવો,
સૂતર કંતાવો, મુલકનો ઘાટ ઘડવા.

એનાં અણઘડ અંગોને ઘડવા,
કરી કરીને ઘણના ઘાવો,
સિકલ બદલાવો, મુલકનો ઘાટ ઘડવા.

પ્રશ્નો

૧. લોખંડના ભંગારમાંથી નવો ઘાટ ઘડવા શું કરવું જોઇએ ?
૨. કવિ અહીં કોનો ઘાટ કરવાની વાત કરે છે ?
૩. એવો ઘાટ ઘડવાની શી જરૂર છે ?
૪. આપણા દેશને કેવા પ્રકારના નવા ઘાટની જરૂર છે ? એ સંબંધી તમારા વિચારો દસેક લીટીમાં લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. મુલકને નવો ઘાટ આપવા માટે આપણે શું કરવું જોઇએ ?
૬. નીચેની પંક્તિઓમાં કવિ દેશના કયા વર્ગોનું સૂચન કરે છે ?
ક કંઇક પડ્યા નકામા કાટ ખાતા.
ખ કંઇક સોના રૂપામાં સલવાણા.
ગ. અરે, લાટ બનીને લાખો પડ્યા.
આ વર્ગોની નવરચના કેવી રીતે કરવાની કવિ કહે છે ?

પાઠ ૨૧ મો

માનું હૃદય

શ્રી. કનૈયાલાલ મુનશી

[આ પાઠ શ્રી. મુનશીની 'રાજાધિરાજ' નામની નવલકથામાંથી લીધો છે. મંજરી એ કાકભટ્ટની બાહોશ અને સુશિક્ષિત પત્ની હતી. કાકે પોતાની બહાદુરીથી આખા લાટ દેશને સર કરી ગુજરાતના રાજાધિરાજ જયસિંહ સિદ્ધરાજને ચરણે મૂક્યો અને સિદ્ધરાજે એને એ વિભાગનો દંડનાયક બનાવ્યો. કોઈ કામ પ્રસંગે એ ગુજરાત તરફ આવ્યો ત્યારે તેની ગેરહાજરીનો લાભ લઇ લાટના કેટલાક લોકોએ બળવો કર્યો. બળવાખોરોને તાબે થવાને બદલે મંજરી પોતાનાં બે બાળકો, સેનાપતિ આંબડ તથા મણિભદ્ર, દેવો, ગંગલી વગેરે નોકરો સાથે ગઢમાં ભરાઇ બેઠી અને અંદરથી કિલ્લાનું રક્ષણ કરવા લાગી. એને આશા હતી કે તેનો બહાદુર પતિ કાક થોડાક દિવસમાં જ આવી પહોંચશે અને બળવાખોરોને ભગાડી તેમને બચાવી લેશે. પણ કાકને આવતાં દિવસ જવા લાગ્યા, તેમ તેમ ગઢમાંનું અન્ન પણ ખૂટવા માંડ્યું. મોટાંઓ એક વખત ખાતાં કે ઉપવાસ કરતાં. પણ બચ્ચાંઓનું શું ? ભૂખથી ટળવળતાં બચ્ચાંઓને જોઇ રિબાઈ રિબાઇને મરવા કરતાં મંજરીએ બાળકોને છૂપી રીતે ગઢની બહાર સલામત સ્થળે મોકલી દઈ શત્રુઓ સામે મરણિયો જંગ ખેલવાનો નિશ્ચય કર્યો. બચ્ચાંઓને દૂર કરતી વખતની માની મનોવ્યથાનું કરુણ અને દિલને હચમચાવી દે એવું ચિત્ર લેખકે દોર્યું છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંજરી ઉપર ગઈ ને ઊંઘતાં છોકરાં તરફ થોડી વાર જોઈ રહી. તેના અંતરમાંથી વાત્સલ્યની સરિતા પૂર જોસમાં વહી રહી હતી.

તે બે છોકરાં વચ્ચે સૂઈ ગઈ અને ધીમેથી બેનાં માથાં વચ્ચે પોતાનું માથું સેરવ્યું, ને બંને પર એકેકો હાથ મૂક્યો. બંને છોકરાંએ આંખો ઉઘાડી ને માનું માથું જોઈ હસી પડ્યાં. મંજરીએ પડ્યાં પડ્યાં બંનેનાં માથાં બે હાથમાં લઈ છાતી સરસાં ચાંપ્યાં.

'ચાલો, સૂઈ શું રહ્યાં છો ?' તેણે હસતાં હસતાં કહ્યું. તેનું હાસ્ય પ્રયત્નશીલ હતું, પણ તે છોકરાં પારખી શક્યાં નહિ. તેના આલિંગનમાં માતૃહૃદયની ઊછળતી ઊર્મિઓ હતી.

આજે આ છોકરાંને છેલ્લી વાર ભેટી લેવાનું હતું. આજથી તે તો દયાહીન પરાયાને શરણે જવાનાં; ને માતાની ભાવભીની નજર તેમના પર કદી નહિ પડવાની. અંતરની વેદના અનુભવતી તે બેઠી થઇને બંનેને ફરીથી ભેટી.

છોકરાંને દાતણ કરાવી તે તેમને નવરાવવા કૂવા પર લઈ ગઇ. ગંગલીએ ગરમ પાણી કાઢી આપ્યું. ફરી ફરીથી તેણે તેમને જોયાં, ચોળ્યાં, નવાડ્યાં; નાહીધોઈ સ્વચ્છ ને તેજસ્વી થયેલાં છોકરાંને તે સગર્વ જોઈ રહી. ફરીથી તેમને નવરાવવાનો લહાવો પોતાને નહિ મળવાનો વિચાર આવતાં તેનું અંતર ચિરાઈ ગયું. છોકરાં ન જુએ એમ માથું નીચું રાખી તેણે પોતાનાં આંસુ લૂછયાં ને તેમને ચુંબન કર્યું.

તેમને તે મહાદેવના મંદિરમાં લઈ ગઈ ને સ્તવનો ગવરાવ્યાં.

'મહાશ્વેતા, દીકરા !' તેણે છોકરીને કહ્યું, 'તારે ને કીકાભાઇને આજે ગંગલી જોડે ગામમાં જવાનું છે.'

'ને તમે ?' મહાશ્વેતાએ દયામણું મોં મા તરફ ફેરવ્યું. વૈસરી પૂરું સમજ્યો નહિ, પણ આંખો ફાડી જિજ્ઞાસા બતાવી રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું અહીંયાં રહેવાની,' મંજરીએ કહ્યું ને ગળામાં ડૂમો આવ્યો હતો તે કેમે દબાવ્યો, 'ને તારા બાપા આવશે ત્યારે આવીશ હોં.'

'બાપા કયારે આવશે?' વૌસરીએ કાલીકાલી બોલીમાં પૂછ્યું. મંજરીએ તેને છાતીએ દાબ્યો.

'ભાઈ, કાલે આવશે,' મંજરીએ તેના માથા પર હાથ ફેરવ્યો.

'ત્યારે અમે કાલે જઇએ તો?'

'ના, બા! આજે જ જવાનું. તું તો ડાહી છે ને? એ તો લડાઈની વાત. ગંગલી તને સાચવીને રાખશે.'

'આપણે ઘેર?' વૌસરીએ પૂછ્યું.

'ના, ગંગલીને ઘેર. એનું ઘર એવું સરસ છે! ચાલો.' મંજરી વધારે વખત સ્વાસ્થ્ય રાખી શકી નહિ. તેણે કેમે કર્યાં આંસુ રોક્યાં ને છોકરાંને લઈ પોતાને વાસે આવી. મહાશ્વેતા માધુર્યનો અવતાર હતી. શું બોલવું તે તેને સૂઝ્યું નહિ. પણ આશ્રુપાતે સૂજેલી માની આંખો જોઈ તેનો નાનકડો જીવ ઘવાયો. ચોટલો હોળાવતાં હોળાવતાં તેના મગજમાં કંઇ કંઇ વિચાર થયા.

'બા!' તેણે હિંમતથી ડોકું ઊંચું કરી પૂછ્યું, 'બાપા નહિ આવે તો?—'

મંજરીનું મોં ફિક્કું થયું. તેણે હોઠ કરડ્યા. 'નહિ કેમ આવે?' તેણે હિંમત બતાવી. 'જો બહેન! તું મોટી છે. ભાઈનું બધું કરજે હોં, ને એને દુઃખ નહિ દેતી.'

'બા! હું નહિ જાઉં,' વૌસરીએ કહ્યું.

'અરે, કંઈ ગાંડો થયો? જો, બા કહે તેમ કરવાનું ને?'

'નહિ, હું નહિ જાઉં,' છોકરાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંજરીથી નહિ રહેવાયું. તેને ધ્રુસકું આવ્યું.

'બા ! તું કેમ રડે છે ?' વૈસરીએ એકદમ પૂછ્યું.

'જોની ભાઈ! તું નથી માનતો તેમાં,' મંજરીથી રડી દેવાયું.

'બા ! માનીશ–બા! માનીશ. હું જઈશ,' વૈસરીએ મંજરીની હડપચી પકડી તેનું ડોકું હલાવ્યું. તે હસતો હતો. એને મન જવાનું એટલે ગમ્મત લાગી. મા રિઝાય ને ગમ્મત મળે એ બે વાત તેને કંઇ છેક ખોટી લાગી નહિ.

'બહુ ડાહ્યો મારો ભાઈ! ચાલો આપણે કોટ પર ફરવા જઇએ.'

મંજરી છોકરાંને લઈ ફરવા ગઈ. તેણે છોકરાંને દોડાવ્યાં, ખેલાવ્યાં, હસાવ્યાં. દરેક પળે તેને લાગતું કે આજે માતૃપદનો છેલ્લો દહાડો હતો. છોકરાં થાકયાં ને તે તેમને ઉતારે લઈ આવી.

મણિભદ્ર મામા છોકરાંને માટે ખાવાનું લઈ આવ્યા તે તેમણે ખાધું; ને કેમે કરી તેમને મંજરીએ ઊંઘાડ્યાં. બંને છોકરાંના જીવ અસ્વસ્થ હતા તેથી તે થોડી થોડી વારે જાગતાં, ને ઊંઘમાં નિસાસા મૂકતાં.

મધ્યાહ્ન થયો એટલે મંજરીએ ખાધું ને થાકી હારી દિલ વાળવા તે સૂતી. આજે આખા ગઢમાં ગમગીની છવાઈ રહી હતી. કોઈ કોઇની સાથે બોલતું નહિ. બધાં મંજરીની આંતર્વ્યથા જોઈ શકતાં ને મૌનથી જ તે માટે દિલસોજી બતાવતાં.

ધીમે ધીમે સૂર્ય આથમવા લાગ્યો, મંજરી રડી રડીને થાકી. છોકરાં ઊઠયાં. તેમને ફરીથી ખવરાવ્યું, કપડાં પહેરાવ્યાં. તે છોકરાંને લઈ ગઢ પર ચઢી ને પશ્ચિમ દિશા તરફ એકીટશે જોઈ રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીના આખા પટ પર એક બગલું સરખું પણ હતું નહિ. તેને ત્રાસ છૂટ્યો.

તારા બાપા આ વાટે આવવાના છે.

'બા ! શું જુએ છે ?'

'તારા બાપા આ વાટે આવવાના છે,' સંભળાય એવે અવાજે મંજરીએ કહ્યું.

'આવ્યા'? વૌસરીએ પૂછ્યું.

'ના.'

તે ઘણી વાર નદી સામે જોઇને ઊભી રહી. છોકરાં સાથે બોલવાની તેની શક્તિ નહોતી. ત્યાંથી જઇને દેરાને ઓટલે બેઠી.

સાંજ પડી ને આંબડ મહેતા, મણિભદ્ર ને ગંગલી આવ્યાં.

'વખત થયો ?'

'ના, જરા વાર છે. દેવો તૈયાર થવા ગયો છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બા ! અત્યારે જવાનું છે ?' મહાશ્વેતાએ પૂછ્યું.

'હા બહેન. ગંગલી ! તૈયાર થઈ ?'

'ગંગલી !' આંબડે કહ્યું, 'લે આ કડું. તને ખપ લાગશે. ને મારો ભાઈ વાહડ મહેતા છે. ખંભાતમાં તપાસ કરશે તો મળશે. તેને આ પત્ર આપજે. તને તે બહુ ખપ લાગશે.'

ગંગલીએ મૂંગે મોઢે કડું લીધું ને કેડે બાંધ્યું.

'બનતી ઉતાવળે પાટણ જઈ ત્રિભુવનપાલ મહારાજનાં રાણી કાશ્મીરાબાને છોકરાં સોંપી આવજે,' મંજરીએ સોંપણ કરી.

'વારુ બા ! તમે જરાયે ફિકર કરશો નહિ. ભોળાનાથ કરશે તો બધું સમે ઊતરી જ જશે.' ઘાંચણની આંખમાં આંસુ આવ્યાં.

વૌસરીએ બગાસું ખાધું. 'થોડી વાર થાય તો હરકત નહિ, આને ઊંઘાડી આવું,' કહી મંજરી આઘી ખસી ને થોડે દૂર જઈ વૌસરીને પંપાળી ઊંઘાડવા માંડ્યો.

જાણે પોતે દીકરાના ગળા પર છરી ફેરવતી હોય એવો ખ્યાલ મંજરીને આવ્યો. થોડી વારે વૌસરી ઊંઘી ગયો.

'બહેન મહાશ્વેતા !' મંજરીએ છોકરીને કોટે વળગાડી કહ્યું, 'તું જતી વખત રડતી નહિ. તું તો બહાદુર છે ને ?'

'બા !' મહાશ્વેતાએ રડી દીધું, 'પણ મને તમારા વગર કેમ ગમશે ?'

'અરે, હું તારા બાપા આવ્યા કે આમ આવી. જો તું ડાહી છે. તારા ભાઇને સંભાળજે ને કાશ્મીરાબાને ત્યાં ડાહી થઇને રહેજે. ને તારા બાપા—' મંજરી બોલી શકી નહિ—'જો તારા બાપા આવે તો તેમની સેવા કરજે. મારી વા'લુડી !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'—ને આ તમે ?' ધ્રુસકાં ખાતાં અધીરાઈમાં મહાશ્વેતાએ પૂછ્યું.

'હું નહિ આવું...તો....મને સંભારજે,' મંજરીને ધ્રુસકું આવ્યું. તેણે હિંમતથી રડવું ખાળ્યું, ને હોઠ પીસી વૈસરીને તેડી લીધો.

તેની આંખોમાં સ્થિર તેજ આવ્યું. તે ડોકું ઊંચું રાખી દૃઢતાથી દરવાજા આગળ ગઈ ને ગંગલીને વૈસરી સોંપ્યો. 'ગંગલી ! મારા લાડમાં ઊછરેલાં ફૂલ સંભાળજે,' મંજરીએ નિસાસો મૂક્યો. બધાંની આંખ સજલ થઈ.

'દેવા !' આંબડે પૂછ્યું, 'રસ્તે વાંધો તો નહિ આવે ને ? નહિ તો હું આવું.'

'બાપુ ! જરાય ફિકર કરશો નહિ. ગંગલીને બરોબર પહોં-ચાડી દઈશ.' કહી તેણે જોરથી નાક નસીકયું.

દેવાએ બારી ખોલી ને તે બહાર ગયો, અને વૈસરીને લઈ લીધો. પછી મહાશ્વેતાને બહાર લીધી. તે બહાદુર છોકરીએ એક શબ્દ બોલ્યા વગર માત્ર હાથથી જ માની રજા માગી.

તેના નાના અણસમજુ અંતરમાં અત્યારે કંઈ કંઈ થતું હતું, પણ શું, તે સમજાતું નહોતું. માત્ર રડું રડું થયા કરતું હતું.

'દીકરા ! સંભાળજે,' મંજરીએ કહ્યું. દેવાએ બારી દીધી ને આંબડે અંદરથી તાળું વાસ્યું.

મંજરી વધારે વખત ત્યાં ઊભી રહી ન શકી. તે ઝપાટાબંધ એકલી એકલી માથું ઊંચું રાખી ગઢના કાંગરા પર ચાલી ગઈ.

આવા અપાર શોકમાં તેને આશ્વાસન આપવાની કોઇની હિંમત નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. મંજરી પોતાનાં છોકરાંને શા માટે બીજે મોકલતી હતી?
૨. છોકરાં માને છોડીને જવા રાજી હતાં?
૩. મંજરીએ વૌસરીને કેવી રીતે સમજાવ્યો?
૪. મહાશ્વેતા કેમ સમજી ગઇ? માને છોડતી વખતે એના હૃદયમાં કેવી લાગણી થઇ હશે?
૫. મંજરીના હૃદયમાં છોકરાંને છોડતાં શું દુઃખ થતું હતું?
૬. 'માનો પ્રેમ' એ વિષય ઉપર આશરે દસ લીટી લખો.
૭. નીચેના વાકયમાં વપરાયેલાં નામોનો પ્રકાર, જાતિ અને વિભક્તિ કહો:—બધાં મંજરીની આંતર્વ્યથા જોઇ શકતાં ને મૌનથી જ તે માટે દિલસોજી બતાવતાં.

*

પાઠ ૨૨ મો

ગોવિંદો પ્રાણ અમારો રે

મીરાંબાઈ

[મીરાંબાઈ આપણી ભાષાની પ્રથમ સ્ત્રી–કવિ છે, એટલું જ નહિ પણ હજુ સુધી તેની હરોળમાં ઊભી શકે તેવી કોઇ બીજી સ્ત્રી–કવિ થયેલી નથી. તેની વાણીમાં માધુર્ય, સરળતા અને મૃદુતા છે. તેનાં ગીતો પ્રેમભક્તિથી ભરેલાં છે. કૃષ્ણ-ભક્તિમાં લીન બનેલી મીરાંએ સંસારની માયા છોડી દીધી. તેને ઝેર આપવામાં આવ્યું. ઇશ્વરે તેનું અમૃત કર્યું, અને મીરાંએ પોતાનો દેશ છોડ્યો.

'વિષપાન' સંબંધી નાટક તો તમે બીજા પુસ્તકમાં વાંચ્યું હશે. અહીં મીરાં પોતે એ પ્રસંગનું વર્ણન કરે છે.]

ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે;
મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાંબાઈના મહેલમાં રે, હરિસંતનનો વાસ;
કપટીથી હરિ દૂર વસે, મારા સંતનકેરી પાસ–ગોવિંદો૦

રાણાજી કાગળ મોકલે રે, દો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દો, તમો વસોને અમારે સાથ–ગોવિંદો૦

મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી, રાણાજી, વસો સાધુને સાથ–ગોવિંદો૦

વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રીવિશ્વનો નાથ–ગો૦

સાંઢવાળા સાંઢ શણગારજે રે, જાવું સો સો રે કોશ;
રાણાજીના દેશમાં મારે, જળ રે પીવાનો દોષ–ગોવિંદો૦

ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમમાંય;
સરવ છોડી મીરાં નીસર્યાં, જેનું માયામાં મનડું ન કાંય–ગો૦

સાસુ અમારી સુષુમણા રે, સસરો પ્રેમ–સંતોષ;
જેઠ જગજીવન જગતમાં, મારો નાવલિયો નિર્દોષ–ગોવિંદો૦

ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂવે રે, રંગ બેરંગી હોય;
ઓઢું હું કાળો કામળો, દૂજો ડાઘ ન લાગે કોય–ગોવિંદો૦

મીરાં હરિની લાડણી રે, રહેતી સંત હજૂર;
સાધુ સંગાથે સ્નેહ ઘણો, પેલા કપટીથી દિલ દૂર–ગોવિંદો૦

પ્રશ્નો

૧. મીરાં શા કારણથી આપણા સાહિત્યમાં અને ઇતિહાસમાં પ્રખ્યાત છે?
૨. મીરાંબાઇ પોતાનું સાસરું છોડીને કેમ નીકળી ગયાં? એમને શું દુઃખ હતું?
૩. આ પાઠમાં મીરાંના જીવનનો કયો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. 'સાહિત્યકલ્લોલ' પુસ્તક બીજામાં મીરાં વિષેનો કયો પ્રસંગ આ કવિતાની વાત સાથે મળતો આવે છે?

૫. નીચેની કડી સમજાવો:—

ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂવે રે, રંગ બેરંગી હોય,
ઓઢું હું કાળો કામળો, દૂજો ડાઘ ન લાગે કોય.

પાઠ ૨૩ મો

કોલસો

શ્રી. નવલકાંત ભાવસાર

[આ પાઠ 'પવન-પાણી' નામના લેખકના પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે. તેમાં લેખકે કોલસાની ઉત્પત્તિ, ખાણોની રચના, કોલસાને બહાર લાવવાની વ્યવસ્થા, કોલસાના પ્રકાર, તેમાંથી બનતી વસ્તુઓ, વગેરે સંબંધી લખ્યું છે. આપણા ઘણાખરા ઉદ્યોગોનો આધાર લોઢું અને કોલસા ઉપર છે.]

કોલસો કોઇનેય ગમે નહિ. રંગે કાળો અને ભૂલેચૂકે જો હાથ લાગ્યા કે કપડું અડયું તો બધે કાળું કાળું કરે એવો એ અકકરમી.

કાળો છતાંય એ કામણગારો છે. આજ આખી દુનિયા એ કોલસો ચલવે છે. આગગાડી ચાલે કોલસે. કોલસો ચલાવે આગબોટ, મોટાં એંજિનો 'પફ પફ' કરતાં દોડે તે પણ કોલસાને લીધે જ. જેની ઉપર સાઈકલ ને મોટર, ગાડી ને ઘોડા સરરર કરતા સરકી જાય એ ડામરની સડક પણ કોલસાના જ પ્રતાપે.

એ કોલસો આવ્યો ક્યાંથી? વરસોજૂની વાત છે. કેટલા વરસની તે તો કોણ જાણે. પણ હજાર, બે હજાર કે પાંચ હજાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસની તો ખરી જ. ઘણીયે વાર દુનિયા પર ધરતીકંપ થાય, ને જમીન, ઝાડો, માણસો ને ઘર સાથે બખોલમાં ધસી પડે. પાણીની રેલ આવે તેમાંય ગામનાં ગામો ને લીલાંછમ ખેતરો અને ઝાડો ગુમ થાય. ધરતી ફાટે ને જ્વાળામુખી બને. તેના રસના રેલામાં પણ ઝાડપાન બધું તારાજ થાય. આ બધું થાય ને દુનિયામાં ફેરફાર થતા જ જાય. જ્યાં જળ ત્યાં સ્થળ ને સ્થળ ત્યાં જળ જણાય.

સિંધનું રણ ક્યાંથી આવ્યું? પહેલાં ત્યાં દરિયો હતો. એનાં પાણી પાછાં વળ્યાં, એટલે રેતી પડી રહી. એનું મોટું રણ બન્યું.

આમ બે, ચાર, પાંચ નહિ, પણ અનેક વાર દરિયાનાં પાણી જમીન પર ફરી વળે; એટલે પડ પર પડ બંધાતાં જાય. મોટાં મોટાં ઝાડ જમીનમાં દટાઈ ગયેલાં હોય, તેના પર આ બધાં પડનું દબાણ થાય; એટલે એ ઝાડના રૂપમાં બદલો થતો જાય ને બિચારો કોલસો થઈ જાય.

અત્યાર સુધી એ કોલસો ખૂણામાં પડીને સડતો હતો. કોકની નજર એના પર પડી. એણે મહામુસીબતે ખેંચી તેને કાઢ્યો, ને કામમાં લીધો.

પહેલાં જગ્યા નક્કી થાય કે અહીંયાં કોલસો હશે. એટલે ૮–૧૦ ફૂટ લાંબો પહોળો કૂવા જેવો ઊંડો ખાડો ખોદવામાં આવે છે. કેટલાક કૂવાઓ ૫૦૦–૧૦૦૦ ફૂટ ઊંડા હોય છે.

અંદર માણસો ઊતરે, ને તપાસ કરે કે કોલસો મળે એમ છે કે નહિ. જો જણાય કે જથ્થો પુષ્કળ છે તો પછી એ જગ્યાએ જંગી મેળો ભરાય એટલા માણસો આવીને વસે. મોટાં મોટાં એંજિનો ને યંત્રો, ઈજનેરો ને શેઠિયાઓ, મજૂરો અને બીજાં અનેક ઉપયોગી સાધનો આવી પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મોટું બે ત્રણ માળનું પીંજરું તૈયાર કરવામાં આવે છે. એની અંદર ઈજનેરો ને મજૂરો, માલિકો ને સહેલાણીઓ પૃથ્વીના પેટાળમાં ઊતરે. ઇજનેર ને મજૂરો મહેનત કરે, માલિકો પૈસા કમાય અને સહેલાણીઓ આમતેમ નજર ફેંકી ન ફેંકી ને પાછા ઉપર ચાલ્યા આવે.

વીજળીના મોટા યંત્રથી એ પીંજરું ઊંચુંનીચું આવજા કરે. એ કૂવાની બધી ભીંતોને ચણતરથી મજબૂત બનાવી દીધા પછી જ બધું કામકાજ શરૂ થાય છે. એ જગ્યાને કોલસાની ખાણ કહે છે.

એ ઊંડા કૂવામાં ઊતરીને મજૂરો આખો દહાડો મજૂરી કરે, ને મોટી ને લાંબી સુરંગ તૈયાર કરે; અને મોટું ભોંયરું બરાબર સાફસૂફ કરીને તૈયાર બનાવે. પછી તો અંદર છુકછુક કરતી વીજળીની આગગાડીઓ કે ઘોડા જોડેલી ટ્રામગાડીઓ દોડાદોડ કરે, ને કોલસો ભરી લાવે. મજૂરો ભોંયરાની અંદર સુરંગ ફોડે એટલે પુષ્કળ કોલસો તૂટી પડે. પછી ટ્રામગાડીઓ ભરાય અને ટટ્ટુઓ ખેંચી જાય, ને પેલું પીંજરું આવે એટલે અંદર બધો કોલસો જેવો ભર્યો કે ઉપર જાય. ઉપર ગયો કે ત્યાં પણ રેલવેના ડબ્બા તૈયાર હોય. તેની અંદર ભર્યો કે એની મોટી વખાર હોય ત્યાં જાય. ત્યાંથી જ્યાં મોકલવો હોય ત્યાં આગગાડી રસ્તે, આગબોટ રસ્તે કે છેવટ મોટર કે ગાડાંઓમાં બધે જાય.

એ કોલસાને જો હાથમાં લઈએ તો તે પાસાદાર ને વજનદાર જણાય છે. એને ખનીજ કે દગડી કોલસો કહેવામાં આવે છે.

આપણો જંગલી કોલસો વજનમાં હલકો હોય છે અને પાણી પર તરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કોલસો કેવી રીતે તૈયાર થાય તે તમને ખબર છે? મોટાં મોટાં જંગલમાં દવ લાગે એટલે આખાએ જંગલનાં ઝાડો બળીને સાફ થઈ જાય. એના કોલસા પછી એકઠા થાય ને વેચવા મોકલવામાં આવે છે.

દગડી કોલસો સળગાવીએ તો ધુમાડો થાય છે. આપણા દેશી કોલસામાંથી ધુમાડો થતો નથી; પણ ગરમી વિશેષ આપે એ દગડી કોલસો. એનો તાપ વધારે; અને વધારે વાર બળે ને રાખ ઓછી પડે.

દગડી કોલસાનો ધુમાડો ઝેરી ગેસનો બનેલો છે. એ ગેસમાં જો દીવાસળી સળગાવીએ તો તરત જ ભડકો થાય છે. એટલા માટે ખાણની અંદર ખાસ જાતનાં ફાનસ રાખવામાં આવે છે. એ ફાનસને કાચનો ગોળો હોતો નથી; પણ ઘણી જ બારીક જાળીનું ઢાંકણ હોય છે. એને શોધી કાઢનારનું નામ ડેવી હતું, એટલે એને ડેવીનું ફાનસ કહેવામાં આવે છે.

જ્યારે ખાણમાં ગેસ ભરાય ને હવા ખરાબ થવા લાગે છે ત્યારે આ ફાનસની અંદરની બત્તી નાની થતી જાય છે અને તરત જ હોલવાઈ જાય છે. એ હોલવાઇ જાય કે તરત જ બધા માણસો ખાણની બહાર નીકળી જાય છે. નહિ તો ઘણીવાર મોટા ધડાકા થાય છે અને આગ લાગે છે. હમણાં જ થોડા વખત પર એવી એક ખાણમાં સેંકડો માણસો મરી ગયા હતા.

જેમ જેમ દિવસો જાય છે તેમ તેમ નવી નવી શોધો થતી જાય છે; એટલે અકસ્માતો ઓછા થાય છે. હવે તો અંદર કામ કરતા મજૂરોને માટે તાજી હવા અંદર દાખલ કરવામાં આવે છે, અને બીજી તરફથી અંદરની ખરાબ હવાને શોષી લેવામાં આવે છે. ઘણીવાર ખાણની અંદર પાણીનો ધોધ વરસી રહે છે. કારણ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીનની અંદર પુષ્કળ પાણી ભર્યું છે. એટલા માટે મોટા મોટા પંપ વડે એ પાણીને ઉપર ખેંચી લેવામાં આવે છે. ખાણની અંદર દરેક જાતની સગવડ હોય છે. આવી રીતે કોલસાને ઉપર લાવવામાં પુષ્કળ મહેનત પડે છે.

કોલસામાંથી અનેક જાતના ગેસ (વાયુ) નીકળે છે. મુંબઇ જેવા મોટા શહેરમાં ગેસના ચૂલા હોય છે. જેમ પ્રાઇમસમાં ઘાસતેલ બળે છે તેમ તેમાં કોલગેસ બળે છે. મુંબઈમાં તેમજ બીજે ઘણે ઠેકાણે ગેસના દીવા બળે છે તે પણ આપણા કોલસાના ગેસના પ્રતાપે જ. એક કોલસામાંથી ફિનાઇલ તૈયાર થાય છે. અનેક જાતના રંગો પણ એ જ કોલસામાંથી બને છે. એ જ કોલસામાંથી સરબતો બનાવવા માટેના અર્કો અને અત્તરો તૈયાર થાય છે. અનેક જાતની દવાઓ પણ કોલસામાંથી જ બને છે.

કોલસા વડે જ દુનિયા આખી ચાલે છે. કેટલાક વિદ્વાન વિજ્ઞાનશાસ્ત્રીઓ તો કોલસાને હાલના જમાનાનું કલ્પવૃક્ષ માને છે. અને એમ માનવામાં ખોટું શું છે?

પ્રશ્નો

૧. કોલસાના ઉપયોગ ગણાવો.
૨. કોલસાની ઉત્પત્તિ સંબંધી તમે જે જાણતા હો તે લખો.
૩. કોલસાને ખાણમાંથી શી રીતે બહાર કાઢવામાં આવે છે?
૪. કોલસાના લભાલાભ દર્શાવો.
૫. કોલસાના ગેસમાંથી બચવા ખાણમાં શી વ્યવસ્થા કરવામાં આવે છે?
૬. કોલસામાંથી શી શી વસ્તુઓ બને છે?
૭. સમજાવોઃ—કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓ તો કોલસાને હાલના જમાનાનું કલ્પવૃક્ષ માને છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૪ મો

¤

ચાર પંડિત મૂર્ખ

¤

શ્રી. ભોગીલાલ સાંડેસરા

[તમે 'પંચતંત્ર' તથા 'હિતોપદેશનાં' નામ સાંભળ્યાં હશે. એ બન્ને સંસ્કૃત ભાષાનાં વાર્તાનાં પુસ્તકો છે. તેમાંથી આ વાર્તા લીધી છે. કેટલાક અવ્યવહારુ માણસને "ભણ્યા પણ ગણ્યા નહિ" એમ આપણે કહીએ છીએ. આ વાર્તાના પંડિતો એવા જ છે. તેમણે જ્ઞાન મેળવ્યું, પણ વ્યવહારમાં તેનો ઉપયોગ કેમ થાય તે તેઓ જાણતા ન હતા. એવું પોપટિયું જ્ઞાન આપણને કેવી કફોડી સ્થિતિમાં મૂકી દે છે તે લેખકે અહીં દર્શાવ્યું છે.]

કોઈ એક નગરમાં પરસ્પર મિત્રતાવાળા ચાર બ્રાહ્મણો રહેતા હતા. બાલ્યાવસ્થામાં જ તેમને વિચાર થયો, "અરે! દેશાંતરમાં જઇને આપણે વિદ્યા સંપાદન કરીએ." પછી એક દિવસે તે બ્રાહ્મણો પરસ્પર નિશ્ચય કરીને કાન્યકુબ્જ ગયા, અને ત્યાં વિદ્યામઠમાં ભણવા લાગ્યા. એ પ્રમાણે બાર વર્ષ સુધી એકચિત્તે અભ્યાસ કરીને તેઓ સર્વે વિદ્યાકુશળ થયા. પછી તે ચારે જણાએ મળીને કહ્યું, "આપણે સર્વ વિદ્યામાં પારંગત થયા છીએ, માટે ઉપાધ્યાયની વિદાય લઇને સ્વદેશ જઇએ." "એમ જ કરો," એમ કહીને તે બ્રાહ્મણો ઉપાધ્યાયની વિદાય માગીને તથા રજા લઇને પુસ્તકો લઇને નીકળ્યા.

તેઓ પંથમાં થોડેક ગયા ત્યાં બે માર્ગ આવ્યા. ત્યાં સર્વે બેઠા. એક બોલ્યો, "કયે માર્ગે જઈશું?" એ સમયે તે નગરમાં કોઈ વણિક મરણ પામ્યો હતો, તેને અગ્નિદાહ દેવા માટે મહાજનો જતા હતા. પછી તે ચારમાંથી એકે પુસ્તકમાં જોઇને કહ્યું કે, "મહાજનો જે માર્ગે જતા હોય તે માર્ગ છે. માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે મહાજનના માર્ગે જઈએ." પછી તે પંડિતો મહાજનના સમૂહની સાથે જતા હતા ત્યારે એ સ્મશાનમાં તેમણે કોઈ ગધેડો જોયો. પછી બીજાએ પુસ્તક ઉઘાડીને અવલોક્યું કે, "રોગી અવસ્થામાં, દુઃખ આવી પડ્યું હોય ત્યારે, દુષ્કાળમાં, શત્રુના સંકટમાં, રાજદ્વારમાં અને સ્મશાનમાં જે ઊભો રહે છે તે બાંધવ છે. માટે અહો ! આ આપણો બાંધવ છે." પછી કોઈ ગધેડાના ગળે વળગ્યો, અને કોઇ તેના પગ પખાળવા લાગ્યો. પછી તે પંડિતોએ દિશાનું અવલોકન કર્યું, તો કોઈ ઊંટ જોયો. તેઓએ કહ્યું, "આ શું ?" એટલે ત્રીજાએ પુસ્તક ઉઘાડીને કહ્યું કે, "ધર્મની ગતિ ત્વરિત હોય છે, માટે આ ધર્મ છે." ચોથાએ કહ્યું, "વહાલાને ધર્મની સાથે જોડવો જોઇએ." પછી તેઓએ ગધેડાને ઊંટના ગળામાં બાંધ્યો.

તેઓએ ગધેડાને ઊંટના ગળામાં બાંધ્યો.

આ વાત કોઇએ (ગધેડાના માલિક) ધોબીને કહી. પછી ધોબી એ મૂર્ખ પંડિતોને મારવા માટે આવ્યો એટલામાં તેઓ નાસી ગયા. પછી તેઓ માર્ગમાં થોડેક આગળ ગયા, ત્યાં કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદી આવી. એ નદીના જળમાં એક ખાખરાનું પાંદડું આવતું જોઇને એક પંડિતે કહ્યું, "જે પાંદડું આવે છે તે આપણને તારશે." એમ કહીને તે એ પાંદડા ઉપર પડ્યો, અને નદીમાં તણાવા લાગ્યો. એ સમયે તેને તણાતો જોઇને બીજા પંડિતે તેની ચોટલી પકડીને કહ્યું કે: "સર્વ વસ્તુનો નાશ આવી લાગે ત્યારે પંડિત અર્ધાનો ત્યાગ કરે છે અને અર્ધાથી કામ ચલાવે છે; કેમકે સર્વ વસ્તુનો નાશ અસહ્ય છે."

એમ કહીને તેણે એનું માથું કાપી નાખ્યું. પછી તેઓ ત્યાંથી પાછા ફરીને કોઈ ગામમાં આવી પહોંચ્યા. ગ્રામવાસીઓ તેમને નિમંત્રણ કરીને જુદે જુદે ઘેર લઈ ગયા. પછી એક જણને ઘી અને ખાંડવાળી સૂતરફેણી ભોજનમાં આપી. એટલે વિચાર કરીને તે પંડિતે કહ્યું કે, "દીર્ઘસૂત્રી વિનાશ પામે છે." એમ કહીને ભોજનનો ત્યાગ કરીને તે ગયો. પછી બીજાને માંડા આપવામાં આવ્યા. તેણે પણ કહ્યું, "જે અતિ વિસ્તારવાળું હોય તે ચિરાયુ થતું નથી." તે પણ ભોજન છોડીને ગયો. પછી ત્રીજાને વડાંનું ભોજન આપવામાં આવ્યું. ત્યાં પણ પંડિતે કહ્યું, "છિદ્રમાં ઘણા અનર્થો થાય છે."

એ પ્રમાણે ભૂખથી મળી ગયેલા કંઠવાળા તે ત્રણે પંડિતો લોકોની હાંસીને પાત્ર થઈ તે સ્થાનમાંથી સ્વદેશમાં ગયા.

પ્રશ્નો

૧. ચાર બ્રાહ્મણો ક્યાં ભણવા ગયા ?
૨. રસ્તામાં બે માર્ગ આવતાં તેમણે શ્મશાન તરફ શા માટે જવા માંડ્યું ?
૩. તેમણે ગધેડાને બાંધવ તરીકે શા માટે ગણ્યો ?
૪. ઊંટને તેમણે ધર્મ શા માટે માની લીધો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. એક પંડિત નદીમાં શા માટે પડ્યો ? તેનું માથું તેના મિત્રે શા માટે કાપી નાખ્યું ?
૬. જુદે જુદે ઘેર જમવા ગયા ત્યાં આ પંડિતોએ ભોજન કેમ ન કર્યું ?
૭. આ વાર્તાનો ઉદ્દેશ શો છે ?
૮. દેશાંતર એટલે 'અન્ય દેશ' તે પ્રમાણે 'અંતર' પ્રત્યય લગાડી બે શબ્દો બનાવો.

☆

પાઠ ૨૫ મો

☆

અમર રહો ગાંધી

☆

શ્રી. ચંદ્રવદન મહેતા

[આ લેખકના લખેલા પાઠ તમે પહેલા તથા બીજા પુસ્તકમાં શીખ્યા હશો. આ કાવ્ય તેમના 'ઇલાકાવ્યો' નામના પુસ્તકમાંથી લીધું છે. એ પુસ્તક તમે જરૂર વાંચજો.

આ કાવ્યમાં ગાંધીજીની જુદી જુદી પ્રવૃત્તિઓનું કવિએ આછું દર્શન કરાવ્યું છે. તે સાથે એમના જીવનને ભવ્ય બનાવનાર ગુણોનું પણ કવિએ વર્ણન કર્યું છે.]

બાલક સાથે બાલક ગાંધી,
પીડિતના તું પાલક ગાંધી,
વેરઝેર સંહારક ગાંધી,
દલિતના ઉદ્ધારક ગાંધી.

પ્રેમબલે જીતનાર ગાંધીજી,
કષ્ટ સહી હસનાર ગાંધીજી,
સત્યાગ્રહના સાર ગાંધીજી,
નૂતન-યુગ-અવતાર ગાંધીજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બાલક સાથે બાલક ગાંધી

ભારત ભાગ્યવિધાયક ગાંધી,
સત્ય પંથના નાયક ગાંધી,
સ્વતંત્રતાનો સૂરજ ગાંધી,
પ્રગટાવ્યો તેં ઉન્નત ગાંધી !

ઝંઝાવાતે સ્થિર ગાંધીજી,
અભયમૂર્તિ અતિધીર ગાંધીજી,
બહુજન વલ્લભવીર ગાંધીજી,
જવાહીરમાં હીર ગાંધીજી.

લાખલાખ હો વંદન ગાંધી,
અંતરમાં અભિનંદન ગાંધી,
ધન્ય અમે ધનધન હે ગાંધી,
અમર રહો તુજ જીવન ગાંધી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. ગાંધીજીએ પ્રજાના કયા વર્ગને ખૂબ મદદ કરી? શી રીતે?
૨. ગાંધીજીનાં પ્રિય શસ્ત્રો કયાં હતાં?
૩. ગાંધીજીએ ભારતની શી સેવા કરી?
૪. ગાંધીજીના જીવનમાં વણાઇ ગયેલા ત્રણ ગુણો લખો.
૫. કવિ શા માટે કહે છે: 'ધન્ય અમે'?

★

પાઠ ૨૬ મો

નીંદરનો ઉપકાર

શ્રી. જિતુભાઈ મહેતા

[આ પાઠમાં લેખકે નીંદરના ઉપકાર ગણાવ્યા છે. નીંદરની કિંમત જેમને અનિદ્રાનો રોગ હોય એમને બરાબર સમજાય છે. આપણું સુખ, આપણી તંદુરસ્તી એ સર્વ નીંદરને જ આભારી છે. તે દુઃખને ભુલાવે છે અને શરીર તથા મનને તાજગી આપે છે.

આ લેખકનું લખાણ વિચારપ્રેરક હોય છે. 'આપની સેવામાં' નામના તેમના પુસ્તકમાંથી આ પાઠ લીધો છે.]

ઝગારાનાં સામસામાં રૂપેરી બાણ છોડી રહ્યા છે આકાશના તારા. રાત ઊતરી રહી છે, દયાની દેવી બની. રાત એની સાથે મલમપટ્ટા લઈ આવી છે. ઇસ્પિતાલમાં નર્સ જે કામ સાધી શકતી નથી તે કામ રાત સાધી શકે છે. દુભાયેલા જીવોને એ પંપાળીને સુવાડી દે છે.

જીવનમાં જબરી હાર ખાઇને બિછાને આવેલો માનવી નીંદર મળતાં જીતી જાય છે. બીજે દીવસે દુઃખ સામું આવીને ઊભું રહેવાનું હોય તોયે ઊંઘમાં ઊતરેલો આદમી એ ક્ષણો પૂરતો સુખી બની જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિસ્મૃતિની ચાદર બિછાવી નીંદર જગતની સેવા કરે છે! જેના ગળાની આસપાસ ફાંસીનું દોરડું પડવાનું છે એ જણ પણ સૂએ છે એટલે એની બધી વેદના આઘી રહે છે.

દુઃખ આપવાની સાથે જગત પર નીંદર મોકલવામાં આવી છે એ કુદરતનું ન ભુલાય તેવું અહેસાન છે. મુંબઈની પગથી પર પણ માણસો સૂએ છે; એ ઘર વિનાના માણસો ઉપર નીંદર હાથ ફેરવે છે ત્યારે પગથી પણ સુંવાળી બની જાય છે.

નીંદરમાં કોઈ ગરીબ નથી, કોઈ ધનવાન નથી. નિદ્રાવસ્થા એ જગતની એવી અવસ્થા છે કે એમાં સહુ સમાન છે. ઊંચા નીચાનો ભેદ નીંદરે માન્ય રાખ્યો નથી. કોમવાદ નીંદરને ક્યારેય અડક્યો નથી. મુસ્લિમ અને હિંદુ ઊંઘે છે ત્યારે તો તેઓ એક જ બની જાય છે.

માનવીને આ નીંદરની ભેટ ન મળી હોત તો! તો જીવન અને આયુષ્યનો સંબંધ લાંબો ન જળવાત!

એટલે જ્યારે જ્યારે રાતના તારા જોઉં છું ત્યારે ત્યારે વિચાર આવે છે કે પૃથ્વી પર ઊતરીને રાત્રિએ મોટામાં મોટો ઉપકાર કર્યો છે.

કામ કરતા માણસો, યોજનાઓ, ઘડતા માનવીઓ, જગતની વ્યવસ્થા જાળવતી વ્યક્તિઓ કામની પરાકાષ્ઠાએ પહોંચે છે અને તેમના પર થાક આવી પડે છે ત્યારે તેઓ કહેતા હોય છે:

"કાલે વિચાર કરશું. કાલે ફરી આ મુદ્દો હાથ પર લેશું. આજ એ છોડી દો."

એટલે કે તાજી યોજના, તાજી વિચારસરણી માટે તેઓ એક રાતની નીંદર તેઓ વચ્ચે લાવી મૂકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણુસ વધુ પડતા ઉત્સાહમાં આવી જઈ કોઈ પગલું ભરે છે ત્યારે એને કહેવામાં આવે છે :

“ આજની રાત સૂઈ જાઓ. કાલે તમને જો આવો ઉત્સાહ રહે તો જરૂર એ રીતે પગલાં લેજો. ”

નીંદર આ રીતે ઈન્સાનને સમતોલપણું આપી જાય છે. કોઇ યોજનાનો કેફ વધુ પડતો ઊછળી પડે તો કાર્યની અંદર છાકટાપણું આવી જાય છે. આના ઉપર કાબૂ મૂકવા માટે એક રાતની ઊંઘનો આશરો જ કામનો છે.

એક માતાની ગોદ ખાલી પડી છે. પડખે પોઢનારું બાળક ચાલ્યું ગયું છે. રાત પડે છે ને માતાનો હાથ પડખું પંપાળવા ઊંચો થાય છે. પણ તરત જ ખ્યાલ આવે છે કે બાળક તો જમીનની અંદર સૂઈ ગયું છે. આવા વિચારમાં માતાને ઊંઘ આવી જાય છે. આંખમાં આંસુ બાઝી ગયાં હોય એ આંસુ નીંદરમાં ચમકે છે.

નીંદર પાસે આવી કરામત છે.

પ્રશ્નો

૧. હારેલા મનુષ્યને નીંદરથી શો ફાયદો થાય છે ?
૨. નીંદર કયી જાતના ભેદોને નષ્ટ કરે છે ?
૩. રાત્રિએ મનુષ્યજાત ઉપર શો ઉપકાર કર્યો છે ?
૪. થાકેલા મનુષ્યને નીંદર શી મદદ કરે છે ?
૫. નીંદરના ફાયદા ગણાવો.
૬. નીચેના શબ્દોની જોડણી સુધારોઃ—
સૂવાડી, વીસ્મૃતિ, બીછાવી, ઉતરવું, ઉંચું, પરાકાષ્ટા, ઊત્સાહ, કાબુ, જમિન.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૭ મો

☆

સ્વર્ગીય શાળા

☆

શ્રી. વિનોબા ભાવે

[આ વાર્તા પૂ. ગાંધીજીના મુખ્ય શિષ્ય શ્રી. વિનોબા ભાવેએ લખી છે. તે 'મધપૂડો' નામના પુસ્તકમાંથી લીધી છે. બ્રહ્માએ આ સૃષ્ટિ કેવી રીતે રચી તેનું લેખકે કાલ્પનિક વૃતાન્ત લખ્યું છે. પૃથ્વીના ઘડતરનો ક્રમ લેખકે અહીં ખૂબીથી દર્શાવ્યો છે.]

સ્વર્ગલોકમાં ભગવાન પરમાત્માની એક નિશાળ હતી. તેનું નામ દેવશાળા હતું. એ દેવશાળામાં ઇંદ્ર, ચંદ્ર, વાયુ, વરુણ, સૂર્ય, કુબેર, બ્રહ્મા વગેરે તેત્રીસ કોટી દેવો ભણતા. તેઓ બહુ ઉત્સાહથી અધ્યયન કરતા. આળસનું તો તેમની પાસે નામ પણ ન હતું. ખાવાપીવામાં અને બીજાં બધાં કામોમાં તેઓ બહુ જ વ્યવસ્થિત હતા. દેવો છાત્રાલયમાં રહેતા, પણ ત્યાં છાત્રાલયનો વ્યવસ્થાપક કોઈ હતો જ નહીં, એ કહેવાની જરૂર નથી. નિશાળમાં કોઈ દિવસ રજા પડતી નહીં. નાહવા ધોવાને માટે ખાસ વખત રાખેલો હતો. તે વખતે બધા દેવો આકાશગંગાના ધોળા પાણીથી સાબુ વગર પોતાનાં કપડાં વગેરે ધોઇ લેતા. એમ નિશાળનું કામ નિયમિત ચાલતું હતું.

એક દિવસ એવું બન્યું કે બધા દેવો પરમાત્મા પાસે જઇને કહેવા લાગ્યા કે, " અઠવાડિયામાં અમને એકાદ દિવસની રજા આપવી જ જોઈએ. "

છોકરાઓના ચારિત્ર્યને લીધે પરમાત્માનો તેઓની ઉપર ઘણો જ પ્રેમ હતો. એટલે તેમણે કહ્યું કે, " હું અઠવાડિયામાં એક દિવસ તો રજા ન આપું, પણ જાઓ આજે રજા આપું છું. પણ જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારામાંથી એક પણ વિદ્યાર્થી તેનો દુરુપયોગ કરશે તો પછી હું તમને કદી રજા નહીં આપું."

બધા દેવોએ એ વાત કબૂલ કરી. એવી રીતે દેવશાળામાં પહેલવહેલી રજા પડી. દેવો ખુશ થયા અને રમવા ચાલ્યા ગયા. પણ બ્રહ્માને રમવા જવાનું ગમ્યું નહીં. તે પોતાની ઓરડીમાં બેઠા. નવરું મન એ ભૂતનું કારખાનું છે. બ્રહ્મા જૂના કાગળો કાઢીને તેના ચિત્રો બનાવવા લાગ્યા. પહેલાં તેમણે આકાશ, વાયુ, જળ, વગેરે પંચભૂતો બનાવ્યાં. પછી પશુ, પક્ષી, માછલી, વગેરે ભૂચર, ખેચર અને જળચર પ્રાણીઓ બનાવ્યાં. છેવટે પોતાની બધી અકકલ વાપરીને તેમણે મનુષ્યની આકૃતિ બનાવી. બધાં પ્રાણીઓમાં પ્રાણ પૂરી દીધો. માથામાં અકકલ પૂરવાનું કામ રહ્યું એટલામાં તો રાત પડી ગઈ. વાળુ કરવાનો ઘંટ થયો. બધા દેવો પોતપોતાનાં થાળી વાટકા લઇને જમવા ચાલ્યા. પણ બ્રહ્માનું કામ હજી પૂરું થયું ન હતું. પૂરું કર્યા સિવાય જમવું જ નહીં એવો તેમણે સંકલ્પ કર્યો અને પોતાનું કામ જારી રાખ્યું. માણસ સિવાય બીજાં બધાં પ્રાણીઓના માથામાં અકકલ રેડી. હવે માણસના માથામાં અક્કલ ભરવાનું બાકી રહ્યું હતું. પણ દેવશાળાનો નિયમ હતો કે દશ વાગ્યા પછી બધી દીવાબત્તી હોલવી નાખવી જોઇએ. અને વખત તો થોડો બાકી રહ્યો હતો. કામ પુષ્કળ અને મહત્ત્વનું હતું. બિચારા બ્રહ્મા કામ પૂરું કરી નાખવાના લોભમાં જમવા પણ ઊઠ્યા નહોતા. છતાં હવે બહુ જ દોડાદોડ કરવી પડી. ઉતાવળમાં ને ઉતાવળમાં કોઈના માથામાં બમણી અક્કલ પુરાઇ ગઈ અને કોઈના માથામાં થોડી અકકલ ઘાલી દીધી. છતાં આખરે તો સમય પૂરો થઈ જ ગયો અને અકકલ પણ ખૂટી. તેથી કેટલાક માણસો બિચારા અક્કલ વગરના રહી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે શાળામાં પરમાત્માએ બધાને પૂછયું કે, " તમે કાલે શું કર્યું ? " સૌએ પોતપોતાનાં કામ કહી સંભળાવ્યાં. છેવટે બ્રહ્માનો વારો આવ્યો. પરમાત્માએ પૂછયું, "તું બધામાં હોશિયાર કહેવાય છે. તેં શું કર્યું તે કહે. " બ્રહ્માએ કહ્યું, "મેં કાગળનાં ચિત્રો બનાવ્યાં છે. "

ચિત્રો જોઇ પરમાત્મા બહુ જ ગુસ્સે થયા અને બોલ્યા કે, " તેં આ બહુ જ ખોટું કામ કર્યું. તેં આખી સૃષ્ટિ પેદા કરી વધારે-ઓછી અક્કલવાળાં પ્રાણીઓ ઉત્પન્ન કર્યાં છે, તેથી કરીને તેઓ વચ્ચે ઝઘડો મચશે ને આપણી શાંતિનો ભંગ થશે. માટે હું હવે કોઈ દિવસ તમને રજા આપવાનો નથી."

બ્રહ્માએ નિરાશ થઈને બધાં ચિત્રો હવામાં ફેંકી દીધાં. તે જ આ આપણી સૃષ્ટિ.

પ્રશ્નો

૧. દેવશાળાના જીવનનું વર્ણન કરો.
૨. પહેલાં બ્રહ્માએ શાનાં ચિત્રો બનાવ્યાં ? તે પછી શાનાં ચિત્રો બનાવ્યાં ?
૩. છેવટે બ્રહ્માએ કોની આકૃતિ બનાવી ?
૪. માણસના માથામાં અક્કલ પૂરતાં બ્રહ્માએ શું કર્યું ?
૫. પરમાત્મા બ્રહ્મા ઉપર શા માટે ગુસ્સે થયા ?
૬. સમજાવોઃ—નવરું મન એ ભૂતનું કારખાનું છે.
૭. ' પંચ 'થી શરૂ થતા ત્રણ શબ્દો લખો.

✱

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૮ મો

¤

અમૂલ્ય ઓળખાણ

¤

સ્વ. રમણભાઈ નીલકંઠ

[સ્વ. સર રમણભાઈ એક વિદ્વાન લેખક, સમાલોચક અને સમાજ-સુધારક તરીકે પ્રસિદ્ધ છે. 'ભદ્રંભદ્ર' નામના પુસ્તકમાં તેઓ જૂના સનાતન-ધર્મી રૂઢિચુસ્તોની ઠેકડી કરે છે. તેઓ ગુજરાતી સાહિત્યમાં શિષ્ટ હાસ્યરસના પ્રથમ લેખક છે. 'હાસ્ય-મંદિર' અને 'ભદ્રંભદ્ર' એ તેમનાં લોકપ્રિય પુસ્તકો છે.

મુંબઇ માધવબાગમાં એક ધાર્મિક સભા ભરાવાની હોય છે. એ સભામાં જઈ સનાતન ધર્મનો વિજય કરવા અને સુધારકપક્ષને જમીનદોસ્ત કરવા અમદાવાદથી ભદ્રંભદ્ર નામે એક વિદ્વાન પુરુષ ઊપડે છે. રસ્તામાં તેમને પ્રસિદ્ધ રીતે મેળવેલું ધન શિવનિર્માલ્ય સમજનારો ઉઠાઉગીર મળે છે, અને ભદ્રંભદ્રની સાથે ધાર્મિક વાતો કરી ચતુરાઇથી પૈસા પડાવી જાય છે. રેલવેમાં મુસાફરી કરતાં તમને પણ આવો એકાદ અનુભવ તો જરૂર થયો હશે.

આ વાર્તા ભદ્રંભદ્રની સાથે જ મુસાફરી કરતો તેમનો શિષ્ય કહે છે.]

મારી સામે બેઠેલો એક જણ મારી સાથે વાત કરવાને બહુ ઇંતેજાર હોય એમ જણાતો હતો; પણ વાત કેમ કાઢવી એ વિષે ગૂંચવાતો લાગતો હતો. તેથી મેં તેની મુશ્કેલી દૂર કરવા તેને પૂછ્યું, 'હવે કયું સ્ટેશન આવશે ?'

તેણે કહ્યું, 'મને બરાબર ખબર નથી. વડોદરાને તો વાર છે. તમારે ક્યાં ડાકોરજી જવું ?'

મેં કહ્યું, 'ના, અમે તો મુંબઈ જઈએ છીએ. ત્યાં માધવ-બાગમાં સભા છે.'

'ક્યાં રહેવું ?'

'અમદાવાદ.'

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બ્રાહ્મણ હશે.'

મેં 'હા' કહી ભદ્રંભદ્ર ભણી જોયું કે તેમને વિશે કંઈ પૂછે તો તેમના ગુણ વર્ણવું; પણ તેણે ફરી નજર મળતાં પૂછ્યું, 'છોકરાં છે કે?' મેં 'ના' કહી વાત બંધ કરાવવા આડું જોયું.

પણ તેણે ફરી પૂછ્યું, 'બાયડી તો હશે?'

મેં ના કહેવા ડોકું ધુણાવી મારી પોટલી કાઢી, પણ તેણે તો પ્રશ્ન જારી જ રાખ્યા.

વળી પૂછ્યું, 'પરણેલા જ નહિ કે મરી ગઇ છે?'

મેં બહુ જ નાખુશીથી જવાબ દીધો, 'મરી ગઇ છે.'

તેની જોડે વાત કાઢી તે માટે હું પસ્તાવા લાગ્યો. ભદ્રંભદ્ર જાગે એમ ઇચ્છિવા લાગ્યો. બીજો કોઇ તેને વાતમાં વળગાડે તે માટે યુક્તિ શોધવા લાગ્યો, પણ તે ડગે તેવો નહોતો.

'સુવાવડમાં મરી ગઈ?' એમ પૂછ્યું ત્યારે તો એમ થયું કે પૂછું કે, 'તારે કંઈ કામ છે?' પણ એટલી હિંમત ચાલી નહિ. તેથી ભદ્રંભદ્રની પાઘડી ભણી જોઇ કહ્યું કે, 'તાવ આવતો હતો.' મેં ઠરાવ કર્યો કે હવે પૂછશે તો જવાબ નહિ દઉં. વળી મેં ધાર્યું કે હવે શું પૂછશે, પૂછવા જેવું રહ્યું છે શું? માધવબાગની સભાની વાતમાં તેને નાખવા શરૂ કરતો હતો તેટલામાં તેણે ફરી પૂછ્યું, 'કોઈ સારો વૈદ નહિ મળ્યો હોય, કે દાક્તરનું ઓસડ કરતા'તા?'

મેં ટૂંકમાં જ કહ્યું, 'વૈદનું.'

'કયા વૈદનું?'

હું ગભરાઇ ગયો અને આ કંટાળામાંથી ક્યારે છુટાશે એમ નિરાશાથી વિચારવા લાગ્યો. વળી જરા હિંમત લાવી જવાબ દીધો, 'તમે નહિ ઓળખો.'

'પણ નામ તો કહો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનો પાર આવત જ નહિ. પણ એવામાં સ્ટેશન આવ્યું. ગાડી અટકી તેથી ભદ્રંભદ્રની આંખો ઊઘડી ગઇ. તેમને પાઘડી આપી મેં વાત કરાવતાં કહ્યું, 'તાપ લાગે છે?'

ભદ્રંભદ્ર કહે, 'હોય, ઋતુના ધર્મ ઋતુ કરે છે, આપણે આપણા કરીએ છીએ.'

ગાડી ચાલવાની તૈયારી થઈ, એટલે માણસ નીચે ઊતર્યો હતો તે પાછો આવી બેઠો. બીડી સળગાવી પીવા લાગ્યો. ધુમાડો નાપસંદ કરી મેં મોં પરથી તેનો કંટાળો બતાવ્યો. ભદ્રંભદ્રને અને મને તેણે એકેકી બીડી આપવા માંડી. ભદ્રંભદ્રે તેનો સ્પર્શ ન થાય માટે સંકોચાઈ કહ્યું, 'અમે બ્રાહ્મણ છીએ. અમારાથી ન લેવાય.'

તે કહે, 'લેવાય નહિ પણ પિવાય ખરી. ઘણાયે બ્રાહ્મણ બીડી પીએ છે.'

ભદ્રંભદ્ર કહે, 'તે તો ભ્રષ્ટ, પતિત, પાપી, સુધરેલા.'

'એમ કેમ કહેવાય? શાસ્ત્રમાં તો બીડી પીવાનું બહુ પુણ્ય લખ્યું છે.'

ભદ્રંભદ્ર કહે, 'હોય નહિ, જૂઠી વાત.'

'નહિ કેમ? જુઓ,

धूम्रपानं महादानं गोटे गोटे गौदानम् ।
अग्निहोत्री महायज्ञो पुनर्जन्मस्य नाशनम् ॥

એવું ધૂમ્રપુરાણમાં લખ્યું છે. મુખ પર અગ્નિ મૂકવાનું મહાપુણ્ય છે. તેથી તો મડદાની અવગતિ થતી નથી.'

ભદ્રંભદ્ર જરા વિચારમાં પડ્યા. શંકાશીલ થઈ પૂછ્યું, 'તમે એ પુરાણ જાતે વાંચ્યું છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જાતે જ. નહિ તો શ્લોક કહું ક્યાંથી?'

ભદ્રંભદ્રે નોટબુક કાઢી પૂછ્યું, 'મને શ્લોક લખાવશો? હું વિચાર કરી જોઈશ.'

'બહુ ખુશીથી. કહો તો લખી આપું.'

'ના, લખાવો.'

તેણે ધીરે ધીરે શ્લોક લખાવ્યો તે ભદ્રંભદ્રે લખી લીધો. લખ્યા પછી ભદ્રંભદ્રે કહ્યું, 'મને આ શ્લોક પાછળથી ઉમેરેલો લાગે છે. શાસ્ત્રમાં આવી આજ્ઞા હોય જ નહિ. પણ શ્લોક છે તેથી વિચાર કરવો પડશે.'

તેમના મુખ તરફ જોઈ એકબે પળ પછી એ માણસ ફરી બોલ્યો, 'મહારાજ! કંકુ બહુ સોંઘું છે.'

ભદ્રંભદ્ર કહે, 'અત્યંત. દેશમાં પાછો ધર્મ સજીવન થવાનું એ ચિહ્ન છે. તિલક વિના ધર્મ કેમ પળાય?'

'એમ કહો કે ધર્મ વિના તિલક કેમ કરાય? ટીલું કરવું એ કંઈ સહેલ વાત નથી. હું રોજ બે કલાક મથું છું ત્યારે ટીલું કરવા પામું છું. ઊંધે માથે ઊભો રહી રસોઈ સામે જોઈ રહું છું ત્યારે મન ચોંટે છે, અને પછી ટીલું ચોંટે છે. એમ ને એમ કરો તો ઊખડી જાય. તમે તો પૂર્વજન્મમાં બહુ પુણ્ય કર્યાં હશે. તેથી આમ કંકુના લપેટા ચોંટી રહ્યા છે.'

ભદ્રંભદ્ર ખુશી થયા, પણ મોટા માણસની સાદાઇથી કહ્યું, 'શંકરની કૃપા.'

તે બોલ્યો, "શંકરના ભગત છો કે? આપણે તો ગણપતિની જ પૂજા કરવી."

ભદ્રંભદ્ર કહે, 'તે પણ શંકરના પુત્ર છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ ફેર બહુ. હું એક વખત શિવમંદિરમાં જઈ પોઠિયા પર બેઠો, એટલે શિવ મારવા ઊઠ્યા ને હું નાઠો. મને મારી નાખત, પણ ગણપતિએ મને બચાવ્યો. ગણપતિને એવું કંઇ નહિ. તેના ઉંદર આવીને મારું ટીલું ઊંઘમાં ચાટી જતા. પણ મેં બિલાડી પાળી તે દહાડાથી ઉંદર મારે ત્યાં ફરકે નહિ, તેથી બિચારા ગણપતિ ચાલતા મારી પૂજામાં આવે. પણ કોઈ દહાડો બિલાડી બાબત બોલવું નહિ. વાહ ! ગણપતિ મહારાજ, કલ્યાણ કરજો.'

ભદ્રંભદ્ર આ માણસની શ્રદ્ધાથી આશ્ચર્ય પામ્યા. કયા શિવ-મંદિરમાં પોઠિયા પર બેઠેલા એ પૂછવા જતા હતા, એવામાં ટિકિટ હાથમાં હતી તે મૂકી દેવા એ માણસે ગજવામાંથી વાટવો કાઢયો. તે ખાલી હતો તે જોઇ તે બોલી ઊઠ્યો, 'અરેરે ! આમાંથી પચાસ રૂપિયાની નોટ પડી ગઈ! કોણ જાણે ક્યારે પડી ગઈ! મારે વડોદરામાં ઊતરી ખર્ચ કરવાનો છે. આ તો ફજેતી. મેં મંદિરમાં બ્રહ્મભોજન કરાવવાનું કહ્યું છે. બિચારા બ્રાહ્મણો ભૂખ્યા રહેશે. નિસાસા મૂકશે તે તો નફામાં. મારી કેવી બેદરકારી ?'

ભદ્રંભદ્ર કહે, 'આપને કેટલા રૂપિયા જોઈએ ?'

'મારે તો હવે થોડે જ કામ ચલાવવું પડશે. પાંચ જોઇએ; પણ પાછા લેવાનું વચન આપો તો લઉં. પ્રસિદ્ધ રીતે મેળવેલું ધન મારે શિવનિર્માલ્ય છે. મારી આંગળીએ દોરડો જોયો ? મેં વ્રત લીધું છે.'

ભદ્રંભદ્ર કહે, 'આપ જેવા વિદ્વાનને સહાયતા કરવી એ ધર્મ છે. પણ ધન એમને એમ લીધાથી આપના ધર્માચરણમાં ભંગ થતો હોય, તો યોગ્ય લાગે ત્યારે રૂપિયા પાછા મોકલજો. હાલ પાંચ રૂપિયા લો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતારુ લેતાં કચવાતો હોય તેમ જણાયો. તે કહે, 'સારા માણસને કોઈ વખત આમ શરમાવા જેવું થાય છે.'

ભદ્રંભદ્ર કહે, 'આમાં શરમાવાનું કંઈ નથી. આપ જેવા સદ્‌ગૃહસ્થને ઘણા ઓળખીતા મળે. લો, અવશ્ય લો.'

તેણે જરા વિચાર કરી કહ્યું, 'ત્યારે સાત આપો. સંખ્યા પણ પુણ્ય છે, અને મારી ગણતરીમાં પણ ભૂલ ન પડે. લાવો મહારાજ, કૃપા થઇ. માફ કરજો. મારું નામ હરજીવન છે. વડોદરાનું સ્ટેશન હમણાં આવશે. મને તેડવા આવનારને મારે ક્યાં ઊતરવાનું છે તે પૂછી લઇશ. પછી મારું ઠેકાણું આપને કહીશ—આપનું પણ લખી લઈશ. ભાઇસાહેબ! ઊતરવાનું કંઈ નિશ્ચિત નહિ. એકને ત્યાં ઊતરીએ તો બીજાને ખોટું લાગે. શું કરીએ? વડોદરામાં મારે ઝાઝું ઓળખાણ છે.'

આમ વાત કરતાં વડોદરાનું સ્ટેશન આવ્યું. ગાડી ઊભી રહી, એટલે હરજીવન નીચે ઊતર્યો. ભદ્રંભદ્રને નમસ્કાર કરી અને મને આંખ મારી તે ચાલતો થયો, અને ઉતારુઓના ટોળામાં ગુમ થઈ ગયો.

પ્રશ્નો

૧. ગાડીમાં બેઠેલા મુસાફરની વાત સાંભળનારને કેમ કંટાળો આવ્યો?
૨. ભદ્રંભદ્ર સાથે એ મુસાફરે કયા વિષય પર વાદવિવાદ કર્યો?
૩. મુસાફરે કરેલા ધાર્મિક વાર્તાલાપમાં કેટલું સત્ય તમે માનો છો?
૪. આ પ્રકારની વાત કરવામાં તેનો શો હેતુ હોવો જોઇએ?
૫. મુસાફરે પચાસ રૂપિયાની નોટ પડી ગયાની વાત કહી તે તમે ખરી માનો છો? તેવી વાત કરવાનું કંઈ કારણ?
૬. ભદ્રંભદ્રને હરજીવને સાત રૂપિયા પાછા આપ્યા હશે ખરા?
૭. નીચેના વાક્યો પૂર્વાપર સંબંધ સાથે સમજાવો:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क. પ્રસિદ્ધ રીતે મેળવેલું ધન મારે શિવનિર્માલ્ય છે.

ख. ધન એમને એમ લીધાથી આપના...પાછા મોકલજો.

૮. આગગાડીની મુસાફરી કરતાં કોઇ વાર તમને વિચિત્ર અનુભવ થયો હોય તો વર્ણવો.

★

પાઠ ૨૯ મો

☼

લડાઈનાં સાધનો

☼

શ્રી. મગનભાઈ નાયક

['ભારતના પહેલા પ્રમુખ' નામનો આ પાઠના લેખકનો એક પાઠ તમે બીજા પુસ્તકમાં શીખ્યા હશો.

આ પાઠમાં તેમણે યુદ્ધનાં સાધનો સંબંધી રસમય ચર્ચા કરી છે. પુરાણોના સમયમાં કેવાં સાધનો વપરાતાં, જૂના જમાનામાં કેવાં સાધનો વપરાતાં અને હાલ કેવાં સાધનો તૈયાર થયાં છે એ લેખકે દર્શાવ્યું છે.

આપણો દેશ શાંતિનો ચાહક છે. છતાં ન્યાયની ખાતર યુદ્ધમાં ઝંપલાવવું પડે તો ભારત પાછી પાની નહિ કરે. એ દૃષ્ટિએ પણ આવાં સાધનોની થોડી માહિતી આપણને હોવી જ જોઇએ.]

ઈશ્વરે સરજેલાં બધાં જ પ્રાણીઓમાં લોભ અને ઈર્ષ્યાની વૃત્તિ હોય છે. લોભનાં માર્યાં પ્રાણીઓ કંઈ ને કંઈ મેળવવા ફાંફાં માર્યાં કરે છે ને પોતાની પાસે ન હોય એવું બીજા પાસેથી પડાવી લેવા ઘાટ ઘડ્યા કરે છે. આવું કંઈ પોતાના હાથમાં ન આવે તો તેને ભાંગીને, તોડીને, બાળીને જ ઇર્ષ્યાળુ પ્રાણીઓ સંતોષ પામે છે. આમ કરવા જતાં તેને બીજાઓ સાથે લડાઈ કરવી પડે છે.

આવી લડાઈ કરવા ઈશ્વરે દરેક પ્રાણીને કંઈ ને કંઈ સાધનો આપ્યાં છે. ચાંચ, દાંત, નખ, નહોર, શીંગડાંનો ઉપયોગ તો સૃષ્ટિ સરજાઇ હશે ત્યારથી જ પ્રાણીઓએ કરવા માંડ્યો હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગધેડા જેવાં પ્રાણીઓને લાતંલાતા કરતાં આવડે છે. કૂતરાંને ભસતાં, વાંદરાંને હૂકાહૂક કરતાં આવડે છે, તો માણસને બૂમાબૂમ અને ગાળાગાળી કરતાં આવડે છે. દાંતિયાં તો માણસ અને વાંદર બન્ને કરે છે, પણ વાંદરને ન આવડે એવી ગાળાગાળી માણસને આવડે છે. એ રીતે માણસ વાંદરથી ચડિયાતો ગણાય.

પણ માણસ પશુથી બીજી અનેક રીતે ચડિયાતો છે. પશુઓને કુદરતે આપેલાં દાંત, નખ વગેરે સાધનોથી જ લડવું પડે છે. માણસે તો લડવાનાં જાતજાતનાં સાધનો શોધી કાઢયાં છે. લાઠી, પથ્થર, દાતરડાં, છરી, ધારિયાં જૂના જમાનાનાં સાધનો ગણાતાં હશે, પણ નવા જમાનામાં ય માણસો તેનો લડવામાં ઉપયોગ કરે છે. દાતરડું ઘાસ વાઢે તો ગળું કેમ ના વાઢે ? લાઠી સાપ મારે તો માણસને કેમ ન મારે ? છરી શાક સમારે તો નાકકાન શા માટે ન સમારે ? તલવાર, ભાલા, ખંજર, બરછી એ બધાં છરીદાતરડાંનાં જાતભાઈ જેવાં જ ગણાય. એમનું કામ પણ વાઢવા-કાપવાનું જ ને ? કુદરતે દીધેલા દાંતનખ ઓછા પડ્યા હશે તે માણસે વાઘનખ અને વીંછુવાની પણ શોધ કરી છે.

પણ આ તો બધાં દ્વંદ્વયુદ્ધનાં સાધનો થયાં. બેચાર જણાની બાથંબાથી અથવા ઝપાઝપી થતી હોય ત્યારે જ એ કામ આવે. પણ લડાઈ બેચાર જણ વચ્ચે જ થાય એવું થોડું છે ? રાજ્યરાજ્ય વચ્ચે, દેશદેશ વચ્ચે થાય તેનું નામ સાચી લડાઈ. તે વખતે કંઇ ધારિયાં ને દાતરડાંથી, પથ્થર ને ગલોલાથી કામ ન ચાલે. નાસતા દુશ્મનને વીંધી નાખે એવાં તીર જેવાં સાધનો જ ત્યારે તો કામ આવે.

આવાં તીર જેવાં અસ્ત્રો અને તલવાર જેવાં શસ્ત્રો વાપરવામાં ક્ષત્રિયો કુશળ ગણાતા. મહાભારત ને રામાયણમાં તો આવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક શસ્ત્રાસ્ત્રોની વાત આવે છે. કોઇ અગ્ન્યાસ્ત્ર, તો કોઈ ગરુડાસ્ત્ર; કોઇ સાંગ, તો કોઈ ગદા; કોઇ ચક્ર, તો કોઇ ત્રિશૂળ વાપરતું. આયુધોનાં નામો ઉપરથી તો આયુધધારીઓનાં નામો પડતાં. ભીમ ગદાધર, અર્જુન ગાંડિવપાણિ, બળરામ હળાયુધ, કૃષ્ણ ચક્રધર ને શંકર પિનાકી કહેવાતા. પરશુરામના શસ્ત્રને તો તમે ઓળખતાં હશો જ ?

પુરાણની વાતોનાં એ સાધનો હવે પુરાણાં થઇ ગયાં છે. યુદ્ધવિદ્યાનો જમાનો ઊતર્યો છે ને યુદ્ધવિજ્ઞાનનો જમાનો આવ્યો છે. આજે તો આપણા સિપાઇઓ હાથોહાથની ઝપાઝપીમાં બંદૂક ને તમંચા વાપરે છે. બંદૂક ગોળી છોડવાના કામમાં આવે ને ગોળી ખૂટી જાય ત્યારે છેડે સંગીન લગાડી હોય તેનાથી લડવા કામ આવે. સંગીનની અણીએ તો પરદેશીઓ આપણા દેશ ઉપર વરસો સુધી રાજ કરી ગયા. બંદૂકમાં પણ અનેક જાત. એક નળીની ને જોટાળી; વળી ધાણીની માફક ફૂટયા કરે એવી મશીનગન. તમંચો પણ આજે તો અંગ્રેજી નામરૂપ ધારણ કરી બેઠો છે. પિસ્તોલ એક બારની પણ હોય ને છ બારની પણ હોય. હવે તો ચોરડાકુઓ પણ આવી રિવૉલ્વર લઇને આવે છે.

પણ આવી બંદૂકથી તો એકાદ માણસ મરે. માણસોનો સામટો ઘાણ કાઢવો હોય ત્યારે તો તોપનું જ કામ. તોપ કિલ્લાની દીવાલ તોડવાના કામમાં પણ આવતી. એમ તો કિલ્લાઓ ઉરાડવા સુરંગો પણ વપરાતી. પણ તોપને ખસેડવાની મુશ્કેલી ભારે. બોંબની એવી મુશ્કેલી નહિ. હાથથી ફેંકાય એવા નાના બોંબ હોય, વિમાનમાંથી ફેંકાય એવા મોટા બોંબ પણ હોય. એનાથી માણસોનો ઘાણ નીકળે, શહેરોના ભૂકા ઉરાડી દઈ શકાય, પુલો અને ગોદીઓ તોડી નાખી શકાય, છાવણીઓનો અને વિમાન-ઘરોનો નાશ થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એ બોંબ ફેંકવા વિમાનો જોઇએ. વિમાનોને તોડી પાડવા વિમાન-વિનાશક તોપો જોઇએ. બોંબગોળાનો વરસાદ વરસતો હોય ત્યાં સિપાઇઓને જૂના જમાનાની માફક ઘોડા પર, હાથી પર કે રથમાં બેસાડીને ન મોકલાય. તેમને રણક્ષેત્રમાં મોકલવા રણગાડીઓ હોય ને બખ્તરગાડીઓ હોય. એ રણગાડી અને બખ્તરગાડી વળી પાછી જાતજાતની તોપોથી ને જાતજાતનાં સાધનોથી સજ્જ હોય.

જેવું જમીન પર યુદ્ધ થાય તેવું દરિયામાં પણ યુદ્ધ થાય. દરિયાઈ યુદ્ધ માટે નૌકાસૈન્ય હોય. નૌકાસૈન્યમાં શસ્ત્રસામગ્રીથી સજ્જ યુદ્ધનૌકા હોય, મનવાર હોય ને પાતાળનૌકા—સબમરીન પણ હોય. વિમાનવાહક જહાજો હોય ને એવાં જ સાધનોનો નાશ કરવા પાણીમાં ફૂટે એવી સુરંગો પણ હોય. દરિયાના પાણીમાં ન દેખાય તેમ એ સુરંગો પાથરી હોય.

આટલાં બધાં સંહારનાં સાધનોથી માણસજાતને સંતોષ ન થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે તેણે રોગનાં જંતુઓ ફેલાવે એવાં સાધનોની, ઝેરી વાયુ ફેલાવી માણસોને બેભાન બનાવી દે એવા બૉંબની–પુરાણની ભાષામાં કહીએ તો મોહાસ્ત્રની—પણ શોધ કરી છે. પણ એનાથી ય ભારે શોધ તો કરી છે અણુઅસ્ત્રની—અણુબૉંબની. એક જ અણુઅસ્ત્રથી લાખોની વસ્તીવાળા આખા શહેરને પળવારમાં ભૂંસી નાખી શકાય. અરે, એના કરતાં ય વધારે ભયંકર સાધનો શોધવા-ની દુનિયાના દેશોએ હરીફાઈ માંડી છે. જાણે એક જ ધડાકે આખી દુનિયાનો ઘાણ કાઢી નાખે એવું કંઈ સાધન શોધવાની હરીફાઈ માંડી બેઠા ન હોય!

પણ આ બધાં જ શસ્ત્રોને નકામાં બનાવી દે એવું હથિયાર તો આપણને આપ્યું છે ભગવાન બુદ્ધે, ઇસુ ખ્રિસ્તે, મહાત્મા ગાંધીએ. એ હથિયાર છે પ્રેમનું, અહિંસાનું, સત્યાગ્રહનું. જ્યાં પ્રેમ ને અહિંસા હોય ત્યાં વેર ન હોય. જ્યાં યુદ્ધ ન હોય ત્યાં શસ્ત્રાસ્ત્રોનો ખપ ન હોય. દુશ્મનોને હરાવવાનું સાચું સાધન છે પ્રેમ.

પ્રશ્નો

૧. લડાઇનું મૂળભૂત કારણ શું હોય છે?

૨. પુરાણોના સમયમાં ક્યાં હથિયારો વપરાતાં?

૩. દ્વંદ્વયુદ્ધમાં વપરાતાં શસ્ત્રાસ્ત્રો ગણાવો.

૪. બંદૂક કરતાં તોપ શી રીતે ચડે?

૫. અર્વાચીન શસ્ત્રાસ્ત્રોની નામાવલિ લખો. તેમાં સૌથી ભયંકર હથિયાર કયું છે?

૬. લેખકની દૃષ્ટિએ દુશ્મનને વશ કરવાનું સાચું સાધન કયું છે?

૭. બે માણસ વચ્ચેના યુદ્ધને 'દ્વંદ્વયુદ્ધ' કહે છે. તે પ્રમાણે નીચેનાને માટે શબ્દો શોધી કાઢો:—

(૧) બે ભાષા જાણનારો. (૨) બે વાર જન્મેલું. (૩) બે ધર્મવાળું. (૪) બે પગવાળું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૦ મો

☆

અખો

☆

શ્રી. ચંદ્રવદન મહેતા

[અખો આપણી ભાષાનો મોટો વેદાંતી કવિ સત્તરમા સૈકામાં થઈ ગયેલો. જાતે સોની; પણ એટલો પ્રમાણિક કે ઘડવા આવેલા સોનામાં કંઈક ઉમેરીને આપે, કદી ઓછું નહિ કરે. કોઇ દિવસ ભેળસેળ કરે નહિ. અમદાવાદના બાદશાહની ટંકશાળમાં સિક્કા બનાવવા પણ એ જ જાય. એની પ્રમાણિકતા વિશે કોઇને સંદેહ નહિ.

છતાં કેટલાક ખટપટિયાઓએ એને માથે આળ મૂકયું. એણે ધર્મની બહેન માનેલી જમનાએ પણ કોઇની ભંભેરણીથી એના ઉપર અવિશ્વાસ આણ્યો. આ બન્ને તહોમતોમાંથી અખો નિર્દોષ ઠર્યો છતાં એનો જીવ આ માયાવી અને પ્રપંચી સંસારમાંથી ઊઠી ગયો. એણે સોનીનો ધંધો છોડી દીધો. સદ્‌ગુરુની શોધ કરવા અમદાવાદ છોડી એ ચાલી નીકળ્યો. કેટલેક વર્ષે એ મહાન વિદ્વાન ભક્ત બન્યો. ત્યાર પછી ધર્મસંબંધી સાચું જ્ઞાન લોકોને આપવા એણે કવિતાઓ રચી. એ કવિતાઓમાં ધર્મનો ઢોંગ કરનારા લોકો પર એણે કટાક્ષમય ચાબખા માર્યા.

જે પ્રસંગોએ એને સંસાર પર વિરાગ ઉપજાવ્યો એ પ્રસંગોને આ નાની નાટિકામાં લેખકે સુંદર રીતે ગૂંથ્યા છે.]

[અખા સોનીનું ઘરઃ દેસાઇની પોળ. અખો એકધ્યાનથી એરણ પર કંઠી ઘડી રહ્યો છે.]

અખો : (એકલો ગણગણે છે.)

‘ કયા માગું, મેં કયા માગું,
ઐસી ટૂંકી સી જિંદગી મેં કયા માગું ?

[એક ઘરાક આવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરાક : આ આટલા બધા ધ્યાનથી કોની કંઠી ઘડી રહ્યા છો ?

અખો : અહો ! આવો, આવો, લાલદાસ શેઠ ! તમે ક્યારે આવ્યા ?

લાલદાસ : ધ્યાન ક્યાં છે તમારું ? કંઈ ખૂબ કાળજીથી કંઠી ઘડી રહ્યા છો ને ? કોની છે ?

અખો : ઘરાકની નથી, શેઠ !

લાલદાસ : એ તો હોય જ ને ! નહિ તો આટલા બધા ધ્યાનથી ઘડો ખરા ? તમારે માટે બનાવો છો, એમ ? ટંકશાળમાં કંઈ હાથ પડ્યો લાગે છે !

અખો : અરે એ શું બોલ્યા ? કોઈ સાંભળશે તો યે અમસ્થા આપણને બંનેને ગુનેગાર ગણશે.

લાલદાસ : ના રે, હું તો મશ્કરી કરું છું.

અખો : અરે હા શેઠ ! તમારા પેટમાં તો પાપ નથી, પણ આપણા લોક અદેખાઈમાં પૂરા છે. બાદશાહની ટંકશાળ; એટલે પ્રમાણિકપણું ને ચોકસાઈ ન હોય તો માર્યા જઈએ.

લાલદાસ : અરે હું ક્યાં જાણતો નથી? ને તમને ન ઓળખું? નહિ તો તમારે બારણે આવું યે ખરો ?

અખો : એ ખરું. પણ શેઠ! તમારે તો બે ઘડી હસવું, પણ વાએ વાએ વાત જાય ને હસવાનું ખસવું થાય. આજે તો શેઠ, જ્યાં જુઓ ત્યાં ચાડીચુગલી, નિંદાપ્રપંચનો પાર નથી. અને એક તો અમારું નામ જ ચોરનું !

લાલદાસ : ખરું છે ભાઇ, આજે કોઈની ચડતી કોઈથી દેખી ખમાતી નથી. લોકોને શું ? પણ કહો તો ખરા કે આ કોની છે ?

અખો : આ તો અમારા પાડોશમાં જમનાબહેન છે ને એમની કંઠી છે. આ લો, તમારાથી કંઈ છાનું છે ? મૂળ વાત એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે એના ત્રણસો રૂપિયા મને સોંપી મૂક્યા હતા. એ બાઈ માણસ એટલે કોણ સાચવે? બે ત્રણ વર્ષથી મારે ત્યાં જ પડી રહ્યા હતા. હવે એમને કંઠી પહેરવાનો વિચાર થયો તે આ ઘડી આપી. આજનો એમનો વાયદો—તે કદાચ ને હમણાં જ ડોકિયું કરશે. આ સાફ કરવાની જ વાર છે. લો જુઓ ને; કેવી છે?

લાલદાસ : (જોતાંજોતાં) કંઠી તો અખાભાઈ, ઘણી જ સુંદર. પોતાની ગણી બનાવેલી એટલે પછી પૂછવું જ શું? આશરે કેટલા તોલાની હશે?

અખો : એ તો હવે તમે જ કહો ને.

લાલદાસ : અરે એ કંઇ અમારાં કામ! આ તો તમે ત્રણસો રૂપિયા કહ્યા એટલે પૂછ્યું.

અખો : (હસતાં) કેમ?

લાલદાસ : વધારેની લાગે છે, એટલે પૂછ્યું. માલ બનાવી ન જાણીએ પણ આશરે કિંમતની તો સમજ પડે ખરી કની?

અખો : તમારું ધારવું બરાબર છે.

લાલદાસ : હજી મજૂરી તો હું ગણતો નથી, તો યે ચારસો સાડીચારસોનું તો સોનું જ થાય. કેમ ખરું ને?

[જમના આવે છે.]

જમના : કેમ અખાભાઈ, કંઠી તૈયાર થઈ કે? આજે તો મારે પહેરવી જ છે.

અખો : આ હમણાં જ તમને સંભાર્યાં હતાં. આ રહી. છે તો તૈયાર, પણ જરા સાફ કરી આપું એટલી વાર છે.

જમના : કેટલી વાર લાગશે હજી?

અખો : અરે વાર શાની?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમના : ના ના, પછી સાફ કરજો; હમણાં તો હું પહેરી જ જાઉં છું. મારે હમણાં બહાર જવું છે.

લાલદાસ : જમનાબહેન ! તમે નસીબદાર તો ખરાં હં.

જમના : કેમ ?

અખો : કંઇ નહિ; એ તો શેઠને કંઠી ઘણી ગમી ગઈ તેથી કહે છે. તમને કેવી લાગી ?

જમના : અરે કંઠી તો સરસ–બહુ સરસ બનાવી છે હોં. વાહ ! પહેરી જ જઉં છું; પછી સાફ કરી આપશો ને ?

અખો : અરે, પણ મેં ના ક્યારે કહી છે ? લાવજો ને. ગમી એટલે બસ. આ ત્રણ દિવસથી મેં બીજું કશું હાથ પર લીધું જ નથી. આ શેઠનું ઘડવાનું પણ એમ જ રહ્યું છે ને !

જમના : અરે ગમી તો ઘણી જ. લો પહેરી જ લઉં છું. ચાલો જઉં છું, પછી આવીશ.

અખો : પણ આવડી ધાડ શી ? આવ્યાં શું ને ચાલ્યાં શું ?

જમના : જરા ઉતાવળે જવું છે; પછીથી આવીશ, હં ? જઉં છું અખાભાઈ !

અખો : વારુ ! આવજો જમનાબહેન !

[જમના જાય છે.]

લાલદાસ : ચાલો હવે મારાં કડાં લો.

અખો : શેઠ, મારે આ સગી બહેન કરતાં પણ વધારે છે હં ? અને એનો પણ મારા પર બહુ ભાવ, હોં ?

લાલદાસ : ભાઈ લેણદેણની વાત છે. હવે અમારાં કડાં ક્યારે આપશો ?

અખો : અરે હાં, જુઓની આજે કયો વાર ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલદાસ : મંગળવાર.

અખો : બસ તો— (બહારથી અવાજ)

અવાજ : એ અખેદાસ સોની કા ઘર કિધર હય?

અખો : એ ઇધર ભાઈ ઇધર! આવો. કંઈ બાદશાહી ફરમાન લાગે છે.

(બાદશાહના બે સિપાઇઓ દાખલ થાય છે.)

એક સિપાઈ : ટંકશાલકે અમલદાર રહીઆદાસ સોની કુટુંબકા અખેદાસકો બાદશાહ સલામતકા ફરમાન હય.

અખો : પણ છે શું?

એક સિપાઈ : યે ખરીતા હય—પઢો. (કાગળ ધરે છે.)

અખો : (ખરીતો લેતાં) પણ ખાં સાહેબ, કંઈ કારણ તો કહેશો ને?

એક સિપાઈ : વો સબ ઇસમેં લિખા હય.

અખો : લો શેઠ વાંચો; તમે તો હોશિયાર છો.

લાલદાસ : (મહામહેનતે વાંચે છે.) દેસાઈ કી ખિડકી મેં રાહનેવાલે રહીઆદાસ કુટુંબકે સોની અક્ષયદાસને ટંકશાલમેં ઉસીકા અમલ દરમ્યાન સોનાચાંદીકે સિક્કેમેં દૂસરી ગલત ધાતુ મિલાયા હય વૈસા ઉસકે પર આરોપ હય. ઇસ લિયે બાદશાહ સલામતકી સૂબેદારી કચેરીમેં અભી હાજર હોનેકા ફરમાન હય.

અખો : મારા પર આરોપ! ખાં સાહેબ! કંઇક ભૂલ થાય છે.

પહેલો સિપાઈ : વો સબ કચેરીમેં કહના. ચાલો અભી, દેરી મત કરો.

લાલદાસ : ખાં સાહેબ! અખેદાસ કદી એવું કરે એ મનાય જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો સિપાઈ: વો હમ ના જાને. એ ફરમાન બરાબર ઉન્હે અભી આનાહી પડેગા.

લાલદાસ : ભાઈ ! કંઈ બદશાહના ફરમાનને ના પડાવાની હતી ? જઈ આવોની, એટલે ખબર પડશે.

અખો : હાસ્તો કંઈ છૂટકો છે ? જોયું ને ? ઘડીની ખબર નથી. પણ આપણે શી ચિંતા ? જેના દિલમાં મેલ એને ડંખ. ચાલો ખાં સાહેબ, જરી અંગરખો પાઘડી પહેરી લઉં.

(અખો જાય છે. થોડી વાર પછી જમના આવે છે.)

જમના : કેમ, અખેભાઈ નથી ?

લાલદાસ : ના, કચેરીમાં ગયા છે.

જમના : કચેરીમાં ? ત્યાં કેમ ?

લાલદાસ : એમના પર સોનાચાંદીમાં હલકી ધાતુ ભેળવવાનો આરોપ મૂકયો છે, તે બાદશાહના સિપાઈ આવીને લઈ ગયા.

જમના : હાયહાય ! અખેભાઈ પર આવો આરોપ ? શું કહો છો ?

લાલદાસ : ખરું કહું છું. કોઈ અદેખાનું કારસ્તાન લાગે છે.

જમના : ઓ પ્રભુ ! શું થશે હવે ?

લાલદાસ : સિપાઇઓ કહેતા હતા કે કોઈની કાનભંભેરણી છે એટલે છૂટીને જ આવશે. હવે તમે અહીં બેસો તો હું દરબારમાં જતો આવું. મને પણ ચિંતા થાય છે.

જમના : હા, હા, હું અહીં બેઠી છું. તમે જલદી જાઓ, ને કંઈ ખબર પડે કે તરત મને કહી જજો. અખેભાઈને કંઇ થાય નહિ એ જોજો, હં.

(લાલદાસ જાય છે. થોડીવાર પછી અખો આવે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખો : કંઈ ચિંતા ન કર, કંઈ નથી. જમનાબહેન ! હું નિર્દોષ ઠર્યો છું.

જમના : (સફાળી) અખેભાઇ ! અખેભાઈ ! આવ્યા તમે ? આવ્યા તમે ?

અખો : હા. ઈશ્વરે લાજ રાખી છે. કોઇએ સૂબેદારને જૂઠું ભંભેર્યું હતું.

જમના : ચાલો સારું થયું ! (અચકાતાં) સત્યનો અંતે જય જ થાય છે.

અખો : હા, પણ જગતમાં પાખંડોનો પણ પાર નથી હોતો તો. આવાં જૂઠાણાંથી શો ફાયદો થતો હશે ?

જમના : તમારા પેલા ઘરાક તમને મળ્યા ? એ તમને જોવા જ દરબારમાં ગયા છે.

અખો : હા. એ મને રસ્તે મળ્યા. હમણાં આવે છે પાછા. કેમ કંઠી લાવ્યાં છો ? લાવો સાફ કરી આપું.

જમના : ના, ના. હવે સાફ કર્યા વગર ચાલશે.

અખો : અરે સાફ કર્યા વિના ચાલે ! ચળક જ નહિ આવે; લાવો.

જમના : લો. ને....ને અખાભાઈ ! (કંઠી આપતાં) આ કાપ છે તે પણ જરા સમો કરી આપો ને.

અખો : (કંઠી લઇને) આ શેનો કાપ છે ?

જમના : અરે એ તો અમસ્તો. ઉંદરબુંદર....ના ના, કોણ જાણે કેમ એ કાપ પડ્યો. પણ બરાબર થશે ને ?

અખો : જમનાબહેન ! શી વાત કરો છો ? આટલી વારમાં અને ઉંદરનો કાપ ! મને ખરું કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમના : એ જાણીને શું કામ છે? તમે સમો નહિ કરી આપો?

અખો : દસ વાર સમો કરી આપીશ. ક્યારે ના કહી છે? પણ મારે આ કાપ વિષે જાણવું જ છે.

જમના : તે હું નથી કહેવાની ત્યારે.

અખો : બ્હેન! યાદ છે? તમે મારાં ધર્મભગિની થાઓ. મારાથી આજે છુપાવો છો ને? મને જ નથી કહેવું? આજે મારાથી આટલી જુદાઈ રાખવા માંડી એમ જ ને?

જમના : ભાઇ! ઓછું આણવાની જરાયે જરૂર નથી. એ કહેવામાં કંઈ લાભ નથી એટલે નથી કહેતી.

અખો : લાભ કે ગેરલાભ! જે હશે તે વેઠવા હું તૈયાર છું. મને તમારા ભાઈ તરીકે ઓળખતાં હો તો કહો.

જમના : ભાઇ! સત્તર વાર ભાઇ! જન્મોજન્મ મળજો મને તારા જેવો ભાઈ. (ઓવારણાં લે છે.) મને માફ કરો અખેભાઇ! પણ મેં મૂર્ખીએ ભૂલ કરી છે.

(રડે છે.)

અખો : હોય, ભૂલ તો કોણ નથી કરતું? જે હોય તે જમના-બ્હેન! એવું તે શું છે? મને જરૂર કહો.

જમના : ભાઇ! શું કહું? મેં તારામાં અવિશ્વાસ આણ્યો અને આ કંઠી ચોકસી પાસે કિંમત કરાવવા લઈ ગઇ. ત્યાં ચોકસીએ મૂકેલો આ કાપ છે. મને માફ કર ભાઇ! તારી નિઃસ્વાર્થ લાગણીનો આ બદલો! અરેરે, મને એટલો પસ્તાવો થાય છે! મને કોકે ભંભેરી. સોનીના ધંધા પર આળ ચડાવ્યાં. સત્યાનાશ જાય એ ભંભેરનારનું! અખેભાઇ! અખેભાઇ!

(રડે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખો : (બે ત્રણ ક્ષણ પછી) બહેન, રડ નહિ. હમણાં આ તને બરાબર કરી આપું છું. અને બીજું પણ કંઈ જોઈતું કરતું હોય તો આપું.

જમના : મને કંઇ નહિ જોઇએ. તું જેવો ભાઇ મળ્યો, એથી વધારે મને શું જોઇએ ? અરેરે ! મને આ શી મતિ સૂઝી ?

અખો : હવે પસ્તાવો કર્યે શો ફાયદો ? કંઇ નહિ. એમાં તારો દોષ છે જ નહિ. આ જગતની માયા જ એવી છે. પાખંડથી ભરેલી આ દુનિયામાં આપણે પામર માત્ર, ઘણીયે વાર એમ ભરમાઇએ છીએ. હશે. મારા મનમાં કંઇ જ નથી. આ ઘર તારું ગણીને જ વાપરજે: એ તો આ મારા પરની આળઘડી આવીને ચાલી ગઈ.

જમના : અખેભાઇ ! આવું ફરીથી નહિ કરું, હો ? હું શું મોં બતાવી રહું તને ? તારા મનમાં કંઇ નહિ રાખે ને ? હું જાઉં છું.

અખો : (વિચારમાં લીન) કંઇ ઓછું ના આણતી, જમના ! આવજે હં !

(જમના જાય છે.)

માટીના માળખામાં આટલો બધો પ્રપંચ, એમ ? માનવમાત્રને માયાનાં બંધન છે, એમ ? મારી બહેન જેવી આ બહેન, જેને મેં બહેન કરતાં પણ અધિક ગણી એને પણ મારામાં વિશ્વાસ નહિ ! પાંચ પાંચ વર્ષ આટલી નિમકહલાલ સેવા બજાવી તો યે સૂબેદારના મનમાં મારે માટે અવિશ્વાસ આવ્યો ! લોભ ને અદેખાઇના સડાથી ઊભરાઇ રહેલા આ જગતમાં પ્રમાણિકપણાને ક્યાંય પણ સ્થાન નથી. શું થવા બેઠું છે ? સગી બહેન જેવી બહેન ભાઈમાં વિશ્વાસ ન મૂકે, એ હડહડતો કળજુગ નહિ તો બીજું શું ? હો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હો ! માનવજીવન કેટલું સડેલું છે ! માયાનાં આવરણ કેવાં લીલાંપીળાં દેખાડે છે !

સોનીનો ધંધો એટલે જગતના અવિશ્વાસને પાત્ર ધંધો ? સોની વાલમાંથી રતી ચોરે જ. સોની થયો ત્યારે આ દુઃખ ને ? સોનું ઘડ્યું ત્યારે આળ આવ્યાં ને ?—મારે નથી કરવો એ ધંધો. આ સાણસી, ચીપિયો, ભૂંગળી બધું લાવ નાખું કૂવામાં કે થાય નિરાંત.

(બધું ઊંચકી અંદર નાખવા જાય છે ને ઘરાક આવે છે.)

લાલદાસ : અખેભાઇ ?

અખો : (અંદરથી આવી) આવો શેઠ ! લો આ તમારાં કડાં, ક્યાંક બીજે કરાવી લેજો. લો તોળી લો તમારું સોનું.

[અખો તોળવા બેસે છે.]

લાલદાસ : પણ આ શું કરો છો એ તો કહો. આ શું ?

અખો : શેઠ સોનીનો ધંધો હવે નહિ કરવાનો મેં નિશ્ચય કર્યો છે. બહુ રળ્યા, બહુ કમાયા, બહુ આપણું ગણ્યું. આ બધાં વલખાં છે. શેઠજી, પાણીમાંથી માખણ નહિ નીકળે. સોનામુખી સોનું નહિ થાય. કૂતરો હાડકાં ચાટે તેથી પેટ નહિ ભરાય. સાબુખારે ધોતાં મન નહિ ધોવાય ! આ બધાં ફાંફાં છે.

આ મહા વલગણી માયા પાપણી, જેમ સેવીએ તેમ ડસે સાપણી;
રંગઢંગ માયામાં ઘણાં, સૌ કોઈ સેવક છે માયાતણાં.
સર્વ મંત્ર ઔષધ ઉપચાર; જાગ્યો હવે હું ટળ્યો સંસાર.

પ્રશ્નો

૧. અખો શું ધંધો કરતો હતો ?
૨. બાદશાહની કયી કામગીરી અખો બજાવતો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. અખા ઉપર શું સરકારી આળ આવ્યું? એનું શું પરિણામ આવ્યું?
૪. જમના કોણ હતી? એણે અખા ઉપર શો અવિશ્વાસ આણ્યો? એ વહેમ ખરો હતો?
૫. આ તહોમતોની અખાના મન ઉપર શી અસર થઈ?
૬. અખાએ પોતાનો ધંધો શા માટે છોડી દીધો?
૭. નીચેનાં વાક્યો સમજાવો:—
'શેઠજી, પાણીમાંથી માખણ નહિ નીકળે. સોનામુખી સોનું નહિ થાય. કૂતરો હાડકાં ચાટે તેથી પેટ નહિ ભરાય. સાબુખારે ધોતાં મન નહિ ધોવાય! એ બધાં ફાંફાં છે.'

★

પાઠ ૩૧ મો

મશાલને અજવાળે

શ્રી. ઇન્દુલાલ ગાંધી

[પુસ્તક પહેલામાં તમે આ કવિનું 'આંધળી માનો કાગળ' નામનું કાવ્ય વાંચ્યું હશે. તેમનું આ એક રણગીત છે. શ્રી. મેઘાણીનું 'કોઈનો લાડકવાયો' નામનું કાવ્ય તમે ક્યાંક સાંભળ્યું હશે. તેના ઢાળનું આ કાવ્ય છે.

મહાન યુદ્ધની તૈયારી થઈ રહી છે. તે વખતે અનેક યોદ્ધાઓને હાકલ દેતું આ ગીત છે. પણ આ કંઈ શસ્ત્રોથી લડવાનું યુદ્ધ નથી. અહીં તો જીવનને જ યુદ્ધ કલ્પવામાં આવ્યું છે. તેમાં આપણે દરેકે લડવાનું છે. તેમાં જડતાને ખંખેરવાની છે, અને ચેતનના તણખા પ્રકટાવવાના છે. 'ખંડિત મૂર્તિઓ' નામના કવિના પુસ્તકમાંથી આ કાવ્ય લીધું છે.]

વીજ કડાકે આભ તૂટે ત્યમ વીરની હાકલ થાતી,
દિશદિશની રણભેરી રણનાં ગીત ગુલાબી ગાતી:
'શૂરા, ઘર કોતર છોડો,
સૂની ધરતી ઢંઢોળો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિશાઓ અજવાળો જગની, મશાલને અજવાળે.

કસકસતી કમ્મર બાંધો, લ્યો ભમ્મર ભાલા હાથે,
તીખી તેજકટારો વીંઝી, ગરવે અણનમ માથે;
'જય વરશું કે પરહરશું,
ડગલું પાછું નહિ ભરશું.'

સૂરજ ઝૂકે, વાયુ કંપે, ધરતી ધણણણ ધ્રૂજે,
શૂરાના શોણિતે રણની તરસી રેણુ ભીંજે;
ભાવિની ઊજળી ભીંતો,
રણના ગીતે રંગી દ્યો.

શોણિત છાંટી આભ ભરો નમતી સંધ્યાને ટાણે,
દિશાઓ અજવાળો જગની, મશાલને અજવાળે;
ખંખેરી જડતા હરખે,
પ્રજળો ચેતનના તણખે.

પ્રશ્નો

૧. આ કવિતામાં કવિ કોને સંબોધે છે ?
૨. મશાલના અજવાળાથી દિશાઓ કેમ અજવાળાય ?
૩. 'જય વરશું કે......ભરશું.' આ લીટીઓનો અર્થ સ્પષ્ટ કરો.
૪. કોઇ પણ કામ સફળ કરવા માટે આપણે કયા ગુણો કેળવવા જોઇએ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. નીચેના શબ્દસમૂહો સમજાવોઃ—

તીખી તેજકટારો; તરસી રેણુ; ભાવિની ઊજળી ભીંતો; ખંખેરી જડતા.

★

પાઠ ૩૨ મો

ચંદ્રલોકની મુસાફરીએ

શ્રી. નાગરદાસ પટેલ

['વરસની વહેંચણી' નામનો આ લેખકનો એક પાઠ તમે પહેલા પુસ્તકમાં વાંચ્યો હશે. આ પાઠમાં તેમણે ચંદ્રલોકની કાલ્પનિક મુસાફરીનું વર્ણન કર્યું છે. નવી નવી શોધખોળોની મદદથી ચંદ્ર કે મંગળ સુધી જવાની યોજનાઓ ઘડાય છે. ચંદ્ર સુધી પહોંચવાની કલ્પના જ કેવી રોમાંચક છે!

'મુસાફરીનો અનુભવ'વાળા પાઠમાં જે અનુભવો વર્ણવાયા છે, તેનાથી આ પાઠ ભિન્ન છે એ તમે જોઈ શકશો. વિમાનમાં બેસી ચંદ્ર સુધી પહોંચવાના સાહસનું અહીં વર્ણન છે. એક વિમાનમાં આઠ જણાં ચંદ્રલોક તરફ જવા નીકળ્યાં છે. તેમાંના એક પ્રોફેસર પેસ્તનજી છે. હવે આગળ વાંચો.]

વિમાનનો ઘોંઘાટ એટલો બધો જબરો ને કાન ફાડી નાખનારો હતો કે એકબીજાંના કાનમાં કહીએ તો પણ વાત બરાબર સમજાતી ન હતી. પ્રોફેસરે આ મુશ્કેલી લક્ષમાં રાખીને અમારે માટે વાત કરવાની નળીઓની યોજના રાખી હતી એટલે તેને લીધે અમે સુખેથી વાત કરી શકતાં હતાં. ખરે જ, એમણે એ અક્કલ ચલાવી ન હોત તો અમારા બાર જ વાગી જાત ને આખી મુસાફરીમાં હાડમારીનો પાર ન રહેત. એ ભલા માણસે આવી આવી તો સેંકડો અગવડોની અગાઉથી કલ્પના કરી હતી અને તેના ઉપાયો પણ શોધી તેમજ યોજી રાખ્યા હતા કે જેથી અમારી મુસાફરી સુખરૂપ નીવડે ને કંટાળો ન આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તમે એમ ન માનતા કે પવનનો પ્રદેશ સાવ સપાટ હતો. એમાં પણ અનેક નાનામોટા ખાડા ટેકરા આવતા ને જાતજાતનાં ને ભાતભાતનાં વહેણ હતાં. ઝંઝાવાત જેવાં પવનનાં મોજાં કોઇ કોઈ વખત વિમાનને હેરાન કરતાં. એ સરળ ગતિએ ચાલતું હોય તેમાંથી એકાએક ખચકો ખાઈને પચીસ પચાસ ફૂટ નીચે પડવાના અમને અનેક અનુભવ થયા હતા. રગશિયા ગાડામાં કે ડમણીમાં બેઠા પછી વારેઘડિયે રોદા આવતાં હાડકાં પાંશરાં થાય છે તેમ આ સુધરેલા વિમાનમાં પણ પવનને અંગે વિમાન ખચકાતાં થોડાંઘણાં હાડકાં પાંશરાં થતાં હતાં. પ્રોફેસર પેસ્તનજીએ પૂરતો વિચાર કરીને અમારી બેઠકોને મઝાની ગાદીઓ મઢાવી હતી. પણ અમારાં આઠે જણનાં માથાંને ઓછી જ ગાદી જડેલી હતી ! એ કમબખ્તો એવા ખચકા વખતે એકબીજાં સાથે ભેટતાં ને ભટકાઇ પડતાં.

પાણીને માટે એમણે વાયુને દબાવીને ભરી રાખ્યો હતો; અને એમની રસોઇની નાની નાની ટીકડીઓ તૈયાર હતી. નહિ કોઈ જાતની કડાફૂટ કે નહિ કોઈ જાતનો ત્રાસ. જે જોઇએ તેની ટીકડીઓ. એના ઉપર ગેસ છોડો કે એ ચીજ તૈયાર. પ્રમાણ થોડું પણ ખાઓ તો અજબ સ્વાદ આવે, પેટ ભરાય ને ઓડકાર આવે. મગજ, પૂરી, મોહનથાળ, ગાંઠિયા, ચહા, દૂધ, લેમન, પાઉં, બિસ્કિટ, કેક વગેરેની જાતજાતની જુદી જુદી ટીકડીઓ હતી; અને જરૂર પ્રમાણે એનો ઉપયોગ થતો હતો. મશીનનો એકભાગ જોઇતી ગરમી અથવા ઠંડી તેમજ રોશની આપતો હતો, એટલે એ બાબતનો પૂરતો સંતોષ હતો.

વિમાન ચલાવવાને માટે પેટ્રોલનો ઉપયોગ નજીવો હતો. એ શરૂ કરવા પૂરતો જ. તે પછી તો એને ચલાવવાનું કામ સૂર્યપ્રકાશથી ચાલતા એક મશીનને હસ્તક હતું. એ સૂર્યની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરમી અને બળ સંઘરી લેતું ને એનાથી વિમાનને ચલાવતું. આને લઇને વિમાનની ગતિ સતત એકસરખી રહેતી ને એને પેટ્રોલનો મોટો જથો લેવાની જરૂર પડી ન હતી. આ એક જ ગોઠવણ ન હોત તો આટલી લાંબી મુસાફરી ભાગ્યે જ થઈ શકી હોત!

પ્રોફેસર સાહેબની ગણત્રી હતી કે આશરે બાવીસ દિવસમાં અમારું વિમાન ચંદ્રલોકમાં પહોંચી જશે. ને બનતાં સુધી ગોસેન્ડીની દીવાલો ઉપર કે એવી જ કોઈ જગ્યાએ ઊતરશે.

કેટલીક વખત વાદળોના ગોટેગોટમાં થઇને વિમાનને પસાર થવું પડતું ત્યારે મઝા પડતી.

હિમાલય કરતાં પાંચગણી ઊંચાઈવાળા એક વાદળ લગોલગ વિમાન પહોંચ્યું. તેની આરપાર જવાનો રસ્તો કૌંચની બારી જેવા એક પાતળા વિભાગમાં થઇને હતો. વાદળનો દેખાવ ભવ્ય હતો અને અમારું વિમાન એમાં થઇને પસાર થયું તે વખતનો દેખાવ અવર્ણનીય તેમજ અકલ્પ્ય હતો! એક વખત જોયા પછી જીવનભર યાદ રહી જાય એવો એ અદ્ભુત હતો.

ધીરે ધીરે પૃથ્વી દૂર ને દૂર જતી ગઇ ને એનો દેખાવ નાનો ને નાનો થતો ગયો. અને એના ઉપર ઘેરા રંગના તેજસ્વી ચટાપટા દેખાવા લાગ્યા.

ઘેરો વાદળી અને ઝાંખો રતૂમડો એમ બે રંગો ખાસ તરી આવતા હતા ને તે પાણી તેમજ જમીનના વિભાગો બતાવતા હતા, એમ પ્રોફેસર સાહેબનું કહેવું હતું.

પૃથ્વી નાની થતી હતી પણ એના કરતાં ચંદ્રનો દેખાવ તો નાનો જ હતો. ઘણે દહાડે બેઉનો આકાર સરખો હોય એમ લાગવા માંડયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વીથી પારાવાર અંતરે અમારું વિમાન આવી પહોંચ્યું હતું. એટલે ધીરે ધીરે પૃથ્વી નાની ને નાની થતી જતી હતી, અને તેને બદલે ચંદ્રમા મોટો ને મોટો દેખાતો હતો. પૃથ્વી અને ચંદ્ર જાણે પરસ્પર એકબીજાંનાં સ્થાનને અદલાબદલી કરીને ઊભાં ન હોય એમ પણ ઘડીક લાગતું હતું.

જેમ જેમ વિમાન ચંદ્રની નજીક ગયું તેમ તેમ તેની ઉપરના દેખાવો નજરે પડતા ગયા. અમારા વિમાન જેવાં અગણિત વિમાનો જેમાં પેસીને અટવાયા કરે એવી મોટી મોટી ફાટો એના પૃષ્ઠ ભાગ ઉપર દેખાવા લાગી.

'પેલા જ્વાલામુખી પર્વતોનો આકાર તો જુઓ!' શિરીન બોલી ઊઠી.

'માલપૂડામાં ચાંદ્લા હોય એવો એનો દેખાવ છે!' કાલિકાદેવીએ કહ્યું.

'બ્રાહ્મણનું જાય જમે! એમને મિષ્ટાન્ન બહુ ભાવે!' સુમને ઉમેર્યું.

'એ પણ હોય. કંઈ ના ઓછી જ કહેવાવાની છે!'

'પેલું કિલ્લા જેવું શું દેખાય છે?' શિરીને સવાલ કર્યો.

'એ ગોસેન્ડીની દીવાલોને નામે ઓળખાતી પર્વતમાળા છે. એની ઊંચાઇ ૭૬૨૦ ફૂટ છે,' પ્રોફેસરે જણાવ્યું. 'આપણે ત્યાં ઊતરવાનાં છીએ.'

થોડા વખતમાં અમારું વિમાન ગોસેન્ડીની દીવાલો સમી પર્વતમાળા ઉપર ઊતર્યું; પણ અજબ રીતે. અવાજ એકદમ બંધ થઈ ગયો હતો, અને બધે સૂમસામ હતું.

આજુબાજુ કરાળ ડુંગરો, પર્વતો ને ખીણો નજરે આવતી હતી. ઝાડપાન કે પવન અથવા પાણી બિલકુલ જણાતાં ન હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા મુલકમાં અમારું શું થશે તેની અમને ચિંતા થતી હતી. સારું હતું કે પ્રોફેસર અમારી સાથે હતા. અને એ ભલા માણસે અમારા માટે બધીએ જોગવાઈ કરેલી હતી. એમ ન હોત તો અમારા ત્રાસનો પાર ન રહેત! એમણે કરેલી ગોઠવણોથી તો મારા જીવને નિરાંત હતી.

પણ ચંદ્રલોક ઉપર પગ મૂકતાં જ અમારી મુશ્કેલીઓ શરૂ થઈ. કાલિકાદેવીને એ ઉજ્જડ વેરાન પ્રદેશ ખાવા ધાતો હતો. સુમન પણ ચિડાઈ ગઈ હતી. 'દીઠા દેવ ને પહોંચી જાત્રા' જેવો ઘાટ થઈ રહ્યો હતો.

સૂરજ પણ ખૂબ તપતો હતો. ધોળે દિવસે પણ તારા દેખાતા હતા.

બીજી મુશ્કેલી અમને એકબીજાંને સાંભળવામાં પડતી હતી. હવા નહિ એટલે અવાજ જઈ શકે નહિ. અમારી હવાની નળીઓ ફાટી જાય કે હવાનો જથ્થો ખૂટી પડે તો? સહરાના રણમાં પાણી સિવાય માણસ મરી જાય તેમ અમે પણ એ દૂરથી રૂડારૂપાળા દેખાતા ઉજ્જડ ચંદ્રપ્રદેશમાં હવા વગર તરફડીને મરી જઈએ.

પ્રોફેસરે અમારી વાતચીત કરવાની મુશ્કેલી ટાળી. અમને એમણે કામચલાઉ રહેઠાણ નક્કી કરી આપ્યું અને એ તથા જેમ્સ વિજ્ઞાનની શોધખોળ કરવા ઊપડી ગયા. અમે ગયાં તે વખતે ચંદ્રપ્રદેશનો પાછલો પહોર હતો, છતાં તાપ ઘણો હતો. જો ખરા બપોરે ગયાં હોત તો, અમારું શું થાત? બેસુમાર ગરમીમાં અમે જરૂર શેકાઈ ગયાં હોત.

પ્રોફેસર ગયા એટલે અમે અમારો સમય રમતગમતમાં ગાળવા માંડ્યો.

અમે ટેનિસની રમત શરૂ કરી કે જેથી ઇચ્છા થતાં શિરીન, મિસ ફ્લોરા કે સુમન ભાગ લઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવારે એ બધાં રમતમાં સામેલ થયાં ને અમારી રમત જામી.

'અહીં બૉલ આટલો બધો શાથી ઊછળે છે?' સુમને પૂછ્યું.

'પ્રોફેસરે સમજાવ્યું હતું તેમ ચંદ્રના ગુરુત્વાકર્ષણને લીધે આપણું વજન છઠ્ઠા ભાગનું થઈ ગયું છે, ને ફટકો છ ગણો વધારે મારી શકાય છે. અહીંયાં હાથી નથી નહિતર મારા જેવો હાથીને ઊંચકીને રમાડી શકે. તારે પાણી ભરવાનું હોય તો તું એકી સાથે છ હાંડા, છ ઘડા ને છ નાના ઘડુલા ખુશીથી ઉપાડી શકે.'

રમતમાં ખૂબ મઝા પડી. પણ કેમે કર્યો વખત જતો ન હતો.

એવામાં સૂર્યાસ્ત થયો ને ખુશનુમા રાત્રિ શરૂ થઈ એટલે બધાંના જીવમાં જીવ આવ્યો. આપણે ત્યાં પૂર્ણિમાની રાત્રિએ પડતા ચંદ્રના પ્રકાશ કરતાં તેર ગણો સુંદર પ્રકાશ પૃથ્વી આપતી હતી. તારાઓ પૂર બહારમાં પ્રકાશતા હતા.

એવામાં પ્રોફેસર તથા મિ. જેમ્સ એમની શોધખોળ પૂરી કરીને આવી પહોંચ્યા. રાત્રિ જેમ જેમ વધે તેમ તેમ ઠંડી પણ વધતી જાય ને મધરાત થતાં તો બેસુમાર ઠંડી પડે; એટલે હવે બનતી ઉતાવળે અમારે પૃથ્વી તરફ પાછા ફરવાનું હતું. સારું હતું કે પ્રોફેસરે જોઇતી શોધખોળ કરી લીધી હતી ને ચંદ્રપ્રદેશની વિવિધ છબીઓ પાડી લીધી હતી. બાકી અમે તો ડોશીમા ડાકોર જઈ આવ્યાં હતાં તેના જેટલાં જ ઢીલાં થઈ ગયાં હતાં.

છતાં અમે સદેહે ચંદ્રલોક જોવાનો ને તેમાં જઇને જીવવાનો અજબ આનંદ ભોગવી રહ્યાં હતાં.

રાત્રિનો પ્રથમ પહોર વીતી રહેવા આવ્યો એટલે અમારું વિમાન ઊપડ્યું.

પૃથ્વીપર નક્કી કરેલે સમયે અમારું વિમાન સુખરૂપ આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચ્યું. પ્રોફેસરે એને લગતી ખબર બિનતારી સંદેશાથી આપી દીધી હતી.

અમે ઊતર્યાં તે વખતે અમારું સ્વાગત કરવા સારુંયે મુંબઈ હલમલી ઊઠયું હતું. અમે કૈંક અકલ્પ્ય, અદ્‌ભુત ને અજોડ પરાક્રમ કરી આવ્યાં હતાં.

એવું ભવ્ય અને અજોડ સ્વાગત અમે કદીએ વીસરી શકીશું નહિ.

પ્રશ્નો

૧. વિમાનમાં સાંભળવા માટે શી યોજના કરી હતી?
૨. પવનની વિમાન ઉપર શી અસર થતી હતી?
૩. વિમાનમાં ખાવા માટે શી વ્યવસ્થા કરવામાં આવેલી?
૪. વિમાન શાની મદદથી ચાલતું હતું?
૫. વિમાનમાંથી સાહસિકોને ચંદ્ર કેવો લાગ્યો?
૬. ચંદ્રલોકમાં સાહસિકોને પડેલી મુશ્કેલીઓ અને થયેલા અનુભવોનું વર્ણન કરો.
૭. નીચેના શબ્દોના અર્થથી ઊંધા અર્થવાળા શબ્દો લખો:—
અગવડ, સપાટ, કામચલાઉ.

★

પાઠ ૩૩ મો

ખરાબ કરવાની કળા

શ્રી. રામનારાયણ પાઠક

[ચીતરવાની, રંગવાની, લખવાની, વાંચવાની, અરે! વાત કરવાની કળા વિષે પણ તમે કંઈક સાંભળ્યું હશે. પણ ખરાબ કરવામાં તે વળી કળા હોતી હશે? આવું લખનાર કંઈક વિચિત્ર માણસ લાગે છે, ખરું? હા, આ લેખકની લેખિની અજબ છે. સામાન્ય દેખાતી વસ્તુને તે એવા વિચિત્ર રંગોથી સજાવે છે કે તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડીભર જોઈ રહેવાનું મન થઇ જાય, અને એ લેખકની રમતિયાળ અને હાસ્યરસિક છતાં શિષ્ટ અને મધુર શૈલી માટે માન ઉત્પન્ન થાય. તેમના 'સ્વૈરવિહાર' નામના આવા મનસ્વી લેખોના સંગ્રહમાંથી આ લેખ લીધો છે.]

ખરાબ કરવું એ જ જગતનું રહસ્ય છે. જગતમાં મોટા થવું એમાં જ કૃતકૃત્યતા રહેલી છે, એમાં તો કોઇથી ના પડાય એમ નથી. મોટા થવું એટલે બીજી ચીજો અને વ્યક્તિઓ ઉપર સ્વામિત્વ મેળવવું, અને સ્વામિત્વ એટલે ખરાબ કરવાનો હક્ક. મારું છોકરું હોય તેને સારું ખવડાવવાનો ગમે તેને હક્ક છે. માર્ગમાં જનારો પણ તેને સારું આપી શકે; પણ ખરાબ ખવડાવીને માંદું પાડવાનો માત્ર મને જ હક્ક છે. મારા છોકરાને કાંઈ પણ સારું શીખવવાનો ગમે તેને હક્ક છે; પણ ખરાબ શીખવવાનો, મારામાં જેટલા દુર્ગુણો હોય તેટલા બધા શીખવવાનો, તેને જગતને માટે નિરુપયોગી બનાવવાનો, મને એકલાને જ હક્ક છે. બૈરી હોય, તો તેને સારી રીતે બોલાવવાનો ગમે તેને હક્ક છે; પણ તેને ગાળ દઈને બોલવવાનો, તેને લાકડી મારવાનો માત્ર તેના સ્વામીને જ હક્ક છે. મારાં કપડાં ધોઈ આપવાનો ગમે તેને હક્ક છે; અરે, મારું ઘર કોઈ સાફ કરી આપે, કપડાં કોઈ ધોઈ આપે, વાસણ કોઇ માંજી આપે તો તેને સેવાનું કેટલું પુણ્ય મળે! પણ મારાં કપડાં ગંદાં કરવાનો, વાસણ ચિડાઈને અફાળી ભાંગી નાખવાનો માત્ર મને હક્ક છે.

'ધણીનો બળદ કોશે નાથે કે કુહાડે નાથે તેમાં કોઇને શું?' એ કહેવત આ જ બાબત સિદ્ધ કરી આપે છે. બીજી એક લોકડહાપણની વાર્તામાં આ જ સ્વીકારાયું છે:

'કેમ મિયાંસાહેબ, આ લડકા તુમારા હૈ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાલા, મેરા નહિ તો ક્યા તેરા હૈ ?'

'નહિ નહિ, મિયાંસાબ, આપકા, આપકા. શિયાળામાં અચ્છી તરહસે ખૂબ સાલમપાક ખિલાઓ.'

'મૈં ચાહુંગા તો સાલમપાક ખિલાઉંગા, નહિતર માર મારકે સાલાકી ઠૂસ કાઢુંગા, ઈસિમેં તેરા ક્યા ?'

* * *

હવે જરા ખરાબ કરવાની કળા જીવનના પ્રદેશમાં જોઇએ. તેમાં મુખ્ય ચોપડી બગાડવાની કળા લાગે છે. ચોપડી ક્યાં સુધી વાંચી તેની નિશાની રાખવા પાનું ખૂણા પર વાળવું એ સહેલામાં સહેલી યુક્તિ છે. તેથી મહેતાજીઓનાં પાઠ્યપુસ્તકોનાં એટલાં બધાં પાનાં વાળેલાં હોય છે કે પછી નવી નિશાની કરવા નવો ખૂણો વાળવો પડે છે. અને પાનું ચોખંડું હોવા છતાં તેને વાળી શકાય તેવા બે જ ખૂણા હોય છે, તેથી ખૂણા તૂટી જાય છે ને ફાટવા માંડે છે. પણ તે કરતાં વધારે સરળ રીત, નિશાની તરીકે પેનસિલ કે હોલ્ડર મૂકવાની છે. મોટી ચોપડીમાં અંદર પેનસિલ મુકાયા પછી તેના પર ભાર આવવાથી ચોપડીની બાંધણી ફાટવા માંડે છે, અને થોડા વખતમાં કર્તાએ ન ધાર્યા હોય તેવા તેના વિભાગો પડી જાય છે.

મારા મિત્રનું કોઇ પુસ્તક ખોવાયેલું. ઘણું શોધ્યે પણ જડે નહિ. પછી એક વાર બીજા મિત્રને ત્યાં અમે મળવા ગયેલા, ત્યાં તેનો નોકર એક ચોપડી લઈ કબાટમાં મૂકતો હતો. મિત્રે તરત બૂમ પાડી કે, 'એ મારી ચોપડી છે.' હવે પુસ્તકનું નામઠામ કશું દેખાતું નહોતું. મેં કહ્યું, 'તમે કેમ જાણ્યું ?' તેમણે કહ્યું, 'તેનું પૂઠું જુઓ. મારે ઘેર દરેક ચોપડીના પૂઠા પર ચાના કપ મૂકવાના દશ-બાર કૂંડાળાં હોય જ છે. એ મારી જ ચોપડી છે.' પણ એ ચોપડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઘાડી જોઈ તો તેમની નહતી. એ તો બેઠા હતા તે ઘરધણીની જ હતી. ત્યારે મને ખબર પડી કે ચોપડી ખરાબ કરવાની આ પણ એક અદ્‌ભુત કળા છે!

બહુ સંભાળીને વાંચવાથી પુસ્તકો અદ્‌ભુત રીતે બગડે છે. આવા વાંચકોનો ઓછોવત્તો દરેકને અનુભવ હશે. પણ મારે આવા એક મહાન વાચકનો અનુભવ થયેલો. તેઓ મારી સાથે કૉલેજમાં ભણતા હતા, અને કૉલેજની પરીક્ષાઓનો તેમને ઘણો જ અનુભવ થઈ ગયેલો. તેઓ પાંચસાત જાતની પેનસિલો રાખતા. સાધારણ અગત્યનું હોય તેને અમુક રંગથી નિશાની કરતા; તેથી વધારે માટે બીજો રંગ; તેથી વધારે માટે ત્રીજો રંગ; એમ અગત્યની જુદી જુદી કોટિઓ માટે તેમણે પાંચ–સાત રંગ નક્કી કરેલા. પછી પરીક્ષા પહેલાં એક માસ હોય ત્યારે પહેલા રંગનું વાંચવું. પછી પંદર દિવસે બીજા રંગનું....અને છેક છેલ્લે દિવસે તો સૌથી વધારે અગત્યદર્શક રંગની નિશાનીઓ વાંચી જવી. નિશાનીઓ પણ આડી, ઊભી બન્ને કરતા. વળી માર્જિનમાં N. B., Imp., Very Imp., Most Imp.,* વગેરે લખતા. તે ઉપરાંત L. B. H. લખતા. આ છેલ્લી ‘લાઘવી’ તો ડિક્ષનેરીમાં પણ કદાચ ન મળે. માટે કહું છું કે તેનો અર્થ Learn by Heart એટલે કે ‘ગોખી મારો’ એવો થાય છે. ઉપરાંત બે લીટીઓ વચ્ચે અને માર્જિનમાં શબ્દોના અર્થો કે પ્રોફેસરોએ કહેલું લખી લેતા. ટૂંકમાં ચોપડીના પાનામાં ક્યાંય પણ કોરી જગા રહેવા ન દેતા. એમણે વાંચેલી ચોપડી પછી કોઈ ન વાંચી શકતું; હું માનું છું કે તેઓ પણ નહોતા વાંચી શકતા.

---

* ધ્યાનમાં રાખો; અગત્યનું; બહુ અગત્યનું; બહુ જ અગત્યનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. આ પાઠમાં આપણી વસ્તુઓ પર આપણા અને પારકાના હક્કોમાં લેખક શો તફાવત બતાવે છે ?
૨. આપણને આપણી વસ્તુ બગાડવાનો હક્ક શી રીતે હોઇ શકે ?
૩. લેખકે ચોપડી ખરાબ કરવાના કયા રસ્તા અહીં બતાવ્યા છે ?
૪. ખરાબ કરવાની રીતને 'કળા' કેમ કહેવામાં આવી છે ?
૫. નીચેના શબ્દોમાંથી નામ બનાવોઃ—
ચિડાવું, સિદ્ધ, સરળ, બાંધવું.
૬. 'કૉલેજની પરીક્ષાઓનો તેમને ઘણો જ અનુભવ થઇ ગયેલો.' આ વાક્યમાં શો કટાક્ષ છે ?

★

પાઠ ૩૪ મો

¤

પેકીનનો ઘંટ

¤

શ્રી. નગીનદાસ પારેખ

[બલિદાન કે સ્વાર્પણ વિના કોઇ પણ મહાન કામ થતું નથી. પેકીનના ગંજાવર ઘંટની પાછળ પણ એક કન્યાનું લોહી રેડાયું છે. તેમાંથી નીકળતા મધુર સ્વરોમાં કો—આઇનો આત્મા ગુંજે છે. એ બલિદાનની સુંદર ઘટના શ્રી. નગીનદાસ પારેખે આ પાઠમાં આલેખી છે.

શ્રી. નગીનદાસ પારેખ જાણીતા લેખક છે. તમારી વયનાં બાળકો સમજી શકે તેવું સાહિત્ય પીરસતા 'કિશોર' નામના એક માસિકના તે તંત્રી હતા. તેમાંથી જ આ વાર્તા લીધી છે.]

દુનિયાના વિખ્યાત અને મહાન ઘંટોમાં પેકીનના ઘંટની પણ ગણના થાય છે. એની કથા જાણવા જેવી છે.

ચીનમાં ચુંગ લો નામનો એક બાદશાહ થઈ ગયો. તે ગાદીએ આવ્યો ત્યારે ચીનની રાજધાની નાનકિંગમાં હતી. પણ તેણે થોડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ વખતમાં પેકીનને રાજધાનીનું શહેર બનાવ્યું. રાજધાની બનતાં જ પેકીનમાં કેટલાય મોટા મોટા મહેલો ચણાયા, કેટલાય બંગલાઓ બંધાયા,–શહેરનો રુઆબ જ ફરી ગયો. ત્યાં એક મોટો મિનારો પણ બંધાયો.

'મારે આ મિનારામાં એક ઘંટ ટાંગવો છે–આખા દેશમાં બીજે ક્યાંય ન હોય એવો સુંદર અને મોટો. એ ઘંટ વાગે એટલે આખા શહેરમાં સંભળાય. આપણા રાજમાં કોઈ કુશળ કારીગર છે?' બાદશાહે પૂછ્યું.

'જરૂર, હમણાં જ પેલા કવાન ચુને બોલાવીએ. એના જેવો કારીગર મળવો મુશ્કેલ છે.' વજીરે જવાબ આપ્યો.

કવાન ચુ આવતાં જ બાદશાહે તેને કહ્યું: 'રાજ્યમાં બીજે ક્યાંય ન હોય એવો સુંદર અને મોટો ઘંટ મારે આ નવા મિનારામાં ટાંગવો છે. કેમ થશે ને?'

'આપની આજ્ઞા છે તો બધુંય થશે.'

'તો આજે જ કામ શરૂ કરી દો.'

* * * *

રાજાએ પોતાને કામ સોંપ્યું એથી કવાન ચુને ખૂબ આનંદ થયો. પોતાની કળા વાપરવાની તક મળે ત્યારે કોને આનંદ ન થાય? કોને ઉત્સાહ ન ચડે? તે તો એકદમ કામે વળગી ગયો. પોતે જે જે કુશળ કારીગરોને ઓળખતો હતો તેમને બોલાવ્યા. બધાએ ભેગા થઈને તૈયારી કરવા માંડી. સારામાં સારી ધાતુ મેળવવામાં જ કેટલાય દિવસો તો ચાલ્યા ગયા. પછી તેમણે ઢાળો તૈયાર કરવા માંડ્યો. મહામહેનતે ઢાળો પણ તૈયાર થયો, અને ઢાળવાની ધાતુ પણ પીગળીને તૈયાર થઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જબરદસ્ત ઘંટ ઢળાતો જોવા માટે ખુદ બાદશાહ પોતાના દરબાર સહિત હાજર થયા. સહુના દેખતાં કવાન ચુએ ધાતુ રેડી—પણ અરે, આ શું ? ઢાળો ફાટી ગયો ! કવાન ચુની બધી મહેનત ધૂળ મળી !

આટઆટલા દિવસની મહેનત અને કરેલો ખર્ચ નકામાં ગયાં એ જોઇને રાજાને ભારે રોષ ચડ્યો. પણ આખરે તેણે કવાન ચુને ફરી એકવાર પ્રયત્ન કરી જોવાની તક આપી.

કવાન ચુને આનંદ થયો. તેને પહેલાં કદી નાસીપાસ થવાનો પ્રસંગ આવ્યો નહોતો. ફરી તેણે કમર કસી અને નવો ઢાળો તૈયાર કર્યો. ફરી ઘંટ ઢાળવાની તૈયારી થઈ.

આ વખતે તો પહેલી વાર કરતાં પણ વધુ લોકો જોવા આવ્યા, અને જ્યારે ધગધગતી ધાતુ ઢાળામાં રેડવામાં આવી ત્યારે સૌ એકીટશે જોઈ રહ્યા. કોઈ શ્વાસ સુધ્ધાં લેતું ન હતું. આ વખતે ઢાળો ન ફાટ્યો. ધીમે ધીમે ઘંટ ઠરી ગયો. પછી તેને બહાર કાઢવામાં આવ્યો. અરે, આ તે ઘંટ છે કે ગળણી ! આ આખા ઘંટમાં ઠેકઠેકાણે કાણાં કાણાં રહી ગયાં હતાં. એ જોતાં જ કવાન ચુના તો હોશકોશ ઊડી ગયા. તે ધોળી પૂણી જેવો થઈ ગયો.

આ વાતની જાણ થતાં રાજાએ તરત કવાન ચુને બોલાવી મંગાવ્યો. રાજાનું તેડું આવ્યું એટલે ગયા વિના કંઈ ચાલે ? બિચારો ધ્રૂજતો ધ્રૂજતો જઇને દરબારમાં ખડો થયો. પણ રાજા જરા ઠંડા પડેલા હતા. તેમણે કહ્યું, ‘આટલી વખત હું તને માફ કરું છું. તું ત્રીજીવાર ઘંટ ઢાળ. પણ આ વખતે જો કામ બગડી ગયું તો તારું માથું ધડ પર નહિ રહે. તું ગમે એટલો કરગરશે, પણ કામ નહિ આવે.’

કવાન ચુ ખૂબ દુઃખી હૃદયે ઘેર ગયો. હતાં એટલાં બધાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તકો ફેંદી વળ્યો. તેમાંથી ઘંટ ઢાળવાની કળા વિષે મળ્યું એટલું જાણી લીધું, અને નમ્ર હૃદયે ઈશ્વરની પ્રાર્થના કરી કે, હવે તો તું જ મારો આધાર છે.

પિતાને આમ ખૂબ ચિંતામાં ડૂબેલો જોઈ તેની એકની એક પુત્રી કો–આઇએ ચિંતાનું કારણ પૂછયું, એટલે તેણે રાજાની આજ્ઞા કહી સંભળાવી.

આ કો–આઈ રૂપરૂપના અંબાર સરખી હતી. કંચન સરખી તેની કાયા હતી. મોતી જેવા સુંદર અને ચમકદાર તેના દાંત હતા. પણ તેના દેહ કરતાં તેનું અંતર વધુ સુંદર હતું. તે ખૂબ ભલી હતી, આજ્ઞાધારક હતી. પોતાના પિતા ઉપર તેને અપાર હેત હતું.

ગામ બહાર પહાડની ગુફામાં એક જાદુગર રહેતો હતો. એક દહાડો કો–આઈ બાપ ન જાણે એ રીતે જાદુગર પાસે ગઈ, અને બધી વાત માંડીને કહી સંભળાવી. પછી તેની સલાહ પૂછી.

પહેલાં તો જાદુગરે પોતાની પુરાણી પોથીઓ ઉથામી. પછી લાંબા વખત સુધી વિચાર કર્યો, અને છેવટે ઉદાસ સ્વરે કહ્યું: 'જો કોઇ પવિત્ર કન્યાનું લોહી ધાતુ સાથે મેળવવામાં આવે તો આ ઘંટ બરાબર ઢળાય, એવું આમાં તો લખ્યું છે.'

આ સાંભળીને કો–આઇનો તો જીવ ચગડોળે ચડયો. જેમ તેમ ઘેર આવી.

તેના બાપે કેટલાય દિવસો ત્રીજો ઢાળો તૈયાર કરવામાં જ ગાળ્યા.

એક દિવસ તેણે પોતાની દીકરીને કહ્યું : 'આ વખતે બધું બરાબર ઊતરે તો સારું.'

'કંઈ વાંધો નહિ આવે, બાપુ. આ વખતે ઘંટ જરૂર થશે જ.' તેણે જવાબ દીધો, પણ તેના મોં ઉપરનો રંગ ઊડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે ઢાળો ઢાળવાનો દિવસ આવી પહોંચ્યો. ત્રીજી વાર લોકોની ઠઠ જામી. બાદશાહ પોતાના આખા દરબાર સાથે હાજર થયો.



ધગધગતી ધાતુના ધોધમાં ઝંપલાવતી કો–આઈ

પીગળેલી ધગધગતી ધાતુનો ધોધ ઢાળામાં ધસતો જતો હતો. એવામાં લોકો એકદમ ચીસ પાડી ઊઠયા, અને કોઈ વિચિત્ર ભયના માર્યા લોકો એકબે ડગલાં પાછા હઠી ગયા. 'બાપુ' એવો પોકાર કરીને બહાદુર કન્યા કો–આઈએ પેલા ધગધગતા ધાતુના ધોધમાં ઝંપલાવી મૂકયું.

ક્વાન ચુ પાછળ દોડયો, અને તેને પકડવાને ઘણુંયે કર્યું, પણ તેના હાથમાં ફક્ત મોજડી જ આવી.

તેના દુઃખનો પર ન રહ્યો. તેનું મગજ ફટકી ગયું. તેના કેટલાક મિત્રો તેને જેમતેમ કરીને આઘો લઈ ગયા.

થોડી વાર પછી જ્યારે ધાતુ ઠરી ગઇ ત્યારે બાદશાહે ઢાળો કાઢી નાખવાનો હુકમ કર્યો. તરત જ ઢાળો ખોદી નાખ્યો. અંદરથી જે ઘંટ નીકળ્યો તે સર્વાંગસુંદર હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ નવાઈની વાત એ છે કે એ ઘંટને પેલા મિનારા ઉપર લટકાવ્યા પછી જ્યારે જ્યારે એ વગાડવામાં આવતો ત્યારે ત્યારે એમાંથી ધીમો નિસાસો સંભળાતો, 'હીશ–હીશ.'

ચીની ભાષામાં 'હીશ'નો અર્થ મોજડી થાય છે.

આ સાંભળી કોક બોલી ઊઠયું, 'સાંભળો, કો–આઈ પોતાની મોજડી માગે છે.'

અને તે દિવસથી આજ સુધી જ્યારે જ્યારે પેકીનનો એ મહાન ઘંટ વાગે છે ત્યારે ત્યારે કો–આઈ મોજડી માગતી સંભળાય છે.

પ્રશ્નો

૧. પેકીન કયાં આવ્યું ? ત્યાં કયી જાતના લોકો રહે છે ?
૨. કવાન યુને ઘંટ બનાવવામાં કેટલી વાર નિષ્ફળતા મળી ? એથી એ નાસીપાસ થયો ? એ નિષ્ફળતાનું કારણ શું ?
૩. પોતાના બાપને ફતેહ મળે એ માટે કો–આઇએ શું પગલું ભર્યું ?
૪. કવાન યુના હાથમાં એની પુત્રીનું શું રહી ગયું ?
૫. ઘંટના અવાજ પરથી 'કો–આઈ મોજડી માગે છે' એમ લોકો શા માટે માનતા થયા ?
૬. નીચેના શબ્દસમૂહો વાકયોમાં વાપરો:—
એકીટશે જોવું, હોશકોશ ઊડી જવા, ઘોળા પૂણી જવા, રૂપરૂપનો અંબાર, માંડીને વાત કહેવી, મગજ ફટકી ગયું.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૫ મો

કુંભકર્ણને જગાડ્યો

મહાકવિ પ્રેમાનંદ

[પ્રેમાનંદ આપણી ભાષાનો મહાકવિ છે. તેનાં લખેલાં બે કાવ્યો તમે પહેલા તથા બીજા પુસ્તકમાં શીખ્યા હશો. અહીં 'રણયજ્ઞ' નામના કાવ્યમાંથી એક પ્રસંગ લીધો છે. રામ સાથે રાવણનું યુદ્ધ થયું તેમાં રાવણના લશ્કરનો કચ્ચરઘાણ નીકળી ગયો. હવે રાવણ મૂંઝાયો. એટલે તેણે તેના ભાઇ કુંભકર્ણને જગાડવાનું નક્કી કર્યું. પણ કુંભકર્ણને જગાડવો એ કંઈ સહેલું કામ ન હોતું. તેને જગાડવા અજમાવેલી રીતો વાંચી તમને જરૂર હસવું આવશે. આખરે કુંભકર્ણ જાગે છે અને રાવણને મીઠો ઠપકો આપે છે. પણ રાવણ જ્યારે પેટ ખોલી વાત કરે છે ત્યારે કુંભકર્ણ યુદ્ધ કરવા તૈયાર થાય છે.]

"ક્યમ નમું હું નર વાનરને? લાજે છત્ર મેઘાડંબર;
મેં દેવ દાનવ યક્ષ કિન્નર જીત્યા, તો શું કરશે નરવાનર?
પાવક પાક નિપાવે મારે, પવન બુહારે દ્વાર;
જળડોળો ગણપતિ લઈ ચાલે, રવિ ચંદ્ર દીવીદાર.
બારે મેઘ ભરે ઘેર પાણી, સ્તવે વેદ બંદી ચાર;
નારદ નટવર નાચે સરસ્વતી, મેં પ્રાજે કીધો સંસાર.
જેષ્ટિકાદાર જમરાજા મારે, ભણે વિધિ આશીર્વચન;
વાર તિથિ બ્રેહસ્પતિ કહી જાયે, કુબેર સાચવે ધન.
ઈંદ્ર સમુદ્ર મહારુદ્ર વશ કીધા, 'ત્રિભુવનપતિ' મારું નામ;
કુંભકર્ણ સરખો બાંધવ મારે, કોણ માત્ર લક્ષ્મણ રામ?'
એમ કહી રાણી સમજાવી, રાણે વધાર્યો વિરોધ;
ક્ષોણી એક જોદ્ધા પડ્યા રણમાં, થવા માંડ્યું દારુણ જુધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ કોટિ મંત્રી મૂઆ, બહુ પુત્ર પામ્યા મરણ;
પછે રાવણને ચિંતા થઈ, "હવે જગાડું કુંભકર્ણ."

(વલણ)

કુંભકર્ણને જગાડવાનું, ચિત્તમાં આણ્યું રાય રે;
[ભટ પ્રેમાનંદ કહે કથા] કુંભકર્ણને શું થાય રે.

(રાગ કાલેરો)

"જાગો જાગો ભાઈ! ભીડ પડી છે [કરે વિનતિ રાવણરાયઃ]
નરવાનરે લંકાગઢ ઘેર્યો, તુંને નિદ્રા કયમ સોહાય?"

તરત સેવક તેડાવ્યા રાયે; કહ્યું: "જગાડો કુંભકરણ."
લક્ષ જોદ્ધા વળગી ઢંઢોળે, જાણે શું પામ્યો મરણ!
જળ છાંટયે નવ જાગે જોદ્ધો, તાપણાં કીધાં ચોફેર;
હૃદે ઉપર શલ્યાપડ મેલ્યાં, કાનમાં ફૂંકે મદનભેર.
કપાળ પર દુંદુભી વાજે શરણાઈ નફેરી ઢોલ;
કરોડ ઘોર મેઘશબ્દ કરે; પણ રાણો ન આપે બોલ!
સૂંઠ મરી નાસિકામાં મૂકયાં, અજમો ચલાવ્યો નાસામાંય;
પાછો શ્વાસ જ્યાં મૂકયો નિદ્રામાં, આકાશ ઊડ્યાં જાય!
હૃદયા ઉપર અશ્વ દોડાવ્યા, વરાડ્યા મહિષ માતંગ,
તોયે એ સૂતો નવ જાગે, સાણસે ત્રોડાવ્યાં અંગ.
નાનાવિધ ઓસડ અંજન કીધાં, ઊચળી પછાડ્યો વાર બે ચાર;
પણ અઘોરીની ઊંઘ ન ઊડે! કીધાં, ઘૂંટણિયાંના પ્રહાર.
વળી નાસિકામાંહે સર્પ ચલાવ્યા, વાયુ રૂંધાવ્યો લંકારાય;
નાસા કપોલમાંહે સર્પ અકળાયા કાનમારગે નીસરી જાય!
એમ વાજ આવ્યો રાવણરાજા ન લાગ્યો એકે ઉપાય;
ત્યારે કુંભકરણની આવી અંગના નમન કરતી પાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કષ્ટ દીધે મારો કંથ ન જાગે, એને વહાલા શ્રીભગવાન;
જગાડું હું હેલામાત્રમાં, તમો કરાવો ભક્તિગાન.

ભક્ષ ભોજન કરાવીને રાખો,નહિ તો કરશે સરવનો આહાર."

રાવણે મધુમાંસ અણાવ્યાં, અન્નતણા કીધા અંબાર.
અપછરા પાસે નૃત્ય કરાવ્યું, ગાન તાન વાજે વાજિંત્ર;
કુંભકરણ ડોલ્યો જ્યમ મણિધર સાંભળતાં ગોવિંદચરિત્ર.

ઊઠતાં અન્ન આરોગ્યું સર્વે, પછે પૂછ્યા સમાચાર;
"હું કાચી નિદ્રાએ શીદ જગાડ્યો ? આ શા વાનરના હોકાર?"

રાવણે વાત કહી વિસ્તારી જે રીતે દૂભ્યા શ્રીરામ;
"એ ગત માટે તુંને ઉઠાડ્યો, કોણ કરે તું વિણ સંગ્રામ ?

(વલણ)

સંગ્રામ કરો શ્રીરામ સાથે, કપિ પમાડો મરણ રે."
વચન સાંભળી વીરનાં પછે શું બોલ્યો કુંભકરણ રે ?

(રાગ પરજિયો)

કર ઘસી કુંભકર્ણ બોલ્યો ધૂણી પોતાનું શીશ રે;
ઘર ઘાલ્યું ભાઈ ઘેલડા ! તેં દુભાયા જગદીશ.
બળિયા સાથે ભરી બાથ, વીરા !
તેં કાં દૂભ્યા રઘુનાથ ? વીરા ! તુંને હું શું કહું રે ?

ત્ર્યંબક લેતાં તાહરા રે, ચંપાણા વીશ હાથ રે;
કાઢી મૂક્યો તુંને રાઘવજીએ, થયો કૃતઘ્ની લંકાનાથ !–તુંને૦

સાયર જળ જેણે બાંધિયું રે, શલ્યા તારી પુષ્પ સમાન રે;
મેઘાડંબર સહેજે છેદિયું; તોય તુંને ન આવી સાન–તુંને૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત જીતી તેં જેર કીધું રે, ના જીત્યા ક્રોધ ને કામ રે;
શ્યામ કેશ ઉજ્જ્વળ થયા; તોય મન રહ્યું તારું શ્યામ!–તુંને૦

ચંદ્ર વિના જેવી જામની રે, દીપ વિના જેવું ધામ રે;
ત્યમ વિભીષણ બાંધવ વિના દીસે ઉજ્જડ લંકાગામ!–તુંને૦

પરનારી જેવી પાવક ઝાળ રે, સાપણ વિખની વેલ રે;
જીવ લેશે તારો કુટુંબ સાથે, જઇ રામચરણે શીશ મેલ–તુંને૦

હું મરણથકી બીતો નથી રે, મને દાઝે તારું હેત રે;
ન માને શીખ માહરી, જાશે જમપુર સ્વજનસમેત–તુંને૦

જો વાડીમાં બેસાડી જાનકી રે, તો લઈ આવ્યો કોણ કામ રે?
તુંથી સીતા નથી જિતાતી; તો ક્યમ જિતાશે રામ?–તુંને૦

રાવણ કહે કુંભકર્ણને રેઃ

"ભાઈ! સાંભળ સુખની વાત રે;
દેખું હું સતી જાનકીને જાણું એ આપણી માત.
ત્યાગ કરે ના ચિત્ત સીતાને રે, બળશે શરીરને સંગ રે;
હાવે આજ કેમ નમું રિપુરામને? મુખે લાગે કાળો રંગ–

(વલણ)

લાગે કાળક મુખ વિશે જો નમું રિપુને પાય રે–"
કુંભકરણ કહેઃ "ધન્ય તું! તારું મન જોયું મેં ભાઈ રે!"

પ્રશ્નો

૧. કયા કયા દેવો રાવણની સેવા કરતા હતા? તેઓ શી શી સેવા કરતા હતા?
૨. યુદ્ધમાં રાવણની શી સ્થિતિ હતી?
૩. કુંભકર્ણને જગાડવા માટે રાવણે કયી કયી યુક્તિઓ અજમાવી?
૪. કુંભકર્ણની પત્નીએ તેને જગાડવા માટે શો ઉપાય સૂચવ્યો?
૫. કુંભકર્ણ માટે શી વસ્તુઓ તૈયાર રાખવાનું તેની પત્નીએ કહ્યું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. કુંભકર્ણ જાગ્યો ત્યારે તેણે રાવણને શો ઠપકો આપ્યો ?
૭. રાવણે કુંભકર્ણને શો જવાબ આપ્યો ?
૮. નીચેના શબ્દો કે રૂઢિપ્રયોગોના અર્થ કહો:—
ભીડ પડી છે, મહિષ, હેલામાત્ર, કર ઘસવા, ઘર ઘાલવું, જેર કરવું.

★

પાઠ ૩૬ મો

પવિત્ર પાણી

શ્રી. ચંદ્રશંકર શુકલ

[આ લેખકના લખેલા બે પાઠ 'દશરથનો અંતકાળ' તથા 'ગોઝારી મા' તમે પુસ્તક પહેલા તથા પુસ્તક બીજામાં શીખ્યા હશો. આ વાર્તામાં લેખકે એક સુંદર વિચાર રજૂ કર્યો છે. દયાહીન મનુષ્યોને ઈશ્વર સજા કરે છે, પણ જેનામાં દયા છે, જેનામાં માનવતા છે, જેનામાં સ્વાર્થ તજવાની શક્તિ છે તેને ઈશ્વર અવશ્ય મદદ કરે છે.

ત્રણ ભાઈઓ હતા. તેમાંના સૌથી નાના ભાઈને (ગુલાબને) એક બુઢ્ઢો મળ્યો. તે કનકનદીનો રાજા હતો. તેણે તેને કહ્યું કે જો તે એક નદીમાં પવિત્ર પાણી નાખશે તો તે નદી સોનાની થઈ જશે. આ વાત સાંભળી બે મોટા ભાઈ (હેમુ અને સાવજ) એક પછી એક પવિત્ર પાણી લઈ નદી તરફ ગયા. તેમને માર્ગમાં પાણીની તરસથી પિડાતાં પ્રાણીઓ મળ્યાં. પણ તેમણે તેમાંથી એક ટીપું પણ કોઈને ન આપ્યું. બન્નેએ બધું પાણી નદીમાં નાખ્યું. પણ નદી સોનાની ન થઈ. ઊલટું એ બન્નેને ઈશ્વરે પથ્થરના રૂપમાં ફેરવી નાખ્યા. હવે આગળ વાંચો.]

સાવજ પાછો આવ્યો નહીં એમ ગુલાબે જોયું ત્યારે તેને બહુ દુઃખ થયું. હવે શું કરવું એની સમજ તેને ન પડી. તેની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસા બિલકુલ રહ્યા નહોતા. એટલે તેને ફરી પેલા સોનીને ત્યાં નોકરીએ રહેવું પડ્યું. સોનીએ એની પાસેથી કામ બહુ સખત લેવા માંડયું ને પૈસા બહુ જ ઓછા આપ્યા. એટલે મહિના બે મહિના પછી ગુલાબ કંટાળી ગયો, ને તેણે કનક નદીએ પહોંચી પોતાનું ભાગ્ય અજમાવી જોવાનો નિશ્ચય કર્યો. તેણે વિચાર કર્યો: 'પેલા નાના રાજાજી બહુ માયાળુ દેખાતા હતા. મને નથી લાગતું કે એ મને માણસમાંથી કાળો પથરો બનાવી દેશે.' તે પૂજારી પાસે ગયો. પૂજારીએ તેને માગતાંવેંત ગંગાજળ આપ્યું. પછી ગુલાબે કરંડિયામાં રોટલા ભરી લીધા, ગંગાજળનો ચંબુ લીધો, ને પરોઢિયે વહેલો ઊઠી પહાડ પર જવા નીકળી પડ્યો.

પેલો બરફનો પટ ઓળંગતાં મોટા ભાઈઓને પડેલી એના કરતાં વીસગણી મુશ્કેલી ગુલાબને પડી; કેમકે એના શરીરમાં મોટા ભાઈઓ જેટલું જોર નહોતું, તેમ પહાડોમાં ફરવાનો મહાવરો પણ નહોતો. તે ઘણીવાર પડી ગયો ને તેને ઘણું વાગ્યું. તેનો કરંડિયો તેમજ અંદરના રોટલા ખોવાઇ ગયા. બરફની તળે થતા વિચિત્ર અવાજ સાંભળીને તે બહુ જ ડરી ગયો. બરફનો પટ મહા મુસીબતે ઓળંગ્યા પછી તે ઘાસ પર આરામ લેવા લાંબો વખત પડી રહ્યો; અને ખરે બપોરે પહાડ પર આગળ ચડવા લાગ્યો. કલાકવાર ચડ્યા પછી તેને સખત તરસ લાગી ને કંઠે શોષ પડવા લાગ્યો. એટલે તે પણ ભાઇઓની પેઠે ચંબુમાંથી ગંગાજળ પીવા જતો હતો, તેવામાં પહાડ પરથી એક ડોસો ઊતરતો તેની નજરે પડ્યો; તે બહુ જ નબળો દેખાતો હતો, ને લાકડીને ટેકે ચાલતો હતો. ડોસાએ કહ્યું: 'દીકરા, તરસે મારું ગળું સુકાય છે, મારામાં ચાલવાની હામ રહી નથી. મને જરા પાણી પીવા આપને.' ગુલાબે એની સામે જોયું. તે ફીકો ને થાકેલો હતો એમ જોયું એટલે પાણી આપ્યું ને કહ્યું: 'બધું ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પી જશો હોં.' પણ ડોસો તો ઘણું પાણી પી ગયો; ચંબુમાં ત્રીજા ભાગનું જ રહેવા દીધું; ને ચંબુ ગુલાબને આપી તેને દુવા દીધી.

પછી તે એક કલાક સુધી આગળ ચાલ્યો. વળી તેને ખૂબ તરસ લાગી, ને મનમાં થયું કે હવે પાણી પીધા વિના છૂટકો નહીં થાય. પણ ચંબુ ઊંચો કરીને હોઠે અડાડવા જાય છે ત્યાં રસ્તાની બાજુમાં એક બાળકને હાંફતું પડેલું જોયું. તેણે દયા ઉપજાવે એવે સ્વરે પાણી માગ્યું. ગુલાબના મનમાં ઘડભાંજ તો થઈ. પણ તેણે મનને વશ કર્યું. ને તરસ જરા વધારે વાર સહન કરી લેવાનો નિશ્ચય કર્યો. ચંબુ બાળકને મોંઢે અડાડ્યો. બાળકે ઘણું પાણી પીધું, ને ચંબુમાં થોડાંક ટીપાં જ બાકી રહ્યાં. બાળકે ગુલાબ સામે જોઈ મોઢું મલકાવ્યું, ને ઊભા થઈ પહાડ પરથી તળેટી તરફ દોટ મૂકી. ગુલાબ તેની પાછળ જોઈ રહ્યો. છેવટે બાળક નાનું નાનું થતાં છેક નાના તારા જેવડું દેખાવા લાગ્યું. પછી ગુલાબ ઊભો થઇને ફરી પાછો ચડવા લાગ્યો.

બાળકે પહાડ પરથી તળેટી તરફ દોટ મૂકી.

પણ તે બીજો એક કલાક ચડ્યો ત્યારે ફરી તેનાથી તરસ સહન થાય એવું રહ્યું નહીં. ચંબુમાં જોયું તો પાંચ કે છ જ ટીપાં બાકી રહ્યાં હતાં. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીવાની તેની હિંમત ચાલી નહીં. ચંબુ ફરી પાછો કમરબંધ પર લટકાવી દેવા જતો હતો, ત્યાં તો ખડક પર એક નાના કૂતરાને હાંફતો જોયો. હેમુ ચડ્યો તે દહાડે તેને પણ આવી રીતે કૂતરો દેખાયેલો. ગુલાબે ઊભા રહી કૂતરા સામે જોયું; ને પછી કનક નદી તરફ નજર નાખી. નદી માંડ પાંચસો વાર ઊંચે હતી. વામનજીએ એને કહેલું કે, 'જે પહેલે પ્રયત્ને પહાડ પર ચડી નહીં શકે તે બીજે પ્રયત્ને તો નહીં જ ફાવે.' એ શબ્દો યાદ આવ્યા. તે કૂતરાને પડતો મૂકી આગળ જવા નીકળ્યો તો ખરો, પણ કૂતરો કરુણ અવાજે રડ્યો, એટલે પાછો થોભી ગયો. તેણે વિચાર્યું: "બિચારો કૂતરો! હું એને હમણાં પાણી નહીં આપું તો હું ઊતરીને પાછો આવીશ ત્યારે તો એ મરી પણ ગયો હશે.' તેણે કૂતરાની વધારે ને વધારે નજીક જઇ નિહાળી જોયું. કૂતરાએ આંખ તેની સામે ફેરવી. તેની આંખમાં એટલું દર્દ ભરેલું હતું કે ગુલાબથી તે સહન થયું નહીં. તે બોલી ઊઠ્યો: 'ધર્યો રહ્યો રાજા, ને બળ્યું એનું સોનું.' તેણે ચંબુ ઉઘાડીને રહ્યુંસહ્યું પાણી કૂતરાના મોંમાં રેડી દીધું.

કૂતરો કૂદકો મારીને પાછલા પગ પર ઊભો થઈ ગયો. તેની પૂંછડી અલોપ થઈ ગઈ. કાન લાંબા ને લાંબા થતા ગયા. તે રેશમ જેવા સુંવાળા ને સોના જેવા રંગીન બની ગયા. નાક બહુ જ રાતું થઈ ગયું. આંખો ખૂબ પલકારા મારવા લાગી. પલકવારમાં કૂતરો અલોપ થઈ ગયો, ને તેનો જૂનો ઓળખાણવાળો, કનક નદીનો રાજા સામે ઊભો રહ્યો.

'હું પાડ માનું છું તારો,' રાજાએ કહ્યું. 'પણ તું બીશ નહીં. ગભરાવા જેવું કશું નથી.' આમ કહેવાનું કારણ એ હતું કે એણે રાજા વિષે જે છેલ્લાં વચન કહ્યાં તે સાંભળીને જ જાણે રાજા હાજર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો હોય, એવું થયું. એટલે તે ગભરાઈ ગયો હતો. વામનજી કહેવા લાગ્યા: 'તું પહેલાં કેમ ન આવ્યો? તારા પેલા બદમાશ ભાઇઓને કેમ મોકલ્યા? મારે એમને પથ્થર બનાવવાને કેટલી બધી તકલીફ લેવી પડી! એ પથરા પણ ઘણા. કઠણ થયા છે!'

'ઓ બાપરે!' ગુલાબ બોલી ઊઠ્યો, 'તમે ખરેખર આટલા બધા ઘાતકી થયા છો?'

'ઘાતકી!' વામનજીએ કહ્યું. 'એમણે મારા પ્રવાહમાં અપવિત્ર પાણી રેડયું. તું શું એમ માને છે કે એ હું સાંખી લેવાનો છું?'

'કેમ?' ગુલાબે કહ્યું. 'બાપજી—ના, મહારાજ—એ ગંગાજળ એમણે મંદિરમાંથી મેળવ્યું હતું.'

'મેળવ્યું હશે,' વામનજીએ કહ્યું. 'પણ—' આટલું કહેતાં તેના ચહેરા પર કડકાઈ આવી ગઈ. 'જે પાણી એમણે થાકેલા ને મરતા જીવોને ન આપ્યું, તે ગંગાજળ હોય કે મંદિરમાં સાચવેલું હોય, કે ખુદ દેવોએ આપેલું હોય તો તે અપવિત્ર છે. જે પાણી તરસ્યા જીવોને પાવા માટે વપરાયું હોય તે જ પવિત્ર છે. તે ભલેને સ્મશાનમાંથી આણેલું હોય કે તેમાં મડદાં પડેલાં હોય, તેથી શું?'

આટલું કહી વામનજી નીચા નમ્યા, ને તેમણે પગ આગળ ઊગેલું એક કમળનું ફૂલ તોડી લીધું. તેની સફેદ પાંખડીઓ પર ચોકખી ઝાકળનાં ત્રણ ટીપાં બાઝયાં હતાં. તે ખંખેરી તેમણે ગુલાબના ચંબુમાં નાખ્યાં, ને કહ્યું: 'હવે આ ટીપાં નાખ નદીમાં, ને પહાડની પેલી બાજુથી નીચે ઊતરી નંદનવનમાં પહોંચી જા. બસ, રામરામ હવે.'

આમ બોલતાં બોલતાં જ વામનજીનું શરીર ઝાંખું પડવા લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના જામાના વિવિધ રંગો ધુમ્મસવાળા તેજમાં ફેલાઈ ગયા. પળવાર એ રંગોથી ઢંકાયેલો તે ઊભો રહ્યો; જાણે પહોળું મેઘ-ધનુષ જ શરીર પર ન ઓઢયું હોય. રંગો ઝાંખા પડતા ગયા; ધુમ્મસ ઊંચે હવામાં ચડયું; ને રાજા અલોપ થઈ ગયો. ગુલાબ ચડતો ચડતો કનક નદીને કાંઠે ગયો. તેનું પાણી સ્ફટિક જેવું નિર્મળ હતું, ને સૂરજના જેવું ઝગારા મારતું હતું. તેમાં ગુલાબે ઝાકળનાં ત્રણ ટીપાં નાખ્યાં. તે જે જગાએ પડ્યાં ત્યાં ગોળાકાર ખાડો પડ્યો; અને પાણી મધુર અવાજ કરતાં કરતાં એમાં ઊતરી ગયાં.

ગુલાબ કેટલોક વખત આ દેખાવ જોતો ઊભો રહ્યો. તેના મનમાં બહુ નિરાશા ઊપજી. નદી સોનાની ન બની, એટલું જ નહીં પણ તેનું પાણી પણ ઓછું થઈ ગયું. છતાં તેણે પોતાના મિત્ર વામનજીની આજ્ઞા માની, અને પહાડની બીજી બાજુએ થઇને નંદનવન તરફ ઊતરવા માંડયું. તેણે જે અવાજ સાંભળ્યો તે પરથી તેને લાગ્યું કે નદીનું પાણી પહાડની અંદર થઈને નીચે ઊતરી રહ્યું છે. નીચે મેદાનમાં નંદનવન દેખાવા લાગ્યું. ત્યાં તો કનક નદીના જેવી જ એક નદી ઉપરના ખડકમાં પડેલી એક બખોલમાંથી નીકળતી જોઈ. નંદનવન પાછો સુંદર બગીચો બની ગયું. જે વારસો ઘાતકીપણાને લીધે ખોવાઈ ગયો હતો, તે પ્રેમ અને દયાને પ્રતાપે પાછો મળ્યો.

ગુલાબ જઇને નંદનવનમાં વસ્યો. તેને બારણેથી ગરીબ માણસ કદી ખાલી હાથે પાછું ફરતું નહીં. તેને લીધે તેના ભંડારમાં અનાજ ભરપૂર રહેવા લાગ્યું, ને ઘરમાં ધનના ઢગલા થયા. વામનજીએ આપેલું વચન ખરું પડયું. ગુલાબને માટે તો કનક નદી ખરેખર સોનાની બની ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. પર્વત ચડતાં ગુલાબને શી મુશ્કેલી પડી ?
૨. માર્ગમાં ગુલાબને કોણ કોણ મળ્યું ? ગુલાબે તેમને શી મદદ કરી ?
૩. કૂતરાને પાણી મળતાં તેણે કેવું સ્વરૂપ ધારણ કર્યું ?
૪. પવિત્ર પાણી સંબંધી વામનજીના વિચાર દર્શાવો.
૫. પાણી ખલાસ થયા પછી ગુલાબને ક્યાંથી પાણી મળ્યું ?
૬. નદીમાંથી પાણી ક્યાં ગયું ?
૭. સમજાવો:—જે પાણી તરસ્યા જીવોને પાવા માટે વપરાયું હોય તે જ પવિત્ર છે.

★

પાઠ ૩૭ મો

¤

અશોકનો જીવનપલટો

¤

શ્રી. અરવિંદલાલ મજમુદાર

[અશોકનું નામ તો તમે સાંભળ્યું જ હશે. આપણા રાષ્ટ્રધ્વજમાંનું ધર્મચક્ર તેમજ આપણાં રાજચિહ્નો અશોકે ઊભા કરેલ એક સ્તંભમાંથી પસંદ કરવામાં આવ્યાં છે.

આ મહાન રાજા આજથી સવા બે હજાર વર્ષ પૂર્વે થઇ ગયો. તેણે કલિંગદેશ જીતવા મહાયુદ્ધ કર્યું. તે પછીનો આ એક કાલ્પનિક પ્રસંગ છે. આ યુદ્ધ પછી અશોકે યુદ્ધ ન કરવાની પ્રતિજ્ઞા કરી તે કોઇ આવા જ બનાવને લીધે હશે. લેખકે અહીં યુદ્ધથી નીપજતી પારવાર વ્યથાનું દર્શન કરાવ્યું છે અને જીવનનો સાચો માર્ગ શાંતિ છે એમ સૂચવ્યું છે. આ લેખકે અનેક પુસ્તકો લખ્યાં છે. તેમની 'રસમય બાલવાતો' તો તમે વાંચી હશે.]

કલિંગનો વિગ્રહ પૂરો થયો છે. વિજય મળવાથી મૌર્ય સેના આનંદમાં આવી ગઈ છે. ઠેકઠેકાણે છાવણીમાં નાચગાન અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાનપાન ચાલી રહ્યાં છે. મશાલો અને દીપકોના ઝળહળાટથી રાત્રિ દિવસ બની ગઈ છે. સૈનિકો પોતપોતાના તંબૂઓમાં વિજયની મહેફિલ માણી રહ્યા છે.

એવે સમયે, વિજયનો ગર્વ અને આનંદ અનુભવતો સમ્રાટ અશોક પોતાના શિબિરમાં આમતેમ આંટા મારી રહ્યો છે. કલિંગ પર વિજય મેળવી તેણે લાંબા સમયની પોતાની ઈચ્છા પાર પાડી છે. હવે બીજા દેશ પર ક્યારે ત્રાટકવું તેનો તે વિચાર કરી રહ્યો છે.

જે રણક્ષેત્રમાં આજે તે પોતાના સૈન્ય સાથે ઘૂમ્યો હતો, અને હજારો સૈનિકોનો તેણે સંહાર કર્યો હતો; જે સ્થળે હજારો કલિંગીઓને મૌર્ય સૈનિકોએ ઘાસની માફક વાઢી નાખ્યા હતા; તે સ્થળ પર એકવાર લટાર મારી ગર્વાનંદ અનુભવવાનું તેને મન થયું. તરત જ યુદ્ધનાં પોતાનાં નિરંતર સાથી તલવાર અને ભાલો લઈ ઘોડેસવાર થઈ, થોડા અંગરક્ષકો સાથે તે નીકળી પડ્યો.

થોડા જ સમયમાં તે રણભૂમિ પર આવી પહોંચ્યો. ચારે બાજુ સ્મશાનશાંતિ વ્યાપી રહી છે. ઠેકઠેકાણે લોહીથી ભરેલાં ખાબોચિયાં પાસે મૃત્યુને લીધે ભયંકર બની ગયેલા સૈનિકોના દેહો આડાઅવળા પડેલા છે. કોઈ ધડને માથું નથી; તો કોઈ દેહપરનું માથું છૂંદાઈ ગયું છે; કોઇના હાથ કપાઇને દૂર પડ્યા છે, તો કોઇના પગો છૂટા પડી લબડી પડ્યા છે. શિયાળ અને કૂતરાં પોતાનું કુદરતી વેર ભૂલી જઈ, શબોને ચૂંથી રહ્યાં છે.

આવા ભયાનક દૃશ્ય પર ગર્વભરી વિજયદૃષ્ટિ ફેંકતો અશોક અનેક મૃત દેહો વચ્ચે થઇને પોતાનો માર્ગ કાપી રહ્યો છે. પોતાના સૈન્યે શત્રુઓના કેવા હાલહવાલ કર્યા છે, એ વિચારે તેની છાતી ગજગજ ઊછળી રહી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં એક વિચિત્ર ઘટના બની.

રણક્ષેત્રની એક બાજુ તરફ, દૂર દૂર, માનવીનો સંચાર હોય એમ અશોકને લાગ્યું. અશોકે તરત જ પોતાનો ઘોડો તે તરફ દોડાવ્યો. એ સ્થળે પહોંચતાં અશોક જુએ છે તો મૃત્યુ પામેલા કોઈ એક સૈનિકના દેહ પાસે બેસી કોઈ દુઃખી સ્ત્રી કરુણ સ્વરે વિલાપ કરી રહી હતી. ઘોડેસવારોને જોઇને ચમકી જઈ તે સફાળી ઊભી થઇ ગઈ. તેણે કારમી ચીસ પાડી. પાસે ઊભી કરેલી ફિક્કા તેજવાળી મશાલ પડીને હોલવાઇ ગઈ. ચારે બાજુ અંધકાર વ્યાપી રહ્યો. માત્ર તારાઓ પોતાનું ફિક્કું તેજ પાડી રહ્યા.

અશોક ઘોડાપરથી કૂદી પડ્યો. નાસવા માંડતી બાઈને ઊભી રાખી તેણે પૂછ્યું : " સ્મશાન જેવી આ ભયંકર ભૂમિમાં તું શું કરી રહી છે? બાઈ! ખરું કહેજે. નહિતર હું સમ્રાટ અશોક છું તે ધ્યાનમાં રાખજે. "

ભયથી થરથરતી તે બાઈએ અશોકનું નામ સાંભળી, જેમતેમ સ્વસ્થતા લાવી, જવાબ આપ્યો : "મહારાજ, ક્ષમા કરો. આ મૃતદેહ મારા પતિનો છે. અમારાં લગ્ન હજુ થોડા દિવસ પહેલાં જ થયાં પણ અમે અમારું હોંશભર્યું સુખી જીવન શરૂ કરીએ તે પહેલાં તો કારમું યુદ્ધ આવી પડ્યું. માતૃભૂમિના રક્ષણ માટે મારા પતિ મેદાને પડ્યા—અને આજે હણાયા. કહો, મહારાજ કહો, મારા પતિએ કે અમે કલિંગવાસીઓએ તમારો શો અપરાધ કર્યો હતો કે આપના સૈન્યે આવો ભયંકર સંહાર કર્યો? મહારાજ, હું પતિ ગુમાવી બેઠી, નિરાધાર થઈ અને મારું આખું જીવન ધૂળમા મળી ગયું. હવે હું ક્યાં જઈશ ? શું કરીશ ? મારું આખું જીવન કેમ વિતાવીશ ? " આમ બોલી તે સ્ત્રી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

અશોક સ્તબ્ધ થઇ ગયો. આ રીતે તેણે યુદ્ધ વિષે કદી વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો જ નહોતો. યુદ્ધ તો વીર પુરુષોના હારજીતના ખેલ છે એટલું-જ એ સમજતો. પણ યુદ્ધમાં હજારોની કતલ થાય છે; તે ઉપરાંત લાખો મનુષ્યો અપંગ અને નિરાધાર બને છે; હજારો કુટુંબો બરબાદ થાય છે, અને હજારો સ્ત્રીઓનાં અને બાળકોનાં જીવન ધૂળમાં મળી જાય છે—આવો વિચાર તેને કદી આવ્યો જ નહોતો. એ વિચાર એને આજે જ પ્રથમ વાર આવ્યો. છતાં તે બોલ્યો, "હે બાઈ તારું કહેવું ખરું હોય તો પણ યુદ્ધ તો વીર ક્ષત્રિયો માટે પરમ આનંદનું સાધન છે. શૌર્ય અને પરાક્રમના ખેલ યુદ્ધ સિવાય બીજી શી રીતે ખેલી શકાય?"

બાઈ બોલી: "એ ખેલનું પરિણામ જોવું હોય તો મારી સાથે નગરમાં પધારો. વિજયી સેના લઈ નગરના ધોરી માર્ગ પર ફરશો તે પરથી તમને ખરો ખ્યાલ નહિ આવે. નગરને ખૂણે-ખૂણે, ઘેરેઘેર, મારી સાથે તમે ફરો, અને તમારા વિજયને પરિણામે મારા જેવાં લાખો મનુષ્યોની કેવી કંગાળ દશા થઈ છે તે તમે નજરે નિહાળો."

અશોકના મનપર આ શબ્દોની ઊંડી અસર થઈ. તેણે બાઇને જવાબ ન આપ્યો. બાઇને ગામમાં સહીસલામત પહોંચાડી આવવાની પોતાના એક અંગરક્ષકને આજ્ઞા આપી, બીજા અંગરક્ષકો સાથે અશોક છાવણી તરફ તરત પાછો વળ્યો.

તે આખી રાત અશોકને ઊંઘ ન આવી.

બીજે દિવસે તેના સૈન્યે કલિંગના પાટનગર તોસલીમાં પ્રવેશ કર્યો. વિજયી સૈન્યને મોખરે અશોક હતો. પણ તેના દિલમાં આજે વિજયનો આનંદ નહોતો. તેની દૃષ્ટિ સમક્ષ પેલી સ્ત્રી અને તેના પતિનો મૃતદેહ તરવરી રહ્યાં હતાં. તેના હૃદયમાં તે સ્ત્રીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દો ઘોળાઈ રહ્યા હતા. તેણે નગરવાસીઓના કંગાળ દુઃખી ચહેરાઓ જોયા. તેમાં વ્યાપી રહેલી અપાર વ્યથા જોઈ. તેના હૃદયમાં ઊંડી વેદના થઈ. તેનું મન વિજયસવારીમાંથી ઊઠી ગયું. તેણે સવારી ટૂંકે પતાવી નાખી.

થોડા જ દિવસોમાં અશોક કલિંગદેશ છોડી પોતાને દેશ પાછો ફર્યો.

* * * *

કલિંગના યુદ્ધમાં થયેલા ઘોર સંહારનો પશ્ચાત્તાપ અશોકના હૃદયમાંથી ખસતો નથી. લડાઈઓ લડવાનું તો તેણે બંધ કર્યું છે. પણ આજ દિવસ સુધી હિંસા કરીને લાખો માણસોની તેણે પાયમાલી કરી તેનું દુઃખ તેના હૃદયને કીડાની માફક કોરી રહ્યું છે. તેના હૃદયને ક્યાંય શાંતિ મળતી નથી.

એવામાં એક દિવસ નગરમાં ટહેલ પડી:—

"હે નગરજનો! બૌદ્ધ ધર્મી મહાભિક્ષુ શ્રી ઉપગુપ્ત નગર બહાર વિહાર કરે છે. તો હિંસા અને અધર્મના માર્ગનો ત્યાગ કરો, તથા ગત બુદ્ધનું શરણ સ્વીકારો અને ભિક્ષુ ઉપગુપ્ત પાસેથી ધર્મનો બોધ પામો!"

અશોકે આ ટહેલ સાંભળી. તેને હવે માર્ગ જડ્યો. તે ભિક્ષુ ઉપગુપ્તને મળવા ગયો, અને પોતાના હૃદયની અશાંતિ તેણે તેની પાસે ઠાલવી.

સાધુ ઉપગુપ્તે તેને ભગવાન બુદ્ધનું શરણ લેવા ઉપદેશ આપ્યો. "કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ. સર્વ પ્રાણી પર દયા રાખવી. સર્વને સમાન ગણવાં. મન, વચન અને કર્મથી શુદ્ધ રહેવું"—આ તેના ઉપદેશનો સાર હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દિવસથી અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો, હિંસાનો ત્યાગ કર્યો, માંસમદિરાનો ત્યાગ કર્યો, વૈભવશાળી જીવનનો ત્યાગ કર્યો, મોજશોખનો ત્યાગ કર્યો, અને ભગવાન બુદ્ધના આદેશ પ્રમાણે સાધુ સમાન જીવન ગાળવાનું તેણે શરૂ કર્યું.

અશોકે કોતરાવેલા અનેક શિલાલેખો અને ઊભા કરાવેલા અનેક સ્તંભો આજે પણ અશોકના જીવનપલટાની અને તેના ધાર્મિક જીવનની સાક્ષી પૂરે છે. સારનાથમાં આવેલા આવા એક સ્તંભપર ત્રણ સિંહોની આકૃતિ છે. તે આપણા રાજચિહ્ન તરીકે સ્વીકારાઈ છે. તેની નીચે એક ચક્ર કોતરેલું છે. તેને આપણે અશોકનું 'ધર્મ ચક્ર' કહીએ છીએ. આપણા રાષ્ટ્રધ્વજ પર આપણે અશોકના એ ધર્મચક્રને સ્થાન આપ્યું છે.

અશોકનું એ ધર્મચક્ર અમર રહો!

પ્રશ્નો

૧. યુદ્ધ પૂરું થયા પછી અશોક રણભૂમિપર શા માટે ગયો?
૨. અશોકે જોયેલ રણભૂમિના દૃશ્યનું તમારા શબ્દોમાં વર્ણન કરો.
૩. રણભૂમિમાં મળેલી સ્ત્રીએ અશોકને શું કહ્યું?
૪. એ સ્ત્રીની વાતપરથી અશોકને યુદ્ધનાં કયાં અનિષ્ટો દેખાયાં?
૫. કલિંગની રાજધાનીમાં પ્રવેશ કરતાં અશોકના હૃદયમાં ઉમંગ કેમ ન આવ્યો?
૬. અશોકે કોના પાસેથી જ્ઞાન મેળવ્યું? તેના જીવનમાં શો પલટો આવ્યો?
૭. અશોકની કયી વસ્તુઓને આપણે અપનાવી છે?
૮. 'યુદ્ધની ખાનાખરાબી' એ વિષય ઉપર ટૂંકો નિબંધ લખો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૯ મો

¤

પેરિસના ત્રણ છોકરા

¤

શ્રી. બળવંતરાય ઠાકોર

[આ લેખકે તો ગુજરાતને ઘણું આપ્યું છે. તેમણે વાર્તાઓ લખી છે, કાવ્યો લખ્યાં છે, ભાષાંતર કર્યાં છે અને વિવેચન પણ લખ્યાં છે. તેમને નવીન ગુજરાતી કવિતાના પ્રોત્સાહક કહી શકાય. તેમનાં જાણીતાં પુસ્તકો 'ભણકાર' ભાગ ૧–૨, 'આપણી કવિતા સમૃદ્ધિ', 'લિરિક', 'દર્શનિયું', વગેરે છે.

તેમના 'દર્શનિયું' નામના પુસ્તકમાંથી આ વાર્તા લીધી છે.

ત્રણ તોફાની છોકરાઓ પોતાની નાનકડી ભૂલના પ્રાયશ્ચિત્ત રૂપે ડોસાને કેવી મદદ કરે છે તે અહીં સુંદર રીતે રજૂ થયું છે. સાધારણ રીતે ગરીબ તરફ માણસ પશુની જેમ વર્તે છે. અહીં તેથી જુદું છે. એટલું જ નહિ પણ આ છોકરાઓ બુઢ્ઢાને પૈસા અપાવ્યા પછી પોતાનાં નામ આપવાને બદલે 'આભાર પરવરદિગારનો' એટલું જ કહે છે. કેટલું સરસ નિરભિમાન !]

વર્ષાદ રહી ગયો, પણ રાત વહેલી અને અંધારી ઘોર જામી. સીન નદીના પુલ ઉપર ફાનસ હતાં, પણ પુલ ઉપર ચાલતું માણસ ફાનસ નજીક આવે ત્યારે જ દેખાતું. એ પુલ ઉપર એક નિર્ધન અપંગ ડોસો ધીમે ધીમે ચાલતો હતો. તેની બગલમાં એક જેવીતેવી વાયોલિન હતી, અને પૂરાં વસ્ત્ર પહેરેલાં ન હોવાથી ટાઢમાં તે ધ્રૂજતો હતો. પુલ વટાવી તે એક મોટાં સુંદર મકાનોવાળી શેરીમાં આવ્યો. ઊંચે બારીઓમાંથી ચક અને ફરફરિયાં ભેદીને રોશનીનાં કિરણો અને મોજશોખમાં પડેલા માણસોના આનંદી સ્વર અને ગાનના સૂર આવતા હતા. એ બારીઓ તરફ થોડીવાર જોઈ રહી ડોસાએ પોતાનું દીન વદન નીચું નમાવ્યું, અને એક ખૂણાના અંધકારમાં જઈ પાકી બાંધેલી ગટર આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભો રહ્યો અને વાયોલિન વગાડવા લાગ્યો. પૈસાની તેને જરૂર હતી, અને ગાનવાદન સિવાય કમાણી કરવાનું બીજું સાધન તેની પાસે હતું નહિ. જુવાનીમાં તે એક નટચમૂમાં હતો અને ગાઈ-બજાવી સારું જાણતો, પણ હાલ તેની વાયોલિન સારી ન હતી. ટાઢ બહુ વાતી હતી, અને વળી તેનું હૃદય છેક નિર્બલ અને ઉદાસ થઈ ગયું હતું, એટલે ગાયનમાં તેનું ધ્યાન રહ્યું નહિ. વાયોલિન ધીમી અને બેતાલ બોલવા લાગી, અને તેથી આંખમાંથી રહીરહીને એકેક મોટું ટીપું ટપકવા માંડ્યું.

આસપાસ બારીઓ ઉઘાડી હતી, અને રસ્તા ઉપરથી વખત-બેવખત ગાડીઓ જતીઆવતી હતી. પણ ગમ્મતમાં પડેલાંના, અથવા તો ઘેર કે કોઈ મોજગાહે પહોંચી જવાની ઉતાવળવાળાંના, બેપરવા કાનમાં દુઃખીનો અવાજ ક્યાંથી પેસે? આપણા અપંગ, ઉપવાસી અને આફતના ભાર તળે દબાઈ ગયેલા ડોસાનું ગાન-વાદન પણ ઘડીવારમાં ઊભરાતાં આંસુ અને ઉપરાઉપર આવતા નિસાસાને લીધે બંધ પડ્યું; અને કોઈ અણધાર્યો હાથ તેની મદદે ન લંબાત, તો આવી રાતના ઠારમાં તે બિચારો આ ગટર આગળ જ ઠિંગરું થઈ જાત.

એવામાં એક પાસથી ત્રણ ખૂબસૂરત નવજુવાન છોકરાઓ દોડતા, એકબીજા સાથે મસ્તીતોફાન કરતા, અને હસતા હસતા આવ્યા. એમાંના વચલાની અડફટમાં ડોસો આવી ગયો, અને તેની ફાટેલી ટોપી એક તરફ ઊડી પડી. વાયોલિન ગટર પર પડી ગઈ, અને તે પોતે બિચારો ખૂણાની દીવાલમાં અફળાયો. છોકરો પણ પડતો પડતો રહ્યો; અને અંધારામાં તેને કંઈ સૂઝયું નહિ એટલે તે ગાળ દેવા જતો હતો, ત્યાં તેણે એ બુઢ્ઢાનું લંબાતું ડૂસકું સાંભળ્યું. તે પાછો વળી ખૂણામાં આવ્યો, અને ડોસાને ઉઠાડ્યો; અને એનું જોઇને તેના બે ભાઈબંધ પણ ડોસા પાસે આવ્યા. બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાએ ટોપી આણી આપી અને માફી માગી; અને ત્રીજો વાયોલિન ઊંચકી લઇને આવ્યો, અને તે પાછી આપતાં ખબર પૂછવા લાગ્યો કે કંઈ બીજી ઈજા તો નથી થઈ. ડોસો એકથી બીજા તરફ જોવા લાગ્યો અને ચિત્તભ્રમ થયેલા જેવો દેખાયો. પણ આ ત્રણેની માયાળુ રીતભાતના જવાબમાં થોડી વારે એના મોંથકી "મારી છોકરી—મારી વાયોલિન—છોકરી—અરે દૈવ!" એવા એવા ભાંગ્યાતૂટયા શબ્દ નિસાસા સાથે નીકળવા લાગ્યા. છોકરાઓને ખરેખર દયા આવી, અને તેમણે તેનાં ફાટયાંતૂટયાં કપડાં—અફળાઈ પડ્યો તેથી ખરડાયાં પણ હતાં—તે સાફ કરતાં મીઠાશથી પૂછીપૂછીને તેની બધી હકીકત જાણી લીધી. તેની એકની એક છોકરી વિયેનામાં ક્ષયને આજારે મરવા પડી હતી, અને તેની પાસે જવાને રસ્તાખર્ચ માટે પણ ડોસા કને એક પૈ સરખી ન હતી. દીકરીની હાયમાં ડોસાએ ત્રણ લાંઘણ કરી હતી, અને આજે છેક લાચાર બની જે મળે તે પૈસા કમાવાને માટે ગાઈવગાડીને ભીખ માગવાનો નીચ ઉદ્યમ કરવા પણ તૈયાર થયો; ત્યાં તો પાછલા પહોરથી પવન ફૂંકાવા લાગ્યો, અને ઠંડો થઈ ગયો; વાદળાં ચડી આવીને ઝાપટાં પડવા લાગ્યાં, અને અત્યારે વાયોલિન પણ પાકી ગટરમાં કુટાઈ નકામી જેવી થઈ ગઈ.

હકીકત સાંભળીને અને બુઢ્ઢાના તનમનની સ્થિતિ અને વેદના જોઇને ત્રણે વિચારમાં પડ્યા. ત્યાં જરા વારમાં સૌથી મોટાએ આર્દ્ર અવાજે પણ તેજોમય આંખે ત્રીજા છોકરાને કહ્યું, "લાલ, લાવ તો તારી વાયોલિન." તેણે તાર મેળવ્યા એટલામાં બંને તેનો મનસૂબો સમજી ગયા. લાલે પોતાના હાથમાં ડોસાની ટોપી લીધી, અને વચલા છોકરાએ પોતાનો કંઠ વાયોલિન સાથે ભેળવ્યો અને ગાનવાદન શરૂ થયું. ત્રણે સંગીતના સારા અભ્યાસી હતા, અને ઉસ્તાદી મેળવવા માટે પૅરિસ આવેલા હતા. નાની ઉંમરના છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સંગીત અને નાટકશાળાઓની દુનિયામાં તેમની ખ્યાતિ થવા લાગી હતી. આજ રાતે મનોવૃત્તિને અનુસરીને તેમનું ગાયન ખૂબ ખીલ્યું. ડોસાને જુવાનીમાં ગાયનનું સારું તાન હતું. આ છોકરાઓ આમ શું કરવા કરે છે તે તો તે ન સમજ્યો, પણ તેમના મનોહર ગાનવાદનથી તેનું દુ:ખ ધીમે ધીમે પાછું હઠ્યું, અને ચિત્ત ગાયનમાં જ પરોવાતું ગયું. ગઈ સાંજે જ પૅરિસમાં એક સુંદર સંગીતનાટક ભજવાયું હતું. તે પહેલા પ્રયોગે જ અત્યંત લોકપ્રિય થઇ ગયું હતું. આ નાટકનાં જ ગાયનો આ છોકરાઓએ એક પછી એક ઉપાડ્યાં, અને લાંબી શેરીની ઊંચી ભીંતો વચ્ચે ઝઝૂમતાં વાદળાંની છત તળે, નવજુવાન કંઠ અને ગગનટોચ ભેદતાં પણ મૃદુતાને ન છાંડતી તંત્રીનાં સુંદર આંદોલનો વિષે કુદરતે પણ વિશેષ સુંદરતા પૂરી.



ત્રણ છોકરા ગાયનવાદન કરે છે.

પૅરિસના શોખીન શહેરમાં અને આવે વખતે આવા અસાધારણ ગાયનને લીધે દશેક મિનિટમાં જ ગાડીઓ રસ્તામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોભવા લાગી. બારીઓમાંથી સ્ત્રીપુરુષનાં ડોકાં દેખાવા લાગ્યાં અને બંધ બારીબારણાં પણ ખૂલવા લાગ્યાં. જુવાનોએ ત્રીજું ચોથું ગાયન માંડ્યું ત્યાં તો એ વાત વાએ ચાલી, અને આખી શેરી કામકાજ પડતાં સૂકી આમને સાંભળવામાં પડી; ગાડીઓ-માંથી ને બારીએથી તાલ અપાવા માંડ્યા, તાળીઓ પડવા લાગી, અને શોખીનો તરફથી પોતપોતાનાં પ્રિય ગાયન સંભળાવવા માટે સૂચનાઓ પણ થવા લાગી. અર્ધો કલાક થયો, પોણો કલાક થયો, કલાક થવા આવ્યો. ડોસાની ફાટેલી ટોપી સોના અને રૂપા-નાણાંથી છલકાઈ ગઈ; બીજા અર્ધા કલાકમાં એ જુવાનોની ત્રણ ટોપીઓ પણ ભરાઈ ગઈ.

મોટા છોકરાએ વાયોલિન બંધ કરી. ત્રણે બુઢ્ઢા પાસે આવ્યા, અને ટોપીઓમાંનું નાણું તેના ગજવામાં મૂઠેમૂઠે ભરવા લાગ્યા. તેના મંદ મગજમાં તો હજી તેમના છેલ્લા ગાયનના સૂર રમતા હતા. તે આ શું થાય છે તે જોતાં ચમક્યો, તેમના હાથ ઝાલવા ગયો, પણ એ ઘરડા હાથે કરીને છ હોંસીલા અને નવજુવાન હાથ એ શી રીતે ખાળી શકે? છોકરાઓએ ચારે ટોપી સપાટામાં ખાલી કરી, અને પછી મૂંગે મોંએ પીઠ ફેરવીને જવા માંડ્યું. તેઓને ખરે જ જતા રહેતા જોઈને ડોસાએ છેલ્લાની બાંય ઝાલી લીધી અને સવાલ પૂછ્યો, “ભાઈ, તમારું નામ?”

જરાક ખંચાઈ ગંભીરતાથી તેણે જવાબ દીધો: “શ્રદ્ધા!”

ડોસાએ બીજા તરફ જોયું, “ભાઈ, તમારું?”

“આશા!”

અને ડોસો ત્રીજા સામે જુએ છે ત્યાં તે બોલ્યો, “કરુણા!”

ડોસો બિચારો ઘૂંટણે પડી કરગરવા લાગ્યો, “મારી છોકરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાન આપનારા! નામ તો તમારાં કહેતા જાઓ; હું અને તે કોનો આભાર માનીએ ?"

મોટા છોકરાના મુખ ઉપર સ્મિત ફરક્યું. આછાં થતાં વાદળ-વાળા આકાશ તરફ તેનો જમણો હાથ સહેજ ઊંચો થયો, અને તે પ્રસન્ન કંઠે બોલ્યો: "આભાર પરવરદિગારનો !"

ત્રણે જુવાનો ઊભરાતા આનંદ સાથે વેગળા દોડી ગયા. "કેવા ખૂબસૂરત છોકરા!" "શું સુંદર ગાયન!" "પેલી ચીજ તો નાટકશાળા કરતાં પણ અચ્છી ગાઈ!" વગેરે વચનો બોલતાં બોલતાં શોખીન નરનારીઓ વીખરાયાં, ગાડીઓ ચાલી ગઈ, અને બારીબારણાં બંધ થયાં. શેરી પાછી હતી તેવી બની રહી. થોડી વારે વાદળમાંથી નીકળતા ચંદ્રને અજવાળે ડોસો સીન નદીનો પુલ ઓળંગી ગયો.

પ્રશ્નો

૧. પૅરિસ શહેર કયા દેશમાં આવ્યું ? દુનિયામાં એ ખાસ શાને માટે જાણીતું છે ?

૨. ડોસો શા માટે ઉદાસ હતો ? કયે રસ્તે પૈસા મેળવવા તેણે પ્રયત્ન કર્યો ?

૩. ત્રણ છોકરાએ ડોસાને શી મદદ કરી ? ડોસા પ્રત્યે છોકરાઓ શા માટે આ રીતે વર્ત્યા ?

૪. થોડાંક વાજિંત્રોનાં નામ ગણાવો.

૫. સગીતના ફાયદાઓ જણાવો.

૬. નીચેના શબ્દસમૂહોને સમજાવો અને વાક્યમાં વાપરો:—
કોઇ અણુધાર્યો હાથ, દીકરીની હાયમાં, વાત વાએ ચાલી, પેલી ચીજ...ગાઈ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૯ મો

શિવાજીનું હાલરડું

સ્વ. ઝવેરચંદ મેઘાણી

[આ લેખકના પાઠો તમે પહેલા તથા બીજા પુસ્તકમાં શીખ્યા હશો. આ પુસ્તકમાં પણ 'ઢેઢકન્યાની દુવા' નામનો પાઠ તમે શીખ્યા હશો.

લેખકનું આ કાવ્ય ખૂબ લોકપ્રિય થયું છે. જીજીબાઈ પોતાના બાળ પુત્રને સુવાડવા આ હાલરડું ગાતાં હોય એમ કલ્પ્યું છે. બાળકને સુખ ભોગવી લેવા તે કહે છે, કારણ ભવિષ્યમાં તો તેને કપરા જીવનવિગ્રહનો સામનો કરવો પડશે. આમ જીજીબાઈ નાનપણથી જ બાળકમાં શૌર્યનાં બીજ મૂકે છે. ગળથૂથીમાંથી શૌર્યપાન કરતું બાળક મોટપણે શૂરવીર થાય તેમાં શી નવાઈ? નિશ્ચિંત બાળજીવન અને ભવિષ્યના ભીષણ જીવનસંગ્રામનો અહીં વિરોધ દર્શાવ્યો છે. એક રીતે આ કાવ્ય વીરરસનું છે. પણ તેના સાથે કરુણરસ ભળેલો છે.]

આભમાં ઊગેલ ચાંદલો ને જીજીબાઇને આવ્યાં બાળ,
બાળુડાને માત હીંચોળે
ધણણણ ડુંગરા બોલે!
શિવાજીને નીંદરું ના'વે
માતા જીજીબાઈ ઝુલાવે.

પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ લખમણની વાત,
માતાજીને મુખ જે દિ'થી
ઊડી એની ઊંઘ તે દિ'થી.

પોઢજો રે મારાં બાળ! પોઢી લેજો પેટ ભરીને આજ,
કાલે કાળાં જુદ્ધ ખેલાશે
સૂવાટાણું ક્યાંય નૈ રે'શે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાવજો રે મારાં પેટ! ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ,
રે'શે નહિ રણઘેલુડા!
ખાવા મૂઠી ધાનની વેળા.

પે'રી ઓઢી લેજો પાતળા રે! પીળાં લાલ પીરોજી ચીર,
કાયા તારી લોહીમાં ના'શે
ઢાંકણ તે દિ' ઢાલનું થાશે.

ઘૂઘરા, ધાવણી પોપટલાકડી ફેરવી લેજો આજ!
તે દિ' તારે હાથ રે'વાની
રાતી બંબોળ ભવાની.

લાલ કંકુ કેરા ચાંદલા ને ભાલે તાણજો કેસરઆડ્ય!
તે દિ' તો સિંદોરિયા થાપા
છાતી માથે ઝીલવા, બાપા!

આજ માતા ચોડે ચૂમીઓ રે બાળા! ઝીલજો બેવડ ગાલ
તે દિ' તારાં મોઢડાં માથે
ધૂંવાધાર તોપ મંડાશે.

આજ માતાજીની ગોદમાં રે તુંને હૂંફ આવે આઠ પો'ર,
તે દિ' કાળી મેઘલી રાતે
વાયુ ટાઢા મોતના વાશે.

આજ માતા દેતી પાથરી રે કૂણાં ફૂલડાં કેરી સેજ,
તે દિ' તારી વીરપથારી
પાથરશે વીશ ભુજાળી.

આજ માતાજીને ખોળલે રે તારાં માથડાં ઝોલે જાય,
તે દિ' તારે શિર ઓશીકાં
મેલાશે તીર બંધુકાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂઈ લેજે મારા કેસરી રે! તારી હિંદવાણુ જોવે વાટ.
જાગી વે'લો આવ બાળુડા!
માને હાથ ભેટ બાંધવા.
જાગી વે'લો આવજે વીરા!
ટીલું માના લોહીનું લેવા!
શિવાજીને નીંદરું ના'વે
માતા જીજીબાઈ ઝુલાવે.
બાળુડાને માત હીંચોળે,
ઘણુણુણુ ડુંગરા બોલે.

પ્રશ્નો

૧. શિવાજી કયા સૈકામાં થઇ ગયા?
૨. બાળ શિવાજીને નીંદર કેમ આવતી ન હોતી?
૩. બાળપણમાં શું શું ભોગવી લેવાનું જીજીબાઈ શિવાજીને કહે છે?
૪. ભવિષ્યમાં શિવાજીને શી શી વ્યથા ભોગવવાની હતી?
૫. નીચેનામાં ખાનાં પૂરો :—
   ૧. આજે સારાં કપડાં પહેરી લેજો; તે દિ' ——— નું ઢાંકણ થશે.
   ૨. આજે માતાની ચૂમીઓ લઈ લો; તે દિ' ——— થાપા છાતી પર લાગશે.
   ૩. આજે માતાના ખોળાનું ઓશીકું કરી લો; તે દિ' ——— અને ——— નાં ઓશીકાં થશે.
૬. આ કાવતામાં આવતા તળપદા શબ્દો શોધી કાઢો અને તેના અર્થ કહો.
૭. વીરરસવાળું લખાણ વાંચતાં શૌર્ય ઉત્પન્ન થાય છે. કરુણરસવાળું લખાણ વાંચતાં દિલગીરી ઉત્પન્ન થાય છે, અને ઘણીવાર આંખમાં આંસુ આવે છે. એ ધોરણ ધ્યાનમાં રાખી, આ કાવ્યનો રસ કયો છે તે જણાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૦ મો

¤

ગામડાની સેવા

¤

શ્રી. બબલભાઈ મહેતા

['ધરતીકંપ' નામનો આ લેખકનો એક પાઠ તમે પહેલા પુસ્તકમાં વાંચ્યો હશે. તેઓ ગૂજરાતના જાણીતા ગ્રામસેવક છે અને ગ્રામસેવાને જ તેમણે તેમનું જીવન અર્પણ કર્યું છે.

અહીં તેમણે ગામડાની સેવાના કેટલાક અનુભવો લખ્યા છે. હિંદને ઉજ્જવળ બનાવવું હોય તો હિંદનાં લાખો ગામડાંને સુધારવાં જોઇએ. એ કામ ઘણું કપરું છે; છતાં સેવાભાવીએ તે ઉપાડી લેવું જોઇએ.]

એક વાત કહેવાની રહી ગઈ. હું ગામમાં રહેવા આવ્યો તે દિવસથી જ, જે ઘરમાં હું રહેતો હતો એનું આંગણું તથા એની સામેની જાહેર શેરી એક નિયમ તરીકે, હું રોજ વાળતો આવ્યો છું. ઉનાળાનો પવન મારી ઉઘાડી ઓસરીને ધૂળથી ભરી દેવા માગતો, એટલે એની સાથે તો મારે દિવસમાં અનેક વખતે ઝાડુ લઇને બાખડવું પડતું. એ જ પ્રમાણે રોજ સાંજે પ્રાર્થના કરવાનો પણ મારો એક નિયમ હતો ને છે. એ વખતે બેસવા માટે અમુક માણસો નિયમિત આવે. પ્રાર્થના પછી ભજન ગાઉં, નવા સમાચાર કહું, અને પછી મહાભારતનાં પાત્રો કે એવું કોઈ સારું ધાર્મિક અને રસ ઉત્પન્ન કરે તેવું પુસ્તક વાંચું. એમાં બહુ લોકોને રસ પડતો. આમ મોડી રાત સુધી અમારું કામ ચાલે.

એકાદ માસમાં સવારમાં મારે ત્યાં નાનાં ભૂલકાંઓનો એક વર્ગ શરૂ થયો. આ વર્ગમાં પહેલું ગીત, પછી તકલી, પછી કંઈક અક્ષરજ્ઞાન, અને છેવટે વાર્તા એવો ક્રમ રાખતો. એમ આઠ વાગે શરૂ થયેલો વર્ગ સાડા દસ વાગ્યે પૂરો થાય. પછી નિશાળિયા ગોવાળિયા બનીને સીમમાં જાય અને હું મારું ખાવાનું પકાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસું. પેટપૂજા પતે એટલે હું કાંતવા બેસું. બપોરના હવે મેં લોકોને ત્યાં બેસવા જવાનું રાખ્યું હતું. એ વખતે એમને ત્યાં બેસું, ચાલુ વાતચીતમાં અગર કામકાજમાં ભાગ લઉં, અને એ મારફત સાથે સાથે ઘરની પરિસ્થિતિ પણ નિહાળી શકું. પાણિયારા પર રહેવો જોઈતો લોટો ઓસરીમાં આળોટતો જોઉં, તો એને ઉપાડી પાણિયારા પર ગોઠવું. કપડાં ગમે ત્યાં રખડતાં હોય તો વળગણીએ મૂકું. છાપરાંનાં બાવાં, બીજી ગંદકી, અવ્યવસ્થા વગેરે કાઢવા લાગું. પણ હું આ કામ હાથ ધરું એ પહેલાં તો ઘરના લોકો કહેશે, 'તમે ના કરશો. તમે અમને કહો એમ અમે ગોઠવીએ છીએ. અમારા ઘરમાં તમને સાફસૂફ કરવા દેવાય કે ?' અને એમ કહીને મને રોકે. પણ તે દિવસે એ ઘર કાંઈક વ્યવસ્થિત અને સ્વચ્છ તો બને જ; અને ફરી બેસવા આવું ત્યારે ઘર વધારે સ્વચ્છ જોવા મળશે એવી આશા પણ બંધાવે. આ સાથે સાથે ઘરની બીજી અનેક વાતો થાય. દારૂ પિવાતો હોય તો તે કેટલો પિવાય છે ? શા માટે બંધ નથી કરતાં ? શું ખાઓ છો, શું પીઓ છો, વગેરે. આમ ૫૦-૬૦ ઘેર ફર્યો, એટલામાં તો એક વાતાવરણ ઉત્પન્ન થયું કે, બબલભાઈ આપણે ઘેર જોવા આવશે; બાવાં ફાવાં પાડી નાખજો, હાં ! સાંજે વળી છોકરાં ખેતરમાંથી આવ્યાં હોય એમની સાથે રમતગમત ગોઠવીએ. પણ મારો આ કાર્યક્રમ કોઈ દિવસ કાયમ નથી રહ્યો. ખેડૂતનાં કામકાજ બદલાય એમ મારો કાર્યક્રમ બદલાય.

ચોમાસાની મોસમ શરૂ થયા પછી ખેડૂતો ખેતરમાં જ હોય. બૈરાં છોકરાં સૌ ૧૦-૧૧ વાગે તે પહેલાં સીમમાં નીકળી ગયાં હોય અને ગામ વાંદરાંને હવાલે થયું હોય. પછી વાંદરાં છાપરાં ઉપર કે ઝાડ ઉપર જે જાતનો નાચ કરવો હોય એવો કરે, અને નળિયાંનો કચ્ચરઘાણ કાઢે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મોસમમાં હું પણ સવારમાં પરવારી ખેતરે જાઉં. રોજ નવા ખેતરમાં અને ત્યાં જે કામ ચાલતું હોય એમાં મારી આવડત પ્રમાણે અને શક્તિ જોગું કામ કરું. કોઇક વખતે મને કામ ન આવડે ત્યારે ઊભા ઊભા જોયા જ કરવું પડે. પણ આ બધા પ્રસંગોમાં અમારે ઘરની અનેક વાતો થાય અને એકબીજાનો સંબંધ પણ વધુ ગાઢ થતો જાય. ખેતી સંબંધે પણ બીજા પ્રદેશની ખેતીમાં અને આપણી ખેતીમાં શો ફરક છે, કઈ સારી છે, આપણી શી ભૂલ છે, એવી એવી વાતો થાય.

આ રીતે દિવસે દિવસે ગામલોકો સાથેનો મારો સંબંધ વધતો ગયો. એમને એમ થઇ ગયું કે, આ માણસ આપણું હિત ચાહવાવાળો છે; એ કદી આપણું ખોટું તો ન જ કરે. ગામમાં પ્રથમ આવ્યો ત્યારે કેટલાકના મનમાં શંકા હતી કે, આ તે કોઈ જાસૂસ હશે કે કોઈ છેતરવાવાળો હશે? એ શંકા હવે ચાલી ગઈ અને સૌ મન ખોલીને મને વાતો કરવા લાગ્યા. પેલા ચોર, લૂંટારા અને ઘાતકી લોકો વિષે મેં જે વાત સાંભળી હતી, એ તો મારા મગજમાંથી ક્યારે ખસી ગઈ એનો મને ખ્યાલ પણ ન રહ્યો. વધારામાં ગામના લોકો તો મારી દરકાર રાખીને મને પ્રેમથી નવડાવવા લાગ્યા. હા, એમાંનો કોઈ ડોસો કોઈક વખતે એનું જૂનું પુરાણ ખોલે ત્યારે એ લોકો કોઈકના બાંધેલા ઢોર છોડી લાવીને ભાંજગડમાંથી કેવા પૈસા કમાતા, એ લોકો પોતાના ગામને સીમાડેથી પરગામીને ઢોલ નગારું કેવું ન વગાડવા દેતા, ગામમાં એકસંપીને કારણે કેવું એમનું રાજ્ય હતું, માસરાના રખાનું એક છોકરું પણ વળાવિયા તરીકે સાથે હોય પછી લોકો કેવા નચિંત રહેતા, અમારા ગામના બહારવટિયાને શોધી શોધીને પોલીસ થાકી અને છેવટે એને છોડી મૂકીશું એવી ખાતરી મળવાથી એ કેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અચાનક ફોજદારના ખાટલા પાસે જ ફૂટી નીકળ્યો એ બધી વાતો મને એના અફીણના નશામાં સાંભળવા મળી. પણ હું એટલું તો જોઈ શક્યો કે, એ આપણા જેવા જ પ્રેમાળ અને સરળ લોકો છે. માત્ર એમની પરિસ્થિતિ અને ગરીબાઇએ જ ભૂતકાળમાં એમની પાસે આવું આવું કરાવ્યું છે. આજે પહેલાં કરતાં એમની ખેતી સારી છે. એ સુખી છે. પહેલાં મહુડાં શેકીને અને તે ખાઇને દહાડા ગુજારવા પડતા તેને બદલે આજે એમની કોઠીમાં બાવટો કે કોદરા તો હોય છે. એમ છતાં મૂળ સ્વભાવ કાંઈ સમૂળગો જાય? કોઇક વખતે જૂની વૃત્તિ ફરી જાગે પણ ખરી.

પછી તો એ લોકો ગામમાં કોઈ મહેમાન આવ્યા હોય તો એમને પણ મારે ત્યાં લઈ આવે. અગર મને પોતાને ઘેર બોલાવે અને કહે, 'તમે કંઈક કહો.' લગ્ન કે મરણ પ્રસંગે બધા ભેગા થયા હોય ત્યારે મને બોલાવે, વચ્ચે ગોદડું પાથરી બેસાડે, અને કહે, 'કાંઈક કહો.' હું એમને અનેક વાતો કહું. લગ્નમરણનાં ખર્ચો ઓછાં કરવાનું કહું; અફીણ પાછળ થતું સેંકડોનું ખર્ચ અટકાવવા કહું; રહેણીકરણી સુધારી બધાને છે એવું ઊંચું સ્થાન મેળવવાનું કહું. આ રીતે આજુબાજુનાં ગામો સાથે પણ સહેજે મારો સંબંધ સંકળાયો. પછી, અમારે આજુબાજુનાં ગામોમાં પણ જવાનું થાય. આ જાતના પ્રચાર પછી ગામડામાં ઠીક ઠીક સુધારો થયો.

પ્રશ્નો

૧. દરરોજ લેખક ગામડામાં શું કરતા?
૨. લેખક સાંજે ગામડાનાં બાળકોને શું શીખવતા?
૩. ગામડાના લોકોને લેખકે સ્વચ્છતાના પાઠ શી રીતે શીખવ્યા?
૪. લેખક ખેતરે જઈ શું કરતા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. એ તરફના લૂંટારા તથા બહારવટિયા સંબંધી લેખક શું કહે છે?
૬. લેખક ગામના લોકોને તથા મહેમાનોને શી શિખામણ આપતા?
૭. 'ગ્રામસુધારણા' ઉપર નાનો નિબંધ લખો.
૮. નીચેના શબ્દોમાંથી વિશેષણ બનાવોઃ--
નિયમ, ધર્મ, વ્યવસ્થા, પ્રદેશ, હિત.

★

પાઠ ૪૧ મો

પંડિત જવાહરલાલ નેહરુ

[પંડિત જવાહરલાલ નેહરુ કોણ એ તો તમને કહેવાનું હોય જ નહિ. તમે એમને જોયા હશે, કદાચ એમને ભાષણ કરતા સાંભળ્યા પણ હશે. આપણા દેશને સ્વાતંત્ર્ય અપાવવા માટે તેમણે મહાન ભોગ આપ્યા છે, અને ભારે પરિશ્રમો ઉઠાવ્યા છે. આ પાઠમાં એમના જીવન તથા પ્રિય વિષયો સંબંધી કેટલીક માહિતી આપી છે. તેમાંથી તમને અચૂક પ્રેરણા મળશે. જવાહરલાલ આપણા આદર્શ નેતા છે. એમના જીવનમાંથી આપણે બધાંએ પ્રેરણા મેળવવી જોઇએ.]

પંડિત જવાહરલાલ નેહરુ એટલે ભારતના પ્રત્યેક પ્રજાજનના લાડીલા નેતા. એવો કયો હિંદી હશે જે જવાહરના નામથી અણજાણ હશે? જવાહરલાલની કીર્તિ આજે તો ભારતની સીમાઓ ઓળંગી ગઈ છે. વિશ્વના અર્વાચીન મહાપુરુષોમાં તેમની ગણના થાય છે.

કાશ્મીરનું એક કૌલકુટુંબ બસો વરસ પહેલાં દિલ્હીમાં નહેરને કાંઠે આવીને વસ્યું. નહેર ઉપર વસ્યું તેથી તે નેહરુ તરીકે ઓળખાવા લાગ્યું. એ કુટુંબના મોતીલાલજીના એ પુત્ર. એમનો જન્મ ૧૮૮૯ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતા મોતીલાલજીએ ધારાશાસ્ત્રી તરીકે અદ્ભુત સફળતા મેળવી હતી અને અખૂટ દ્રવ્ય સંપાદન કર્યું હતું. આવા સુશિક્ષિત અને શ્રીમંત પિતા પોતાના પુત્રને ઉત્તમ શિક્ષણ અને સંસ્કારો આપવામાં કાંઈ બાકી રાખે? જવાહરલાલની દેખરેખ રાખવા અંગ્રેજ આયાઓની અને તેમને ભણાવવા અંગ્રેજ શિક્ષકોની નિમણૂક કરવામાં આવી. બાળપણમાંથી જ વિદ્વાનો અને પંડિતોના સમાગમમાં આવવાથી જવાહરલાલની નૈસર્ગિક બુદ્ધિ ઝડપી વિકાસ સાધવા લાગી. હેરોની શાળામાં તથા કેમ્બ્રિજ વિદ્યાપીઠમાં અભ્યાસ કરી જવાહરલાલ ઇ. સ. ૧૯૧૨ માં બૅરિસ્ટર થયા. આ અભ્યાસકાળ દરમ્યાન તેમણે યુરોપના જુદા જુદા દેશોનો પ્રવાસ કર્યો. સ્વતંત્ર દેશોમાં વસવાટ તથા પ્રવાસને લીધે, ત્યાંના લોકો સાથેના નિકટના પરિચયને પરિણામે અને વિશાળ વાંચનને અંતે એમના હૃદયમાં સ્વાતંત્ર્યના ગૌરવનું દર્શન થયું. પરાધીનતાના નરકમાં સબડતા પોતાના દેશને એવો જ ગૌરવાન્વિત બનાવવાનાં સ્વપ્ન એમણે ત્યારથી જ સેવવા માંડ્યાં.

બૅરિસ્ટર થઈ આવીને એમણે અલ્લાહાબાદની વડી અદાલતમાં વકીલાત શરૂ કરી અને ત્યાં એમની બુદ્ધિની તેજસ્વીતાએ નામ કાઢ્યું. ધીકતી કમાણી થવા લાગી. પણ હિંદના ઇતિહાસમાં એ મહાન કટોકટીનો કાળ હતો. પહેલા વિશ્વયુદ્ધમાં હિંદની સહાયથી અંગ્રેજો વિજયી બન્યા હતા, પણ યુદ્ધ દરમ્યાન હિંદીપ્રજાને સ્વાતંત્ર્ય આપવાનાં વચનો પાળવા બાબતમાં અંગ્રેજી રાજતંત્ર અખાડા કરતું હતું. ઊલટું ગરજ પૂરી થતાં કેટલાક કાળા કાયદાઓ કરીને બ્રિટિશ સરકારે હિંદીઓના સાધારણ હક્કો પણ છીનવી લેવા માંડ્યા. સભાબંધી થઈ, એટલું જ નહિ છાપાંઓમાં સરકાર વિરુદ્ધ લેખો લખવાની મનાઈ થઈ. પ્રજા રોષે ચઢી. ગેરકાયદે સભાઓ થવા લાગી. જવાહરલાલનું સ્વાતંત્ર્યપ્રિય હૈયું આ જુલમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયદાઓથી ઊકળી ઊઠ્યું. એટલામાં જલિયાંવાલાનો ભયંકર હત્યાકાંડ થયો. બ્રિટિશ રાજતંત્રની નિષ્ઠામાંથી જવાહરલાલનો વિશ્વાસ છેક ઓસરી ગયો. એમણે વકીલાતના ધીકતા ધંધાને છેલ્લી સલામ કરી અને પરાધીન, પીડિત અને શોષિત હિંદી જનતાની સેવામાં પોતાના સર્વસ્વને હોમી દેવાનો નિર્ણય કર્યો.

એમણે દેશસેવાની શરૂઆત કિસાનસેવાથી કરી. કિસાનોનાં દુઃખોની વાતો સાંભળવી, એના નિવારણ માટે ઉપાયો યોજવા, સભાઓ ભરવી એ એમની શરૂઆતની મુખ્ય પ્રવૃત્તિ. તે કાળે એમણે નથી જોઈ રાત કે નથી જોયો દિવસ; નથી ગણી ભૂખને કે નથી ગણી તરસને. પછી તો એમણે હોમરૂલની ચળવળમાં ભાગ લીધો. અસહકારયુગના આરંભથી એ મહાત્મા ગાંધીજીને ચરણે બેસી ગયા અને આ જગદ્વંદ્ય વિભૂતિના સહવાસમાં આવતાં જ જવાહરલાલજીનું આખું જીવન પરિવર્તન પામી ગયું. વૈભવ અને વિલાસમાં ઊછરેલા એમણે દેશસેવાનું કઠિન અને ખડતલ વ્રત સ્વીકાર્યું. તેમના સત્ય, પ્રેમ અને અહિંસાના સિદ્ધાંતોને આત્મસાત્ કર્યા અને બાપુજીના મિત્ર, પુત્ર, સાથી, શિષ્ય અને વારસદાર બન્યા.

એ કાળે દેશસેવા એ મહાન તપશ્ચર્યા હતી. જેલમાં જવું એ તો દેશસેવકને માટે સાધારણ વાત હતી, પણ સ્વતંત્રતા માટે આવડા વિશાળ દેશની આમજનતાને જાગૃત કરવી એ કાંઇ સહેલું નહોતું. હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ એ એક જ સંસ્થા હિંદી જનતાની પ્રતિનિધિ બનીને બ્રિટિશ સરકાર સામે સ્વાતંત્ર્ય માટે લડતી હતી. પંડિતજી એ સંસ્થામાં જોડાયા, અને એના મંત્રી તરીકે તથા કારોબારીના સભ્ય તરીકે વર્ષો સુધી કામ કર્યું. પ્રમુખ બનીને એને દોરવણી પણ આપી. આખા દેશનો પ્રવાસ કરી પ્રજાને જાગૃત કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારાવાસ તો આ સમય દરમ્યાન સહજ બની ગયો. જવાહરલાલે બધાં મળી દસથી અગિયાર વર્ષ જેલમાં ગાળ્યાં છે.

પણ પ્રવાસનાં આ કષ્ટો કે કારાવાસની યાતનાઓથી અંતિમ સ્વાતંત્ર્યસિદ્ધિની એમની શ્રદ્ધા સહેજ પણ ચળી નહિ. ૧૯૨૯ ના ડિસેમ્બરની ૩૧ મી તારીખે રાવિને તટે એમના પ્રમુખપદે ભરાયેલી મહાસભામાં સંપૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ પસાર થયો, અને એ ઠરાવ અનુસાર ૧૯૪૭ ના ઑગસ્ટની ૧૫ મી તારીખે આપણે સંપૂર્ણ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું ત્યારે જ તેઓ જંપ્યા. અંગ્રેજોએ હિંદનો કારભાર આપણને સોંપ્યો ત્યારે પહેલા વડાપ્રધાન પણ તેઓ જ થયા. નવા ઘડાયેલા રાજબંધારણ અનુસાર આપણા સ્વતંત્ર પ્રજાસત્તાકના પહેલા વડાપ્રધાન પણ પંડિત નેહરુ જ થયા.

દેશ માટે સર્વસ્વનું બલિદાન આપનાર આ લાડીલા નેતાને પ્રજાએ સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ઊંચામાં ઊંચું સ્થાન આપીને નવાજ્યા છે. પણ એ સ્થાન એમને માટે તો અત્યંત કસોટીરૂપ બન્યું છે. દેશ સ્વતંત્ર થયા પછી અનેક વિકટ સવાલો ઊભા થયા છે. એ સવાલોનો ઉકેલ લાવવા, પ્રજાને સુખ, શાંતિ, સલામતી અને રાહત આપવા, આખા દેશના રાજતંત્રને સ્થિર અને પગભર કરવા અને બહારના આક્રમણ સામે ટકી શકે એવું મજબૂત બનાવવા તેઓ રાતદિવસ પરિશ્રમ કર્યા કરે છે. આખો દિવસ વડાપ્રધાનના દફ્તરખાનામાં તેમને દટાઈ રહેવું પડે છે અને કામનો નિકાલ કરવા રાત્રે એકએક વાગ્યા સુધીના ઉજાગરા ખેંચવા પડે છે. આજે ૬૦ વર્ષની વયે પણ પંડિતજી રોજના સોળથી અઢાર કલાક કામ કરે છે. તેઓ ઊંઘ ઘણી થોડી લે છે, ખાય છે પણ થોડું. સવારમાં ઊઠે છે ત્યારથી મોડી રાતે એ સૂવા જાય છે ત્યાં સુધી ઘડિયાળને કાંટે જ તેઓ પોતાનો સમય વિતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધું એ પ્રસન્ન ચિત્તે અને ફરજના તીવ્ર ભાન સાથે કરે છે. એમનાં સમયપાલન, નિયમિતતા અને શિસ્તના ગુણો કોઇને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવા છે. જવાહરલાલ એટલે જાણે સનાતન યૌવનમૂર્તિ !

આવા સતત ઉદ્યમશીલ માનવીનું મન શાંતિ શોધવા કુદરત તરફ જ વળે. જવાહરલાલ નિસર્ગના અદ્ભુત રસિયા છે, અને પ્રવાસના ભારે શોખીન છે. આખું હિંદુસ્તાન તો એ ખૂંદી જ વળ્યા છે. ભણતા હતા ત્યારે એમણે યુરોપના ઘણાખરા દેશો જોઈ નાખ્યા હતા. ચીન અને રશિયાનો પ્રવાસ પણ તેમણે કર્યો છે. હમણાં જ અમેરિકાના પ્રવાસે એ જઈ આવ્યા. આ બધું છતાં એમને સૌથી વિશેષ આકર્ષણ રહ્યું છે હિમાલયનાં બરફછાયાં શિખરોનું અને સૌન્દર્યધામ કાશ્મીરની રમણીય કુંજોનું. એનાં ભવ્ય દૃશ્યોમાંથી પંડિતજીના દેહને અજબ તાજગી અને કલ્પનાને અદ્ભુત પ્રેરણા મળે છે.

વાંચવા અને લખવાનો પંડિતજીને ભારે શોખ છે. રાતદિવસની સતત કામગીરીમાંથી પણ સમય બચાવી લઈ એ નિયમિત રીતે કાંઈક વાંચ્યા વિના સૂતા નથી. એમની લેખનપ્રવૃત્તિ મોટે ભાગે જેલમાં જ થઇ છે. જેલબહાર તો અનેક પ્રવૃત્તિઓમાંથી માથું ઊંચું કરવાની પણ તેમને ફુરસદ મળતી ન હતી. જેલમાં જતાં વાર જ પંડિતજી વાંચન શરૂ કરી દેતા. એ વાંચનના નિચોડરૂપ ઉત્તમ કોટિના ગ્રંથો પણ જેલમાં જ લખાયા. જેલમાંથી એમની પુત્રી ઇંદિરાને લખેલા પત્રો 'ઇંદિરાને પત્રો' અને 'તવારીખની તેજછાયા'ને નામે પ્રગટ થયા છે. 'આત્મકથા' તથા 'ભારતદર્શન' નામના ગ્રંથ પણ તુરંગવાસમાં જ લખાયા. એમનાં આ પુસ્તકો આખી દુનિયામાં જાણીતાં છે. જુદીજુદી ભાષાઓમાં એનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાંતરો થયાં છે. પરદેશીઓનું આપણા દેશ વિશેનું અજ્ઞાન દૂર કરવામાં અને આપણા દેશની વિશિષ્ટ સંસ્કૃતિને તેના ખરા સ્વરૂપમાં રજૂ કરવામાં આ પુસ્તકોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

પંડિતજીને બાળકો ખૂબ વહાલાં છે. શક્ય હોય ત્યારે પોતાને ઘેર તેઓ બાળકોને તેડે છે. એમને ખાવાનું આપે છે, ભેટ આપે છે, વહાલ કરે છે, એમની સાથે ચકડોળમાં બેસીને ગેલ પણ કરે છે. બાળકોના સહવાસમાં તેઓ બધો શ્રમ વીસરી જાય છે, અને એમના જેવા જ બની રહે છે. જાપાનનાં બાળકોને હમણાં જ તેમણે 'ઇંદિરા' નામની હાથણી ભેટ મોકલી. આથી જાપાનનાં બાળકો તો ખૂબ રાજી થઈ ગયાં અને અહીંનાં બાળકો માટે એમણે રમકડાં મોકલ્યાં. આમ દૂર દૂરના જાપાન અને આપણા દેશ વચ્ચે સ્નેહસંબંધ બંધાયો. પંડિતજી કહે છે, કે આવી જ રીતે, દુનિયાના બીજા દેશો સાથે આપણે સ્નેહસંબંધ બાંધવો જોઇએ, એ દેશો વિશે વાંચવું જોઇએ અને બને તો એમની મુલાકાતે પણ જવું જોઇએ.

વિશાળ પ્રવાસે, બહોળા વાંચને, લાંબા અનુભવે અને ગાંધીજીના નિકટ સહવાસે એમને વિશ્વઐક્યનું વિશાળ દૃષ્ટિબિંદુ આપ્યું છે. જીવન જીવવા જેવું બને, દુનિયાભરમાંથી અજ્ઞાન, વહેમ, કલહકંકાસ અને ગુલામી દૂર થાય એ એમની ઝંખના છે. પીડિતોની, શોષિતોની, પરાધીનોની મુક્તિ એ એમનું જીવનધ્યેય છે. કોઈ પણ પ્રકારની પરાધીનતા, કોઈ પણ પ્રકારની અસહાય દશા એમનાથી બરદાસ્ત થઈ શકતી નથી. ભારતે પોતાનું ભાવી એમના હાથમાં સોંપી દીધું છે. એમના હાથમાં ભારત અને ભારતવાસીઓ સલામત રહેવાના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. પંડિત જવાહરલાલનું કુટુંબ મૂળ કયાં વસતું હતું? તેમની અટક 'નેહરુ' કેવી રીતે પડી?
૨. પંડિત મોતીલાલજી વિશે જે જાણતા હો તે લખો.
૩. જવાહરલાલને કેવી કેળવણી આપવામાં આવી?
૪. કેવા સંજોગોમાં વકીલાત છોડીને જવાહરલાલ દેશસેવામાં જોડાયા?
૫. દેશની સ્વતંત્રતાની લડતમાં જવાહરલાલે શો ફાળો આપ્યો?
૬. આજે પંડિતજી કયું સ્થાન ભોગવે છે?
૭. જવાહરલાલને કયી બાબતોનો શોખ છે?
૮. જવાહરલાલે લખેલાં બેત્રણ પુસ્તકોનાં નામ આપો.

★

પાઠ ૪૨ મો

¤

વાત કરવાનો હુન્નર

¤

શ્રી. જયેન્દ્રરાય દૂરકાળ

[વાતો કરવામાં પણ ખૂબી છે. તમે ખૂબીથી વાતો કરશો તો તેને સાંભળવામાં બીજાઓને મજા પડશે. અહીં લેખકે વાત કરવાની જુદી જુદી રીત, વાત કરવાની મનોવૃત્તિ, જુદાજુદા માણસોની વાત કરવાની ખાસિયતો, વાતચીતમાં આવવી જોઇતી મીઠાશ, સ્ત્રીઓની વાતચીત કરવાની રીત, વગેરે સંબંધી મર્માળી ભાષામાં લખ્યું છે. તેમાં કયાંક હાસ્ય છે અને કયાંક કટાક્ષ પણ છે. આ લેખક અચ્છા નિબંધકાર છે. તેમનાં 'અમી' અને 'પોયણાં'નામનાં નિબંધોનાં પુસ્તકો તમે મોટા થાઓ ત્યારે જરૂર વાંચજો.]

વાત કરતાં આવડવી એ પણ નાનીસૂની વાત નથી. કેટલાક વાતવાતમાં ઉત્પાત કરી દે છે અને કેટલાક વાતવાતમાં વાત કહાડી પણ લે છે. કેટલાક વાતનું વતેસર કરી નાખે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક વાતોમાં જ વડોદરું લે એવા હોય છે. કેટલાક વાત કરવામાં ચતુર હોય છે અને કેટલાક ડોકું ધુણાવીને અથવા આંખની હલકથી વાત કરાવવામાં કુશળ હોય છે. કેટલાક વાત કઢાવવામાં હોશિયાર હોય છે અને કેટલાક ગમે તેટલી વાત નીકળે તોય મગનું નામ મરી પણ ન પાડવાનો નિશ્ચય જ કરી બેઠા હોય છે.

વાત કરવાનો પણ હુન્નર છે; એ એક લલિત કળા છે એમ કહીએ તોપણ ચાલે. અથવા ગૃહ્ય કલાઓમાં પણ એનો સમાવેશ થઇ શકે; કારણકે ઘણા લોકોને ઘરમાં જ વાતો કરવાનો ઘણો વખત હોય છે. રાત્રે જમી ખાઈને બેઠા હોઇએ કે મિત્રમંડળમાં ગયા હોઇએ કે અનાયાસે મુસાફરીમાં પાંચ માણસ ભેગાં થઈ ગયાં હોય ત્યાં બધે વાત કેમ કરવી કે જેથી આનંદ થાય અને ગમ્મત, માહિતી કે બીજો લાભ મળ્યા કરે એ જાણવું ઘણું જરૂરનું છે. એક જૂના સંસ્કૃત કવિએ તો એટલે સુધી કહ્યું છે કે માણસ પોતાના મોંમાંથી બોલ કાઢે છે તે ઉપરથી તેની જાત અને કુળ જણાઈ આવે છે. ખાનદાન કુટુંબના કે ઉચ્ચ જ્ઞાતિના માણસની એક નિશાની એ છે કે એના બોલવામાં એ અમુક મર્યાદાથી નીચે જઈ શકતો નથી. જેમ જેમ સંસ્કાર હલકા તેમ તેમ જીભની છૂટ વધારે. અલબત્ત, જેવી મંડળી તે પ્રમાણે બોલવાની છૂટછાટ રહે એ વાત પણ ખરી. તે છતાં કેટલી છૂટ સુધી કયો માણસ જાય છે તે પણ ઓછા મુદ્દાની હકીકત નથી.

વાતચીત કરવામાં લોકોને કંઈ કંઈ ટેવો હોય છે. કેટલાક સહેજસાજ બાબતમાં ચિડાઇ જાય છે. એમની સાથે તમે લાંબી વાત જ ન કરી શકો. એમની જોડે વાત કરતા હો ત્યારે કાંટાની વાડ પાસે ચાલતા હો તેમ એમનાથી તમારે ચેતતા જ રહેવું પડે. વળી કેટલાક એવા હોય છે કે જે મંડળીમાં બેઠા હોય તો બોલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાની ઘંટી એવી ચાલુ રાખે કે બીજાનો વારો જ આવવા દે નહીં. અને તેમાં ઘણુંખરું મગચણા ભેગા જ ભરડતા હોય. વળી કેટલાકને એવી ટેવ હોય છે કે એમને ન બોલાવ્યા સારા....જો એમને જરાક ચેતાવ્યા તો ફડાફડ ધાણી ફૂટવા માંડે. કેટલાકને એવી ટેવ હોય છે કે પોતે ચાલતા વિષયમાં કંઈ જાણતા હોય કે નહીં પણ ચડપ લઇને ઘોડો ઝુકાવે અને પછી વાતને કયાંયની કયાંય લઇ જાય. કેટલાક એવા હોય છે કે જે ન બોલે ત્યાં સુધી જ ડાહ્યાડમરા દેખાય; બોલવા જાય તો કંઇનો કંઇ ભાંગરો વાટી નાખે.

હિંદુસ્તાનીમાં એક એવો દોહરો છે કેઃ—

ज्यों कदलीके पुष्पमें पात पात और पात ।
त्यों सजनोंकी बातमें बात बात और बात ॥

અર્થાત્ જેમ કેળના પોટામાં પાંદડાની અંદર પાંદડું ને તેની અંદર પાંદડું એમ મનોહર રચના હોય છે તેમ સજ્જનોની વાતચીતમાં પણ કંઈ ને કંઈ મીઠી કે મુદ્દાની મસલતો સમાયેલી હોય છે. કેટલાંક માણસોની વાતમાં એવી મીઠાશ હોય છે કે તે આપણને તરત વશ કરી લે છે. કેટલાંકનાં મોંમાં મીઠાશ હોય છે, કેટલાંકના મનમાં મીઠાશ હોય છે, અને કેટલાંકના મનમાં અને મોંમાં બન્નેમાં મીઠાશ ભરી હોય છે. ખરેખર, મીઠાશ કે કડવાશના સ્રોતો હૃદયમાંથી જ વહે છે. એટલે જ્યાં સુધી એ મૂળ ઝરણાં અમીરસથી ભર્યાં હોતાં નથી ત્યાં સુધી મોઢાની સાકર વાટેલી બહુ કામ કરતી નથી. તેમ છતાં કહેવું જોઇએ કે મોઢાની મીઠાશ એ પણ નાનોસૂનો ગુણ નથી. એમાં એક જાતની શક્તિ રહેલી છે અને એ શક્તિનો ઉપયોગ રાજનીતિજ્ઞો બહુ સારી રીતે જાણતા હોય છે. કોઇને નકામું કડવું મનાવવું એમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈ લાભ નથી. એટલું જ નહીં પણ એ કડવાશ વડે આપણા પોતાના જ આનંદને આપણે ઓછો કરીએ છીએ. ભગવાન મનુએ વાર્તાલાપની સોનેરી શિખામણ આપી છે. એ હજારો વર્ષ પહેલાં જેટલી લાભકારક હતી એટલી અત્યારે પણ છે. "સાચું બોલવું, પ્રિય બોલવું, છતાં સત્યને અપ્રિય કરીને ન બોલવું અને પ્રિય લાગે એવું હોય તથાપિ અસત્ય હોય એવું પણ ન બોલવું." શ્લોક પ્રસિદ્ધ છે એટલે લખવાની જરૂર નથી. બીજા શબ્દોમાં કહીએ તો સત્ય ને પ્રિયરૂપી બે પૈડાં વડે આપણી વાણીને આપણે ચલાવવી જોઇએ.

મને એવો આભાસ છે કે વાત કરવાની કલામાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે કુશળ હોય છે. તેમને આ કળામાં વ્યુત્પન્ન થવાનો વધારે વખત મળતો હોવાને લઇને તેઓ વધારે કુશળતા ધરાવતી હશે કે સ્વાભાવિક રીતે જ એમનામાં એ શક્તિનો વિકાસ વધારે થતો રહેતો હશે, એ પ્રશ્નની ચર્ચામાં અત્યારે ઊતરતો નથી. કેમકે કદાચ એ સંબંધે આપણે કહેવા જઇએ કે સ્ત્રીઓને વાતો કરવાનો વખત વધારે મળે છે ને એ લોકો કદાચ એમ જ સાબિત કરી આપે કે પુરુષો જ નવરા હોય છે. એટલે આપણે તો સ્ત્રીઓને બે પ્રશંસાના શબ્દો કહેવાના છે ત્યાં ઊલટો મતભેદ ઉત્પન્ન થાય. સ્ત્રીઓનું ચાતુર્ય બાણ ભટ્ટ ને સામળ ભટ્ટ જેવાએ સાહિત્યમાં પણ સુસ્થિર કરી દીધું છે. સ્ત્રીઓનામાં હા કહેવી, ના કહેવી, બોલવું, ચાલવું, બધું શીખવાની લગભગ નિશાળ હોય છે. મોટી અને અનુભવી માવરો પાસે છોકરીઓ ધીમે ધીમે બોલતાં ને વાતો કરતાં શીખે છે. સાસુ વહુને કે નણંદ ભોજાઇને કે બહેનપણીઓને વાતો કરતાં સાંભળો તો તમે તરત જોઈ શકો કે કેવી ચતુરાઇથી એકબીજાં બોલ બોલે છે. અલબત્ત એમાં કેટલીક વાર ભારોભાર કટાક્ષનું મિશ્રણ હોય છે ખરું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ સામસામા કટાક્ષોને સફાઇથી ઉડાવી દેવાની કે ધીમેથી અરદાસ કરવાની પણ ખૂબી સ્ત્રીઓમાં અદ્‌ભુત દરજ્જે કેળવાયલી હોય છે. વાતચીતમાં મૂઠ મારવા અને વાળવાની બન્ને કળાઓ ઘણીખરી અનુભવી સ્ત્રીઓને કરામલકવત્ હોય છે.

એક ભટ્ટજી કહેતા હતા કે વાતચીત કરતાંયે આવડવી જોઇએ. પુરીબાઈને માખણ જોઈતું હોય ને જઈને ઉઘડકીને કહે કે, ‘ ફલાણીબેન, માખણ ઘોને, ’ તો ફલાણીબેન એમ જ કહે કે, ‘ માખણ રોજ રોજ ક્યાંથી હોય, બેન !’ પણ જઈને પહેલાં બેસે, જરા છોડીની ખબર પૂછે, ગાયના સમાચાર પૂછે, પછી કહે કે, ‘દૂધ તો થોડુંક જ દેતી હશે,’ ‘એટલું તો ખાવામાં વરી જાય એટલે માખણ બાખણ તો શેનું થતું હશે ?’ એમ ઘટતી પ્રસ્તાવનાથી વિષયનું ઉત્થાન કરે તો એની મેળે માખણ નીકળી આવે. જીભમાં અમૃત ને જીભમાં ઝેર કહ્યું છે તે ખોટું નથી.

ઉપર કહ્યું એમ સાધારણ વાતચીત કરવાની કળા નાનીસૂની નથી; પણ બે માણસે વાત કરવાની કળા એ વળી ઓર કળા છે અને કદાચ આપકળા જ હશે. એ કળા માણસ શીખી ન લે તો ઘરનું કામ બરાબર ન ચાલે. પણ સામા માણસનું મોં જોઈને વાત કરવાથી એ કળા શિખાય છે. એટલે આવા નિબંધમાં એનાં સૂત્રો ટાંકવાનું ભાગ્યે જ બની શકે. પણ ચાર માણસમાં વાત કરવામાં કેટલાંક સૂત્રો કામનાં થઇ પડે. જેમ કે કોઇને ખોટું લાગે એવું બોલવું નહીં, મોંમાં આવ્યું એટલું બોલી નાખવું નહીં, સહેજમાં ચિડાઇને બોલવું નહીં, મોંમાં ચકલું બોલાવ્યું હોય એમ કે ફોનોગ્રાફની પ્લેટ મૂકી હોય એમ ચડભડ ચડભડ બોલવું નહીં. વાતચીત એ મંડળની પાસે ધરાવાતી હકીકતની કે વિચારની વાનીઓનો થાળ છે. અને તેમાં સૌ પોતપોતાની વાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી થોડી પીરસે તો હંમેશાં મજા વધારે આવે. કોઈ મિષ્ટાન્ન પીરસે, કોઈ શાકભજિયાં પીરસે, કોઈ જરા તીખું તમતમતું રાયતું કે સંભાર પીરસે, પણ સૌ કંઇ કંઇ પીરસે અને ભાતભાતની વાનીઓ ભેગી થાય એમાં વાર્તાલાપની ખરી મજા છે.

પ્રશ્નો

૧. લેખક વાતચીતની કલાને ગૃહ્ય કલા શા માટે કહે છે?

૨. જુદા જુદા માણસોની વાત કરવાની ખાસિયતો વર્ણવો.

૩. ભગવાન મનુએ વાર્તાલાપ સંબંધી શી શિખામણ આપી છે?

૪. સ્ત્રીઓની વાર્તા કરવાની કળા સંબંધી લેખક શો કટાક્ષ કરે છે?

૫. વાતચીત માટે લેખકે સૂચવેલા નિયમો ટૂંકમાં લખો.

૬. નીચેનાં વાક્યો સમજાવો:—

(ક) સત્ય ને પ્રિય એ પૈડાંવડે આપણી વાણીને આપણે ચલાવવી જોઇએ.

(ખ) વાતચીતમાં મૂઠ મારવા અને મૂઠ વાળવાની બન્ને કળાઓ ઘણીખરી અનુભવી સ્ત્રીઓને કરામલકવત્ હોય છે.

(ગ) જીભમાં અમૃત ને જીભમાં ઝેર કહ્યું છે તે ખોટું નથી.

૭. નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ કહો:—

મગનું નામ પાડવું, મગચણા ભેગા ભરડવા, ફડાફડ ધાણી ફૂટવી, ઘોડો ઝુકાવવો, ભાંગરો વાટવો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૩ મો

☆

તકલી ને મોરલી

☆

શ્રી. સુંદરમ્

[આ લેખકનાં કાવ્યો તમે પહેલા તેમજ બીજા પુસ્તકમાં શીખી ગયા હશો. વિષય, ઢાળ, ભાષા, એ બધી દૃષ્ટિએ આ કવિનાં કાવ્યો ગમી જાય તેવાં હોય છે.

અહીં કવિએ તકલી અને મોરલીની હુંશાતુંશીનું આહ્‌લાદક વર્ણન કર્યું છે. બન્ને એકબીજાના ગુણદોષ દર્શાવે છે અને મોહન પોતાને જ સ્વીકારે એમ કહે છે. પણ એ મોહન કયા? મોરલીના બજવૈયા શ્રી કૃષ્ણ કે તકલીના કાંતનાર ગાંધીજી? અહીં 'મોહન' ઉપર શ્લેષ છે. બન્ને વચ્ચેની હુંશાતુંશીનો મોહન આખરે કેવી ખૂબીથી અંત લાવે છે!]

તકલી ને મોરલી મોહનના મહેલમાં,
મોટે પરોઢે એક લડી પડ્યાં,
ભાઈ લડી પડ્યાં;
ભગવાન કને બેઉ ફરિયાદ ગયાં.

તકલી તો ત્રમત્રમ ફૂદે ને મોરલી
ગુંઉં ગુંઉં ગુંજે રે હુંશાતુંશી,
થઈ હુંશાતુંશી;
તું રે નઠારી, હું સારી, બંને એમ બાઝી પડ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તકલી કહે, પ્રભુ, મોરલી આ માંદલી,
એને ફાડીને હવે બાળી મેલો,
પ્રભુ, બાળી મેલો;
હું રે છું ગાવડી દુધાળી મને હવે હાથે ધરો.

મોરલી કહે, પ્રભુ, તકલી તિતાલિયણ,
એને ભાંગીને ભુકકો કરો,
પ્રભુ, ભુકકો કરો;
હું રે છું રસની ઝારી હવે મને હોઠે ધરો.

તકલી કહે, પ્રભુ, મોરલી ગોઝારી,
એણે ભંગાવ્યા કૈંના સંસાર,
પ્રભુ, કૈંના સંસાર;
હું રે જીવન પોષનારી, મને હવે હાથે ધરો.

મોરલી કહે, પ્રભુ, તકલી હીણી જાત,
ઠીકરી ને લોઢાનો ભૂંડો અવતાર,
પ્રભુ, ભૂંડો અવતાર;
હું રે સોહાગણ નારી, મને હવે હોઠે ધરો.

તકલી કહે, પ્રભુ, મોરલી આ પોલી,
કાળજાની કાણીનો શાનો ઇતબાર?
પ્રભુ, શાનો ઇતબાર?
હું રે વજ્જર ઉરવાળી, મને હવે હાથે ધરો.

મોરલી કહે, પ્રભુ, તકલી અણિયાળી આ,
ભોંકાય કાળજામાં જાણે કટાર,
પ્રભુ, જાણે કટાર;
હું રે સુંવાળી વરણાગી, મને હવે હોઠે ધરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તકલી કહે, પ્રભુ, જનમી જગતમાં
બીજાને કાજ ફરું ફૂદડીના ફેર,
પ્રભુ, ફૂદડીના ફેર;
સૂતરનાં દૂધ દૂઝનારી, ગરીબની
કાયાને હું ઢાંકનારી, ભૂખ્યાંનાં
ઊનાં ઉદર ઠારનારી, મને હવે હાથે ધરો.

મોરલી કહે, પ્રભુ, જનમી જગતમાં
તમ્મારે કાજ સહ્યાં સારડીના વહેર,
પ્રભુ, સારડીના વહેર;
હાથે તારે રમનારી, ગોવાળનાં
હૈયાં હું ચમકાવનારી, પાતાળના
નાગો હું ડોલાવનારી, મને હવે હોઠે ધરો.

* * *

મલકી ભગવાન ત્યાં બોલે બે હાથમાં
તકલી ને મોરલીને લેતા બચી,
પ્રભુ લેતા બચી;
છાની રહો ભાઇબંધ મારી, ગાળાગાળી શાને કરો?

તકલીનો કાંતનાર, મોરલીનો ગાનાર,
હું છું મોહન એક, તે ના ભૂલો,
તમે તે ના ભૂલો;
હોઠે રહો એક, બીજી રહો હાથે,
હૈયે ભેગાં બેય સાથે
રહી મારે આનંદ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. મોરલી પોતાની તરફેણમાં શી દલીલો કરે છે !
૨. મોરલી તકલી વિરુદ્ધ શું કહે છે ?
૩. તકલી પોતાની તરફેણમાં શી દલીલો કરે છે ?
૪. તકલી મોરલી વિરુદ્ધ શું કહે છે ?
૫. ભગવાન તકલી અને મોરલીનું શી રીતે સમાધાન કરાવે છે ?
૬. તમે તકલીને પસંદ કરશો કે મોરલીને ? શા માટે ?
૭. સમજાવો:—
(૧) હું રે છું ગાવડી દુધાળી મને હવે હાથે ધરો.
(૨) હું રે છું રસની ઝારી હવે મને હોઠે ધરો.
૮. આ કાવ્યમાંની તમને સૌથી વધારે ગમતી બેત્રણ પંક્તિઓ લખો.

★

પાઠ ૪૪ મો

સરસ્વતીચંદ્ર અને અર્થદાસ

સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠી

[સ્વ. ગોવર્ધનરામભાઇએ ‘ સરસ્વતીચંદ્ર ’ નામની ચાર ભાગની મોટી નવલકથા લખી છે, અને તે ઉપરાંત બીજાં પુસ્તકો પણ લખ્યાં છે.

સરસ્વતીચંદ્રે ઘર છોડયું અને ભટકવું શરૂ કર્યું. એક વખત તે બીજા કેટલાક માણસો સાથે મુસાફરી કરતો હતો ત્યાં બહારવટિયાઓએ હુમલો કર્યો. બીજાઓને બચાવતાં તે ઘાયલ થયો. અર્થદાસ નામના વાણિયાની વૈરીને બહારવટિયા ઉપાડી ગયા. ઘાયલ થઈ જમીન પર પડેલા સરસ્વતીચંદ્રની પાસે અર્થદાસ હતો. શંકાશીલ અર્થદાસ સરસ્વતીચંદ્રને બહારવટિયાનો સાગરીત માને છે. સરસ્વતીચંદ્ર જે કંઇ બોલે છે તેનો એ ઊંધો જ અર્થ કરે છે. આખરે કેવી લુચ્ચાઇથી તે તેને છેતરી જાય છે તેનું આ પાઠમાં વર્ણન છે. ઉદાર સરસ્વતીચંદ્ર પોતે ગરીબ વાણિયાને દાન કરતો હોય તેમ માને છે; જ્યારે લુચ્ચો વાણિયો બહારવટિયાને છેતર્યાનો આનંદ અનુભવતો નાસી છૂટે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયો ધીમે રહી સરસ્વતીચંદ્રને ઉઠાડવા લાગ્યો અને ઉઠાડી બેઠો કર્યો. "તમને આ બહારવટિયા ઓળખે છે કે શું?–પેલો સંન્યાસી જેવો તમને તમારું નામ દઈ બોલાવતો હતો." આમ કહેતો કહેતો અર્થદાસ સરસ્વતીચંદ્રના ઘા તપાસવા લાગ્યો, અને જ્યાં લોહી વહેતું બંધ થયું હતું ત્યાં આગળથી રૂ જેવું કાંઇ હાથમાં લઇ આંખો ચળકાવી સુરસંગે ચંદરભાઈ નામ કહ્યું હતું તે સંભારી વધારે અપભ્રંશ કરી બોલ્યો :

"ચાંદાભાઇ, જુઓ તો ખરા આ ઠાકોરજીની માયા! તમારો ઘા રૂઝી ગયો સમજવો–લ્યો આ."

રુઝાતા ઘાની કલ્પનાથી જ બળવાન થઇ ગયેલા મનવાળો બની પોતાનું ત્રીજું અપભ્રંશ પામેલું નામ સાંભળી, ચસકી સરસ્વતીચંદ્ર ટટ્ટાર થયો. "એ શું છે, ભાઈ?"

વાણિયો બોલ્યો, "આનું નામ ઘા બાજરિયું; તમે આ ઘાસમાં પડ્યા હતા તે ઘાસ ભેગું ઊગેલું. તમારા લોહીથી ઘામાં એ વળગી ગયું અને લોહી બંધ થઈ ગયું!"

"તે એમાં કાંઈ ગુણ છે?"

"હા, એથી ઘા રૂઝે છે. આ તમારો ઘા રુઝાયો હવે તમારે સમજવો; તમે જ જુઓને—હવે કાંઈ દરદ છે?"

"ના, છે તો નહિ." સરસ્વતીચંદ્ર પળવાર નીચું જોઈ રહ્યો, વિચારમાં પડ્યો, અને ગળગળો થઈ છાતી પર હાથ મૂકી, ભીની આંખ વડે આકાશ ભણી જોઈ મનમાં બોલ્યોઃ

"પ્રભુ, આમ જ આપદ તું હરતો!—
અમ મૂર્ખપણું ઉર ના ધરતો;

पुस्तकालय गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનમાં વણુભાન પડી હું રહ્યો—
તૃણદ્વાર વિશે, પ્રભુ, ત્યાં તું ઊભો!!"

આ સ્તવન જાતે જ થઈ ગયું; અને નવા ઉત્કંપમાં, અચિંત્યા રોમાંચમાં, દુઃખી આંખમાં, દીન હૃદયમાં, અને ઉશ્કેરાયેલા મસ્તિકમાં ઈશ્વર પ્રત્યક્ષ થતો લાગ્યો.

આ પ્રથમ ઈશ્વરદર્શન કરાવનાર વિપત્તિનો અર્થ એના મનમાં આજ સાકાર થયો; કારણ પુસ્તકોમાં, સમાજોમાં અને મંદિરોમાં પ્રાર્થનાઓ તેને કેવળ શુષ્ક અને નિરર્થક લાગી હતી. આર્દ્ર હૃદય અને લોચનથી તે વાણિયાના સામું ઉપકૃત દૃષ્ટિથી જોઇ રહ્યો. તૃણનું ભાન કરાવનાર તે વાણિયો હતો એ સાંભર્યું, અને આ ઈશ્વરોપદેશ કરનાર મારો ગુરુ આ વાણિયો છે એ નિશ્ચય સર્વાંગે આ દત્તાત્રેય જેવાને ચિત્તવશ થયો. વાણિયા ભણી જોઈ તે બોલ્યો: "ભાઇ, તારું નામ શું?" तालिमपि न दद्यात् એ સંપ્રદાયના વણિકને આ પ્રશ્ન વસમો પડ્યો. "પેલો સંન્યાસી આનું નામ જાણતો હતો–મારો વહાલો, આયે બહારવટિયો હશે ત્યારે? નામ બામ આપે એવો કાંઇ અર્થદાસ કાચો નથી." એ વિચાર મનમાં કરી વાણિયો હસી પડ્યો, અને ઉત્તર ઉડાવી સામો પ્રશ્ન પૂછવા લાગ્યો: "હેં? હેં? હા! ચાંદાભાઈ, વારુ, ત્યારે તમે આ લોકમાં ક્યાંથી આવી પડ્યા? તમે શો ધંધો કરો છો? તમારું ગામ કિયું ને ક્યાં જવાનું છે?—હવે તો તમને જરૂર કરાર વળશે—જરા વાર તો લાગશે સ્તો."

"હું ક્યાંથી આવું છું તે તો તમે જાણો છો, અને આ લોકમાં શાથી આવી પડ્યો તે તમે જાતે નજરે જોયું છે."

"પણ તમે ધંધો શો કરો છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ધંધો !—ખાવું, પીવું, ને ફરવું."

"એમ કે ?" વધારે વહેમમાં પડેલો અર્થદાસ હૃદયમાં ધ્રૂજતો વળી પૂછવા લાગ્યો, "ને જાઓ છો ક્યાં ?"

"ભાગ્ય લઈ જાય ત્યાં. તમે લઈ જાઓ તો તમારે ત્યાં આવું. ભૂખ મને ને તમને સરખી લાગી હશે."

અર્થદાસ મનમાં બોલ્યો: "જો બહારવટિયો ખરો ! મારે ઘેર આવવું છે, ત્યારે પેલીને બચાવવા શું કરવા લડ્યો ને ઘવાયો ? કોણ જાણે બહારવટિયાઓનો ભેદુ થઈ એમ કર્યું કેમ ન હોય ?" સ્વાર્થજળના માછલાથી પરમાર્થબુદ્ધિની કલ્પના ન કરાઈ.

સરસ્વતીચંદ્રે ફરી પૂછ્યું: "ભાઈ, તમારે ઘેર મને લઈ જશો ? હું તમને કામ લાગીશ. આ દેશનો હું ભોમિયો નથી, ને તમે સૌ રસ્તાના ભોમિયા હશો."

"મારે ઘેર તે મરવાને લઈ જાય ? અર્થદાસ પણ ખરો કે તને પણ ચપટીમાં લે !" એટલું મનમાં બોલી મોટેથી બોલ્યો: "હા, શા વાસ્તે નહિ ? પણ એટલી શરતે કે મારી ઘરવાળી પાછી આપવી !"

"ભાઈ, તે તો હું શી રીતે કરું ? પણ તમારે ઘેર ચાલો એટલે હું તપાસ કરવા લાગીશ."

"જો લુચ્ચો ! " અર્થદાસ આટલું મનમાં કહી વળી મોટેથી બોલ્યો, "વારુ, ભાઈ ચાંદાભાઇ ! આપણે અહીંયાં ક્યાં સુધી પડી રહીશું ? ચાલો ગામ ભણી જઇએ !" મનમાં બોલ્યો: "પોલીસમાં પહોંચાડું. પછી એ તો રત્નનગરીની પોલીસ છે ને વાણિયા સાથે કામ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે જણ ઊઠ્યા અને મનહરપુરી ભણી ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં અર્થદાસે ખેલ માંડ્યો. અચિંત્યો રસ્તા વચ્ચે બેઠો અને રોવા લાગ્યો.

"ઓ મારી મા રે! તારું શું થશે? ઓ—"

સરસ્વતીચંદ્ર અચકી આભો બની આસનાવાસના કરતો બોલ્યો: "શું છે? તમારી માને શું થયું?"

"અરે, મારી બાયડીને પેલા લઈ ગયા—બિચારી રવડી મરશે—મારી મા રે—બાયડી રે!"

"ધીરજ ધરો, ભાઈ, ગામમાં ચાલો અને રસ્તો કરીશું."

"પણ એની પાસે દાગીના છે તે? એ તો મારું સર્વસ્વ! હવે હું ખાઈશ શું? મારા ઘરમાં તો ઝેર ખાવા જેટલી ફૂટી બદામ નથી! ઘરવાળાને ભાડું ક્યાંથી આપીશ? મારાં તો હાલ્લાં ને લાકડાં બે વેચાશે! ને હું મોદીને શું આપીશ ને બાયડી ખોળવા સરકારમાં શું આપીશ? ઓ ચાંદાભાઈ, હું તો અહીંયાં જ મરીશ."

ઘણું સમજાવ્યો પણ અર્થદાસ ઊઠ્યો નહિ. આખરે આંખો ફાડી, રોઈ બોલ્યો: "હું તો હવે ફાંસો ખાઈ મરવાનો. દૈવે મને બ્રાહ્મણ પણ ન ઘડ્યો કે લોટ માગી પેટ ભરું. મારા તો પેટમાં ગૂંચળાં વળે છે—ઉઠાતુંયે નથી ને બોલાતુંયે નથી. ઓ ચાંદાભાઈ, અબબબબ!" જીભ અટકી હોય એમ અર્થદાસ લાંબો થઈ સૂઈ ગયો, આંખો ચગાવવા લાગ્યો, ને મોંમાંથી ફીણના પરપોટા કાઢવા લાગ્યો.

સરસ્વતીચંદ્રને અત્યંત દયા આવી ને વિચારવશ થઈ ગળગળો થઈ ગયો. "ઓ ઈશ્વર, હું બિચારાને દુઃખથી છોડાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું કરું? આના દુઃખમાં મારી ભૂખ તો મરી ગઈ. આને સ્ત્રીનું દુઃખ નથી પણ પૈસાનું દુઃખ છે. એનું દુઃખ ભાંગવા જેટલો પૈસો તો મારી પાસે હતો, તે મેં છોડ્યો. દ્રવ્યનો આવે પ્રસંગે ઉપયોગ હશે તેનું મને ભાન ન રહ્યું. એને ઈશ્વરે વિદ્યા આપી નથી. ગર્ભશ્રીમંત પણ નથી! મારી ગર્ભશ્રીમંતાઈ પર ધૂળ વળી! આનું ઔષધ દ્રવ્ય, તે હું ક્યાંથી આપું? દ્રવ્ય છોડ્યું ન હોત તો આ પ્રસંગ ન આવત!" વળી અર્થદાસના સામું જોઈ શાંત પડી વિચાર્યું: "દ્રવ્ય છોડ્યું ન હોત તો અર્થદાસના દુઃખ જેવાં દુઃખ લોકને થતાં હશે એ હું કેમ જાણત?"

શાંતિએ સ્મરણને સ્ફુરવા દીધું, અને પોતાની જનોઇએ બાંધેલી મણિમુદ્રા સાંભરી આવી. સાંભરી આવતાં મુખ પર આનંદ અને ઉત્સાહ દીપવા લાગ્યાં: "હા! આના ઉદ્ધારનો માર્ગ સૂઝ્યો." મણિમુદ્રા છોડી હાથમાં લઇ તે પર જોઈ રહ્યો: "તને તજું છું! જા, ગરીબનું ઘર દીપાવ." સરસ્વતીચંદ્ર અર્થદાસની પાસે બેઠો; તેની આંગળીએ મુદ્રા પહેરાવી; અને ભૂખથી, દુઃખથી, દયાથી, વિરહથી, નબળો પડેલો વિકલ અને ગદ્ગદ બનતો તરુણ ઢળી પડ્યો.

સરસ્વતીચંદ્રને બહારવટિયો કલ્પતો, ઘડીકમાં તેને રત્નનગરીની પોલીસને વશ કરવા યુક્તિ શોધતો, ઘડીકમાં તેની પાસેથી છૂટો થવા ઇચ્છતો, અને આખરે છેલ્લી ઇચ્છાને વશ થતો અર્થદાસ નિર્ધનતા અને દુઃખનો ઢોંગ લઈ પડ્યો હતો, તે એવું ધારીને કે એને નિર્માલ્ય ગણી બહારવટિયો પોતાની મેળે પોતાને રસ્તે પડે. તેમ કરતાં આ તો નવું નાટક નીકળ્યું. ચગાવેલી દેખાતી આંખો વડે તે મુદ્રા જોઈ, મણિમુદ્રાની પરીક્ષા કરી, નજર આગળનો દેખાવ સમજ્યો નહિ, અને મુદ્રા આંગળીમાં બેઠી અને સરસ્વતીચંદ્ર ઢળી પડ્યો કે એકદમ વીજળીની ત્વરાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ્વતીચંદ્ર અર્થદાસની આંગળીએ મુદ્રિકા પહેરાવે છે.

ઊભો થઈ ચોરચિત્તવાળો, પોતાને સમયસૂચક ગણતો, પાછું જોયા વગર અને વિચાર કરવા ઊભો રહ્યા વગર મૂઠી વાળી નાઠો.

પ્રશ્નો

૧. સરસ્વતીચંદ્ર કોને હાથે ઘાયલ થઇ પડ્યો હતો ?

૨. સરસ્વતીચંદ્ર બહારવટિયો છે એમ અર્થદાસે શા પરથી અનુમાન કર્યું ?

૩. સરસ્વતીચંદ્ર પાસેથી નાસી છૂટવા અર્થદાસે શી યુક્તિ કરી ?

૪. આ પાઠમાં સરસ્વતીચંદ્ર દ્રવ્ય સંબંધી શા વિચારો રજૂ કરે છે?

૫. સરસ્વતીચંદ્ર પવિત્ર મનનો ને દયાળુ હતો, જ્યારે અર્થદાસ લુચ્ચો અને સ્વાર્થી હતો; એ તમે શા ઉપરથી કહી શકો ?

૬. સમજાવો—

અ. સ્વાર્થજળના માછલાથી પરમાર્થબુદ્ધિની કલ્પના ન કરાઈ.

બ. પ્રભુ, આમ જ આપદ તું હરતો !
અમ મૂર્ખપણું ઉર ના ધરતો.

૭. નીચેના વાક્યોને જોડો:—

તે નજર આગળનો દેખાવ સમજ્યો નહિ. મુદ્રા આંગળીમાં બેઠી. સરસ્વતીચંદ્ર ઢળી પડ્યો. તે એકદમ વીજળીની ત્વરાથી ઊભો થયો. તે પોતાને સમયસૂચક ગણતો નાઠો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૫ મો

¤

સુભાષિતો

¤

[તમે જુદી જુદી જાતનાં કાવ્યો અત્યાર સુધીમાં શીખ્યા છો. આ સળંગ કાવ્ય નથી, પણ જુદી જુદી કંડિકાઓ છે. જેમ કહેવતો જૂના જમાનાથી લોકમુખે ચડી ગઇ છે તેમ આવાં સુભાષિતો પણ લોકમુખે ચડી ગયેલાં છે. કહેવતોના રચનાર જાણી શકાતા નથી તેમ સુભાષિતોના રચનાર પણ જાણી શકાતા નથી. તેમની ભાષા એટલી સચોટ હોય છે કે તે તરત જ યાદ રહી જાય છે. સંસ્કૃત ભાષામાં આવાં સુભાષિતોનો ભંડાર ભરેલો છે. તમે એ ભાષા શીખો ત્યારે જરૂર એ સુભાષિતો મોઢે કરજો.]

ભાકર બચ્ચાં લાખ, લાખે બિચારાં;
સિંહણ બચ્ચું એક, એકે હજારાં.

ગઈ સંપત ફિર સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગઈ કીર્તિ આવે નહીં, ગયા ન આવે પ્રાણ.

સોબત કરતાં શ્વાનની, બે બાજુનું દુઃખ;
ખીજ્યું કરડે પિંડીએ, રીઝ્યું ચાટે મુખ.

કોયલડી ને કાગ, વાને વરતાએ નહિ;
જીભલડીમાં જવાબ, સાચું સોરઠિયો ભણે.

કર પર પહેરે કડાં, કર પર કર ધારે નહિ;
ઈ માણસ નહિ પણ મડાં, સાચું સોરઠિયો ભણે.

ધન જોબન ને ઠાકરી, તે ઉપર અવિવેક;
એ ચારે ભેગાં હુવાં, અનરથ કરે અનેક.

મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ;
ઘોડો ભાંગ્યો ખેડતાં, એને નહિ સાંધો નહિ રેણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને બોલે બંધ નહિ, મરમ નહિ મનમાંહી;
તેનો સંગ ન કીજીએ, છોડી જાય વનમાંહી.
ઘેલી માથે બેડલું, મરકટ કોટે હાર;
જુગારી ગાંઠે ગર્થ તે, ટકે કેટલી વાર?
બહેરા આગળ ગાવણું, મૂંગા આગળ ઘાલ;
અંધા આગળ નાચવું, એ ત્રણે હાલહવાલ.
રાગ, પાગ ને પગરખું, નાડી ને વળી ન્યાય;
તરવું, તાંતરવું ને તસ્કરવું, એ આઠે આપકળાય.
ગાજ્યા મેહ વરસે નહિ, ભસ્યા શ્વાન નવ ખાય;
બહુબોલ્યા નવ રણ ચઢે, થોડબોલ્યા ન ઘર જાય.
ગુણની ઉપર ગુણ કરે એ તો વહેવારાં વટ્ટ;
અવગુણ ઉપર ગુણ કરે, ખરી ખત્રિયાં વટ્ટ.
દળ ફરે વાદળ ફરે, ફરે નદીનાં પૂર;
શૂરા બોલ્યા ના ફરે, પશ્ચિમ ઊગે સૂર.
નામ રહંતાં ઠાકરાં, નાણાં નહીં રહંત;
કીરત કેરાં કોટડાં, પાડયાં નહીં પડંત.

પ્રશ્નો

૧. કૂતરાની મૈત્રીથી શાં દુઃખ થાય છે?
૨. કયાં તત્ત્વો ભેળાં થવાથી અનેક અનર્થ થાય છે?
૩. કયી વસ્તુઓ સંધાતી નથી?
૪. 'બહેરા આગળ ગાવણું' સૂચવતી એક કહેવત લખો.
૫. આપકળા એટલે શું? જુદી જુદી આપકળાઓ ગણાવો.
૬. સમજાવો:—
   ૧. બકરી બચ્ચાં લાખ, લાખે બિચારાં.
   ૨. નામ રહંતાં ઠાકરાં, નાણાં નહીં રહંત.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૬ મો

☼

દાનશાળાનો ચમત્કાર

☼

શ્રી. ચુનીલાલ શાહ

[આ પાઠના લેખક ગૂજરાતના જાણીતા નવલકથાકાર છે. તેમણે અનેક નવલકથાઓ લખી છે. તેમાંની 'અવંતીનાથ' નામની નવલકથામાંથી આ પાઠ લીધો છે. રાજા ભોજ તેના દાન માટે જાણીતો છે. વિદ્વાનો તેમજ સાહિત્યરસિકોને તે ઇનામો આપતો અને મદદ કરતો.

તેના રાજ્ય ઉપર ગાંગો ચડાઈ લઈ આવતો હતો. તેનો સામનો કરવા સૈનિકોની જરૂર હતી. પણ સૈન્યમાં જોડાવા પ્રજાજનો તૈયાર ન હતા. તેનું કારણ રાજા ભોજ, તેનો મહામાત્ય ક્ષિતિપાલ અને સેનાપતિ વીરસિંહ શોધે છે. નીલપટેશ્વરના એ સંબંધી જુદા વિચાર હતા. તેના સિદ્ધાંત પ્રમાણે પ્રજામાં પરિવર્તન લાવવા ભોજ દાનશાળા ખોલે છે. આવી જાતની દાનશાળા ખોલવાથી પ્રજામાં શા ફેરફાર થયા તે લેખકે અહીં દર્શાવ્યું છે. રાજા કે રાજતંત્ર પોતાની પ્રજાનું હૃદય કેવી રીતે જીતી શકે તે અહીં લેખકે દર્શાવ્યું છે.]

ભોજના ચિત્તપ્રદેશમાં જ્યારે આ ગડમથલ ચાલી રહી હતી, ત્યારે એક વાર મહામાત્ય ક્ષિતિપાલ અને સેનાપતિ વીરસિંહે રાજા પાસે એકાંત મંત્રણા કરવા માંડી. સેનાની જમાવટ માટે જોઈએ તેટલા સૈનિકો મળતા નહોતા એ હકીકત હતી. એ હકીકતનું ઊંડાણ તપાસવાને વીરસિંહે કેટલીક પૂછગાછ કરી હતી. અને તેને જણાયું હતું કે યુદ્ધમાં જવાની સામાન્ય અનિચ્છા સર્વત્ર વ્યાપી રહી હતી. કોઈને ખેતી બગડવાની ચિંતા હતી, કોઈને વૃદ્ધ માબાપ અને બૈરી-છોકરાંને કોઈ રળી ખવરાવે તેવું નહોતું, કોઈને ચાલુ માંદગી પીડ્યા કરતી હતી, કોઈને એવું કશું કારણ નહોતું તો માત્ર ગલ્લાં-તલ્લાં સૂઝતાં હતાં. આ ઉપરથી વીરસિંહ એવા નિશ્ચય ઉપર આવ્યો હતો કે ઘરદીઠ એક માણસ ફરજિયાત સેનામાં લેવો અને તેને મહિને બે મણ ધાન્ય ને એક ટંકો રોકડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવો. ક્ષિતિપાલનો વિચાર જુદો હતો. જેઓ લડવા નીકળે તેમની ખેતીનો રાજભાગ માફ કરવાનો ઢોલ પિટાવવાની તેની સલાહ હતી.

આ બેઉની સલાહ સાંભળીને ભોજને નીલપટેશ્વરનો સિદ્ધાંત જ સાચો લાગ્યો. લોકો પ્રમાણમાં બહુ ગરીબ છે એવી તો તેની ખાતરી થઇ હતી, પણ એ ગરીબાઇથી લોકોની દેશ અને રાજા પરની મમતા ઘટી ગઇ છે અને પોતાનાં તથા પોતાનાંનાં પેટની ચિંતા જ તેમને ઘેરી વળી છે એ તેણે હવે જોયું. તેને એમ પણ લાગ્યું કે જો લોકો વધુ ભૂખે મરે તો તેઓ રાજાનો ધન-ભંડાર પણ કેમ લૂંટી ન લે?

તત્ક્ષણ તો ભોજે બેઉને રજા આપી. પણ રાત્રે વિચાર કરીને સવારે ક્ષિતિપાલને બોલાવીને ફરમાન કર્યું: "મહામાત્ય! અવંતીને ગામે ગામે દાનશાળાઓ સ્થાપી દો. ધંધા મજૂરી છતાં જેઓનું પેટ ન ભરાતું હોય તેઓ એ દાનશાળામાંથી ધાન્ય અને લવણ લઈ જાય. જેઓ શક્તિ છતાં દાન લે તેને મહાકાળેશ્વરની આણ. અને તે સાથે એવું પણ જાહેર કરો કે પાંચ વર્ષ સુધી કોઈ પણ ખેડૂત પાસેથી રાજા પોતાનો રાજભાગ નહિ લે."

"હં અ; પછી જે લાખો ટકાનું ખર્ચ થશે તે?" ક્ષિતિપાલે ઠાવકું મોં રાખીને પૂછ્યું.

"મેં તેનો વિચાર કરી રાખ્યો છે. રાજ્યભંડારમાંથી જોઇએ તેટલું ધન આપો. રોકડા દામ ખૂટે તો સોના રૂપાનો ઉપયોગ કરો; જરૂર પડે તો રાજ્યનો રત્નભંડાર પણ વાપરો; પણ તેમ કર્યા પૂર્વે એક બીજું કાર્ય કરવાનું. જે જે કવિઓને, પંડિતોને, વિદ્વાનોને વર્ષાસન આપીએ છીએ તે, ખેડૂતો પાસેથી રાજભાગ ન લઇએ ત્યાંસુધી, બંધ કરવાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષિતિપાલ અવાક્ બની ગયો. તેના વદન પર ચિંતાની રેષાઓ દોરાવા લાગી. તેની મુખમુદ્રા જોઇને ભોજે કહ્યું : "તમને જે કાંઈ શંકા રહેતી હોય તે પૂછો. મારો નિશ્ચય થયા પૂર્વે મેં બધા સંયોગોનો વિચાર કરી રાખ્યો છે. તમને રાજ્યભંડાર ખાલી થઈ જવાનો ભય લાગે છે?"

"હા, મહારાજ!"

ભોજ હસ્યો. તેણે કહ્યું : "એ જ તમારી ભૂલ છે. રાજ્યભંડાર ખાલી નહિ થાય. લોકો જ પાછો એ ભંડાર ભરી દેશે!"

"એવો સમય ક્યારે આવશે તે કોણ જાણે છે? તે પૂર્વે યુદ્ધ માટે ધન જોઇશેને, મહારાજ!"

"આ ધન યુદ્ધ માટે જ વાપરાશે એમ તમે કેમ નથી માનતા? છતાં દેશને માટે ધન ખૂટે તો વસતીનું ધન એ પણ દેશનું જ છે ને?"

ક્ષિતિપાલ હસ્યો અને બોલ્યો: "મહારાજ! સુચરિત રાજાથી વસતીનું ધન ન લૂંટાય!"

"હું ક્યાં લૂંટવા ઇચ્છું છું? હું તો માનું છું કે વસતીને દાન આપતાં ભંડાર ખાલી થાય તો વસતી પોતાની મેળે જ રાજાને પોતાનું ધન દેશ માટે વાપરવા આપી જાય; અને જો ન આપે, તો પછી ધનવાનોને કાં તો લૂંટે રાજા કે કાં તો લૂંટે પ્રજા; એ બેઉ ન લૂંટે તો પરદેશના આક્રમણકારો આવીને પણ લૂંટી જાય! પણ ક્ષિતિપાલ! ભોજ એવો વખત નહિ આવવા દે. તે પોતે લૂંટાશે, પણ વસતીને નહિ લૂંટે. પણ હા, દેશને માટે વસતીને લૂંટાવું પડે એવો સમય રાજાને માથે આવવાનો અસંભવ નથી, એવું તો મને લાંબો વિચાર કરતાં લાગે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાની આજ્ઞા હવે અન્યથા થઇ શકે તેમ નથી. રાજાએ દીર્ઘ વિચાર કરીને નિર્ણય કર્યો છે અને એ નિર્ણયમાં કેવળ અવિચાર, તરંગ કે લાગણીવેડા નથી એવું જોયા પછી ક્ષિતિપાલે પોતાની અનિચ્છા છતાં રાજાની આજ્ઞાનો અમલ કરવાનો પ્રારંભ કર્યો. તેણે અવંતીને ગામે ગામે દાનશાળા ઉઘાડવાનો પ્રબંધ કર્યો અને તે માટે ધાન્યાદિની તથા તેનું વિતરણ કરનારા માણસોની વ્યવસ્થા કરી. દાનશાળાઓ વિષેની જાણ થતાં જનતામાં આનંદ કોલાહલ જાગ્યો. ઘરેઘર ભીખ માગનારાઓની સંખ્યા સૌથી પહેલાં ઘટી. એક યા બીજે માર્ગે રળવા, ભીખવા કે ચોરવા નીકળેલાઓ પોતપોતાના ગામે જઈને કુટુંબની વચ્ચે આવી પહોંચ્યા અને દાનશાળાઓનો આશરો લઇ પેટ ભરવા લાગ્યા. ધારાનાં તુરંગોમાં કેદ પડેલા ચોરોની સેંકડોની સંખ્યાને રાજાએ છોડી મૂકવાનું ફરમાન કર્યું એટલે તેઓ પણ છૂટીને પોતાને ઘેર પહોંચી ગયા. ગામડાંમાં ભટકતાં ધાડાં જાણે અલોપ થઇ ગયાં. રાજભાગની ચિંતા ટળવાથી હતાશ થતા ખેડૂતોના જીવમાં નવો જીવ આવ્યો અને ખેતીમાંય ઉત્સાહ સ્ફુર્યો. દાનશાળાઓએ જાણે ગામે ગામે આનંદજનક ચમત્કાર પ્રસારી દીધો હોય એવું જ દૃશ્ય ચોમેર દેખાવા લાગ્યું.

પહેલાં ભોજ પંડિતોને મુખે દાનેશ્વરી કહેવાતો હતો, હવે તે જનતાને મુખે દાનેશ્વરી કહેવાવા લાગ્યો. પહેલાં પંડિતો ભોજની સમીપે તેની સ્તુતિ ગાતા અને ભોજ પ્રસન્ન થતો, હવે ભોજ પરોક્ષ રીતે થતી સ્તુતિવાર્તાઓથી પુલકિત થતો હતો. પહેલાં કવિઓનાં નેત્રોમાં ચમકતા સંતોષથી ભોજ આનંદ માણતો હતો, હવે સમગ્ર દેશના ગરીબોના સંતોષથી તેની આનંદની ઉષ્મા વધતી જતી. થોડા દિવસો ગયા અને વીરસિંહે સમાચાર આપ્યા કે સૈનિકોની સંખ્યા વધતી જાય છે. “ રાજાએ અમને જિવાડ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો અમે હવે ગાંગાના હલ્લામાંથી અમારી જાતને, અવંતીને અને રાજાને પણ રક્ષીશું" એવી જનતાની વધતી જતી લાગણી-શીલતાના ભણકારા રાજાને કાને વારંવાર આવવા લાગ્યા.

નવો પાક ઊતર્યો, ખળાં થઇ ગયાં, લોકો ગેલમાં આવી ગયા, અને વેપારીઓમાં પણ આનંદ વર્ત્યો, કારણ કે જે કાંઈ પાક્યું તે ખેડૂતોને ઘેર આવ્યું અને રાજાને કશું આપવું ન પડ્યું તેથી ખેડૂતોએ વેપારીઓનું દેવું પણ શક્તિ પ્રમાણે ઓછું કરી નાખ્યું. હવે નવી ચોરીઓના કિસ્સા બનતા ભાગ્યે જ સાંભળવામાં આવતા. ધાડ લૂંટ તો રહ્યાં જ નહિ અને તુરંગોમાં ગણ્યાગાંઠ્યા કેદીઓ જ પુરાતા હતા. ક્રમેક્રમે દાનશાળાઓમાં ધાન્ય લવણ લેવા આવનારાઓની સંખ્યા ઓછી થવા લાગી અને સૈનિકોની સંખ્યા વધવા લાગી.

ભોજે ધાર્યું હતું તે કરતાં વધારે વહેલો સ્થિતિપલટો થતો તેણે જોયો. આ પલટાનો જશ નીલપટેશ્વરને હિસ્સે જતો હતો એમ ભોજ અને લોકો પણ માનવા લાગ્યા. નીલપટેશ્વરના ભક્તો અને અનુયાયીઓની સંખ્યા વધવા લાગી, અને તેના ઉપદેશો ઝડપથી પ્રસરવા લાગ્યા.

ધર્માચાર્યો અને પંડિતો આ પલટાને ઉદ્વિગ્ન આંખે જોઇ રહ્યા હતા. "પેટ ભરવું ને મોજ કરવી" એવો નીલપટ સંપ્રદાયનો ધર્મ લોકોનાં ધર્મ–નીતિનું દેવાળું કઢાવશે એવી ધર્માચાર્યોને ચિંતા થતી હતી. પંડિતોને સ્વપ્ન આવતાં હતાં કે સરસ્વતી હવે અવંતીમાંથી રિસાઇને ચાલી જશે અને દેશભરમાં જેટલું અવંતી સુકીર્તિત થયું હતું તેટલું જ તે અપકીર્તિત થશે.

પ્રશ્નો

૧. સૈનિકોની ભરતી કરવા માટે વીરસિંહ તેમજ ક્ષિતિપાલે શા શા ઉપાય સૂચવ્યા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. પ્રજામાં રાજ્ય તરફ પ્રેમ ઉત્પન્ન કરવા ભોજે કયો માર્ગ દર્શાવ્યો ?

૩. દાનશાળા ખોલતાં રાજ્યભંડાર ખાલી થઇ જશે એવી ક્ષિતિપાલની ભીતિને ભોજ કેવી રીતે દૂર કરે છે ?

૪. દાનશાળાના ચમત્કારો તમારા શબ્દોમાં વર્ણવો.

૫. ધર્માચાર્યો તથા પંડિતોનો આ દાનશાળા સંબંધી શો મત હતો ?

૬. પાછળથી દાનશાળાનો લાભ લેનારની સંખ્યા કેમ ઓછી થવા લાગી અને સૈનિકોની સંખ્યા કેમ વધવા લાગી ?

૭. સમજાવો :—પંડિતોને સ્વપ્ન આવતાં હતાં કે સરસ્વતી હવે અવંતીમાંથી રિસાઇને ચાલી જશે.

૮. નીચેના શબ્દજોડકાંઓ વચ્ચેનો તફાવત દર્શાવો :—
રળવું, રડવું; તુરંગ, તુરગ; ખળું, ખડું.

૯. વિ, સુ, અપ, દરેકની મદદથી બબ્બે શબ્દો બનાવો.

★

પાઠ ૪૭ મો

સ્વાધીનોનું ગીત

શ્રી. ઝીણાભાઈ દેસાઇ
(સ્નેહરશ્મિ)

[આ લેખકનું 'રાષ્ટ્રધ્વજને' નામનું દેશભક્તિથી છલકાતું કાવ્ય તમે પહેલા પુસ્તકમાં શીખ્યા હશો. આ કાવ્ય પણ એ વિષયને લગતું જ છે. બીજા પુસ્તકમાં તમે 'આઝાદીની ઉષા'નામનો પાઠ શીખ્યા હશો. આપણને આઝાદી મળ્યા પછી આપણામાં જે ખુમારી, શૌર્ય, સ્વાભિમાન આવ્યાં છે તેને કવિએ આ કાવ્યમાં સુંદર રીતે ઉતાર્યાં છે. શરૂઆતમાં કવિએ સ્વતંત્ર હિંદની પ્રકૃતિ, તેનાં ગામડાં અને સમાજનું વર્ણન કર્યું છે. સ્વાધીનતાને રક્ષવા પ્રકૃતિ, રાજ્ય અને પ્રત્યેક પ્રજાજન તૈયાર છે એમ કવિ કહે છે. એ સ્વાધીનતાને છીનવી લેવા કોઇની તાકાત નથી એમ કવિ સૂચવે છે.

આખું કાવ્ય વીરરસથી ભરેલું છે અને જોમભરી ભાષામાં લખાયું છે. તમે તેને જરૂર મોઢે કરી લેજો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધીન અજય છે ભોમ અમારી
મુક્ત અજય અમ સરિતા–તીર;
ગિરિ ગહ્વર ને ખીણ કોતરો,
મુક્ત સદા અમ સાગર–નીર !
[વૃન્દ] સ્વાધીન ! અમે સ્વાધીન ! સદા સ્વાધીન !
અમે સૌ ઉન્નત–શિર;
મુક્ત અજય છે ભોમ અમારી,
મુક્ત અભય અમ વહે સમીર.
વિશાળ ગૌચર ધણ અમ વિહરે,
મત્ત મુક્ત અમ ગોપી–ગોપ;
ભર્યાં ભર્યાં ખેતર અમ વિલસે,
મુક્ત નભે લહેરંતા રોપ.
[વૃન્દ] સ્વાધીન ! અમે સ્વાધીન ! સદા સ્વાધીન !
સ્વાધીન ખડાં અમ ઘર જહાં રૂડાં,
જ્યાં સ્વાધીન સુખી સંસાર;
મુક્ત જહીં અમ મા વહુ બેટી,
ખેલે મુક્ત જહીં અમ બાળ !
[વૃન્દ] સ્વાધીન ! અમે સ્વાધીન ! સદા સ્વાધીન !
ખુશ્કી તરી કે દળો હવાઈ,
ખડાં સદા અમ રક્ષા કાજ;
વિશાળ તેની પાંખ નીચે શાં
મુક્ત તરે સાગર અમ જહાજ !
[વૃન્દ] સ્વાધીન ! અમે સ્વાધીન ! સદા સ્વાધીન !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે નજર એ પર જે ઝેરી
ખાતી તે અહીં મોત–પછાડ–
ઊભા સંત્રી અમે સદા જ્યાં
હિમગિરિ સરખા માનવ-પ્હાડ !
[વૃન્દ] સ્વાધીન ! અમે સ્વાધીન ! સદા સ્વાધીન !
હાસ્ય દીનતા પ્રજળી કુજળે,
દેખી અમને રુદ્ર સમાન !
પુત્ર અમે સૌ ભોમતણા આ–
અજય, મુક્ત, નિર્ભય, બળવાન !
[વૃન્દ] સ્વાધીન ! અમે સ્વાધીન ! સદા સ્વાધીન !
વન્દન હો આ મુક્ત હવાને,
વન્દન હો તુજને મા–ભોમ !
અમો જીવતાં મુક્ત તું નિત હો !
મુક્ત નભે જ્યમ સૂરજ સોમ !
[વૃન્દ] સ્વાધીન ! અમે સ્વાધીન ! સદા સ્વાધીન !–
અમે સૌ ઉન્નત–શિર;
મુક્ત અજય છે ભોમ અમારી,
મુક્ત અભય અમ વહે સમીર.

પ્રશ્નો

૧. સ્વતંત્ર હિંદનાં પ્રકૃતિતત્ત્વોનું વર્ણન કરો.
૨. મુક્ત હિંદનાં ગામડાંનું વર્ણન કરો.
૩. આઝાદ હિંદમાં સામાજિક જીવન કેવું થયું છે ?
૪. આપણી સ્વાધીનતાને રક્ષવા કોણ કોણ તૈયાર છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. સમજાવો:—

(ક) પડે નજર એ પર જે ઝેરી,
ખાતી તે અહીં મોત–પછાડ—
ઊભા સંત્રી અમે સદા જ્યાં
હિમગિરિ સરખા માનવ–પ્હાડ!

(ખ) હાસ્ય દીનતા પ્રજળી કજળે,
દેખી અમને રુદ્ર સમાન.

૬. આ કાવ્ય માટે બીજું શીર્ષક સૂચવો.

૭. આ કાવ્યના રસનું નામ આપો.

૮. નીચેના શબ્દોની જોડણી સુધારો:—
શીર, સમિર, વીલસે, ખુશ્કિ, હીમગીરિ, દિનતા, મૂક્ત, નીત.

★

પાઠ ૪૮ મો

અબ્રાહમ લિંકન

શ્રી. સુદર્શન

[આ લેખકના લખેલા પાઠ તમે પહેલા તથા બીજા પુસ્તકમાં શીખ્યા હશો. આ પાઠમાં તેમણે અમેરિકાના એક મહાપુરુષના જીવનની રૂપરેખા આપી છે. અબ્રાહમ લિંકન અમેરિકાનો પ્રમુખ હતો અને તેની ગણના જગતના મહાપુરુષોમાં થાય છે. અમેરિકામાં વ્યાપી રહેલી ગુલામીની પ્રથા તેને ગમી નહિ. આથી તેનો નાશ કરવા તેણે બેશ ઉપાડી. ઉત્તર અમેરિકાએ તેના વિચારને વધાવી લીધા; પણ દક્ષિણ અમેરિકા તેના વિચારોની વિરુદ્ધ હતું. આથી ઉત્તર તથા દક્ષિણ અમેરિકા વચ્ચે વિગ્રહ થયો અને તેમાં આખરે ઉત્તર અમેરિકાની જીત થઇ. આખરે અમેરિકામાંથી ગુલામી નાબૂદ થઇ. પણ થોડા જ સમયમાં લિંકનનો જાન લેવાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિંકન અને ગાંધીજી વચ્ચે સામ્ય છે. બન્નેનાં હૃદય માનવતાથી છલકાતાં હતાં. બન્ને દુઃખીઓના બેલી હતા. બન્નેએ મહાન આદર્શો માટે ભવ્ય બલિદાન આપ્યાં.]

આજથી ૯૦ વર્ષ પહેલાં અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં ગુલામીની પ્રથા ચાલુ હતી. આફ્રિકાના સીદી લોકો ત્યાં ઘેટાં-બકરાં જેમ વેચાતાં હતાં. તેમની પાસેથી ઘાતકીપણે કામ લેવામાં આવતું હતું. જરા એક ભૂલ થઈ કે પીઠ પર ચાબુકનો ફટકો હોય જ.

અબ્રાહમ લિંકન એવો મહા પુરુષ હતો કે તેણે ગુલામીની પ્રથા બંધ કરાવી. તે માટે તેને પોતાના પ્રાણનું બલિદાન આપવું પડ્યું.

તે એક ગરીબ ખેડૂતનો પુત્ર હતો. ઇ. સ. ૧૮૦૯ માં એનો જન્મ 'કેન્ટકી' નામના ગામમાં થયો. શાળામાં તેને નામની જ કેળવણી મળી. પિતા પાસે એટલા પૈસા ન હતા કે તેને ઉચ્ચ કેળવણી આપી શકે.

બાલ્યાવસ્થામાં જ લિંકનને પેટને માટે વલખાં મારવાં પડ્યાં. કોઈ વખત હળ ચલાવવું પડે, કોઈ વખત લાકડાં કાપવાં પડે, કોઈ વખત ગાયોને ચરાવવા જવું પડે તો કોઈ વખત હોડી પણ ચલાવવી પડે. આટઆટલું કરવા છતાંય કુટુંબનું ગુજરાન ચાલતું નહિ. વચમાં તો એને નોકરી પણ કરવી પડી. તક મળતાં તેણે વેપાર પણ કર્યો. પરંતુ પોતાની કમાઇનો એકેએક પૈસો તે પોતાના પિતાને આપી દેતો.

પણ લિંકનને આ પ્રકારના જીવનથી સંતોષ ન થયો. તેને લખવા–વાંચવાનો ઘણો શોખ હતો. તે વકીલ બનવા ઇચ્છતો હતો. આથી અવકાશના સમયે તે નિયમિત વાંચન કરતો. વાંચવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે તે બીજા લોકોના ઘરેથી પુસ્તકો તેમજ વર્તમાનપત્રો માગી લાવતો.

આ પ્રમાણે તેણે મોટાંમોટાં પુસ્તકો વાંચ્યાં. વળી તેણે કાયદાનાં પુસ્તકો પણ વાંચ્યાં. ભલા, આવી મહેનત કદાપિ વ્યર્થ જઈ શકે? ઈ. સ. ૧૮૩૯ માં લિંકને કાયદાની પરીક્ષા પસાર કરી.

બીજે જ વર્ષે તેણે 'સ્પ્રિંગફિલ્ડ'માં વકીલાત શરૂ કરી. તેની વકીલાત ધીકતી થઈ, પરંતુ લિંકન પોતાની ગરીબીના દિવસ ન ભૂલ્યો. તેણે સમાજ–સેવાને પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું. એ વિષય પર તેણે ઘણા લેખ લખ્યા અને ભાષણો આપ્યાં.

તે લોકપ્રિય વક્તા હતો અને ઘણુંખરું 'બાઇબલ' તેમજ રાજકીય વિષયો પર બોલતો. એનું પ્રવચન સાંભળવા લોકોની પડાપડી થતી હતી.

તેને જરા પણ ગર્વ નહતો. તેણે સાદું જીવન ગાળ્યું—શરીર પર તે જ તંગ પાટલૂન અને ફાટેલો કાળો કોટ, મસ્તક પર ફાટેલી મોટી ટોપી અને બગલમાં બહુ જૂની લીલા રંગની છત્રી. છતાં પણ 'સ્પ્રિંગફિલ્ડ' ના લોકોનાં મન તેણે વશ કરી લીધાં હતાં.

ઇ. સ. ૧૮૪૬ માં તે અમેરિકાના સંયુક્ત રાજ્યોની કોંગ્રેસના સભ્ય તરીકે ચૂંટાયો. થોડા જ દિવસોમાં કોંગ્રેસની સભામાં ગુલામીની પ્રથા પર ઉગ્ર ચર્ચા શરૂ થઈ. દેશના ઉત્તર ભાગના લોકો આ ગુલામીની પ્રથા બંધ કરવાની તરફેણમાં હતા અને લિંકન આ લોકોનો નેતા હતો.

અબ્રાહમ લિંકન

પરંતુ દક્ષિણ ભાગના લોકોને આ વિચાર શાનો ગમે? તેઓ ઘણેભાગે ખેતી કરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, અને આ કામ માટે તેમને સીદી ગુલામોની ઘણી જરૂર હતી. આથી તેમણે ઉત્તર ભાગના લોકોનો ખૂબ વિરોધ કર્યો.

ઇ. સ. ૧૮૬૦ માં લિંકન સંયુક્ત રાજ્યોના પ્રમુખ તરીકે ચૂંટાયો. દક્ષિણ ભાગના લોકોએ, ગુલામીનો પ્રશ્ન પડતો મૂકવા, તેને ઘણો સમજાવ્યો પરંતુ તે જરાપણ ડગ્યો નહિ.

ઝઘડો વધતો જ ગયો, અને ઇ. સ. ૧૮૬૧ માં બન્ને પક્ષો વચ્ચે લડાઈ જામી. શરૂઆતમાં ઉત્તર ભાગના લોકો હારવા લાગ્યા પરંતુ લિંકને તેમને પ્રોત્સાહન આપ્યું.

ધીરે ધીરે લડાઈનું પાસું પલટ્યું, દક્ષિણના લોકો પીછેહઠ કરવા લાગ્યા. આખરે તેમણે પોતાનાં હથિયારો હેઠે મૂકી દીધાં.

તે જ વર્ષમાં લિંકને ગુલામીની પ્રથા બંધ કરી. એક વર્ષ પછી તે ફરીવાર પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યો.

આખા દેશમાં આનંદ વ્યાપી રહ્યો. પરંતુ આ આનંદ વધારે દિવસ ન ટક્યો. ઇ. સ. ૧૮૬૫ ની ૧૪ મી એપ્રિલે લિંકન એક નાટ્યગૃહમાં એક નાટક જોઈ રહ્યો હતો ત્યારે એક ગોળી એકાએક એની છાતીમાં વાગી.

બીજે જ દિવસે તે મહાન પુરુષનું પ્રાણપંખી ઊડી ગયું. આ કરુણ બનાવ પછી ઉત્તર અને દક્ષિણ ભાગના બધા લોકો આંસુ સારવા લાગ્યા.

પ્રશ્નો

૧. આજથી ૯૦ વર્ષ પહેલાં અમેરિકામાં કયી ખરાબ પ્રથા હતી ?
૨. લિંકનના બાળપણનું વર્ણન કરો.
૩. લિંકન શી રીતે આગળ આવ્યો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૪. અમેરિકાનો કયો ભાગ ગુલામીની પ્રથાની તરફેણમાં હતો? તેનો કયો ભાગ એ પ્રથાની વિરુદ્ધ હતો? શા માટે?
૫. એ મતભેદનું પરિણામ શું આવ્યું? આખરે કયા ભાગનો વિજય થયો?
૬. લિંકનનું મૃત્યુ શી રીતે થયું?
૭. 'ગુલામીની પ્રથા' જેવી બીજી પ્રથા 'રંગભેદ'ની છે. તે સંબંધી માહિતી મેળવી દસેક લીટી લખો.
૮. નીચેના શબ્દોની જોડણી સુધારોઃ—
ચાબૂક, વકિલ, કદાપી, ગરિબી, રાજકિય, જુતું, ચુંટાવું.

★

પાઠ ૪૯ મો

☼

દળણાના દાણા

☼

શ્રી. ઉમાશંકર જોષી

[આ કવિનાં બે કાવ્યો તમે પહેલા તથા બીજા પુસ્તકમાં શીખ્યા હશો. આપણા નવીન કવિઓમાં તેઓ પ્રતિભાશાળી ગણાય છે.

પહેલા પુસ્તકમાં તમે 'આંધળી માનો કાગળ' નામનું કાવ્ય શીખ્યા હશો. બીજા પુસ્તકમાં 'ત્રણ પાડોશી' નામનું કાવ્ય પણ તમે શીખ્યા હશો. એ બન્ને કાવ્યોમાં ડોશીના કરુણ જીવનનાં ચિત્ર આપ્યાં છે. આ કાવ્ય પણ ડોશીના જીવનની કરુણતા દર્શાવે છે.

'ગરીબનું નસીબ ગરીબ' એ કહેવતને કવિ આ કાવ્યમાં સુરેખ રીતે સાબિત કરે છે. દુનિયાનાં પ્રાણીઓ જાણે કે ગરીબને પજવવાનું કાવત્રુ રચી બેઠાં હોય એવું લાગે છે. દળવા માટે ડોશીએ દાણા કાઢ્યા. પણ ત્યાં તો ખલુડી, કબૂતર અને ગાય તેમાંનો મોટો ભાગ ખાઈ ગયાં. ડોશી બાકી રહેલા દાણા બચાવવા ગઈ ત્યાં તેણે તાવડી પર મૂકેલું ઢેબરું બિલાડી ઉપાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવા લાગી. ત્યાં તો કૂતરાએ તેના પાસેથી ઢેબરું પળાવી લીધું. આમ ડોશીએ ઢેબરું પણ ગુમાવ્યું અને દાણા પણ ગુમાવ્યા. આવી છે નસીબની કઠણાઇ! આપણને પણ ઘણીવાર આવા અનુભવ નથી થતા? છતાં ડોશી કેવી ભલી છે! બાકી રહેલું તે સમાજને બક્ષિસ તરીકે આપી જાય છે.

કૂતરો એકબાજુથી ડોશીને મદદ કરે છે, તો બીજી બાજુથી તેનું ઢેબરું ઉપાડી જાય છે. જીવનમાં આવું ઘણુંયે બને છે.]

ખરા બપોર ચડયે દાણા રે કાઢવા,
ઊંડી કોઠીમાં ડોશી પેઠાં રે લોલ.

કોઠીમાં પેઠાં ને ઊંધે જઈ બેઠાં,
ભૂંસી, લૂછીને દાણા કાઢ્યા રે લોલ.

સાઠ સાઠ વર્ષ લગી કોઠી રે ઠાલવી,
પેટની કોઠી ના ભરાણી રે લોલ.

હુલ્લી ભરીને ડોશી આવ્યાં આંગણિયે,
દયણાના દાણા સૂકવ્યા રે લોલ.

સૂકવીને ડોશી ચૂલામાં પેઠાં,
થપાશે માંડ એક ઢેબરું રે લોલ.

આંગણે ઊગેલો, ગલકીનો વેલો,
મહીંથી ખલુડીબાઈ નીકળ્યાં રે લોલ.

કરાને ટોડલે રમતાં કબૂતરાં,
ચણવા તે ચૂપચાપ આવિયાં રે લોલ.

ખાસી ખોબોક ચણ ખવાણી ત્યાં તો
મેંડી હરાઈ ગાય આવી રે લોલ.

ડોશીનો દીકરો પોઢ્યો પલંગમાં,
હરાઈ ગાય કોણ હાંકે રે લોલ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથમાંનો રોટલો કરતો ટપાકા
દાણા ખવાતા ન જાણ્યા રે લોલ.

રામા રાવળનો ટીપૂડો કૂતરો
ડોશીનો દેવ જાણે આવ્યો રે લોલ.

ઊભી પૂંછડીએ બાઉ બાઉ બોલિયો,
ડોશી ત્યાં દોડતી આવી રે લોલ.

આગળિયો લેઈને હાંફળી ને ફાંફળી
મેંડીને મારવા લાગી રે લોલ.

ચૂલા કને તાકી રહી'તી મીનીબાઈ,
રોટલો લઇને ચપ ચાલી રે લોલ.

નજરે પડી, ને ઝપ ટીપૂડો કૂદિયો,
ડોશીની નોકરી ફળી રે લોલ.

છેલ્લું ય ઢેબરું તાણી ગયો કૂતરો,
દયાણું પાશેર માંડ બાકી રે લોલ.

'એ રે પાશેર કણ પંખીડાં કાજે
મારી પછાડે નંખાવજો રે લોલ.

કોઠી ભાંગીને એના ચૂલા તે માંડજો,
કરજો વેચીને ઘર, કાયટું રે લોલ.'

પ્રશ્નો

૧. ડોશીની કોઠી ખાલી થઇ ગઇ હતી એ કયી પંક્તિ સૂચવે છે ?
૨. ડોશીએ આંગણામાં દાણા શા માટે મૂકયા ?
૩. એ દાણાને કોણ કોણ ખાવા લાગ્યું ? તેની ડોશીને કેમ ખબર ન પડી ? પાછળથી શી રીતે ખબર પડી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. ડોશી દાણા બચાવવા ગઇ તો તેણે શું ગુમાવ્યું ?
૫. કવિ ટીપૂડાને 'ડોશીનો દેવ' શા માટે કહે છે ?
૬. ડોશીની નોકરી કૂતરાને શી રીતે ફળી ?
૭. ડોશીની છેલ્લી ઇચ્છા શી હતી ?

★

પાઠ ૫૦ મો

☆

રામશંકર ભટ્ટ

☆

શ્રી. શંકરપ્રસાદ રાવળ

[શ્રી. રાવળ આપણી ભાષાના જાણીતા સાહિત્યકાર છે. આ પાઠમાં એમણે એક ભિક્ષુક બ્રાહ્મણનું રેખાચિત્ર સરળ, પ્રવાહી ને વેગવંત શૈલીમાં રજૂ કર્યું છે. આ ચિત્ર દ્વારા આપણા મન આગળ ખડો થયેલો રામો ભટ્ટ ધીરે ધીરે 'રામશંકર ભટ્ટ' અને અંતે 'રામશંકર પુરાણી' બને છે. છતાં એના જન્મજાત સંસ્કારો એ ભૂલી શકતો નથી. પુરાણીના વેષમાં સુસજ્જ અને હાથી પર બિરાજેલા રામશંકરને મૂળા માટે હાથ લંબાવતો બતાવીને લેખકે માનવસ્વભાવનું બરાબર દર્શન કરાવ્યું છે. ગામડે ગામડે ફરતા, ધર્મને નામે ભોળી જનતાને ભરમાવતા આવા રામશંકરોથી આપણે ચેતતા રહીએ.]

એક હતા બ્રાહ્મણ કુળને ઉજાળનારા રામશંકર ભટ્ટ. વર્ષોથી એમનું કુટુંબ એક શહેરમાં રહેતું. પણ ન લાગ્યો એ કુટુંબના પ્રતિનિધિઓને વિદ્યાનો રસ કે ધંધાનો ચડસ. પેઢી દરપેઢી એક જ ધંધાને એમણે અપનાવેલો અને તે શેનો ? 'કંઈ ન આવડે તો માગવી ભીખ–' એ લોકવાણીના બોધને રામા ભટ્ટે પણ જીવનમાં ઉતાર્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મને જાણે–જણાવે તે બ્રાહ્મણ. એ વિચાર તો રામા ભટ્ટને સ્વપ્નમાંયે આવ્યો નહિ હોય. એ હળખેડુયે નહોતા; કારણ કે એમાં તો બળદના જેવા મરદ થઈ ખેતરો ખેડવામાં અને વાવવાલણવામાં પરસેવો ઉતારવો પડે ને? શું કરે? નાનપણમાં પંડ્યાની નિશાળમાં પાટી પર જરા ધૂળ તો નાખેલી, પણ મોટા થતા ગયા તેમ તેમ તે વિદ્યાયે વીસરી ગયા. ભટ્ટજી હતા વાચાળ, એથી ઉંમર થતાં તે કહેવા લાગ્યા, કે વિદ્યા ભણવાથી તે વળી વિશેષ શું છે? ભણેલાયે કેટલા બધા ભૂખે મરે છે? બાપદાદાઓ ભીખ માગી-માગીને મરી ગયા તેમને કાંઈ અડચણ નથી પડી તો આપણા જેવાને તે વળી શેની પડે? આમ બ્રાહ્મણના અમૂલ્ય અવતારને જરાયે સાર્થક ન કર્યો અને વારસામાં વગરતસ્દીએ ઊતરી આવેલો ભીખનો ધંધો રામા ભટ્ટે બેધડક શરૂ કર્યો.

'ભીખ ને ભારો તે સવારમાં સારો' એ કહેવત પ્રમાણે એમણે સવારમાં ઊઠે ત્યારથી દસબાર વાગતાં સુધી હાથમાં તોલડી લઈ ભીખ માગવા માંડી. સંધ્યાવંદન કે પાઠપૂજા તો જાણતા હોય ત્યારે કરે ને? કોઈ દહાડો નાહવાનો વખત ન મળે તો યે ચલાવી લેતા; પણ વગરનાહ્યે ભસ્મ લપેટી કે ટીલાંટપકાં કરવાનો બ્રાહ્મણનો સ્વાંગ તો એ કદી ન વીસરે. પુરુષ કરતાં સ્ત્રીવર્ગમાં ભટ્ટજીને વધુ ફાવતું કારણ કે તેઓ વધારે શ્રદ્ધાળુ હોય છે. ભટ્ટજીની સરસ્વતીદેવી યે બહુ ઉદાર હતી. તે કોઈને ધર્માત્મા ધર્મરાજ, કોઈને દાનેશ્વરી કર્ણ, કોઈને ગોબ્રાહ્મણપ્રતિપાળ, તો કોઈને શબરીબાઈ, મીરાંબાઈ, અન્નપૂર્ણા-બાઈ કે મહાદેવીબાઈ કે મહાલક્ષ્મીબાઈની ઉપમાઓથી સંબોધતા. સવારના એમના આ નિત્યકર્મમાં ભોળાં, ગાંડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે દાધારંગાં બૈરાંને ફુલાવી, પટાવી, પુષ્કળ આટો, દાળ અને સાતે ધાન ભીખી લાવતા. ભીખને તે કાંઈ ભૂખ રહે?

સંક્રાંતિ આવે ને આઠ આઠ દિવસ આગળ ને પાછળ 'મકરસંક્રાંત પુણ્યપર્વણી' કહી રામા ભટ્ટ લોકોનાં ઘરઆંગણાં ને ખેડૂતનાં ખળાંને ગજાવી મૂકતા. સવારથી સાંજ સુધીમાં ખાસી ત્રણચાર ગામ વસતિમાં ફેરો મારે ને જાતે પોઠિયો કે મજૂર બની, ત્રણચાર મણ ધાન એકઠું કરી ઘરમાં ઢગલો કરે. ખુદ સંક્રાંતિને દિવસે એમના શહેરમાં જ એ ભીખ માગે; કારણ કે ઉસ્તાદ શહેરી લોકો વગર પર્વે—આડે દહાડે એમને કંઈ આપે જ નહીં ને?

બળેવનું પર્વ આવે ત્યારે ભટ્ટજી બધાને મોટા આશીર્વાદ આપે ને રક્ષા બાંધે. રક્ષાબંધનમાં કોઈ રહી જાય નહીં. ગમે તો તે માંદું હોય કે સાજું હોય, સ્ત્રી, બાળક, વૃદ્ધ, કે જુવાન હોય, એટલું જ નહિ પણ ખડિયા, કલમ, ચોપડા, ચોપડી, ગાય, ભેંસ, બળદ, પાડી, રેલ્લી કે રેલ્લો બધાંયનો સમાવેશ થતો.

વર્ષના એક ભાગમાં એ ટેલિયા ભટ્ટ થતા અને લલકારતા:

'ટેલિયાભટ્ટની ટહેલ છે,
દાતારને મન સહેલ છે.'

કોઈકવાર એ ડગલાભટ્ટજી થતા ને કડકડતા શિયાળામાં ઊંઘતાં માણસો ને ઢોરને ચમકાવતા:

'ડગલો ડગલો થાય છે,
શિયાળો વહી જાય છે;
ડગલે ડગલે પીળી પટી,
એ ડગલો ભટ્ટે પહેર્યો નથી.

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડગલો ડગલો થાય છે, (ને)
શિયાળો વહી જાય છે;
ડગલે ડગલે રાતી કોર,
એ ડગલો પહેરાવે શ્રીરણછોડ. '

આમ આ ડગલાભટ્ટજીને માટે જ્યાં ને ત્યાં ગામડાંમાં ધંધાનું વિશાળ ક્ષેત્ર હતું. ગામડિયાઓ દયાભાવે મહારાજ માટે ખરડા કરે ને તેમાં દાણા કે પૈસા આપી આશીર્વાદ લે.

ભટ્ટજી પાસે આવા આવા ધંધાથી થોડી મૂડીનો જીવ આવ્યો. તેથી બેએક ખેતર લીધાં. તેમાંથી આવક આવે અને રૂપિયાનાં વ્યાજ આવે; પણ મહારાજ મનથી તો ભિખારી મટતા જ નહિ.

બીજાઓને જોઈ એમણે કથા કરવા ભણવા માંડ્યું; પણ પાકે ઘડે કંઈ કાંઠા ચડે? ન ચડે તો યે શું? ભટ્ટજીએ કથા ભેગી વાર્તાનાં ગપ્પાં મારવા માંડ્યાં. સાંભળનારને એમાં મજા પડે કે ન પડે પણ ભટ્ટજી તો દીધે જ રાખે. એમના અસંબદ્ધ પ્રલાપથીયે હસવું તો આવે જ ને? આડીતેડી સંસારની માયા ને તેના વિષયની વાતો કરે. લોકોની ઠઠ મળે. કોઈ તો વળી ભટ્ટજીને જમવાનું નોતરું દે. જમણની હકીકત મહારાજ મરચું-મીઠું ભભરાવી મોટું ડિંગળ કરી, ગાઈ બતાવે. જશના ભૂખ્યા ગામડિયાઓ નોતરાં પર નોતરાં વરસાવે. આમ લહેર કરી રામશંકર ભટ્ટજી દાણાદૂણી, લૂગડાંલત્તાં, વાસણકૂસણ, રૂપિયાઘરેણાં પેદા કરી લે, ને બધું ઘરભેગું કરે.

પુરાણીના વેષમાં પણ ભટ્ટજી ઊતરી આવે. એક ગામમાં એમણે ભાગવતની સપ્તાહ માંડી. પૂર્ણાહુતિ આવી. કોડીલા લોકોએ નગરના મહારાજાનો હાથી માગી લઇ મહારાજ રામશંકર પુરાણીને હાથી ઉપર બિરાજમાન કર્યા. એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્ત્રાલંકારથી ખૂબ નવાજવામાં આવ્યા. આગળ ઢોલ, તાસાં, નગારાં ગાજી રહ્યાં છે. સેવકોનાં ટોળાં આબાલવૃદ્ધ સાજનિયા જેમ ધીમેધીમે ચાલે છે. વચમાં ગુલાલ ઊડી રહ્યો છે. પાછળ ભાવિક સ્ત્રીમંડળ લગનનાં ને ધર્મનાં ગીતો ગાતુંગાતું ચાલી રહ્યું છે. કેટલીકોએ માથે કળશ ગોઠવ્યા છે. આ વનિતાવૃંદમાં ભટ્ટજીનાં ભટાણી ઝમકુબાઈ પણ ઝબકી રહ્યાં છે.

એક શાકપીઠ આવી. ત્યાં એક ઉદાર શેઠ દરેક બ્રાહ્મણને મૂળાનું દાન આપતો હતો. હાથી પર બિરાજેલા ભટ્ટજીનું મન મૂળો જોઈ મલક્યું. 'મફ્ત કે મૂળેકી કેલે જેસી મઝા' એમ વિચારી ભટ્ટજીએ લાંબે સાદે મૂળાની માગણી કરી. ઝમકુ ભટાણી નીચે મૂળો લેવા તૈયાર હતાં. તે ગયાં ને મૂળાના દાનેશ્વરીએ તેમને બે મૂળા દઈ દીધા.

એક પરદેશી બાજુમાં ઊભો હતો. તે આપણા ભટ્ટજીને કોઈ જમીનદાર કે સરદાર સમજતો હતો; પણ ભટ્ટજીએ જ્યારે મૂળાની માગણી કરી, ત્યારે તે પામી ગયો કે આ તો કોઈ લોભી ભિક્ષુક બ્રાહ્મણભટ્ટ છે. મૂળો લેનાર ભટાણી પ્રત્યે એણે એક કવિત જોડ્યું :

'કંથડો કુંજર ચડ્યો, કનકકડાં દો હથ્થ;
માગ્યાં મુક્તાફળ મળે, પણ ભીખને માથે ભઠ્ઠ.'

પણ ભટાણી તો મૂળા લઈ સ્ત્રીસંઘમાં ભળી ગયાં.

પ્રશ્નો

૧. રામા ભટ્ટે ભીખનો ધંધો શા માટે પસંદ કર્યો ?
૨. રામા ભટ્ટની ભીખ માગવાની યુક્તિઓ વર્ણવો.
૩. સંક્રાંતિ, બળેવ, શિયાળો આદિ જુદે જુદે સમયે ભટ્ટજી કેવા વેશ કાઢીને લોકોને ભરમાવતા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. રામા ભટ્ટ પુરાણી કેવી રીતે બન્યા ?
૫. હાથી પર બેસીને એમણે મૂળા માટે હાથ લંબાવ્યો એ શું દર્શાવે છે ?
૬. નીચેના શબ્દપ્રયોગો સમજાવોઃ--

પાટી પર ધૂળ નાખવી, ભીખ ને ભારો તે સવારમાં સારો, થોડી મૂડીનો જીવ આવવો, પાકે ઘડે કાંઠા ચડે, મરચું મીઠું ભભરાવવું, મફતકે મૂળેકી કેસે જેસી મઝા.

★

પાઠ ૫૧ મો

☼

વૃક્ષારોપણ

☼

શ્રી. ધનવંત દેસાઈ

[હિંદ સ્વતંત્ર થયા પછી ' વૃક્ષારોપણ 'ની પ્રવૃત્તિને ખૂબ વેગ મળ્યો છે. હિંદ જેવા ખેતીપ્રધાન દેશમાં વૃક્ષોનો તોટો ન હોવો જોઇએ. પણ આપણે વૃક્ષો તરફ બેદરકાર થતા જઇએ છીએ.

અહીં લેખકે જૂના સમયમાં વૃક્ષોનું મહત્ત્વ, હાલની આપણી વૃક્ષો તરફની બેદરકારી, વૃક્ષારોપણના લાભ, વગેરે સંબંધી માહિતી આપી છે. આ પાઠ વાંચી તમે પણ તમારા ફળિયા કે શેરીમાં એકાદ વૃક્ષ રોપજો.]

ભારતવર્ષની સંસ્કૃતિ એટલે તપોવનની સંસ્કૃતિ. હજારો વર્ષ પૂર્વે આપણા ઋષિમુનિઓ તપોવનમાં રહેતા. તેમના આશ્રમની આજુબાજુ તેઓ વૃક્ષો અને વેલિઓ રોપતા. સુંદર વનશ્રી અને અઢળક નૈસર્ગિક સમૃદ્ધિ આશ્રમના વાતાવરણને અનેરી સાત્વિકતા અર્પતી. ઘટાદાર વૃક્ષોની શીતળ છાયા, તેમની નિસ્વાર્થ ઉદારતા પ્રાણીમાત્રનાં હૈયાંને ઠારતી. પણ ધીમે ધીમે શહેરો રચાયાં અને આપણે કુદરતથી દૂર દૂર જવા લાગ્યાં. સુખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સગવડનાં કૃત્રિમ સાધનોના મોહમાં આપણે હરિયાળાં વૃક્ષોને ભૂલી જવા લાગ્યાં. પરિણામે આપણે તપોવનની સંસ્કૃતિથી દૂર અતિ દૂર જવા લાગ્યાં.

વૃક્ષો અનેક રીતે આશીર્વાદરૂપ નીવડે છે. વાતાવરણમાં ઠંડીનું મોજું પેદા કરી વૃક્ષો વાદળાંને આકર્ષે છે અને તેમને વરસવા લલચાવે છે. વૃક્ષોની આ કંઈ નાનીસૂની સેવા છે? વૃક્ષો આપણને શીળો છાંયડો આપે છે. વટેમાર્ગુએ બળબળતા બપોરે વૃક્ષોની છાયામાં વિશ્રાંતિ લે છે. આવા હેતુથી જ જૂના સમયના રાજાઓ રસ્તા બંધાવતા તે સાથે જ તેમની બન્ને બાજુએ વૃક્ષો રોપાવતા.

વૃક્ષો જાતજાતનાં ફૂલોની તેમજ ફળોની ભેટ ધરે છે. આંબા, રાયણ, ખજૂર, નાળિયેર, ફણસ, એ બધાં ફળો વૃક્ષો વિના આપણને ક્યાંથી મળત? અને જો વૃક્ષોમાં આપણે છોડનો સમાવેશ પણ કરી દઈએ તો, વૃક્ષોને અભાવે આપણી સૃષ્ટિ ફળફૂલથી વંચિત જ રહેત અને આપણે રસ તથા સુગંધ બન્નેથી લગભગ અપરિચિત રહેત. એ જીવન કેવું લૂખુંસૂકું લાગત તેની કલ્પના તો કરી જુઓ!

એથી પણ મોટો ઉપકાર વૃક્ષો આપણા ઉપર કરે છે. આપણી જેમ વૃક્ષો પણ શ્વાસોચ્છવાસની ક્રિયા કરે છે. આપણે પ્રાણવાયુ લઈએ છીએ અને ઝેરી વાયુ (કાર્બન ડાયોકસાઈડ) બહાર કાઢીએ છીએ. વૃક્ષો ઝેરી વાયુને અંદર લે છે અને પ્રાણવાયુ બહાર કાઢે છે. વૃક્ષોનો માનવજાતિ ઉપર કેટલો મહાન ઉપકાર! માનવજીવનને અત્યંત જરૂરી પ્રાણવાયુ તે આપણને વિનામૂલ્યે પૂરો પાડે છે. પોતે ઝેર પી જઈ આપણને પ્રાણદાયી વાયુની એ સતત લહાણી કર્યે જ જાય છે! માટે તો શાળાઓ પાસે, રમત-ગમતનાં સ્થળો પાસે, તેમજ રહેવાનાં સ્થળો પાસે આપણે ઝાડપાન ઉગાડવાં જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય રીતે વૃક્ષો જમીનમાં ઊંડે સુધી મૂળ નાખે છે. આ મૂળિયાં માટીને સુદૃઢ રીતે પકડી રાખે છે, અને પવન તથા પાણીના જોસ સામે જમીનને ટકાવી રાખે છે. આમ વૃક્ષો ચોવીસે કલાક સંત્રી જેમ ઊભાં રહી જમીનના રક્ષકો બને છે.

વૃક્ષો સૃષ્ટિને સૌંદર્ય અર્પે છે. વૃક્ષો વિનાનું આપણું જગત સહરાનું વિશાળ રણ જ બની જાત. કાશ્મીરનું સૌંદર્ય વૃક્ષોને લીધે અદ્ભુત બન્યું છે. વૃક્ષો એટલે પ્રકૃતિના પ્રાણ અને વનદેવીના અલંકાર. લીલમલીલી કુંજનિકુંજો આંખને અમૃત અર્પે છે અને મનને તાજગી બક્ષે છે.

આવાં આશીર્વાદરૂપ વૃક્ષો તરફ બેદરકારી સેવવી એ એક દ્રોહ છે. હમણાં સુધી આપણે નવાં વૃક્ષો ઓછાં ઉગાડ્યાં અને જૂનાં વૃક્ષોનો નાશ કરી તેમને બળતણ તરીકે વાપર્યાં. પરિણામે દુકાળ આપણે આંગણે આવી ઘૂરકવા લાગ્યો. એ દુકાળને દૂર કાઢવો હોય તો આપણે વૃક્ષારોપણ શરૂ કરવું જોઇએ. ‘ વધુ અનાજ ઉગાડો ’ એમ કહેતાં પહેલાં આપણે ‘ વધુ વૃક્ષો રોપો ’ એવી ટહેલ નાખવી જરૂરી છે.

આવા અનેક હેતુને લક્ષમાં રાખી આપણી રાષ્ટ્રીય સરકારે વૃક્ષારોપણને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે, અને સ્વાતંત્ર્ય દિનને વૃક્ષારોપણ દિન તરીકે ઊજવવા અનુરોધ કર્યો છે.

વૃક્ષોનો લાભ લેવા ઉપરાંત વૃક્ષારોપણનું ઊંડું રહસ્ય પણ છે. વૃક્ષોનાં મૂળ જેમ ઊંડાં જાય તેમ સ્વાતંત્ર્યનાં મૂળ પણ ઊંડાં જાય એમ સૌ કોઇ ઇચ્છે છે. વૃક્ષારોપણ પછી વૃક્ષ જેમ ધીમે ધીમે વિકસે તેમ આપણું સ્વાતંત્ર્યવૃક્ષ પણ ધીમે ધીમે વિકસે અને ફાલે એવું પણ એમાં સૂચન છે. વૃક્ષને વિકસાવવા જેમ મહેનત કરવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ તેમ આ સ્વાતંત્ર્યવૃક્ષ વિકસાવવા માટે પણ પ્રજાએ મહેનત લેવી જોઈએ.

વૃક્ષો પ્રભુનાં સંદેશવાહકો છે. બીજમાંથી અંકુર ફૂટે, અંકુરમાંથી છોડ થાય અને છોડમાંથી મોટું વૃક્ષ બને, એ સર્વ ફેરફાર કરનાર કોણ? ઈશ્વર જ એ બધું કરે છે. આમ વૃક્ષારોપણથી ઈશ્વરમાં આસ્થા પેદા થાય છે.

વૃક્ષારોપણનો આનંદ પણ અનેરો છે. બીજ રોપવું, ક્યારીમાં પાણી પાવું, ક્યારીને સાફ કરવી, વગેરેમાં જેટલી મહેનત છે તેટલો આનંદ પણ છે. પોતે વાવેલા બીજના અંકુરને કઠોર ધરતી ફોડીને બહાર આવતો જોવો, તેની સુંદર કોમળ પાંદડીઓને વિકસતી નિહાળવી, એની માવજત કરવી, સ્વજન જેમ તેને વહાલ કરવું એ બધાંમાંથી કેવો આનંદ અને સંતોષ જન્મે છે!

પરંતુ વૃક્ષોને માત્ર રોપવાથી અર્થ સરવાનો નથી. ખરું કાર્ય તો વૃક્ષારોપણ પછી શરૂ થાય છે. વૃક્ષ ઊગે અને મોટું થાય ત્યાં સુધી આપણે તેની સંભાળ લેવી જોઈએ. તો જ વૃક્ષારોપણનો હેતુ ફળે.

વૃક્ષારોપણ એ રાષ્ટ્રીય કાર્ય છે, અને દરેક પ્રજાજને આ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં પોતાનો ફાળો આપવો જોઈએ.

પ્રશ્નો

૧. હિંદની સંસ્કૃતિને કેવી સંસ્કૃતિ કહે છે?
૨. વૃક્ષોના લાભ ગણાવો.
૩. વૃક્ષો તરફ આપણે બેદરકારી સેવી તેનું શું પરિણામ આવ્યું?
૪. વૃક્ષારોપણની પ્રવૃત્તિનું રહસ્ય શું છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. વૃક્ષારોપણમાં કયી જાતનો આનંદ છે?
૬. સમજાવોઃ—વૃક્ષારોપણથી ઈશ્વરમાં આસ્થા પેદા થાય છે.
૭. નીચેના શબ્દો ઉપરથી વિશેષણ બનાવોઃ—
ઘટા, કલ્પના, ઝેર, પ્રકૃતિ, આસ્થા.

★

પાઠ ૫૨ મો

મને જોઇને ઊડી જતાં પક્ષીઓને

સ્વ. કલાપી

[આ કવિનાં કાવ્યો તમે પહેલા તથા બીજા પુસ્તકમાં શીખ્યા હશો. કવિ અહીં ઊડી જતા પક્ષીઓને કહે છે કે તેમણે તેમનાથી ગભરાવું નહિ. પક્ષીઓ મનુષ્યથી ડરે છે એમાં મનુષ્યનો જ વાંક છે. મનુષ્યો પક્ષીઓને પજવે છે, પથરા મારે છે અને મારી પણ નાખે છે. કવિને આ વિચારથી દુઃખ થાય છે.]

રે પંખીડાં! સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો,
શાને આવાં મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો?
પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું,
ના ના કો દી તમ શરીરને કાંઈ હાનિ કરું હું.

ના પાડી છે તમ તરફ કૈં ફેંકવા માળીને મેં,
ખુલ્લું મારું ઉપવન સદા પંખીડાં સર્વને છે;
રે રે! તોયે કુદરતી મળી ટેવ બીવા જનોથી,
છો બીતાં તો મુજથી પણ સૌ ક્ષેમ તેમાં જ માની.

જો ઊડો તો જરૂર ડર છે ક્રૂર કો હસ્તનો, હા!
પાણો ફેંકે તમ તરફ રે! ખેલ એ તો જનોના!
દુઃખી છું કે કુદરત તણા સામ્યનું ઐક્ય ત્યાગી,
રે રે! સત્તા તમ પર જનો ભોગવે ક્રૂર આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. કવિ પક્ષીઓને શી ખાત્રી આપે છે?
૨. કવિએ માળીને શો સૂચના આપેલી?
૩. મનુષ્ય પક્ષીઓને શી રીતે પજવે છે?
૪. કવિને કયી બાબતનું દુઃખ થાય છે?
૫. 'જીવદયા' એ વિષય ઉપર ટૂંકો નિબંધ લખો.
૬. 'ઉપ' પ્રત્યય લગાડી પાંચ શબ્દો બનાવો.

★

પાઠ ૫૩ મો

¤

માદામ ક્યુરી

¤

શ્રી. છોટુભાઈ સુથાર

[પોતાની અદ્‌ભુત શોધોથી જગતને છક કરી નાખનાર વૈજ્ઞાનિકોમાં માદામ ક્યુરીનું નામ મોખરે છે. આ વિદ્વાન, ઉદ્યમી અને ખંતીલી સ્ત્રીએ રેડિયમની શોધ કરી અને દુનિયાનું સર્વશ્રેષ્ઠ ઇનામ–નોબેલ પ્રાઇઝ–બે વાર મેળવ્યું.

'રેડિયમ' એ વિદ્યુતશક્તિવાળી એક વિરલ ધાતુ છે. એના અનેક ઉપયોગો છે. રોગોની સારવારમાં પણ એ વપરાય છે.

આવી ઉપકારક શોધ કરનાર નારીનું જીવન આ પાઠમાં આલેખ્યું છે.]

માદામ ક્યુરી પોલેન્ડના એક પ્રોફેસરની દીકરી હતી. એનું પૂરું નામ હતું માદામ મેરી સ્કલોદવસ્કા ક્યુરી. એનો જન્મ ૭ નવેંબર ૧૮૬૭ માં થયો હતો. પિતાની વિજ્ઞાનઉપાસના અને કાર્યરતતાએ મેરીના હૃદયમાં વિજ્ઞાન પ્રત્યેનો સાચો અનુરાગ ઉત્પન્ન કર્યો હતો. પ્રોફેસર સ્કલોદવસ્કી ઘણીવાર ગાંઠને ખર્ચે સાધનો વસાવી પોતાના વિદ્યાર્થીઓની જ્ઞાનતૃષા તૃપ્ત કરતા હતા. કામના એ એટલા બધા ચોક્કસ હતા કે પ્રયોગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળાનાં બધાં સાધન પોતે જાતે ગોઠવતા તેમજ સાફ કરતા. શરૂઆતમાં મેરીને 'રમકડાં' જોવા આવવા માટે પ્રયોગ-શાળામાં પ્રવેશ મળ્યો. પણ થોડા જ સમયમાં મેધાવી પિતાની એ બુદ્ધિશાળી કન્યાએ રમકડાં જોવાને બદલે એમને સમજપૂર્વક ઉપયોગમાં લેવાનું શીખી લીધું.

માદામ ક્યુરી

દીકરીને વિજ્ઞાનમાં રસ લેતી જોઈ પિતાએ એને ભણાવવા માંડી. પ્રોફેસરની પ્રયોગશાળા નાની અને અલ્પ સાધનોવાળી હતી. સરકાર પાસેથી વધુ સહાય મળે એમ હતું જ નહીં. આથી તેને ફ્રાન્સના પાટનગર પૅરિસમાં વધુ અભ્યાસ માટે મોકલવાનો પ્રોફેસરે નિર્ણય કર્યો.

ગણિત અને વિજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરવા માટે મેરીએ વીસ વર્ષની ઉંમરે વહાલું વતન છોડયું. એક તો છોકરી અને વળી પૈસા તેમજ ઓળખાણ વિનાની એટલે એની મુસીબતોનો પાર નહોતો. જે થોડા પૈસા પિતા પાસેથી મળ્યા તે લઈ એ ચાલી નીકળી. એટલી થોડી રકમમાં એ વૈભવશાળી પૅરિસ નગરમાં કેવી રીતે રહી શકશે એનો એને ખ્યાલ પણ નહતો. આમ છતાંયે એણે ઝંપલાવ્યું હતું. ભલે પોતાની પાસે પૈસા ન હોય; સ્થિર બુદ્ધિવાળું મગજ અને હિંમતથી પૂર્ણ હૃદય એ જ એનો મોટો આશરો હતો.

પૅરિસમાં એક નાનકડી ઓરડી ભાડે રાખી એણે ભણવાનું કામ શરૂ કરી દીધું. અને એનો પુરુષાર્થ કેવો ભારે! ઘરનું બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ એ જાતે જ કરી લેતી હતી. પાણીનો નળ જરા દૂર હતો ત્યાંથી પાણી પણ ભરી લાવતી હતી. મેરીનો ખોરાક એની નિર્ધનતાનો પ્રતીક હતો. મોટા ભાગે એ ભાખરી અને દૂધ વડે જ ચલાવી લેતી. યુરોપમાં સહજ એવા દારૂ અને માંસના સ્વાદની એને ખબર પણ નહોતી પડી શકી. ખર્ચને પહોંચી વળવા એણે અતિ સાદાઈ ધારણ કરી હતી. છતાંય પેટનું પૂરું કરવા એને ખાનગી ભણાવવાનું તેમજ સોર્બોની પ્રયોગશાળાની ભઠ્ઠીઓ તૈયાર કરી યા પ્રયોગનાં સાધનો સાફ કરી ખર્ચનો મેળ મેળવવો પડતો હતો.

જ્ઞાનની ઉપાસના કદી નિષ્ફળ જતી નથી. મેરીની કાર્યદક્ષતા અને અભ્યાસપરાયણતાએ સોર્બોના બે પ્રસિદ્ધ વિજ્ઞાનીઓ–ગેબ્રિયલ લિપમાન અને હેન્રી પોન્કારે–નું ધ્યાન ખેંચ્યું. આ બંનેને મેરીની કથા સાંભળી ખૂબ જ અનુકંપા પ્રકટી. એમણે પ્રોફેસર સ્કલોદવસ્કી સાથે પત્રવ્યવહાર કરી મેરીને ઘટતી અભ્યાસમદદ આપવાની ઇચ્છા દર્શાવી. રજા મળતાં મેરીને પીઅરી ક્યુરી નામના એક બુદ્ધિશાળી વૈજ્ઞાનિકની સંભાળ નીચે મૂકવામાં આવી.

પીઅરી ક્યુરી પ્રખર શક્તિશાળી વૈજ્ઞાનિક હતો. એ પણ મેરીની પેઠે ગરીબ સ્થિતિનો પણ અત્યંત કામઢો આદમી હતો. મેરી અને પીઅરીના સંશોધનવિષયો લગભગ એકસરખા જ હતા. ઘણા દિવસો સુધી બંનેએ સાથે મળી કામ કર્યું. એક-બીજાંની વિચારસરણીથી પરિચિત થતાં એ બંનેને લાગ્યું કે સંશોધનના ક્ષેત્રમાં ભવિષ્યમાં એ બંને સાથે રહે એમ થાય તો ઘણું કામ થઈ શકે. આથી પીઅરી અને મેરી લગ્ન કરી એક-બીજાંની વધુ નજદીક આવ્યાં. લગ્ન સમયે મેરીની ઉંમર અઠ્ઠાવીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષની અને પીઅરીની ઉંમર ૩૬ વર્ષની હતી. પણ ગરીબનું નસીબ ગરીબ. લગ્નથી એમનું દળદર ફીટે એમ ન હતું. એમનું લગ્ન આનંદ કે વિલાસને બદલે ગરીબી અને મુશ્કેલીઓથી ભર્યું હતું. ક્યુરી દંપતીને રેડિયમની શોધ કરવામાં તન અને ધન બંને રીતે હેરાન થઈ જવું પડ્યું.

રેડિયમની શોધનું કામ ઇ. સ. ૧૮૯૮ થી ૧૯૦૨ સુધી ચાલ્યું. શોધનું કામ કેવળ ભગીરથ જ નહીં પણ ભયંકર પણ હતું. રેડિયમ ખૂબ જ જલદ ધાતુ છે. એનો નાનો સરખો કણ અતિ-પ્રબળ શક્તિ ધરાવતો હોય છે. રેડિયમને એની કાચી ધાતુમાંથી છૂટું પાડવામાં મેરી કરતાં પીઅરીને વધુ નુકસાન થયું હતું. એના હાથનાં બધાં આંગળાં જૂઠાં પડી ગયાં હતાં.

રેડિયમની શોધ કરતાં તેમને અનેક મુશ્કેલીઓ નડી. તેમાંની એક પ્રયોગના સ્થળની હતી. પ્રયોગનું સ્થાન એક નાની સરખી પ્રયોગશાળા હતું જ્યાં મોટા પાયા પર પ્રયોગો થઈ શકે એમ ન હતું, એટલું જ નહીં પણ એને વિકસાવવા ક્યુરી દંપતી પાસે ઉત્તમ તો ઠીક પણ મધ્યમ પ્રકારનાં પણ સારાં સાધન ન હતાં; અને એવાં સાધન આવે પણ ક્યાંથી? ક્યુરી દંપતી પાસે પૈસા તો હતા જ નહીં, પણ પૈસાની મદદ કરે એવા વિજ્ઞાનરસિક સહાયકો પણ ન હતા. કેટલીકવાર જે કામ નોકરોની મદદથી થોડા સમયમાં થઈ શક્યું હોત તે કરવા માટે મેરીને કલાકોના કલાકો ગાળવા પડ્યા હતા.

અનેક તકલીફોને અંતે ઈ. સ. ૧૯૦૨ માં રેડિયમ ક્લોરાઇડ તૈયાર થયું, અને રેડિયમની શોધ જગત આગળ જાહેર થઈ.

રેડિયમની શોધે ક્યુરી દંપતીને એકદમ પ્રકાશમાં લાવી મૂક્યાં. કીર્તિ હવે એમના તરફ કૃપા દર્શાવવા લાગી. ઈ. સ. ૧૯૦૩ માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેડિયમ શોધાયાના બીજે જ વર્ષે ક્યુરી દંપતીને જગતનું સર્વશ્રેષ્ઠ ગણાતું નોબેલ ઇનામ મળ્યું. આ ઈનામે એમની કીર્તિને જગતવ્યાપી કરી દીધી.

કીર્તિ અને પૈસા મળવા છતાંય મેરી દંપતી સાવ અવિચલિત રહ્યાં. એમને તો 'પોતે ભલાં અને કામ ભલું' એટલો જ મહામંત્ર આવડતો હતો. ક્યુરી દંપતીની આ અવિચલતાનો ખ્યાલ એમના અત્યંત ઓછા મિત્રમેળાપો અને સહેલગાહોની શૂન્યતામાંથી આવશે.

પણ માણસ ધારે છે કંઈ ને કુદરત કરે છે કંઈ. રેડિયમની શોધ બાદ ચોથા વર્ષે પીઅરી ક્યુરીનું અકસ્માતથી મૃત્યુ થયું અને માદામ ક્યુરીની સ્થિતિ, એક હલેસા વડે વહાણ હંકારવા જેવી થઈ ગઈ. એ એકદમ અનાથ બની ગઈ. છતાંય એ હિંમત હારી નહીં. એણે પોતાની બે દીકરીઓને ઉછેરવા ઉપરાંત પતિનાં આદર્શો અધૂરાં ન રહે એ માટે મનને અતિ મજબૂત કરી વિજ્ઞાનના સંશોધનકાર્યમાં મન પરોવ્યું. પરિણામે ઈ. સ. ૧૯૧૧ માં રસાયણ વિજ્ઞાનની શોધો માટે એને બીજીવાર વિશ્વવિખ્યાત નોબેલ ઈનામ આપવામાં આવ્યું. વિજ્ઞાનના ક્ષેત્રમાં બે વખત, અને તેમાંયે એક બાઇને આવું મહામાન મળે એવો આ પહેલો જ પ્રસંગ બન્યો હતો.

અત્યંત તેજસ્વી અને છતાંય પુણ્યપરાગસમ આ બાઈ આખી જિંદગી પર્યંત ગરીબોને ભૂલી શકી ન હોતી. ઇ. સ. ૧૯૧૪ માં વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે એણે પોતાના રેડિયમનો દરદીઓની સારવાર કરવામાં ઉપયોગ કર્યો હતો. વળી જ્યારે અમેરિકાએ એને પોતાના આંગણે નોતરી એક ગ્રામ જેટલું મહામૂલ્યવાન રેડિયમ ભેટ આપ્યું ત્યારે એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ભેટને અંગત મિલકત તરીકે ન સ્વીકારતાં ફ્રાન્સની મિલકત તરીકે ગણાવતું વસિયતનામું પણ કરી દીધું.

વિજ્ઞાન માટે ભેખ લેનાર અને એની જ ઉન્નતિમાં સદાકાળ રાચનાર આ શારદાપુત્રીનું અવસાન ઈ. સ. ૧૯૩૪ માં થયું. એના અવસાન સમયે સમસ્ત દેશોના માનવીઓએ શોકદિન પાળ્યો હતો.

પ્રશ્નો

૧. માદામ ક્યુરી ક્યાં જન્મેલી? એને વિજ્ઞાનમાં કેવી રીતે રસ ઉત્પન્ન થયો?
૨. પેરિસમાં અભ્યાસ કરતાં એને કેવી મુશ્કેલીઓ વેઠવી પડી?
૩. પીઅરી ક્યુરી સાથે એણે શા માટે લગ્ન કર્યું?
૪. 'રેડિયમ' શોધતાં ક્યુરી દંપતીને શી મુશ્કેલીઓ પડી? શો ભોગ એમણે આપ્યો?
૫. 'રેડિયમ'ની શોધ જાહેર થતાં મેરીને જગતે કેવું માન આપ્યું?
૬. માદામ ક્યુરીની નિઃસ્વાર્થ વિજ્ઞાનભક્તિનું દૃષ્ટાંત આપો.
૭. હિંદના કોઈ વૈજ્ઞાનિક વિશે તમે કાંઈ જાણતા હો તો તેના વિશે દસેક લીટી લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫૪ મો

¤

ઉપરીકોટની ચડાઈ

¤

શ્રી. કાકા કાલેલકર

[આ લેખકના કેટલાક પાઠો તમે પહેલા તથા બીજા પુસ્તકમાં શીખ્યા હશો. કાકાસાહેબે અનેક વિષય ઉપર લેખિની અજમાવી છે. તેમણે આકાશનું દર્શન કરાવ્યું છે, નદીઓનું વર્ણન કર્યું છે તેમ પ્રવાસનું પણ વર્ણન કર્યું છે. આ પાઠ 'હિમાલયનો પ્રવાસ' નામના તેમના પુસ્તકમાંથી લીધો છે. તેઓ તેમના મિત્રો-બુવા અને સ્વામી આનંદ-સાથે બદરીનારાયણ વગેરે સ્થળોની યાત્રાએ ગયા હતા. તેમની સાથે બાદરુ અને કેરાસિંગ નામના બે મજૂરો હતા.

ઉત્તરકાશી જતાં માર્ગમાં 'ઉપરીકોટ' પર્વત આવ્યો. તેની ચડાઇનું લેખકે અહીં રસમય વર્ણન કર્યું છે. આ પાઠ વાંચી તમને 'નાંગા પર્વતપર ચડાઇ' યાદ આવશે.]

જમનોત્રીથી અમે રાણાગામ પાછા આવ્યા અને ત્યાંથી ઉપરીકોટની ચડાઈ ચડી ઉત્તરકાશી તરફ જવાનો સંકલ્પ કર્યો. વાતાવરણમાં ઉપરીકોટ આવ્યું અને ઉપરીકોટનું માહાત્મ્ય અથવા દૌરાત્મ્ય દરેકને મોઢે સંભળાવા લાગ્યું. એક જણે કહ્યું, "અરે, "અરે, તમે અહીં ક્યાંથી આવ્યા? ઉપરીકોટ ઓળંગવો એ કંઈ સહેલી વાત છે? 'કાબુલકી લડાઈ ઔર ઉપરીકોટકી ચડાઈ જે જીતે તે શૂર.'" આગળ જતાં અનુભવ પણ એવો જ થયો.

ઉપરીકોટની ચડાઈની શરૂઆતમાં જ પગ લપસવા લાગ્યા. કોઈ કોઈ ઠેકાણે માણસ મૂળે ચોપગું જનાવર છે એનો પુરાવો આપવો પડ્યો. ભીની જમીનમાંથી બહાર નીકળી આવેલાં મૂળિયાંને પકડીને ઉપર ચડી શક્યા. આજની ચડાઈ કઠણ છે એમ જાણીને બુવાએ અમને સવારે નાસ્તો ઠીક ઠીક આપ્યો હતો. એ લઇને અમે ચાલવા લાગ્યા હતા. ચાલવા લાગ્યા કહેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં રિસાયેલા પહાડ સાથે અનુનય કરવા લાગ્યા એમ કહીએ તો વધારે સાચું ગણાય. અમે થોડાક આગળ ગયા ને રિવાજ પ્રમાણે અમારા કુલી થોડાક પાછળ રહ્યા. ઉપર ક્યાંય મનુષ્ય-વસ્તીનું નામનિશાન નહીં. કોઈ કોઈ ઠેકાણે જંગલમાં એવાં તો સુંદર ફૂલો ખીલેલાં કે પાસે જ ક્યાંક કોઈ ઋષિનો આશ્રમ હોવો જોઈએ એવી અપેક્ષા મનમાં પેદા થાય. એકલું જંગલ હોય તો એક જ જાતનાં ફૂલો ચારે કોર દેખાય. પણ અહીં તો જાત જાતના છોડવાની ફૂલગૂંથણી પણ દેખાઈ આવતી. અહીંની કુદરતમાં ઉડાઉપણા સાથે રમતિયાળપણું પણ હશે એમ કોણે ધાર્યું હતું? માઈલના માઈલ ચાલીએ તોયે મનુષ્યવસ્તીનું શું, કોઈ માણસનું પણ દર્શન ન મળે. અમારા ત્રણમાં રસ્તો ભૂલી જવાની કળા એકલા બુવાએ જ સાધ્ય કરી હતી. અમને અચૂક સાચો રસ્તો જડે તો બુવા અચૂક આડે રસ્તે જઈ ક્યાંક ભટકાવાના. જંગલમાંથી જતાં પણ ગોઠણ કે કોણી ઝાડ સાથે એમની જ અથડાવાની.

આખરે ઉપરીકોટને શિખરે પહોંચ્યા. જ્યાં જુઓ ત્યાં બરફ જ બરફ. પાણીને અભાવે એ બરફ તોડીને અમે જરા જરા ખાતા. ગુલકંદમાં જેવી સાકરની કણી હોય તેવી બરફની કણી આ પહાડી બરફમાં હોય છે. બરફ ખાવામાં મજા તો પડે છે. પણ તરસ છિપાવવાનું કામ એનું નહીં.

આટલી જબરદસ્ત ચડાઈ ચડ્યા પછી ભૂખ લાગે તો ભૂખનો વાંક કેમ કહેવાય? પણ ખાવાની શી વ્યવસ્થા? પહાડના શિખર પરથી ગમે તે દિશાએ નજર ફેરવીએ તોયે બાદરુ કે કૈરાસિંગ નજરે પડે જ નહીં. મારી ધીરજ ખૂટી. મેં કુલીઓ ક્યાં હશે, ક્યાં ગયા હશે, લપસીને ક્યાંક પડ્યા તો નહીં હોય, એવી એવી ચર્ચા શરૂ કરી. એ ભાગી ગયા હશે એવી તો શંકા સરખી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને કોઇને આવી નહીં. પહાડી લોકોનો સ્વભાવ ભાગી જવાનો નહીં અને સરકારી અમલદાર આગળ જો કરાર નોંધાયો હોય તો કોઈ ભાગવાની હિંમત પણ ન કરે. એ લોકો પરનો સરકારી જાપતો લગભગ ગુલામો જેવો છે.

શિખર પર એક મોટો પથરો જરાક ઢળતો છે. એટલે એની સોડમાં વરસાદ સામે આશ્રય જેવું કંઇક મળી શકે છે. અહીંના લોકો એને ગુફા કહે છે. પડું પડું થયેલી દીવાલ જરા ઢળી હોય તો એને આપણે ગુફા કહી શકીએ ખરા? પણ આ પહાડ ઉપર એટલી જ એક ગુફા છે કે જ્યાં આકાશના તોપખાના સામે માણસ બચી જવાની કંઇક આશા રાખી શકે.

આ પ્રદેશમાં આ ઋતુમાં વાદળાંનો કાર્યક્રમ ભારે નિયમિત હોય છે. રાત્રે જ્યાં ત્યાં ખીણોમાં વાદળાં સૂતાં હોય છે. આઠનવ વાગ્યે બગાસાં ખાતાં ઊઠે. ધીમે ધીમે લપસતાં લપસતાં—પણ લપસીને નીચે ન જતાં ઉપર જાય છે એટલે એમને તો ઊપસતાં ઊપસતાં કહેવું જોઇએ ને?—ખીણની ટોચે પહોંચે છે. પછી ઊડવું કે ન ઊડવું એની લાંબા વખત સુધી ભવતિ-ન-ભવતિ (ગડમથલ) મનમાં ચલાવી આખરે પાંખો ફફડાવવાનો અવાજ કર્યા વગર ઉત્તર તરફ ચાલ્યાં જાય છે. બધાં જ ઉત્તરે જાય છે, જાણે સૈન્ય ભેગું કરવાનો ‘સમય’ ત્યાં જ હોય. ત્યાં બધાં મળીને રણનીતિની મંત્રણા લગભગ ત્રણ વાગ્યા સુધી ચલાવે છે. ત્રણ સવાત્રણ થવા આવ્યા કે એમની દક્ષિણની ચડાઈ શરૂ થઈ. જ્યાં જરૂર જણાય ત્યાં વચમાં વચમાં થોડાં થોડાં વાદળાં તૂટી પડે છે ને નીચલી સૃષ્ટિને ચીત કરે છે. ઉપરનાં વાદળાં જીતના આનંદમાં આગળ જાય છે. ઉપરીકોટ જેવા મોટા પહાડ ઉપર નાના કરા પાડ્યે શી રીતે ચાલે? ત્યાં તો લીંબુ અને કેરી જેવડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા કરાનું જ તોપખાનું ચાલવું જોઈએ. અહીંના લોકો એને 'ઓલે' કહે છે. ઓલાંનું નામ સાંભળીને સ્થાનિક પહાડી પણ ધ્રૂજવાનો; કેમ કે કરાનો એક પણ પથરો લમણા પર વાગ્યો કે માણસ ત્યાં ને ત્યાં જ કાયમનો બેસી જવાનો. અમારી છત્રીઓ અમે કુલીઓને આપી રાખતા. આખો દહાડો ભીંજાઈએ એ તો ઇષ્ટાપત્તિ જ હતી. ચાલીને શરીરમાં ગરમી આવી હોય એ કંઈ ઓછી થાય. આટઆટલું ચાલે ને ધરાઈને ખાય તે માંદો શાનો પડે? રાતવાસા માટે પથારી કપડાં માત્ર સૂકાં હોવાં જોઈએ, નહીં તો તાપણીનું શરણ લેવું પડે.

અને આ પહાડ ઉપર કુલી પણ છત્રી ઉઘાડવાની હિંમત શી રીતે કરે? કરાને હાથે છત્રીની ચાળણી થોડી જ બનાવવાની હતી?

ગુફા આગળ અમે પહોંચ્યા અને તાકી તાકીને ચારે કોર જોયું. ચર્ચાનો અંત આવ્યો. પણ અમારા કુલીને અમારી દયા ન આવી. એકે દર્શન ન દે. ત્રણ તો વાગવા આવ્યા હતા. એટલે અહીં રહેવામાં પણ સલામતી ન હતી. એટલામાં દૂરથી કેટલાક યાત્રીઓ આવતા દેખાયા. થોડીક વારમાં તેઓ નજીક આવ્યા. ભગવાન મળ્યા જેટલો અમને આનંદ થયો. અમારી મૂંઝવણ જાણી એ ગરીબ લોકોએ અમને લોટ, મીઠું, તવો, લાકડાં વગેરે થોડુંક થોડુંક આપ્યું અને કહ્યું, 'જો જો, રાંધવામાં બહુ વખત નહીં લગાડતા. હમણાં 'ઓલાં' પડશે. અમારી થોભવાની હિંમત નથી. અમારાં વાસણકૂસણ નીચલા ગામડામાં અમને આપી દેશો તો ચાલશે.' અમારા જવાબ માટે પણ તેઓ ન થોભ્યા. બુવાએ રોટલા ઘડ્યા. મેં કે સ્વામીએ બરફ ફૂટીને પાણી બનાવ્યું. મીઠાની મદદથી, અથવા ખરું કહીએ તો વરુના જેવી ભૂખની મદદથી રોટલા ગળે ઉતાર્યા અને અમે પણ પહાડ ઊતરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. ઉપરીકોટ સંબંધી કયી કહેવત પ્રચલિત હતી ?
૨. ત્યાં ઋષિનો આશ્રમ હતો એવી અપેક્ષા લેખકને શા માટે થઈ.
૩. ભુવાની ભૂલી જવાની કળા સંબંધી લેખક શું કહે છે ?
૪. લેખક કયી વસ્તુને આકાશનું તોપખાનું કહે છે ? તેનાથી બચવાનો શો માર્ગ હતો ?
૫. કુલીઓ ભાગી ગયા હશે એવી શંકા લેખકને કેમ ન આવી ?
૬. ઉપરીકોટનાં વાદળાંનું વર્ણન કરો. એ શાનો વરસાદ નાખે છે ?
૭. પર્વત ઉપર તેમને ભૂખ લાગી ત્યારે તેમણે શી વ્યવસ્થા કરી ?
૮. નીચેના શબ્દોનાં અર્થ કહો :—
સમય, ભવતિ–ન–ભવતિ.

★

પાઠ ૫૫ મો

ચંદા

સ્વ. નરસિંહરાવ દીવેટિયા

[સ્વ. નરસિંહરાવ આપણી ભાષાના મહાન સાક્ષર અને કવિ હતા. તેમણે ઘણાં કાવ્યો લખ્યાં છે. 'ચંદા' નામના તેમના એક કાવ્યમાંથી કેટલીક પંક્તિઓ અહીં ઉતારી છે.

ચંદ્ર તો તમને નાનપણથી જ વહાલો લાગતો હશે. કવિએ તેને એક નાનકડી રમતિયાળ બાળકી ચંદા–રૂપે કલ્પ્યો છે; અને તેને વિશે, તેનાં માતાપિતા વિશે, તેના ભાઇ વિશે, તેના નાવડા અને મૃગલા વિશે અનેક સુંદર કલ્પનાઓ કરી છે. આ કલ્પનાઓ શાસ્ત્રીય સત્યને અવલંબીને તથા લૌકિક કહાણીઓનો ઉપયોગ કરીને કરવામાં આવી છે, છતાં તે એટલી મજેદાર અને રસભરી છે કે આનંદસાગરમાં નહાતી, નાચતી, કૂદતી રમતિયાળ ચંદા જાણે તમારી બેન કે સખી હોય એવી જીવતીજાગતી તમારી નજર સામે ખડી થાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કન્યકા હું કુળવતી, મુજ માત મોટી મેદિની,
તેજસ્વી સૂર્ય પિતાજી મારા, એમનાથી રહું બીની;
માત મારી પૂજ્ય તેની પ્રદક્ષિણા કરું ઉરથી,
મુજ તાત તે પણ પૂજ્ય તેવા, વંદના કરું દૂરથી.

નામ ચંદા મધુરું મારું પાડિયું મુજ માડીએ;
ઘણી વેળ વિચરું ખેલવા આ વ્યોમકેરી વાડીએ;
માંહી વહેતી વ્યોમગંગા દૂધ જેવી ઊજળી,
ને ફૂલડાં ખીલ્યાં રૂપાનાં તે ગણંતી ફરું વળી.

ફરું બીતી તાતથી, પણ માત મુજ મન ભાવતી,
નિજ સંગ લેઈ ધીમી ધીમી પ્રદક્ષિણા જ કરાવતી;
અંધુ મારો રાહુ તે ઊઠયો કુછંદી ફૂખડો,
કંઈ કોટિ વેળ મુને કનડતો, એ અકારો થઈ પડ્યો.

માગ્યું માત મહી કને, ને તાતની અનુમતિ લીધી,
આ મૃગલું મારું;-બાપુ ! તેં હજી સુધા કેમ નથી પીધી ?
સુધા પાતી એહને,—ભરી કુંભ આપ્યો તાતજી—
રાખું ઉછંગ મહીં સદા એને કદાપિ ન દઉં તજી.

વાંકું વળિયું રમ્ય રીતે અણીવાળું નાવડું
માતાપિતાએ આપ્યું મુજને, કો દી તે પર જઈ ચઢું;
ચઢી મૂકું તરતું તે સ્વચ્છંદ ચાલ્યું જાય ત્યાં,
ઊંડું ભૂરું આકાશ કેરું જળ અમળ ફેલાય જ્યાં.

નદીમાં, સરવરોમાં, ને સિંધુમાં કદી ન્હાતી હું,
તે વેળ થોડા તારલાને સંગ મુજ લઇ જાતી હું;
ત્યાંહી નાચું લ્હેર કરતી, વળી ડૂબકાં ખાતી હું,
ને મૃગલું મારું તેહને એ નવલ જલ કદી પાતી હું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદી ઊંચા પર્વતે ચઢી ટોચ પર ઊભી રહું,
નીચે બિછાવી મેં રૂપેરી તેહ જાજમ નીરખું;
દૃષ્ટિ ઊંચી ઊંચી ફેંકું વળી ઊંડું ભૂરું આકાશ જ્યાં,
ફરી જોઉં વળી રમતો પવન વનવેલી સંગે રાસ ત્યાં.

નાનું મોટું થાય વપુ મુજ, પણ નિરંતર અમર હું,
ને જે સમે દેખાઉં નહિ તે સમે તાતની ગમ રહું;
એક ફેરી ફરી રહું માડી પછાડી જ્યાહરે,
જઉં એક વેળા ભેટ લેવા તાતની તો ત્યાહરે.

પ્રશ્નો

૧. ચંદ્રને બાળકી તરીકે શા માટે કલ્પ્યો છે ?

૨. ચંદાનું કુળ કહો. તેનાં માતા, પિતા, ભાઇ કોણ છે ?

૩. ચંદા એના પિતા–સૂર્યથી બીતી ફરે છે, અને તેની માતા–પૃથ્વી સાથે લઇને પ્રદક્ષિણા કરાવે છે. ભૂગોળમાં ચંદ્ર સંબંધી તમે શીખેલી કયી હકીકતો પરથી કવિએ આ કલ્પના કરી છે ?

૪. ચંદા પોતાના રાહુ નામના ભાઇથી કેમ ડરે છે ? રાહુ જ્યારે ચંદાને પજવે છે ત્યારે પૃથ્વી પર શું થાય છે ?

૫. ચંદ્રને ધારીને જુઓ તો તેમાં મૃગલું દેખાય છે. એ શું હશે ? એ સંબંધી કાંઇ વાત જાણો છો ?

૬. ચંદાનું 'અણીવાળું નાવડું' કયું ?

૭. છેલ્લી કડીમાં ભૂગોળની કયી હકીકતનો આધાર લીધો છે ?

૮. નીચેના શબ્દો પરથી વિશેષણ બનાવો—
કુળ, તેજ, રૂપું, કુછંદ, લ્હેર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫૬ મો

☼

સરદાર વલ્લભભાઈ પટેલ

☼

શ્રી. પુરાતન બુચ

[પહેલા પુસ્તકમાં તમે 'ગાંધીજીના જીવનપ્રસંગો' નામનો પાઠ શીખ્યા હશો. બીજા પુસ્તકમાં 'કસ્તુરબા' તથા 'ભારતના પહેલા પ્રમુખ' નામના પાઠ તમે શીખ્યા હશો. 'પંડિત જવાહરલાલ નેહરુ' નામનો આ પુસ્તકમાંનો પાઠ પણ તમે વાંચી લીધો હશે. અહીં સરદાર વલ્લભભાઈ પટેલના જીવનની આછી રેખાઓ આપી છે. તેમાંથી તમને ખૂબ પ્રેરણા મળશે. એમનું જીવન એટલે એક યોદ્ધાનું જીવન. તેમણે અનેક સત્યાગ્રહો આદર્યા અને તેમને વિજય વર્યો.]

બારડોલીની સફળ લડત પછી લોકહૈયાના સરદાર બનેલા વલ્લભભાઈને ન ઓળખનાર તો બહુ ઓછા હશે. ત્રણચાર દાયકાથી તેઓ હિંદની એકનિષ્ઠાથી સેવા કરી રહ્યા છે. પરદેશી સરકાર સામે અનેક સંગ્રામ ખેડી હિંદને બંધનમુક્ત કરનાર યોદ્ધાઓમાં તેઓ અગ્રગણ્ય છે.

તેમનો જન્મ ૧૮૭૫ના ઑક્ટોબર માસની ૩૧ મી તારીખે કરમસદ ગામમાં થયેલો. તેમના પિતાનું નામ ઝવેરભાઈ પટેલ હતું. ઝવેરભાઈ સાહસિક પુરુષ હતા અને ૧૮૫૭ ના બળવામાં તેમણે ઝાંસીની રાણીના સૈનિક તરીકે ભાગ લીધેલો. આવા સાહસિક પિતાના પુત્ર સાહસિક નીવડે તેમાં શી નવાઈ? પિતાને પગલે ચાલી પુત્રે પણ પરદેશી સરકાર સામે એઠો બળવો કર્યો અને તેમાં ઝળકતી ફતેહ મેળવી, તે આપણે પાછળથી જોઇશું.

વલ્લભભાઇની કેળવણી સંબંધી પણ જાણવા જેવું છે. તેમના પિતા તેમને ખેતરે લઇ જાય. ખેતરે જતાં અને ખેતરેથી પાછા ફરતાં તેમના પિતા તેમની પાસે આંક બોલાવે અને પલાખાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવે. આ રીતે તેમણે સાત ધોરણનો અભ્યાસ કર્યો. અંગ્રેજી ત્રણ ધોરણ પછી તેમના ગામમાં અભ્યાસ માટે શાળા ન હોતી તેથી તેઓ પેટલાદ અભ્યાસ કરવા ગયા. અહીં છસાત મિત્રો સાથે રહેતા અને અભ્યાસ ઉપરાંત રાંધવા વગેરેનું બધું કામ સૌ જાતે જ કરતા. ત્યાંથી વડોદરા તથા નડિયાદમાં તેઓ અભ્યાસ કરવા ગયા. શાળામાં થતા અન્યાયને તેઓ સાંખી ન લેતા. એકબેવાર તો અન્યાયને કારણે તેમણે શાળામાં હડતાળ પડાવેલી. ભાવિ મહાન લડતોના સંચાલક સરદારની આપણને અહીં પહેલી ઝાંખી થાય છે. શાળાજીવન દરમ્યાન તેઓ ટીખળી અને હાજરજવાબી હતા.

સરદાર વલ્લભભાઈ

આખરે તેઓ મેટ્રિક પાસ થયા. પણ કોલેજમાં અભ્યાસ કરવા માટેની પૂરતી સગવડ ન હોવાથી તેમણે સનદી વકીલ થવા માટેની તૈયારી કરી અને ૧૯૦૧ માં તેઓ વકીલ થયા.

તેમની મહત્ત્વાકાંક્ષા વિલાયત જઈ બૅરિસ્ટર થઇ આવવાની હતી. એ માટે પંદરહજાર રૂપિયા જોઇએ. એટલી મોટી રકમ ફોજદારી કેસો લડવાથી સહેલાઇથી મળે એમ તેમને લાગ્યું. આથી તેમણે ગોધરામાં વકીલાત શરૂ કરી અને ફોજદારી વકીલ તરીકે તેમણે ભારે પ્રતિષ્ઠા મેળવી.

વકીલાતમાંથી ઠીકઠીક કમાયા એટલે તેમણે વિલાયત જવાની તૈયારી કરી. લગભગ બધું નક્કી થયું ત્યાં તેમના વડીલ બંધુ વિઠ્ઠલભાઇને આ વાતની ખબર પડી. પહેલાં વિલાયત જવાની તેમણે ઈચ્છા દર્શાવી અને વલ્લભભાઇએ તે માથે ચડાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા કાગળિયા 'વિ. જે. પટેલ'ના નામના હતા એટલે વલ્લભભાઇને બદલે વિઠ્ઠલભાઈ તેમનો સહેલાઈથી લાભ લઈ વિલાયત પહોંચી ગયા.

આમ ચારપાંચ વર્ષ વલ્લભભાઇને થોભી જવું પડયું. આખરે ૧૯૦૮ માં તેઓ વિલાયત ગયા. ત્યાં જઈ તેઓ સતત અભ્યાસ કરવા લાગ્યા. પોતાના રહેઠાણથી ૧૧ માઈલ ચાલી તેઓ અભ્યાસ કરવા જતા. પુસ્તકાલયમાં તેઓ સતત વાંચ્યા જ કરે. છેક સાંજે બધા ચાલ્યા જાય ત્યારે તેઓ એકલા વાંચતા હોય. છેવટે પટાવાળો આવીને કહે: "સાહેબ! હવે બધા ગયા, ઊઠો' ત્યારે તેઓ ઊઠે. બપોરે દૂધ અને બ્રેડ મંગાવીને ત્યાં ને ત્યાં જ બેઠા બેઠા ખાઈ લે, અને અભ્યાસ કરે. તે દિવસોમાં તેઓ રોજ સત્તરસત્તર કલાક વાંચતા. આવા અભ્યાસનું ફળ તેમને તરત જ મળ્યું. તેઓ પહેલા વર્ગમાં પહેલા આવ્યા અને તેમને ૫૦ પૌંડની શિષ્યવૃત્તિ મળી. આખરે તેઓ બૅરિસ્ટર થયા. પછી સહેલગાહો કરવાનો કે યુરોપના દેશો જોવાનો જરાયે મોહ રાખ્યા વિના તેઓ પહેલી જ સ્ટીમરમાં હિંદ આવી પહોંચ્યા.

અમદાવાદમાં વકીલાત કરતા હતા ત્યારે તેઓ ગાંધીજીના સમાગમમાં આવ્યા. શરૂઆતમાં તેમને ગાંધીજીની પ્રવૃત્તિમાં બહુ રસ ન પડ્યો. પણ પાછળથી તેમને ખાત્રી થઈ કે ગાંધીજી હિંદ માટે સંગીન કાર્ય કરવા માગતા હતા.

૧૯૧૮ થી તેમણે જનસેવાના કાર્યમાં ઝંપલાવ્યું એમ કહીએ તો ચાલે. તે જ વર્ષથી તેઓ ગાંધીજીના સૈનિક થયા. એ વર્ષમાં ખેડામાં અનાજ ઓછું પાકયું, છતાં સરકારે મહેસૂલ ઉઘરાવવાની જક પકડી. ગાંધીજીએ સત્યાગ્રહ કરવાની તૈયારી કરી અને વલ્લભભાઇએ તેમને સાથ આપ્યો. આખરે ખેડૂતોની જીત થઈ. ત્રણ વર્ષ પછી ગાંધીજીએ અસહકારની લડત શરૂ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલ્લભભાઈ તેમાં પણ જોડાયા. આ સમયથી જ તેમણે ખાદી પહેરવી શરૂ કરી. એ વર્ષે વિદ્યાર્થીઓએ શાળાઓનો ત્યાગ કર્યો. આથી તેમને શિક્ષણ આપવા માટે વલ્લભભાઈ દેશભરમાં ઘૂમ્યા અને દસ લાખ રૂપિયાનું ફંડ એકઠું કર્યું. એ ફંડની મદદથી તેમણે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. ૧૯૨૩ માં સરકારે ફરમાન કર્યું કે નાગપુરના અમુક લત્તાઓમાં ત્રિરંગી વાવટો લઈ ફરવું નહિ. આ અપમાનજનક હુકમ શી રીતે સાંખી શકાય? મહાસભાએ સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું અને તેનું સુકાન વલ્લભભાઈના હાથમાં સોંપ્યું. તેમાં પણ વલ્લભભાઈની જીત થઈ. એ જ વર્ષમાં સરકારે બોરસદ ઉપર ખોટી રીતે દંડ નાખ્યો. એટલે વલ્લભભાઈએ ત્યાંના લોકોની નેતાગીરી લીધી. બોરસદના સત્યાગ્રહમાં પણ તેમને યશ મળ્યો. ૧૯૨૭ માં ગુજરાતમાં મહાન રેલ આવી. એ રેલસંકટમાં પ્રજાને સર્વ પ્રકારની મદદ કરવા વલ્લભભાઈએ ઝંપલાવ્યું અને તેમના રાહતકાર્યથી તેઓ ખૂબ લોકપ્રિય થયા. બીજે જ વર્ષે (૧૯૨૮માં) બારડોલી તાલુકાની જમીનમહેસૂલની આંકણી અયોગ્ય રીતે થઈ. ખેડૂતો આથી ત્રાસી ઊઠ્યા અને વલ્લભભાઈની મદદ માગી. તેમણે તો તરત જ બીડું ઝડપ્યું. બારડોલીનો સત્યાગ્રહ કેટલાય માસ સુધી ચાલ્યો, પણ આખરે ફતેહના ડંકા વાગ્યા. એ જીત પછી તેઓ ગુજરાતના 'સરદાર' કહેવાયા.

ત્યાર પછી અનેકવાર તેમણે સત્યાગ્રહની લડતમાં ઝંપલાવ્યું છે અને અનેકવાર તેઓ જેલજાત્રા કરી આવ્યા છે. ૧૯૩૧ ની સાલમાં કરાંચીની કોંગ્રેસના તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયેલા. 'હિંદ છોડો'ની છેલ્લી લડત પહેલાં તેમણે તેમનાં ભાષણોથી પ્રજામાં ખૂબ જુસ્સો રેડ્યો અને ટૂંક સમયમાં બીજા નેતાઓ સાથે તેઓ ગિરફતાર થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદને સ્વરાજ મળ્યું ત્યારથી તેઓ ભારતના ગૃહપ્રધાન તરીકે તેમજ પ્રધાનમંડળના ઉપપ્રમુખ તરીકે કુનેહથી અદ્ભુત કામગીરી બજાવી રહ્યા છે. ૬૦૦ થી વધારે દેશી રજ્યોને હિંદી સંઘ સાથે જોડી દઇને તેમણે હિંદના નકશા ઉપરથી મોટા ભાગના પીળા પ્રદેશને ભૂંસી નાખ્યો છે. તેમની મુત્સદ્દીગીરીનો જોટો હિંદમાં નહિ જડે. અજબ હિંમત અને અનન્ય દૃઢતાને લીધે તેઓ હિંદના લોખંડી પુરુષ કહેવાય છે.

તેઓ ઓછું બોલે છે, પણ બોલે છે ત્યારે તાક્યાં તીર મારે છે. ભાષણ કરે છે ત્યારે તેમની ભાષામાં એક જાતનું જોમ હોય છે. એમના ભાષણમાં હાસ્ય, વીર અને કરુણરસ વહ્યા જ કરે છે. તળપદા શબ્દો, અર્થગર્ભ કહેવતો, વગેરેથી તેમનાં ભાષણ હૃદયમાં સોંસરવાં ઊતરી જાય છે.

સરકાર સામેના સત્યાગ્રહોમાં ત્રણ ગુણો તેમને ખૂબ ઉપયોગી થઈ પડ્યા. એ ગુણો હતા વ્યવહારુ જ્ઞાન, હિંમત તથા સત્ય અને અહિંસા વિષેની અચળ શ્રદ્ધા. અન્યાય સામે ઝૂઝવાની તેમનામાં અપાર શક્તિ છે. તે સાથે લોકોનાં દુઃખ જાણી તેમનાં અંતરમાં પ્રવેશ કરવાની તેમનામાં જાદુઇ શક્તિ છે. તેમની નિર્ભયતા અને તેમનાં સાહસ જીવનના પ્રસંગે પ્રસંગે નજરે પડે છે.

એક નેતાએ કહ્યું છે તેમ વલ્લભભાઈ બરફથી ઢંકાયેલા જ્વાલામુખી છે. એ ક્યારે ભભૂકી ઊઠશે તે જાણી શકાય જ નહિ. તેઓ હિંદના વિરલ યોદ્ધા છે. તેઓ જે કાર્ય હાથમાં લે છે તેને પાર ઉતારે છે ત્યારે જ જંપે છે.

ગુજરાતના આપણા એક કવિએ ગાંધીજીને કૃષ્ણ સાથે અને વલ્લભભાઇને અર્જુન સાથે સરખાવ્યા છે. ખરેખર વલ્લભભાઈ આધુનિક યુગના અર્જુન જ છે. ઘણું જીવો હિંદના એ ધીર અને વીર સરદાર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો

૧. વલ્લભભાઇના પિતાએ શામાં ભાગ લીધેલો ?
૨. વલ્લભભાઇની કેળવણી સંબંધી જે જાણતા હો તે લખો.
૩. વિલાયતમાં વલ્લભભાઈએ કેવી રીતે અભ્યાસ કર્યો ?
૪. વલ્લભભાઇએ કયા કયા સત્યાગ્રહોનું સંચાલન કર્યું ? તેમનાં શાં પરિણામ આવ્યાં ?
૫. હિંદને સ્વરાજ મળ્યા પછી વલ્લભભાઇએ કયું મોટું કાર્ય કર્યું ?
૬. વલ્લભભાઇના લાક્ષણિક ગુણો ગણાવો.
૭. નીચેના વાક્યમાં આવેલ નામોનો સંપૂર્ણ પદચ્છેદ કરો:—
પિતાને પગલે ચાલી પુત્ર પણ પરદેશી સરકાર સામે બેઠો બળવો કર્યો.

★

પાઠ ૫૭ મો

હોલાહોલીની પ્રાર્થના

ધીરો

[પુસ્તક પહેલામાં 'કાચબા-કાચબીનું ભજન' નામનું ભોજા-ભગતનું કાવ્ય તમે શીખ્યા હશો. એ જ પ્રકારનું આ કાવ્ય છે. સાચા દિલથી ઇશ્વરને કરેલી પ્રાર્થના કદી અફળ જતી નથી એમ કવિ કહે છે.

હોલાહોલીના સંજોગો તદ્દન વિપરીત હતા અને તેમનાં બચ્ચાં કોઈ રીતે બચે એમ લાગતું ન હતું. ઉપરથી બાજ પક્ષી તરાપ મારવા તૈયાર હતું, અને નીચેથી પારધી તીર મારવા તૈયાર હતો. પણ દીનદયાળુ ઇશ્વર તેમની મદદે આવ્યો. તેણે સર્પના શરીરમાં સંચાર કર્યો. સર્પ પારધીને કરડ્યો અને તે મૃત્યુ પામ્યો. પડતાં પડતાં તેના હાથમાંથી છૂટેલું તીર નિશાન ચૂકયું અને બાજને વાગ્યું. આથી બીજો દુશ્મન પણ મૃત્યુ પામ્યો. પરિણામે તેમનાં બચ્ચાં બચી ગયાં. કહેવત છે કે, 'જેને રામ રાખે તેને કોઇ ન ચાખે.']

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોલોહોલી કહે છે રે, પ્રભુજી મારી વારે ચડો;
બચ્ચાં મારાં માંહે રે, તળે આવી ભીલ ખડો.

બાણ તાણીને ઊભો પારધી, ઉપર આવ્યો બાજ;
પોલારમાંથી સર્પ નીસર્યો, તેને તો સરી ગયાં કાજ;
ગરુડનો ગામી રે; હરિ બિરદદાર બડો. હોલો૦

વિનતિ સુણી વિઠ્ઠલ પરવરિયા, સાપ માંહે નિરવાણ;
બિલને ડેસતાં પારધીના, તત્ક્ષણ લીધા પ્રાણ;
બાણ ત્યાંથી છૂટયું રે, બાજ આવી હેઠો પડ્યો. હોલો૦

જુઓ હરિ કેવા સંકટમોચન, બચ્ચાં બચાવ્યાં કૃપાળ;
કાળું કરનારનું કરતો કાળું, એવો એ દીનદયાળ;
કાળનો કાળ કાળો રે, પ્રહ્‌લાદની વારે ચડ્યો. હોલો૦

કઠણ વેળાએ કારજ કરશે, ભજન કરો ભય જાય;
સ્વામીસેવાનું ફળ અમોલે, અંત સમે કરે સહાય;
થાય હરિ ઊભો રે, કદી કાળ સામો તડૂકયો. હોલો૦

પ્રશ્નો

૧. હોલાહોલીનાં બચ્ચાં કયાં હતાં?
૨. તેમને મારી નાખવા કોણુ કોણુ તૈયાર હતું?
૩. ઈશ્વરે શી રીતે પારધીનો નાશ કર્યો?
૪. બાજ પક્ષીના પંજામાંથી બચ્ચાં શી રીતે બચી ગયાં?
૫. પ્રહ્‌લાદની વાર્તા તમે જાણો છો? ઈશ્વરે તેને શી રીતે બચાવ્યો?
૬. "પ્રાર્થના" સંબંધી દસ લીટી લખો.
૭. નીચેના શબ્દોના અર્થ લખોઃ—
બિરદદાર, નિરવાણુ, પોલાર, સંકટમોચન, તડૂકવું.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫૮ મો

¤

મદ્યનિષેધ

¤

શ્રી. ઉમેદભાઈ મણિયાર

[મદ્યપાન એ મહાપાપ છે એમ માનનાર આપણા દેશમાં આજે મદ્યનું સેવન એટલું બધું વ્યાપક બન્યું છે કે પ્રજાને એનાં ભયંકર પરિણામોથી કેવી રીતે છોડાવવી એ એક મહાન કોયડો બન્યો છે. દારૂ પીવાથી નીપજતાં પરિણામો અને દારૂબંધીના અમલ માટે સરકારે કરેલા પ્રયત્નોની આછી રૂપરેખા આ પાઠમાં છે. પણ આપણે સમજવું જોઇએ કે મદ્યનિષેધ કેવળ સરકારનું કાર્ય નથી. એ તો પ્રત્યેક નાગરિકની ફરજ છે. અજ્ઞાનથી, ખોટી દોરવણીથી કે કુસંગતથી દારૂના પંજામાં સપડાયેલાને પ્રેમથી સમજાવીને સુમાર્ગે વાળવા એ આપણી ફરજ છે.]

દારૂ એ કેફી પીણું છે. એ પીવાથી એક પ્રકારનો ક્ષણિક નશો ચડે છે. પીનાર તાત્કાલિક આહ્‌લાદ અનુભવે છે, અને થોડા જ વખતમાં દારૂ પીવાની ટેવનો ગુલામ બને છે. એક ચીની કહેવતમાં બરાબર જ કહ્યું છે કે, "પહેલી વાર માણસ દારૂ પીએ છે, બીજી વાર દારૂ દારૂ પીએ છે, પણ ત્રીજી વાર દારૂ માણસને પીએ છે." અર્થાત્ જેમ જેમ માણસ દારૂ પીતો જાય છે તેમ તેમ દારૂની પકડ તેના પર વધતી ચાલે છે, અને છેવટે દારૂનો દૈત્ય પીનારને પાયમલ કરીને આખો ને આખો ગળી જાય છે.

અંગ્રેજી રાજસત્તા દરમ્યાન મદ્યપાનના વ્યસને આખા દેશમાં પોતાનું સામ્રાજ્ય સારી રીતે પાથરી દીધું. આ વ્યસનની ભયંકરતા તો એ છે કે મજૂરી કરનાર અત્યંત ગરીબ વર્ગમાં એ વધુને વધુ વ્યાપક થયું છે. મિલમજૂરો અને ગામડાના ખેડૂતો આ વ્યસનમાં સપડાઈ ગયા છે. ગરીબાઈનાં દુઃખ ભૂલવા માટે તેઓ દારૂતાડીનો આશ્રય લે છે અને એ દારૂતાડી જ ગરીબાઇની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયંકરતા વધારી દે છે. આ અનિષ્ટ વર્તુળની વિનાશકારી પરંપરામાં આજે તો પ્રજા સપડાઇ ગઈ છે. એક વખતનાં સુખી કુટુંબો આ દુર્વ્યસનમાં પાયમાલ થયાં છે. ગરીબોની ઝૂંપડીઓ અને તેમનો શાંત સુખી સંસાર એ વ્યસનમાં તારાજ થઇ રહ્યાં છે.

વ્યસનમાત્ર ખરાબ છે. એમાં દારૂનું વ્યસન તો અનિષ્ટકર છે. પીનારના વ્યક્તિગત જીવન પર તે ભયંકર પરિણામો નિપજાવે છે. દારૂનું સેવન શરીરના સ્નાયુઓ અને જ્ઞાનતંતુઓ પર ખૂબ જ માઠી અસર પાડે છે. મદ્યપાનથી માણસ ક્ષય જેવાં ભયંકર રોગનો ભોગ બને છે. તેના જ્ઞાનતંતુઓમાં ખૂબ જ શિથિલતા પ્રવેશે છે, માનસિક જાગૃતિ નષ્ટ થાય છે અને માણસ કોઈપણ જાતનું ચપળ કામ કરવા માટે નાલાયક બને છે. દારૂ પીવાથી માણસ મગજની સમતુલા ગુમાવે છે. દારૂ પીનારાઓને હાથે બીજાઓ કરતાં ત્રણગણા વધારે અકસ્માત થાય છે. એ જ કારણે રેલવેનો એંજિન ડ્રાઇવર નિર્વ્યસની હોવો જોઇએ, એવો કડક નિયમ અમેરિકામાં પળાય છે. ગાંડાની ઇસ્પિતાલના દર્દીઓમાંનો મોટો ભાગ દારૂનાં પરિણામ ભોગવતો હોય છે. દારૂ પીવાથી માનવીના આયુષ્યમાં પણ ઘટાડો થાય છે. નિર્વ્યસનીઓ કરતાં વ્યસનીઓનું મરણપ્રમાણ બમણા કરતાં પણ વધારે છે. દારૂડિયાની પ્રજા કંઈ ને કંઈ વિકૃતિનો ભોગ બનતી હોય છે. ક્ષય જેવા જીવલેણ રોગ દારૂડિયાનાં બાળકોને ખાસ લાગુ પડે છે, અને માતાપિતાના પાપનું ફળ એમને ચાખવું પડે છે.

દારૂડિયાના અંગત જીવન ઉપર આવાં પરિણામ લાવનાર દારૂનું સેવન સમાજ માટે પણ ભયરૂપ છે. કોઈ પણ દારૂડિયા માણસના જીવનમાં ડોકિયું કરતાં આ વસ્તુ સ્પષ્ટ થશે. દારૂડિયાનાં છોકરાં પિતાનો પ્રેમ શું ચીજ છે તે અનુભવતાં હોતાં જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની પત્ની રાતના બાર વાગ્યા સુધી, ભૂખ્યે પેટે તેની રાહ જોતી બારણા આગળ, ખિન્ન વદને, ઊભી હોય છે. તે કાં તો ઘેર જતો જ નથી, અને જાય છે તો કોઇ પણ જાતના ગુના વગર તે પોતાની સુશીલ સ્ત્રીને મારપીટ કરે છે. તે નશામાં ગટરમાં પડી ગયેલો હોવાથી તેનાં કપડાં તથા શરીર ગંદાં બની ગયેલાં હોય છે. બધી કમાણી દારૂમાં ખરચાઇ જતી હોવાથી તેનાં બૈરીછોકરાં ભૂખે ટળવળે છે, એનાં ઘરખેતર ગીરો મુકાયાં હોય છે. છતાંય દારૂની તરસ છિપાવવા એ કોઇ પણ રીતે પૈસા મેળવવા પ્રયત્ન કરે છે અને પરિણામે અનેક જાતના ગુનાઓમાં સંડોવાય છે. મદ્યપાન અને ગુના કરવાની વૃત્તિને એટલો બધો ગાઢ સંબંધ છે કે કોઇ પણ વિસ્તારમાં મદ્યપાનનું પ્રમાણ જેટલું વધે છે તેટલા પ્રમાણમાં ગુનાઓ પણ વધે છે. ઇંગ્લેંડના એક વડા ન્યાયાધીશના મત મુજબ દર દસ ગુનાઓમાંના નવ મદ્યપાનની અસર નીચે થયેલા હોય છે. મદ્યાર્ક સારાસાર વિવેકને નષ્ટ કરે છે. એથી જ દારૂડિયો ચોરી અથવા લૂંટફાટ કરે છે અને ખૂન જેવા લોહિયાળ કામ માટે પણ તૈયાર થઈ જાય છે. મદ્યપાનને જો આપણે અટકાવી શકીએ તો હરેક દસ જેલમાંથી નવ જેલને આપણે બંધ કરી શકીએ, દેશનું ઉત્પાદન પણ સારી રીતે વધારી શકીએ, અને દેશનું નૈતિક ધોરણ પણ ઊંચું લાવી શકીએ.

આથી જ મહાત્મા ગાંધીજીએ દારૂ નહિ પીવાનો ઉપદેશ આપેલો અને પ્રજાને દારૂની બદીમાંથી ઉગારી લેવા માટે દારૂબંધીનો કાયદો કરવાની હિમાયત કરેલી. આપણો દેશ સ્વતંત્ર થતાં જ આ પ્રશ્ન આપણી સરકારે ઉપાડી લીધો છે. મુંબઈ રાજ્યની સરકારે તો ૧૯૫૦ ના એપ્રિલની છઠ્ઠી તારીખથી સંપૂર્ણ દારૂબંધીનો અમલ શરૂ કરી દીધો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક લોકો આ દારૂબંધીના કાયદાનો વિરોધ કરે છે. આવા કાયદાથી વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર તરાપ પડશે, સરકારી ઊપજમાં મોટી ખોટ આવશે, અને પીઠાં બંધ થતાં ઘણા લોકો ધંધાનોકરી વિનાના બેકાર બનશે. વિરોધીઓની આ દલીલો બહુ વજૂદવાળી નથી. માટે ગમે તે ભોગે પ્રજાને દારૂની બદીમાંથી ઉગારી લેવાનો સરકારે મક્કમ અને પ્રશસ્ય નિર્ણય કર્યો છે.

પણ કેવળ કાયદાથી પ્રજાનું માનસ ફેરવી શકાતું નથી. દારૂ વેચાતો બંધ થવાથી જે લોકો દારૂ પીતા નથી તેઓ એ બદીમાં સપડાતા અટકશે, પણ જેઓને ટેવ પડી ગઈ છે તેઓ દારૂને બદલે દૂધ પીતા કાંઈ એકદમ થઈ જશે? તેઓ તો ચોરી કરીને પણ દારૂ પીવાનો પ્રયત્ન કરશે. સરકારને આ પરિસ્થિતિનો પૂરેપૂરો ખ્યાલ છે અને તેથી જ કાયદાનો ભંગ કરનારને સજા ફરમાવવા ઉપરાંત દારૂ પીવાની વૃત્તિ જ ઉત્પન્ન ન થાય, ધીરે ધીરે દારૂ પ્રત્યે નફરત પેદા થાય, અને દારૂડિયાઓ બીજાં નિર્દોષ પીણાં તરફ વળે એવા ઉપાયો યોજ્યા છે. પ્રચાર, કેળવણી અને આમોદપ્રમોદની જુદી જુદી યોજનાઓ સરકારે વિચારી રાખી છે. આ યોજનાઓ પર જેટલો ભાર મુકાશે તેટલે જ અંશે દારૂબંધી સફળ નીવડશે.

દારૂને બદલે દૂધ, ચા, કૉફી, છાસ કે બીજા નિર્દોષ પેય તરફ દારૂડિયા આકર્ષાય એવો પ્રચાર કરવાની ખાસ જરૂર છે. 'નીરો' આવી જાતનું પીણું છે. તાડ, ખજૂરી કે નાળિયેરના, આથો ચડ્યા વિનાના, રસને નીરો કહે છે. એ મિષ્ટ ઉપરાંત પૌષ્ટિક પણ હોય છે. દારૂબંધીને સફળ બનાવવામાં નીરો અગત્યનો ઉપયોગી ફાળો આપી શકે એમ છે, કારણ કે એ એક તંદુરસ્ત, સસ્તો અને સરળતાથી પ્રાપ્ત થઈ શકે તેવો રસ છે. નીરોમાં કેટલાક વૈદક ગુણો પણ છે. એમાં ખોરાકનું વિશિષ્ટ તત્ત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલું છે અને તે સહેલાઇથી દારૂનું સ્થાન લઇ શકે એમ છે. મુંબઇ રાજ્યના દારૂબંધી ખાતાએ નીરોને લોકપ્રિય બનાવવા સારો પ્રચાર કર્યો છે.

જેમ જેમ દારૂબંધીનો અમલ થતો જાય છે તેમ તેમ સાંસારિક અને સામાજિક શાંતિ વધતી જાય છે. દારૂડિયાનાં બૈરીછાંકરાં ખોવાયેલો આનંદ પાછો મળતાં નવજીવન અનુભવે છે અને સરકારનો અંતઃકરણથી ઉપકાર માને છે. આવતા ઉજ્જવળ ભાવિની આ એંધાણી છે. દારૂનો દૈત્ય સંપૂર્ણપણે દફનાઈ જશે, ત્યારે જ દેશમાં આપણી પ્રાચીન સમૃદ્ધિ, શાંતિ અને આબાદીનાં દર્શન થશે.

પ્રશ્નો

૧. દારૂ એ કેવા પ્રકારનું પીણું છે ?
૨. દારૂનું વ્યસન આપણા દેશમાં કેવી રીતે વ્યાપક બન્યું ?
૩. દારૂ પીવાનાં માઠાં પરિણામો વર્ણવો.
૪. દારૂના વ્યસનથી સમાજ પર શા પ્રત્યાઘાતો પડે છે?
૫. ગાંધીજી દારૂબંધીની હિમાયત શા માટે કરતા?
૬. મુંબઈ સરકારે દારૂબંધીનો કેવો કાયદો પસાર કર્યો છે ?
૭. આ સામે વિરોધીઓની મુખ્ય દલીલો શી છે ? એ દલીલોમાં કેટલું સત્ય છે ?
૮. કાયદા ઉપરાંત સરકારે બીજી શી યોજનાઓ કરી છે ?
૯. દારૂને બદલે બીજું કયું પીણું લોકપ્રિય બની શકે તેમ છે ?
૧૦. દારૂબંધીનાં શાં પરિણામો દેખાઈ રહ્યાં છે ?
૧૧. નીચેનાં વાક્યો સમજાવોઃ—
    અ. પહેલી વાર માણુસ દારૂ પીએ છે, બીજી વાર દારૂ દારૂ પીએ છે, પણ ત્રીજી વાર દારૂ માણસને પીએ છે.
    બ. આ અનિષ્ટ વર્તુળની વિનાશકારી પરંપરામાં આજે તો પ્રજા સપડાઇ ગઇ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૫૯ મો

☼

ત્રીજા વિશ્વયુદ્ધ પછી

☼

શ્રી. મહેન્દ્ર મેઘાણી

[આ નાટકના મૂળ લેખકનું નામ લેસ્લી ટાબ્રી છે. શ્રી. મહેન્દ્ર મેઘાણીએ તેનો અનુવાદ કર્યો છે.

લેખક અહીં ભવિષ્યમાં ડોકિયું કરે છે. ત્રીજું વિશ્વયુદ્ધ પૂરું થઈ ચૂક્યું છે અને તેમાં ભયંકર સંહાર થઇ ગયો છે એમ લેખકે કલ્પ્યું છે. માત્ર ત્રણ જ માણસ જીવતા રહ્યા છે. તેમના પાસે અઢળક દોલત પડી છે, અને દુનિયાના વિશાળ પ્રદેશોના તેઓ માલિક થઈ શકે તેમ છે, છતાં તેઓ શાંતિથી રહી શકતા નથી. તેમની પ્રદેશોની ભૂખ કેવી છે! આખરે આઠ દીવાસળી માટે તેઓ ઝઘડે છે. પરિણામે ત્રણમાંથી બે મનુષ્યોનો વધ થાય છે. બાકી રહેલા એક મનુષ્યની શાંતિ કેટલી ભયંકર હશે!

લેખક અહીં સૂચવે છે કે રાજનીતિજ્ઞો જો નહિ ચેતે તો દુનિયા ત્રીજા વિશ્વયુદ્ધમાં ખાખ થઇ જશે અને અબજો માણસોનો સંહાર થઇ જશે. આ ઉપરાંત લેખક બે બાબત સૂચવે છે: (૧) પ્રદેશો, મિલકત તેમજ સત્તા મેળવવાના લોભમાં યુદ્ધનું મૂળ છે; માટે આપણે તે ત્યજવાં જોઇએ. (૨) પરસ્પરનો અવિશ્વાસ એ યુદ્ધનું બીજું કારણ છે. તેવો અવિશ્વાસ રાજનીતિજ્ઞોએ નહિ રાખવો જોઇએ. વળી આ નાટકમાં લેખકે હાલના રાજનીતિજ્ઞો તેમજ આંતરરાષ્ટ્રીય રાજકારણ ઉપર કટાક્ષ કર્યો છે.]

(ખંડેર બનેલા નગરના એક વેળાના રાજમાર્ગ ઉપર ત્રણ ચીંથરેહાલ માનવીઓ.)

પહેલો માનવી : ....મુસીબત તો એ થઈ કે લડાઇનો મોરચો સાવ અમારા ઉંબરા સુધી આવી પહોંચેલો. છેલ્લે છેલ્લે તો બ્રાઝિલના સૈનિકો અમારી નહાવાની ઓરડીમાંથી લડતા હતા, અને સ્વીડનના લડવૈયા રસોડામાં ધસી ગયા હતા.

ત્રીજો : માલિકની મહેરબાની કે આ ઘોર સંહારમાંથી આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ બચી ગયા. આહાહાહાહા........બે અબજની વસતીમાંથી ત્રણ માણસ જ જીવતા રહ્યા !

બીજો : મને લાગે છે કે ભવિષ્યમાં વિશ્વશાંતિનું રક્ષણ કરવાની યોજના આપણે અત્યારથી જ વિચારવા મંડવું જોઇએ. દુનિયામાં હવે કદી આવી હોળી ન સળગવી જોઇએ.

ત્રીજો : સાચી વાત છે.

પહેલો : સળગવાની વાત કરી એટલે મને ઠીક સાંભરી આવ્યું. (ખીસામાંથી દીવાસળીની પેટી કાઢે છે.) આપણી કુલ આટલી ઇસ્કામત બચી છે—આઠ દીવાસળીઓ.

બીજો : તેં બરાબર તપાસ તો કરી છે ને ?

પહેલો : હા હા ! દુનિયા આખીના તમામ ઔદ્યોગિક પ્રદેશો તપાસી નાખ્યા છે. બે કરોડ વરસ સુધી ચાલે તેટલો સિગારેટનો જથ્થો આપણી પાસે છે. સિગારેટનાં કેટલાં ય કારખાનાં જેમનાં તેમ પડ્યાં છે. પણ દીવાસળીનું તો એકે ય કારખાનું સાજું નથી રહ્યું—એકેએકની રાખ થઈ ગઈ છે.

ત્રીજો : માડ્રિડ શું હજી ય સળગી રહ્યું છે ?

બીજો : અને અંકારા ?

પહેલો : હા, એ બન્ને હજી ભડકે બળે છે.

બીજો : સારું થયું ત્યારે તો; આપણે દીવાસળીને બદલે એમનો ઉપયોગ કરશું.

ત્રીજો : પણ એ કાંઈ સદાને માટે થોડાં જ સળગતાં રહેવાનાં છે ! જુઓને, ન્યૂયોર્ક બે જ વરસ સુધી સળગીને પછી ઠરી ગયું નહિ ! આ દીવાસળીના પ્રશ્નની આપણે બરાબર છણાવટ કરવી પડશે. આપણા ભાવિ માટે એ એક ભારે અગત્યનો સવાલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો : મને તો એનાથી ય વધારે અગત્યના બીજા સવાલો સૂઝે છે. જુઓને, આ પ્રાદેશિક અધિકારોના પ્રશ્નનું શું?

પહેલો : બરોબર છે. એનો આપણે કાંઈક નિકાલ કરવો પડશે. (ત્રીજાને) તને અમે આ પરિષદનો પ્રમુખ નીમીએ છીએ.

ત્રીજો : એ વિકટ કામગીરીનો હું સ્વીકાર કરું છું. તમે મારામાં·મૂકેલા વિશ્વાસને લાયક નીવડવા મારાથી શક્ય તેટલું બધું કરી છૂટીશ. આજની ચર્ચાને હું હવે ખુલ્લી મુકાયેલી જાહેર કરું છું.

પહેલો : (ઊભો થઈને) સજ્જનો, ત્રીજા વિશ્વયુદ્ધે દુનિયા આખીનો વિનાશ કર્યો છે, પણ આપણે ત્રણ તેમાંથી બચી ગયા··છીએ—પ્રગતિશત્રુઓનો નાશ કરીને આપણે યુદ્ધમાંથી વિજયી બનીને બહાર નીકળ્યા છીએ.

બીજો-ત્રીજો : (એકીસાથે) સાથી વિજેતાઓનો જય હો!

ત્રીજો : હવે તમે એક પછી એક આગળ આવીને તમારી પ્રાદેશિક માગણીઓ રજૂ કરો. (પહેલાને) તમે કયા કયા ખંડોનો કબજો લેવા ધારો છો?

પહેલો : મારે માટે મેં દક્ષિણ ગોળાર્ધ નક્કી કર્યો છે. આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ અમેરિકા હું રાખીશ.

ત્રીજો : (બીજાને) અને તમે?

બીજો : યુરોપ અને એશિયા.

ત્રીજો : (રોષે ભરાઈને) તો તો પછી મારે ભાગે એકલો ઉત્તર અમેરિકા જ રહે ને!

પહેલો : બેવકૂફ ન થા! ઉત્તર અમેરિકા તો દુનિયાનો સૌથી સમૃદ્ધિમાન ખંડ હતો. સત્તર કરોડ માણસો એ ખંડમાં વસતાં હતાં—અને આજે હવે તને એકલાને પણ એ ટૂંકો પડે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો : એમ કરો, ગ્રીનલેન્ડ પણ તમે રાખજો. બસ !

ત્રીજો : એવા સોદા તમારી જાત માટે જ રાખી મૂકો.

બીજો : મારા મહેરબાનો, આપણે કટોકટીને ગંભીર બનતી અટકાવવી જોઇએ. (ત્રીજાને) અમેરિકા તો કેટલો મોટો ખંડ છે! કેટકેટલી શકયતાઓથી એ ભરપૂર છે! બે મહાસાગરો તો એનું રક્ષણ કરે છે. બાકી, યુરોપ તો મારી પાસે જ હોવો જોઇએ, કારણ કે એશિયા મારી પાસે છે, અને એશિયાના સીમાડાનું રક્ષણ યુરોપમાં જ કરવાનું હોય છે.

ત્રીજો : (પહેલાને) તો પછી તમે મને દક્ષિણ અમેરિકા કેમ નથી આપતા ?

પહેલો : હું કાંઈ દીવાનો થોડો જ થઈ ગયો છું! આપણા સહિયારા વિજય કાજે મેં જે જે બલિદાનો આપ્યાં છે, જે કાંઈ સહાય કરી છે તે તમે ભૂલી તો નથી ગયા ને ?

બીજો : સજ્જનો! આ ઝઘડામાંથી ક્યાંક નવા યુદ્ધનો ભય ઊભો થશે હો !

ત્રીજો : એમ તમે મને ડરાવી નહિ શકો. તમારી પાસે દુનિયાની એકમાત્ર રિવૉલ્વર છે તેથી શું હું તમારાથી ડરી જઈશ એમ તમે માનો છો ?

પહેલો : સજ્જનો, સદ્‌ગૃહસ્થો, મહેરબાનો....જરા વિચાર તો કરો, આપણે ત્રણ જ જણ જીવતા રહ્યા છીએ. આવડી મોટી દુનિયા શું ત્રણ માણસોને પણ સાંકડી પડે છે ?

બીજો : દુનિયા જો તમને મોટી લાગતી હોય તો તમે ઑસ્ટ્રેલિયા કેમ આપી દેતા નથી ?

પહેલો : એ તો....એ તો કાંઇ એટલી બધી મોટી નથી....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજો : જોયું ને? અને છતાં તમે મને એક જ ખંડથી સંતોષ માનવાનું કહો છો!

બીજો : હું એક દરખાસ્ત રજૂ કરવા માગું છું. પ્રાદેશિક માગણીઓ વિશે તો આપણે કોઈ સમજૂતી ઉપર આવી શકીએ તેમ લાગતું નથી. તો પછી હું એમ સૂચવું છું કે પ્રથમ પેલી દીવાસળીઓ આપણે ત્રણે ય સરખે ભાગે વહેંચી લઇએ.

પહેલો : એ વિચાર મને ઘણો તુમાખીભર્યો લાગે છે. પહેલી વાત તો એ જ કે આ દીવાસળીઓ મને જડી છે છતાં એ સમસ્ત માનવજાતની સામુદાયિક મિલકત કઇ રીતે બની શકે? તે ઉપરાંત, આ આઠ દીવાસળીના ત્રણ ભાગ પડી શકે જ નહિ.

બીજો : તો પછી તમે શું સૂચવો છો?

પહેલો : મારી ઇચ્છા તમને બન્નેને બબ્બે દીવાસળી આપીને બાકીની ચાર અને તેની પેટી મારી પાસે રાખવાની છે.

ત્રીજો : એવી દરખાસ્ત કદી મંજૂર થઇ શકે નહિ. હું એને ઉડાડી મૂકીશ.

બીજો : અરે ભાઈ, તમારી જાત ઉપર જરા કાબૂ તો રાખો!

પહેલો : વિશ્વની નવરચનાનું કાર્ય આરંભી દેવાને બદલે આપણે આપણો અમૂલ્ય સમય આવી નિરર્થક ચર્ચાઓમાં બરબાદ કરી રહ્યા છીએ એ પણ કેવી નાદાનીની વાત છે!

ત્રીજો : વાહ વાહ! પોતાના ખીસામાં દીવાસળીઓ પડી છે એટલે ભાઈ ચર્ચાને નિરર્થક માને છે! કૃપા કરીને એ દીવાસળી અમને સોંપી દો એટલે અમે નવરચના શરૂ કરી દઇશું. પછી તમારે એની ફિકર નહિ કરવી પડે.

(થોડી વારની શાંતિ)

પહેલો : આપણે થોડો વિરામનો ગાળો રાખીએ તો ઠીક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(બહાર જાય છે. બીજો માનવી એને જતો જોઈ રહે છે અને પછી આવેશમાં આવી જઈને ત્રીજાના કાનમાં કાંઈક ગણગણે છે.)

ત્રીજો : એ વિચાર બહુ મજાનો છે. (એક ડંડો ઉઠાવે છે.) ચાલો !

બીજો : પહેલાં આપણે એને એક કડક ચેતવણી મોકલવી જોઈએ એમ તમને નથી લાગતું ?

ત્રીજો : ચેતવણી તો પાછળથી પણ કયાં નથી મોકલાતી ? પણ આ મોકો જતો ન કરાય. (બન્ને બહાર જાય છે. પળવારમાં ડંડાના પ્રહારો સંભળાય છે, ચીસો પડે છે, અને પછી પહેલા માનવીના મોઢામાંથી મૃત્યુની આહ નીકળતી સંભળાય છે. બીજો અને ત્રીજો પાછા ફરે છે.)

ત્રીજો : દુશ્મનનો નાશ કરવા બદલ આખી માનવજાત આપણો પાડ માનશે. હા, અને હવે મને ચાર દીવાસળી આપી દે.

બીજો : ચાર ? ચાર શેની ?

ત્રીજો : કેમ ? કમાણીનો અરધો ભાગ વળી.

બીજો : તારામાં ઇન્સાફ જેવી કોઈ લાગણી લાગતી નથી. આ આખી ચઢાઈનો વિચાર કોને આવેલો ?

ત્રીજો : એ ભલે ગમે તેને આવ્યો હોય, પણ પહેલો ફટકો તો મેં મારેલો ને ?

બીજો : એનું કાંઈ મહત્ત્વ ન ગણાય. તારે જોઈતી હોય તો તને ત્રણ દીવાસળી મળશે.

(ત્રીજો માનવી ગુસ્સાથી લાલચોળ બનીને ડંડો ઉગામે છે. બીજો માનવી રિવૉલ્વર ખેંચે છે, ઘોડો દબાવે છે. ત્રીજો જમીન પર ઢળી પડે છે. બીજો શાંતિથી નીચે બેસીને આઠમાંની એક દીવાસળીથી બે કરોડમાંની એક સિગારેટ સળગાવે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજો : (મરતાં મરતાં) અરેરે........આ તેં શું કર્યું ?

બીજો : આખરે મેં માનવજાતને માટે અનંત શાંતિની સ્થાપના કરી છે !

(પડદો.)

પ્રશ્નો

૧. ત્રીજા વિશ્વયુદ્ધ પછી કેટલા માણસો જીવતા રહ્યા ?
૨. એ યુદ્ધ પછી મોટાં મોટાં શહેરોનું શું થયું ? ખાસ કરીને શાના કારખાનાંનો વિનાશ થયો ?
૩. આ ત્રણ માણસોને દુનિયાના કયા કયા પ્રદેશ જોઇતા હતા ?
૪. યુરોપ લેનારને એશિયા શા માટે જોઇતો હતો ?
૫. દીવાસળીની વહેંચણીમાં શી મુશ્કેલી પડી ? આખરે તેનું શું પરિણામ આવ્યું ?
૬. આ નાટકમાં લેખક શું સૂચવે છે ?
૭. આ નાટકમાં લેખકે કોના ઉપર અને શાના ઉપર કટાક્ષ કર્યો છે ?
૮. સમજાવો:--આવડી મોટી દુનિયા શું ત્રણ માણસોને પણ સાંકડી પડે છે ?

★

પાઠ ૬૦ મો

☼

મફત

☼

શ્રી. જ્યોતીન્દ્ર દવે

[આ લેખકના રમૂજી પાઠો તમે પહેલા તથા બીજા પુસ્તકમાં શીખ્યા હશો. અહીં તેમનો એક નિબંધ લીધો છે. તે ગંભીર નથી, પણ રસળતો છે. તેમાં રમૂજ છે. વળી મફત મેળવવાની મનુષ્યની વૃત્તિ તરફ લેખકે કટાક્ષ કર્યો છે. લેખક તેમના વિચારો રજૂ કરતાં કેવા સચોટ દૃષ્ટાંત આપે છે ! 'રંગતરંગ' નામનું તેમનું પુસ્તક તમે જરૂર વાંચજો.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક વસ્તુ મફત મેળવવાની ઊલટ ઇચ્છા સ્વાભાવિક રીતે જ મનુષ્યના હૃદયમાં પ્રગટ રીતે કે પ્રચ્છન્નપણે રહેલી હોય છે. સંસ્કાર ને શિક્ષણના આચ્છાદનથી કેટલાક તેને ઢાંકી અથવા દબાવી શકે છે ને કેટલાક ઢાંકી શકતા નથી. નાનપણમાં ચણાવાળાને, રમકડાવાળાને કે મીઠાઈવાળાને માલના બદલામાં પૈસા આપતાં મારો જીવ જતો ને 'કોઈ પણ ઠેકાણે આ વસ્તુ મફત નહિ મળતી હોય?' એમ મોટેરાંને હું પૂછતો. 'સ્વર્ગમાં બધું મફત મળે' એમ મોટેરાં જવાબ દેતાં ને ચણામમરા, પેન, પેન્સિલ, મીઠાઈ ને રમકડાં સર્વ મફત મળે એવી દુકાનોથી ભરેલા સ્વર્ગની હું કલ્પના કરતો.

આજે યે એવી કલ્પના કેટલીક વાર મને થાય છે. મુંબઈમાં હું પહેલવહેલો ગયો ત્યારે ह्या ठिकाणीं सर्व वस्तु विकत मिळतील એમ વાંચીને, મરાઠી ભાષાના અજ્ઞાનને લીધે विकत એટલે મફત સમજી મારી કલ્પના ખરી પડી ને પૃથ્વી પર સ્વર્ગનો અવતાર થયો એમ મને લાગ્યું. પણ જોડે આવેલા એક મિત્રે 'विकत' એટલે મફત નહિ, પણ 'વેચાતી' એમ કહીને આનંદના સમુદ્રમાંથી બહાર ખેંચી કાઢી, સ્વર્ગવિહોણી પૃથ્વી પર મને પાછો ધકેલ્યો હતો.

મફત મેળવવાની ઇચ્છા રાખનાર મનુષ્યો આળસુ ને એદી હોય છે એમ ઘણા માને છે, પણ તે તદ્દન ખોટું છે. પૈસા ખરચવાથી કોઈ પણ વસ્તુ જેટલી સહેલાઈથી મળે છે તેટલી સહેલાઈથી તે વસ્તુ મફત કદી પણ મળતી નથી. આમ છતાં કોઈ પણ વસ્તુ મફત મળતી હોય, તો આપણે ગમે તેટલાં સંકટો ખમી લેવા તૈયાર થઇએ છીએ. વસ્તુ મફત મેળવવાની ઇચ્છા એ કંજૂસાઈનું લક્ષણ છે એમ પણ નથી. પૈસા બચાવવાની ખાતર જ આપણે અમુક વસ્તુ મફત મેળવવા ઇચ્છીએ છીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ હંમેશ નથી બનતું. કોઈ પણ વસ્તુ વગરમહેનતે ને વગર-પૈસે મળે તો તો બહુ સારું. ઘણી મહેનતે પણ પૈસા વગર કોઈ વસ્તુ મળતી હોય તો આપણે મહેનત કરવા તૈયાર થઇએ છીએ.

કેટલાક વખત પર સુરતમાં કોઇકે આઇસફેકટરી ખોલી હતી. તે વેળા ત્રણ દિવસ સુધી એણે બધાંને મફત બરફ આપવાનું જાહેર કર્યું હતું. એ વેળા ત્યાં ભીડ જામતી તેનું વર્ણન કરવું અશક્ય છે. લૂલા ને લંગડા, પૈસાદાર ને ગરીબ, બાળક ને વૃદ્ધ સર્વ પુરુષો ત્યાં ચારચાર પાંચપાંચ કલાક સુધી સીસું ઓગાળી નાખે એવા તાપમાં ધક્કામુક્કી કરતા ઊભા રહેતા ને બરફનો ટુકડો મેળવી સંતોષની પરાકાષ્ઠા અનુભવતા. મેં પણ ત્રણ દિવસ ત્યાં જઈ બરફનો ટુકડો મેળવી આનંદસમાધિનો અનુભવ કર્યો હતો. એક પૈસાથી યે ઓછી કિંમતનો બરફ મફત મેળવવામાં પહેલે દિવસે દોઢ રૂપિયાના ચંપલ ખોવાઈ ગયા, બીજે દિવસે ટોપી જતી રહી ને ત્રીજે દિવસે ધોતિયું ફાટી ગયું. આમ મને લાભ કરતાં નુકસાન ઘણું વધારે થયું, પણ મને તેનો કદી શોક થયો નથી.

સંક્રાંતના દિવસમાં પતંગ ચગાવવામાં જે મઝા હું અનુભવતો તે કરતાં ઘણી વધારે મઝા કપાયેલા પતંગો પકડવાથી મને મળતી. મને યાદ છે કે મારી પાસે ગમે તેટલા સારા ને સુંદર પતંગો હોય તો પણ કોઈકની કપાઈ ગયેલી ફાટીતૂટી પાઈવાળી 'ફુગ્ગી'ને પકડવાને માટે જાનને જોખમમાં નાખતાં પણ હું અચકાતો નહિ. છાપરે છાપરે કૂદીને પણ મફત મળતો પતંગ લઈ આવવો એ મારું પરમ ધ્યેય હતું. 'તને જોઇએ તેટલા પતંગ અપાવીશું, પણ તારે છાપરે ચડવું નહિ. એમ કરવામાં તો કેટલાં છોકરાં મરી ગયાં!' એમ મારી આગળ લાલચ અને ભય બંને દર્શાવવામાં આવતાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કશાથી ગભરાયા કે લોભાયા વગર હું પતંગ મફત મેળવવાના કાર્યમાં મંડ્યો રહેતો.

પૈસા જેની પાસે ન હોય તેઓ જ વસ્તુ મફત મેળવવાની ઈચ્છા રાખે છે એમ નથી. ઊલટું પૈસા ખરચી શકે એવી સ્થિતિમાં ન હોય એવા માણસો ઘણુંખરું કોઈ પણ વસ્તુ મફત મેળવવાનો પ્રયત્ન કરતાં ગભરાય છે. તેઓ તો લગભગ દરેક વસ્તુ કોઈક પાસેથી પૈસા વ્યાજે લાવીને પણ ખરીદે છે. પણ ધનિકો બને એટલી વસ્તુ મફત મેળવવાની ઇચ્છા રાખે છે, ને ઘણી વાર પૈસા પાસે હોવાને બળે જ, એ ઈચ્છા તેઓ પાર પણ પાડી શકે છે. મારા એક ઓળખીતા ગૃહસ્થ ધારે તો પોતાને માટે સ્પેશિયલ ટ્રેન દોડાવી શકે એટલા પૈસાવાળા છે, પણ પૈસા ખરચીને એ કદી મુસાફરી કરતા જ નથી. હંમેશાં વગર ટિકિટે ફર્સ્ટકલાસમાં જ એ ફરે છે. એમ મુસાફરી કરતાં એક વખત એ પકડાયા પણ હતા. તે વેળા હસતાં હસતાં એમણે બમણા પૈસા ચુકાવી આપ્યા હતા. પણ ત્યાર પછી હજીયે એ વગરટિકિટે જ મુસાફરી કરે છે.

મફત મળતી હોય તો કેટલીક વાર અણગમતી વસ્તુ યે ગમતી થઈ જાય છે. એક વખત એક એમેચ્યોર્સ કંપનીનું નાટક હું જોવા ગયો હતો—અલબત્ત મફત. નાટક એવું તો કંટાળાભર્યું હતું કે એમાં મારા બેત્રણ પરિચિત ગૃહસ્થો ઊતર્યા ન હોત તો હું અધવચથી ચાલ્યો આવત.

મફત ટિકિટ મળે તો પછી રાત બગાડી ઉજાગરો કરી અણગમતું નાટક જોવામાં યે વાંધો નહિ. વાંધો નહિ એટલું જ નહિ, પણ એમાં કેટલાકને આનંદ પણ મળે !

મારા એક મિત્રને કબજિયાતનો ચાલુ વ્યાધિ છે. એમને દરરોજ દીવેલ પીવું પડે છે. દીવેલ પીતાં એ લગભગ ડાકું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખી દે છે. ને જાણે હમણાં જ મરી જશે એવી ગભરામણ એમના મુખ પર વ્યાપી રહે છે. એક દિવસ ઘરમાં દીવેલ થઈ રહ્યું હતું. રાત પડી ગયેલી હોવાથી બજારમાંથી લવાય એમ નહોતું. એટલે પાડોશીને ત્યાંથી એમણે મંગાવી પીધું. તે વેળા એમને કંઈ પણ દુઃખ ન થયું એટલું જ નહિ, પણ એમણે રસ લઈ નિરાંતે રકાબી ચાટીચાટીને દીવેલ પીધું! 'આમ શાથી થયું?' એમ કોઇકે પૂછ્યું ત્યારે એમણે જવાબ દીધો: 'આ તો મફત મળ્યું કે ની, એટલે મને ભાવ્યું.' આમ મફત મળે તો દીવેલ સુદ્ધાં આનંદથી પીનારા પડ્યા છે.

કોઈ પણ વસ્તુ મફત મેળવવાથી આપણી મહત્ત્વાકાંક્ષા સંતોષાય છે. આપણી લાગવગ કેવી ભારે છે, આપણી કેટલી પ્રતિષ્ઠા છે કે આપણને આવી વસ્તુ મફત મળે છે એમ આપણને લાગે છે. પૈસો બચે એ અલબત્ત બધાને ગમે છે; પણ અમુક વસ્તુ નજીવી કિંમતની હોય તો યે મફત મળે તેમાં આપણને ઘણો આનંદ થાય છે.

પ્રશ્નો

૧. મફત ક્યાં મળે તે સંબંધી મોટેરાં લેખકને શું જવાબ આપતા?
૨. મુંબઇની એક દુકાનનું પાટિયું વાંચી લેખકને શા માટે આનંદ થયો?
૩. મફત મેળવવાની ઇચ્છા રાખનાર મનુષ્યો આળસુ હોય છે? કંજૂસ હોય છે?
૪. બરફનો ટુકડો મફત લેવા જતાં લેખકને શું તુકસાન થયું?
૫. પતંગો પકડવા છોકરાઓ શા માટે જોખમ ખેડે છે?
૬. વસ્તુ મફત મેળવવાનો વધારે પ્રયત્ન કોણ કરે છે—ગરીબ માણસ કે તવંગર માણસ?
૭. લેખકના એક મિત્રને એકવાર દીવેલ શા માટે ભાવ્યું?
૮. મફત મેળવવાના બે લાભ દર્શાવો.
૯. આ પાઠમાં લેખકે કોના ઉપર કટાક્ષ કર્યો છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૬૧ મો

જય જય ગરવી ગુજરાત

કવિ નર્મદ

[નર્મદનાં કેટલાંક કાવ્યો તમે અત્યાર અગાઉ વાંચી ગયા. 'પ્રેમશૌર્ય' એનો મુદ્રાલેખ હતો. દેશની પરાધીન દશાથી એનો જીવ અકળાતો અને પ્રજાને જાગૃત કરવા એ વીરરસનાં કાવ્યો લખતો. ગુજરાતના—આપણા દેશના—ઉજ્જ્વળ ભાવિમાં એને દૃઢ શ્રદ્ધા હતી. અનેક દેવોથી રક્ષાયેલો, નદીઓનાં નીરથી સમૃદ્ધ, સાગરથી સોહામણો અને વીર પુરુષોના ઇતિહાસથી ઊજળો આપણો દેશ એની જાહોજલાલી જરૂર પાછી મેળવશે એવો ભવ્ય વિશ્વાસ આ કાવ્યમાં એણે વ્યક્ત કર્યો છે. નર્મદની ભવિષ્યવાણી સાચી પડી છે. આજે આપણો દેશ સ્વતંત્ર બન્યો છે.

આ કાવ્ય સાથે પુસ્તક બીજાનું 'ગુજરાત મોરી મોરી રે' સરખાવો. નર્મદે ગુજરાતને 'ગરવી' કહી છે. ઉમાશંકર એને 'ઝાઝેરી' કહે છે. બીજા કવિ વળી એને 'ગુણવંતી' કહે છે. ગુજરાત માટે કયું વિશેષણ તમને વધુ યોગ્ય લાગે છે ?]

(લાવણી)

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત;
દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુંબી પ્રેમશૌર્યઅંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને, પ્રેમભક્તિની રીત.
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત.

ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે દક્ષિણ દિશામાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ.
છે સહાયમાં સાક્ષાત્,
જય જય ગરવી ગુજરાત.



દ્વારકેશનું મંદિર

નદી તાપી નર્મદા જોય;
મહી ને બીજી પણ જોય;
વળી જોય સુભટના જુદ્ધરમણને, રત્નાકર સાગર;
પર્વત ઉપરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર,

સંપે સોયે સઉ જાત,
જય જય ગરવી ગુજરાત.



રત્નાકર સાગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ;

સિદ્ધરાજ જયસિંગ

તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત;
જન ઘૂમે નર્મદા સાથ;
જય જય ગરવી ગુજરાત.

પ્રશ્નો

૧. 'ગરવી' એટલે શું? નર્મદ ગુજરાતને શા માટે "ગરવી" કહે છે?
૨. 'પ્રેમશૌર્ય અંકિત' ધ્વજ એટલે કેવો ધ્વજ?
૩. ગુજરાતની ભૌગોલિક સીમાઓ કયી છે? એના સીમાડા પર કયા દેવો આવેલા છે?
૪. ગુજરાતની મુખ્ય નદીઓ ગણાવો. એ કયાં થઇને વહે છે?
૫. સિદ્ધરાજ જયસિંહ સંબંધી જે જાણતા હો તે લખો.
૬. 'શુભ શકુન દીસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત'–એટલે શું? કવિની આ વાણી કેટલે અંશે સાચી પડી છે?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દકોશ

અ

અકલ્પ્ય–કલ્પી ન શકાય તેવું
અખાડા કરવા–ન ગણકારવું
અગ્નિપ્રાગટ્ય–આગ લાગવી તે
અગ્ન્યાસ્ત્ર–અગ્નિ વરસાવે એવું બાણ
અઘોરી–ઊંઘણશી
અચલ–દૃઢ, સ્થિર
અચિંત્યું–ઓચિંતું
અજર–ઘરડું ન થાય તેવું
અજુગતું–અયોગ્ય
અદલ–યથાર્થ
અધ્યયન–અભ્યાસ
અનન્ય–અજોડ
અનર્થ–ખોટું કામ
અનાયાસ–સહેલાઈ
અનુકંપા–દયા
અનુનય–વિનવણી, કાલાવાલા
અનુમતિ–રજા, મંજૂરી
અનુરાગ–પ્રેમ
અનેરી–અનન્ય
અન્નદાતા–આશ્રય આપનાર, મહારાજ
અન્યથા–ઊલટું
અપકીર્તિ–બદનામ
અપભ્રંશ–વિકૃત શબ્દ
અપેક્ષા–આકાંક્ષા, આશા
અભેદ્ય–ભેદી ન શકાય તેવું
અભ્યાસપરાયણતા–અભ્યાસમાં એકાગ્રતા
અભ્યાસપૂર્વક–પ્રયત્નપૂર્વક
અમળ–સ્વચ્છ
અમોલ–અમૂલ્ય
અરુણું–સોનેરી
અર્ક–સત્ત્વ
અર્થગર્ભ–અર્થથી ભરેલું
અવગતિ–નરકમાં પડવું તે
અવતાર ધરવો–આવવું
અવાક્–મૂંગો
અવિચલિત–અચલ, સ્થિર
અશરણશરણ્ય–શરણ વિનાનાને શરણ આપનાર, ઈશ્વર
અસહિષ્ણુતા–અનુદાર વૃત્તિ
અસંબદ્ધ–સંબંધ વગરનું, આડું-અવળું
અસ્ત્ર–ફેંકવાનું હથિયાર
અહર્નિશ–રાતદિવસ
અહમ્–હું પદ, અહંકાર
અંકિત–નિશાની અથવા છાપવાળું
અંગના–પત્ની
અંજન–કાજળ, સૂરમો
અંજલિ–ખોબો, પોશ
અંતિમ–છેવટનું, છેલ્લું
અંબાર–ઢગલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ

આક્રમણકારો–હુમલાખોરો, દુશ્મનો
આચ્છાદન–ઢાંકવાનું હોય તે
આતા–પિતા
આત્માભિમાન–હુંપદ, સ્વમાન
આત્મસાત્–પોતાનું હોય એવું
આથો–અથાવું–ખમીર ચડવું તે
આપપ્રકાશ–પોતાનું જ તેજ
આબાલવૃદ્ધ–બાળકથી માંડીને વૃદ્ધ સુધી બધાં
આમોદપ્રમોદ–આનંદ
આયુધ–હથિયાર
આર્દ્ર–માયાળુ, લાગણીવાળું
આવરણ–આચ્છાદન, પડદો
આસનાવાસના–આશ્વાસન, દિલાસો
આસાની–સહેલાઈ
આળઘડી–તહોમત આવવાની ઘડી
આંતર્વ્યથા–હૃદયનું દુઃખ
આંબી લેવું–પકડી પાડવું

ઇ

ઇન્સાફ આપવો–ખાઈ જવું
ઇન્સાન–માણસ
ઇસ્કામત–માલમત્તા, મિલકત

ઉ

ઉક્ત–ઉપર કહેલું
ઉગ્ર–આકરી
ઉછંગ–ખોળો
ઉત્કંપ–ધ્રુજારી, ક્ષોભ
ઉત્થાન–શરૂઆત
ઉત્પાત–ધાંધલ
ઉત્પાદન–ઉત્પન્ન કરવું તે, પેદાશ
ઉદ્વિગ્ન–ઉદાસ, દિલગીર
ઉધડકી–ઝપકી, ગરજી
ઉદ્ધારકો–ઉદ્ધાર કરનાર
ઉન્નત-શિર–ઊંચા મસ્તકવાળા
ઉપકૃત–આભારી
ઉપાધ્યાય–અધ્યાપક, શિક્ષક
ઉપાસના–આરાધના, ભક્તિ
ઉપેક્ષા–અનાદર, તિરસ્કાર
ઉસ્તાદી–નિપુણતા
ઉષ્મા–ગરમી

ઊ

ઊચળવું–ઊચકવું

એ

એમેચ્યોર્સ–ધંધાદારી નહિ તેવા, શોખની ખાતર ભજવનારા

ઓ

ઓઇલ પેઇન્ટિંગ–તૈલચિત્ર
ઓલા–કરા

ક

કઘાટા–ખરાબ ઘાટવાળાં
કજળવું–ઠરી જવું, હોલવાઈ જવું
કટક–ફોજ, સૈન્ય
કદલી–કેળ
કપાતર–કુપાત્ર, નાલાયક
કપોલ–ગાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરામલકવત્—હાથમાંના આંબળાની પેઠે, સહેલાઇથી
કરાર—શાંતિ, આરામ
કરુણ—દયા ઉપજાવે તેવું
કરો—ભીંત
કર્મકાંડ—ધર્મક્રિયાઓ
કલ્પવૃક્ષ—ઇચ્છા મુજબ આપનારું વૃક્ષ
કવિત—કવિતા, જોડકણું
કવેણ—ખરાબ વચન
કસુંબી—કસુંબાના ફૂલનો રંગ
કંથડો—ધણી
કાછ—શરીર (ઇન્દ્રિયો)
કામિની—સ્ત્રી
કારમું—ભયંકર
કાળક—કાળાશ
કાયટું—મરનારના અગિયારમાના દિવસે કરવામાં આવતી ક્રિયા કે જમણ
કાર્યરતતા—કાર્યમાં એકાગ્ર રહેવું તે
કાંગરા—કોટની કોરણ ઉપરનું એક ચણતર
કિન્નર—એક જાતનો દેવ, કુબેરનો ગણ
કીરત—કીર્તિ
કુંજર—હાથી
કૂબડો—કદરૂપો
કૃતકૃત્યતા—સાર્થકતા
કૃપાળ—દયાળુ
કૃષિ—ખેતી
કેસરઆડ—કેસરનું આડું તિલક
કેસરી—સિંહ
કોટડાં—નાનું ઘર, દીવાલ
કોટિ—વર્ગ, પ્રકાર
કોણમાત્ર—શી વિસાતમાં
કૌરવનાથ—કૌરવોનો વડો, દુર્યોધન
કૌશલ—પ્રવીણતા
ક્રૌંચ—(૧) હિમાલયમાંનો એક પર્વત, (૨) પુરાણોમાં વર્ણવેલા સપ્ત દ્વીપોમાંનો એક
ક્લાન્તિ—થાક
ક્ષોણી—અક્ષૌહિણી, જેમાં હજારો હાથી ઘોડા રથ હોય છે અને લાખો પાયદળ હોય છે એવું સૈન્ય.

ખ

ખડતલ—દુઃખ ખમી શકે એવું
ખત્રિયાં—ક્ષત્રિયની
ખરીતો—સરકારી કાગળિયાંનો લખોટો
ખરેરો—માલિસ
ખાસી—બરોબર
ખિન્ન—દિલગીર
ખુશ્કી—જમીન માર્ગની
ખેચર—આકાશમાં ફરનાર—રહેનાર

ગ

ગણવેષ—આખા સમૂહનો એક સમાન પહેરવેશ, 'યુનિફૉર્મ'
ગરવું—મોટું, મહાન, ગૌરવવાળું
ગરુડાસ્ત્ર—ગરુડનું દિવ્ય બાણ
ગર્થ—ધન
ગર્ભશ્રીમંત—જન્મથી પૈસાદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગલત–ખોટી, જૂઠી, હલકી
ગલ્લાંતલ્લાં–બહાનાં, આનાકાની
ગહ્વર–ગુફા
ગાળા–ડુંગર અને ઝાડી વાળો વચલો રસ્તો
ગાનવાદન–ગાવું અને બજાવવું
ગાંડિવપાણિ–જેના હાથમાં ગાંડિવ ધનુષ્ય છે તે, અર્જુન
ગુડ મોર્નિંગ–સવારની સલામ
ગુબ્બારો–ભડકો, ઝાળ
ગુલકંદ–ગુલાબની પાંખડીઓ ને સાકરનો મુરબ્બો
ગૂંદીપાક ચખાડવો–માર મારવો
ગૃહ્ય–ઘરગતુ
ગોબ્રાહ્મણપ્રતિપાળ–ગાય અને બ્રાહ્મણ ને પાળનાર
ગૌચર–ચરો
ગૌરવ–મહત્તા
ગૌરાંગિની–યુરોપિયન સ્ત્રી
ગ્રંથભંડાર–પુસ્તકાલય

ઘ

ઘણ–મોટો ભારે હથોડો
ઘર ઘાલવું–સત્યાનાશ વાળવું
ઘાટ ઘડવો–યુક્તિ કે પ્રપંચ કરવો, મનસૂબો કરવો
ઘાણ કાઢવો–ભયંકર સંહાર કરવો
ઘાલ–વાતચીત

ચ

ચક–જાળીદાર અંતરપટ, સળીઓનો પડદો
ચમચી–પાનસોપારી રાખવાની કોથળી
ચરણરજ–પગની રજ, દાસાનુદાસ
ચરણરેણુ–ચરણરજ
ચંપાણા–દબાયા
ચાતુર્ય–ચતુરાઇ
ચિકિત્સા–વૈદકનો ઉપચાર
ચિચોડો–શેરડીનું કોલું
ચિત્તવશ થવું–મનમાં ઊતરવું
ચિરાયુ–લાંબા આયુષ્યવાળું
ચિહ્ન–નિશાની
ચીત–ચત્તું, પીઠપર પડેલું
ચેરીમેરી–બક્ષિસ

છ

છાકટાપણું–તોર, મિજાજ

જ

જગજીવન–જગતના જીવનરૂપ પરમેશ્વર
જગદ્વંદ્ય–આખા જગતે વંદન કરવા યોગ્ય
જલદ–બાળી નાખે એવું
જળચર–પાણીમાં ફરનાર–રહેનાર
જળો–એક વાર શરીર પર ચોંટ્યા પછી ન છૂટનાર જીવડો
જંતરમંતર–જાદુમંત્ર
જાગે જાગ–આખા જગતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જામનિ–રાત્રિ
જાપતો–પાકો બંદોબસ્ત, કાબૂ, તકેદારી
જિહ્વા–જીભ
જેર કરવું–તાબે કરવું
જેષ્ટિકાદાર–છડીદાર
જોટાળી–જોટા (બે નળી) વાળી
જોસ–જુસ્સો
જ્ઞાનભક્તિ–ઈશ્વર સંબંધી જ્ઞાન અને તેની ભક્તિ

ઝ

ઝમવું–ટપકવું
ઝંઝાવાત–વરસાદ ને વંટોળિયાનું તોફાન
ઝાળ–જ્વાળા
ઝુંડ–જૂથ

ટ

ટહેલ–કહેણ
ટંકો–સિક્કો, રૂપિયો
ટેન્ટેલસ–ગ્રીસ દેશના પુરાણનું એક પાત્ર; જેને નદી વચ્ચે રાખવા છતાં અને ફળોના ઢગલા વચ્ચે રાખવા છતાં કાંઈ પણ તે પામી શકતો નહિ.

ઠ

ઠાકરાં–ગરાસિયા, ભીલ, વગેરે લોકો
ઠાકરી–ઠકરાત, જાગીર, ગરાસ

ડ

ડાયરો–રાવણું, કાઠી–ગરાસિયાઓનું મંડળ
ડિંગળ–પિંગળના ઠેકાણા વિનાનું લાંબું જોડકણું, જૂઠો તડાકો
ડ્યૂટી–ફરજ

ઢ

ઢાળો–ધાતુને ગરમ કરી અમુક બીબામાં નાખવાની ક્રિયા

ત

તખતી–કાચ કે ધાતુની ચાર ખૂણાવાળી ચકતી
તગાદો–ચાંપતી ઉઘરાણી
તડૂકવું–ગર્જવું
તત્કાળ–તરત જ,
તત્ક્ષણ–તરત જ, તે જ વખતે
તમંચો–પિસ્તોલ
તપોવન–તપસ્વીનું નિવાસસ્થાન
તરંગ–મોજું, મનનો બુટ્ટો
તરી–નૌકાદળ
તળપદું–સ્થાનિક, ગામઠી
તળે–નીચે
તંત્રી–વાજિંત્ર
તાડપત્ર–તાડનું પાંદડું
તામ્રપત્ર–તાંબાનું પતરું
તારાજ–ખેદાનમેદાન
તાવવું–ખૂબ તપાવવું, ઓગાળવું
तालिमपि न दद्यात्–સ્વાર્થ વિના તાળી પણ આપવી નહિ
તાળી લાગી–લગની લાગી
તાંડવ–શિવનું નૃત્ય; ભયંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિતાલિયણ–નાદાન
તુમાખી–મિજાજી
તુરંગ–જેલ, કારાવાસ
તૃણદ્વાર–ઘાસરૂપી દ્વાર જેમાંથી પ્રભુનાં દર્શન થયાં
તૃષ્ણાત્યાગી–લોભ વિનાનો
તોખાર–ઘોડો
તોરીંગ–ઘોડા પર નાખવાની બેઠક
તોલડી–હાંલ્લું, ભિક્ષાપાત્ર
ત્રાટકવું–ચડાઇ કરવી
ત્રોડાવવું–ખેંચાવવું
ત્રિભુવનપતિ–ત્રણે ભુવનનો રાજા
ત્ર્યંબક–શિવનું ધનુષ્ય
ત્વન્મય–તારાથી પરિપૂર્ણ
ત્વરિત–ઝડપી

થ

થાપા–કંકુવાળા પંજાની છાપ

દ

દત્તાત્રેય–વિષ્ણુના ચોવીસ અવતારોમાંનો એક
દફનાવું–દટાઇ જવું
દલિત–પીડિત
દળ–લશ્કર
દાધારંગું–ગાંડું
દાનશાળા–અન્નવસ્ત્ર વગેરેનું દાન આપવાનું સ્થળ
દારુણ–તીવ્ર, સખત, ભયંકર
દાસ્ય–દાસપણું, ગુલામી
દીર્ઘસૂત્રી–૧ આળસુ; ૨. લાંબા તારવાળી
દીવીદાર–મશાલચીઓ
દુરસ્ત–યોગ્ય, વ્યાજબી
દુર્દશા–ખરાબ દશા
દુંદુભી–ઢોલ
દૂજો–બીજો
દેરી–વિલંબ, ઢીલ
દેશાન્તર–પરદેશ
દૌરાત્મ્ય–દુષ્ટતા, મુસીબતો
દ્રોહ–બેવફાઈ

ધ

ધર્મભગિની–ધર્મ સમજીને માનેલી બહેન
ધર્માચરણ–ધર્મને અનુસરીને ચાલવું તે
ધા–મદદ માટેનો પોકાર
ધૂંવાધાર–ધુમાડો છોડતી
ધ્રપવું–ધરાવું

ન

નટચમૂ–નાટકમંડળી
નટવર–ઉત્તમ નટ, શ્રીકૃષ્ણ
નથ બૂતડી–કોલું બનાવવા માટે ઊભાં અને આડાં લાકડાનાં સાધન
નન્–કાંઇ નહિ.
નફરત–તિરસ્કાર, ઘૃણા
નફેરી–ઢોલની એક જાત
નવલ–નવું
નવાણ–જળાશય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંદનવન–દેવોનું ઉપવન, સુંદર બગીચો
નાટારંભ–થનગનાટ
નાથવું–અંકુશમાં આણવું, પલોટવું
નાદાની–મૂર્ખતા
નાનાવિધ–જુદા જુદા પ્રકારના
નાવલિયો–પતિ, ધણી
નાસ્તિકતા–ઈશ્વરને ન માનવો તે
નિપાવે–બનાવે
નિરર્થક–અર્થ વગરનું
નિરવાણુ–અવશ્ય
નિર્વ્યસની–વ્યસન વિનાનો
નિવાર્યાં–દૂર કર્યાં
નિશ્ચિત–નક્કી
નિષ્ઠા–પ્રમાણિકતા, વફાદારી
નિષ્પ્રભાવ–પ્રભાવ વિનાનું
નૈપુણ્ય–પ્રવીણતા
નૈસર્ગિક–કુદરતી

પ

પખાળવું–પાણીથી ધોવું
પતિત–પાપી
પરમાર્થબુદ્ધિ–પારકાનું ભલું કરવાની વૃત્તિ
પરવરદિગાર–ઈશ્વર
પરવરવું–જવું
પરહરવું–ત્યજવું
પરાકાષ્ઠા–છેવટની હદ
પરિપક્વ–પાકું
પરિબળ–શક્તિ
પરિવર્તન–ફેરફાર
પરોક્ષ–આડકતરું
પર્વ–તહેવાર
પંચભૂત–આકાશ, વાયુ, અગ્નિ, પાણી અને પૃથ્વી એ પાંચ મહાભૂત
પંથભેદ–ધર્મના જુદા જુદા સંપ્રદાયો વચ્ચેનો ભેદભાવ
પાક–ભોજન
પાખંડ–ઢોંગ, દંભ
પાગા–ઘોડાર, તબેલા
પામર–તુચ્છ, કંગાળ
પામી જવું–સમજી જવું
પારંગત–પૂરેપૂરો માહિતગાર
પારાવાર–પુષ્કળ
પાવક–અગ્નિ
પિનાકી–પિનાક નામનું ધનુષ્ય ધરનાર શિવ
પીરોજી–આસમાની
પુણ્યપરાગસમ–પવિત્ર સુગંધ જેવી
પુણ્યભૂમિ–પવિત્ર સ્થળ
પુલકિત–આનંદિત
પૂર્ણાહુતિ–સમાપ્તિ
પૂર્વે–પહેલાં
પોતરાઓ–છોકરાઓ
પોલાર–પોલ, કાણું
પોંચો–પંજો
પ્રચ્છન્ન–ઢાંકેલું, અણછતું
પ્રજળવું–બળવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રબંધ–ગોઠવણુ, વ્યવસ્થા
પ્રલાપ–બકવાટ
પ્રવચન–ભાષણ
પ્રશસ્ય–વખાણવા લાયક
પ્રહાર–ઘા
પ્રાજે કીધો–હરાવ્યો
પ્રાણપંખી–પ્રાણ–જીવ રૂપી પંખી
પ્રાદેશિક–પ્રદેશ સંબંધી
પ્રારંભ–શરૂઆત
પ્રેમશૌર્યઅંકિત–પ્રેમ અને શૌર્યની નિશાની વાળું
પ્લેટફોર્મલીલા–પ્લેટફોર્મ પર ભજવાતું દૃશ્ય

ફ

ફારેગ–છૂટો
ફિફ્ટીન અપ–પંદર નંબરની ગાડી

બ

બથ્થડ–કઠોર
બદી–દુરાચરણ, કુટેવ
બધિર–બહેરું
બરદાસ કરવું–ખમી લેવું
બર્થ–બેઠક, જગ્યા
બંદી–બંદીવાન
બંબોળ–રાતી ચોળ
બાકરી–બકરીનું
બાખડવું–લડવું
બાધવું–વળગવું
બિરદદાર–પ્રતિજ્ઞા કે ટેક રાખનાર
બિનતારી–તાર વિનાના, wireless
બીડું ઝડપવું–ભારે કામ કરવાનું માથે લેવું
બુહારે–સાફ કરે, વાળે
બુંધ–તળિયું
બૂતડી–(જુઓ 'નથ')
બેઠો બળવો–અહિંસક બળવો
બેતાલ–તાલ વગરનું બેસૂરું
બેલાડયે–જોડે
બ્રેડ–રોટી, પાંઉ
બ્રૃહસ્પતિ–દેવોના ગુરુ

ભ

ભટ્ઠ–ધિક્
ભમ્મર–ગોળ ગોળ ફરે તેવું
ભવાની–એ નામની શિવાજીની તલવાર
ભાગેડુ–ભાગી–નાસી જનાર
ભાગ્ય વિધાયક–નસીબ ઘડનાર
ભાવિક–શ્રદ્ધાળુ
ભાંગરો વાટવો–વાતચીતમાં બાફવું
ભૂચર–પૃથ્વીપર ફરનાર–રહેનાર
ભૂર્જપત્ર–કાગળ તરીકે વપરાતી ભૂર્જ નામના વૃક્ષની છાલ
ભેદુ–જાસૂસ
ભેરે–મદદે
ભોલકાંઓ–નાનાં બાળકો
ભોળાનાથ–શંકર
ભ્રષ્ટ–પાપી, દુરાચારી

મ

મડાં–મડદાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણિમુદ્રા–રત્નની વીંટી
મદનભેર–જાગૃત કરનારું રણવાદ્ય
મધ્યકાળ–તેરથી પંદરમી સદી સુધીનો સમય
મનભર–મનને તૃપ્ત કરે તેવી
મનવાર–લશ્કરી વહાણ
મરકટ–વાંદરો
મરમ–છૂપી વાત, ભેદ
મલિનતા–મેલ
મહિષ–પાડો
મહેફિલ–મિજલસ, ઉજાણી
મંત્રણા–ચર્ચા
મંદ–ધીમેથી સમજનાર
મહાકાળેશ્વર–મહાદેવ
મહાજનો–મોટા પ્રતિષ્ઠિત માણસો
મહામાત્ય–મુખ્ય પ્રધાન
માટી થાજો–બહાદુર થઈ સામે આવજો
માર્જિન–હાંસિયો
માસરું–એ નામનું ગામ
મુદ્રિત–છાપેલું, છાપવાળું
મેંઢી–વાંકાં શીંગડાંવાળી
માવરો–માતાઓ
મુક્તાફળ–મોતી
મુખમુદ્રા–ચહેરો, મોંનો દેખાવ
મુફલિસ–બેહાલ, ગરીબ
મુષ્ટિપ્રહાર–મુક્કાથી મારવું તે
મેઘાડંબર–છત્રવાળી અંબાડી
મેદિની–પૃથ્વી
મેધાવી–બુદ્ધિમાન, પંડિત
મોકો–પ્રસંગ, લાગ
મોતદાર–ઘોડા સાચવનાર
મોહની–મોહ, કામણ
મોહાસ્ત્ર–બેહોશ કરી નાખે એવું હથિયાર

ય

યક્ષ–કુબેરનો અનુચર
યાતના–દુઃખ, કષ્ટ, પીડા
યુદ્ધરમણ–યુદ્ધ ખેલવું તે

ર

રખો–રખેવાળ
રણગાડી–લોઢાના બખ્તર વગેરેથી સુસજ્જ ગાડી, ટૅંક
રણનીતિ–યુદ્ધનીતિ
રણભેરી–રણશિંગા જેવું રણવાદ્ય
રતીબ–માપ, જથ્થો
રત્નાકર સાગર–દ્વારકા પાસેનો સમુદ્ર
રહસ્ય–છૂપો ભેદ, મર્મ, તત્ત્વ
રાજદ્વાર–રાજાનો મહેલ
રાજનીતિજ્ઞ–રાજ ચલાવવાની વિદ્યા જાણનાર
રાજસૂયયજ્ઞ–સર્વોપરી રાજા વડે પોતાના રાજ્યાભિષેક વખતે કરાતો યજ્ઞ
રામશરણ–મરણ
રિપુ–દુશ્મન
રિપોર્ટ–લેખિત ફરિયાદ
રિઝર્વ્ડ–ખાસ અલાયદું રાખેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુદ્ર–મહાદેવ; કોપિત
રૂઠવું–કોપવું
રૂપાન્તર–અન્ય રૂપ, ભાષાન્તર
રેણુ–ધાતુની સાંધ કરવાનું ઝારણ
રેસ્ટોરાં–ઉપાહારગૃહ
રેષા–રેખા
રોદો–ખાડો
રોપ–છોડ
રોમ–રુવાંટું
રોમાંચ–શરીર ઉપરનાં રૂવાં ઊભાં થવાં તે
રોંઢો–બપોરના જમવાનો વખત

લ

લલિત–મનોહર, મન અને કલ્પના પર આધાર રાખનાર કળા
લાઘવી–ટૂંકો સંકેતશબ્દ
લાટ–સત્તાધીશ
લેબલ–નામઠામવાળું પત્તું
લેભાગુ–અહીંતહીંથી પારકું લઈને પોતાનું બતાવનાર

વ

વતેસર–ટાયલું, વિસ્તારવાળું
વનશ્રી–વનની શોભારૂપ વનસ્પતિ
વનિતાવૃંદ–સ્ત્રીઓનું ટોળું
વપુ–શરીર
વરાડવું–લડાવવું
વરુણ–પાણીનો અધિષ્ઠાતા દેવ
વસિયતનામું–વિલ, વારસા વિશેનું લખાણ
વહેર–વહેરાવું તે
વહેવારા–વહેવારની
વંચિત–વિનાના
વા–અથવા
વાચ–વાચા, વાણી
વાજ આવ્યો–ત્રાસ પામ્યો
વાટવો–પૈસા રાખવાની પડવાળી કોથળી
વાત્સલ્ય–પ્રેમ, મમતા
વાન–રંગ
વામનજી–ઠીંગણો માણસ
વારણાં લેવાં–ઓવારણાં લેવાં
વારે–મદદે
વિકટ–મુશ્કેલ
વિકલ–વિહ્વળ, વ્યાકુળ
વિકૃતિ–વિકાર, ખોડ
વિચક્ષણ–ચતુર
વિતરણ–વેચવું તે
વિદ્યામઠ–વિદ્યા ભણાવવાનો આશ્રમ
વિભૂતિ–દિવ્ય કે અલૌકિક શક્તિ
વિરહ–વિયોગ
વિરામ–આરામ
વિલસવું–આનંદ કરવો, માણવું
વિલાપ–રુદન
વિલાવું–કરમાવું, પીગળવું
વિવેક–સારાસાર સમજવાની બુદ્ધિ
વિશિષ્ટ–અસાધારણ, વિલક્ષણ
વિસ્તારી–વિગતવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિસ્તૃત-વિસ્તારવાળું
વિહાર કરવો-જૈન સાધુનું પ્રવાસે નીકળવું
વીશભુજાળી-વીસ હાથવાળી દેવી
વેદના-દુઃખ
વૈદ્યવિદ્યા-વૈદું કરવાની વિદ્યા
વૈરાગ્ય-સંસાર પર મોહ ન હોવો તે
વ્યથા-પીડા
વ્યર્થ-નકામું
વ્યવસાયી-ધંધાદારી
વ્યાકુળ-ગાભરું, બાવરું
વ્યાપક-સર્વ ઠેકાણે વ્યાપી રહેનારું
વ્યુત્પન્ન-પ્રવીણ
વ્યોમ-આકાશ

શ

શકયતા-શક્ય હોવું તે
શરીર પડવું-મૃત્યુ થવું
શલ્યપડ-પથ્થરનાં પડ
શસ્ત્ર-મારવાનું હથિયાર
શારદાપુત્રી-વિદ્યાની ઉપાસક
શિથિલ-નબળું, ઢીલું
શિબિર-તંબૂ, છાવણી
શિલાલેખ-પથ્થર પર કોતરેલા લેખ
શિવનિર્માલ્ય-શિવને અર્પણ થયેલું તેથી ઉપયોગમાં ન લેવા યોગ્ય
શીળો-ઠંડો
શુષ્ક-રસ વગરનું, લૂખું
શોણિત-લોહી
શોષિતો-ચુસાઈ ગયેલા લોકો

સ

સકળ-બધા
સતત-હંમેશ ચાલુ
સત્યાનાશ-નખ્ખોદ
સત્વરે-જલદીથી
સદેહે-શરીર સાથે
સનાતન-હંમેશનું, શાશ્વત
સપ્તાહ-સાત દિવસ ચાલતું ભાગવતનું પારાયણ
સભ્યતા-વિવેક
સમદૃષ્ટિ-બધાને સમાન જોનાર
સમભાવ-સહાનુભૂતિ
સમય-(૧) કાળ. (૨) સંકેત
સમશેર-તલવાર
સમીર-પવન
સમો-સમય
સર્વાંગસુંદર-બધે અંગે સુંદર, ખોડ વિનાનું
સર્વાંગે-સર્વ રીતે
સલવાણા-ફસાઈ ગયા
સહિયારી-સાથી, ભેગું
સંકટમોચન-સંકટમાંથી મુક્ત કરનાર
સંચાર-જવું તે
સંતાપ-દુઃખ
સંત્રી-પહેરેગીર
સંપાદન કરવી-મેળવવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સાહિત્ય કલ્લોલ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંશોધન-શોધ કરવી તે
સંપ્રદાય-ધર્મનો ફાંટો
સાકાર-મૂર્ત રૂપ વાળું
સાક્ષાત્-નજરોનજર, સંમુખ
સાજનિયા-વરઘોડામાં ચાલતા માણસો
સાંનિધ્ય-પાસે હોય તે
સાબૂખાર-એક જાતનો કપડાં ધોવાનો ક્ષાર
સામુદાયિક-સમુદાયનું
સામ્ય-સમાનતા
સાગર-સમુદ્ર
સાર-સત્ત્વ
સારડી-કાણાં પાડવાનું ઓજાર
સાર્થક-સફળ, કૃતાર્થ
સાર્વભૌમ-ચક્રવર્તી
સાલમાંકડાં-શરીરના સાંધા
સાંગ-બરછી જેવું એક હથિયાર
સિકલ-ચહેરો, સ્વરૂપ
સુકીર્તિત-સારી કીર્તિવાળો
સુચરિત-સારા ચારિત્ર્યવાળો
સુધા-અમૃત
સુભટ-બહાદુર લડવૈયો
સુરંગ-જમીનમાં કરેલું ભોંયરું
સુવાંગ-પોતાની એકની
સુશીલ-સારા ચારિત્ર્યવાળી
સુષુમણા-યોગશાસ્ત્ર પ્રમાણે પ્રાણવાયુમાંની ત્રણ પ્રધાન નાડીઓમાંની વચલી નાડી
સૂત્ર-ધ્યેય તરીકે સ્વીકારેલું ટૂંકું વાક્ય
સોનામુખી-એક રેચક વનસ્પતિ
સોલ્જર-લશ્કરી સિપાઈ
સોહાગણ-સારા ભાગ્યવાળી
સ્તબ્ધ-આશ્ચર્યચકિત
સ્તવન-પ્રાર્થના
સ્થિતિપલટો-દશામાં ફેરફાર
સ્રોત-પ્રવાહ
સ્વજનસમેત-કુટુંબીજનો સાથે
સ્વામ-સ્વામી, ઈશ્વર
સ્વાર્થજળ-સ્વાર્થરૂપી જળ
સ્વાસ્થ્ય-ગભરાટ વિનાની સ્થિતિ
સ્વાંગ-વેશ
સ્વેચ્છાપૂર્વક-પોતાની મરજીથી
સ્હાવું-મદદ કરવી

હ

હજારાં-હજાર જેવું
હત્યાકાંડ-ભારે હત્યા કે સંહારનો બનાવ
હરાઈ-રખડતી, છૂટી ફરતી
હરિયાળાં-લીલાં
હવાલો-સુપરત, ભળાવણી
હળાયુધ-જેમનું હથિયાર હળ છે એવા બળરામ
હીણી-હલકી
હીર-તેજ, કાન્તિ
હુંલ્લી-ટોપલી
હુંશાતુંશી-ચડસાચડસી
હેડકી-ભારે શ્વાસનું ડચકું, વાધણી
હોમરૂલ-સ્વરાજ મેળવવાની ચળવળ

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[illegible]

ભારતનો ઈતિહાસ : ભાગ ૧, ૨, લે. જયંતિલાલ ચીનાઈ બી. એ., બી. ટી. એલએલ. બી. તથા મનુભાઈ દેસાઈ, બી. એ., બી. ટી, એસ. ટી. સી. હાઈસ્કૂલ ધો. ૪, ૫, ૬, માટે નૂતન દષ્ટિબિંદુથી લખેલો ઈતિહાસ. તદ્દન નવાં ચિત્રો નકશાઓ સહિત. પ્રો. વાડીયાના આમુખ સાથે.

સાહિત્ય પલ્લવ : ભાગ ૧, ૨, ૩, સંપાદકો: ઝીણાભાઈ દેસાઈ અને ઉમાશંકર જોષી હાઈસ્કૂલના ધો. ૪, ૫, ૬, માટે એક અનુપમ ગદ્યપદ્ય સંગ્રહ. ૫ મી આવૃત્તિ.

ગુજરાતી ભાષા વ્યાકરણ અને લેખન: પ્રો. મનસુખલાલ ઝવેરી, એમ. એ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાનું સર્વાંગીણ જ્ઞાન આપતું પુસ્તક.

सबकी बोली: ભાગ ૧, ૨, ૩, લેખક: પંડિત સુદર્શન. માધ્યમિક શાળાઓ માટે મંજુર કરેલી હિંદી વાચનમાળા.

નૂતન ગણિત : ભાગ ૧, ૨, ૩, લેખકો: ચંદુલાલ દેસાઈ બી. એ., ટી. ડી. અને મનુભાઈ શાહ. સાદા સરળ અને વહેવારુ હિસાબોથી ભરપૂર–માધ્યમિક ધોરણો માટે મંજૂર થયેલા ગણિતના પાઠ્ય પુસ્તકો.

દુનિયાના દર્શને: ભાગ ૧, ૨, ૩, ૪, લે. વરધભાઈ પટેલ, એમ. એ., બી. ટી. અને અં. ઈનામદાર,. અનેક ચિત્રોથી તથા નકશાઓથી ભરપૂર માધ્યમિક ધોરણોની ભૂગોળ.

First Lessons in English Composition : I II & III લેખકો : ઝાંબોટકર અને કર્ણાટકી અંગ્રેજી પહેલા, બીજા, અને ત્રીજા ધોરણો માટે.

દેશદેશના લોકો : વિ. દ. ઘાટે, બી. એ., બી. ટી. ટી. ડી. (લંડન) રસમય શૈલીમાં લખાયેલું આ ભૂગોળનું ઈતર વાચનનું પુસ્તક છે. ૫મી આવૃત્તિ.

દેશદેશાવરમાં : લે. વરધભાઈ પટેલ, એમ. એ., બી. ટી. અને અં. ઇનામદાર. પ્રા. ધો. ચોથા માટે લોકજીવન અને ભૌગોલિક સંયોગોની ગૂંથણી કરતી ભૂગોળ.

નૂતન લેખન: : તાલીમ વર્ગ, બાળ વર્ગ, ભાગ ૧, ૨, ૩, ૪. ચિત્રો દ્વારા બાળકો લિપિ તથા ભાષા શીખે એ ઉદ્દેશથી નવા અભ્યાસક્રમ મુજબ લખાયેલાં લેખનનાં પુસ્તકો.

મારું ગણિત લેખન: બાળવર્ગ, ભાગ ૧, ૨, ૩, ૪, લે. પટેલ તથા શાહ. બાળકોને ગણિતમાં રસ ઉત્પન્ન થાય તે માટે યોજેલાં સીટવર્કના પુસ્તકો.

ભાષા શિક્ષણ : ભાગ ૧, ૨, ૩, પ્રો. મનસુખલાલ ઝવેરી, એમ. એ. અને રમણલાલ વકીલ, એમ. એ. માધ્યમિક ધોરણોનું સરળ વ્યાકરણ.

વિજ્ઞાન-વિહાર : ભાગ ૧, ૨, ૩, લે. અરવિંદ પટેલ તથા છોટુભાઈ સુથાર.

નાના નિબંધો : ભાગ ૧, ૨, ૩, લે. શંભુપ્રસાદ ભટ્ટ. બી. એ., બી. ટી.

ઈતર વાચનમાળા : ભાગ ૧, ૨, ૩, ૪, પ્રાથમિક ધોરણો માટે સુંદર ક્રમિક પાઠોમાં લખાયેલી વિશેષ વાચન માટે છે.

[illegible] લિમિટેડ, મુંબઈ-૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar